# આગમજ્યોત

## પરમાત્માનું આલંબન કેમ ?

भव्याः मोक्षपदं प्रयान्ति निजगामश्रित्य भव्यात्मताम्,
यद्यप्यत्र तथाऽपि निर्मलतमा जीवाः परं हेतवः ।
काष्टेऽग्निर्भवति स्वभावजनितो नान्यं परं वर्जितुम्,
तद्वन्मुक्तिमितान् विधाय शरणं भव्या लभन्ते शिवम् ॥

### ભાવાર્થ

જો કે ભવ્ય પ્રાણીઓ પોતાની યોગ્યતાને લીધે મોક્ષપદને પામે છે, છતાં લાકડામાં અગ્નિ સ્વભાવથી જ હોવા છતાં ઘર્ષણાદિ બાહ્ય-નિમિત્ત વિના પ્રકટ થતો નથી, તેમ મોક્ષમાં ગયેલા વિશુદ્ધ સ્વરૂપવાળા પરમાત્માનું શરણરૂપ નિમિત્તના પુષ્ટ આલંબનથી જ ભવ્ય આત્માઓ મોક્ષને મેળવી શકે છે.

–પૂ. આગમો. રચિત તીર્થપંચાશિકા શ્લોક ૧૭


| | |
|---|---|
| વીર નિ. | વર્ષ |
| ૨૪૯૮–૯૯ | ૭ |
| વિ. સં. | પુસ્તક |
| ૨૦૨૮–૨૯ | ૧ થી ૪ |

॥ श्री वर्धमानस्वामिने नमः ॥

પરમપૂજ્ય ગચ્છાધિપતિ પૂ આ. શ્રી. માણિક્યસાગરસૂરીશ્વરજી ભગવંતની મંગળ-પ્રેરણાથી ધ્યાનસ્થ સ્વ. પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** ભગવંતના તાત્વિક વ્યાખ્યાનાદિ સાહિત્ય પીરસતું **શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળાનું પ્રાણુવાન પ્રકાશન.**

कत्थ अम्हारिसा पाणी, दूसमादोसदूसिया ।
हा ! अणाहा ! कहं हुंता, जई ण हुंतो जिणागभो १ ॥

★ ★ ★

प्रकाशितं जिनानां यै–र्मतं सर्वनयाश्रितम् ।
चित्ते परिणतं चेदं, येषां तेभ्यो नमोनमः २ ॥

★ ★ ★

गीतार्थाय जगज्जन्तु—परमानंददायिने ।
गुरवे भगवद्धर्म—देशकाय नमोनमः ॥

★ ★ ★

પ્રાકૃત-ગુજરાતી-મરાઠી-સંસ્કૃત-હિંદી-અંગ્રેજી-ભાષામાં

**卐 પૂ. શ્રી. આગમોદ્ધારક આચાર્યદેવની સ્તુતિ 卐**

सिद्धद्दौ भाणुदंगे वरसुयभवणा શૈલતાઆગમોના
સ્થાપ્યા जैनागमाचा निरवधि प्रसरासाठीं केले सुयत्ना ।
पक्षं पद्मं श्रिया ये हिततनुममता आखरीकालमेंभीं,
ऐसे श्रीसागरानंद मुनिपति जिन्हें

MOST GAIN ACCLOMATION

★ ★ ★

सम्यक् तत्वोपदेष्टारं, शास्त्रैदम्पर्यबोधकम् ।
कान्तं दान्तं सदा शान्तं, गच्छेशं प्रणमाम्यहम् ॥

卐 जिनाज्ञा परमो धर्मः 卐

॥ श्री वर्द्धमानस्वामिने नमः ॥

તત્ત્વરૂચિ જિજ્ઞાસુઓ માટે

પરમોપયોગી

અનેક તાત્ત્વિક વિગતોથી ભરપૂર

શ્રી

# આગમ-જ્યોત

(સાતમું વર્ષ)

પરમ પૂજ્ય આગમોના તલસ્પર્શી વ્યાખ્યાતા,

આગમમર્મજ્ઞ આગમોદ્ધારક પૂ. પા.

શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ

(સાગરજી મહારાજ)ના

તાત્ત્વિક વ્યાખ્યાનોનો અપૂર્વ સંગ્રહ

आगमचक्षुः सर्वभावावभासकम्

વીર નિ. સં.
૨૪૯૮-૯૯
વિ. સં. ૨૦૨૮-૨૯

આગમોદ્ધારક
સં. ૨૨-૨૩
ઈ. સ. ૧૯૭૨-૭૩

મુલ્ય
છ...રૂ...પી...આ
(પોસ્ટેજ જુદું)
(સ્થાયી ગ્રાહક ન હોય તેમના માટે)

મારે તો સુષમાથી દુઃષમો અવસર પુણ્ય નિધાનજી

ખીમા વિજય જિન વીર સદા ગમ, પામ્યો સિદ્ધિ નિધાનજી

પ્રકાશક :
**રમણલાલ જેચંદભાઈ**
કાર્યવાહક :
**શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા**
કાપડબજાર
મુ૦ કપડવંજ (જિ. ખેડા)

પુસ્તક પ્રાપ્તિસ્થાન :
**શ્રી આગમ-જ્યોત કાર્યાલય**
વ્યવસ્થાપક :
**કીર્તિકુમાર કુલચંદ પરવા**
દિલીપ નોવેલ્ટી સ્ટોર
મુ૦ મહેસાણા (ઉ. ગુ.)

## ન...મ્ર. .નિ...વે...દ. .ન

* આગમજ્યોત પ્રતિવર્ષ આસો સુદ પૂર્ણિમાએ (ચારે અંક ભેગા) પુસ્તકરૂપે પ્રકટ થાય છે.
* વાર્ષિક લવાજમ યોજના બંધ કરી પૂ. સાધુ-સાધ્વીજી મ૦ અને જ્ઞાન ભંડારો તથા તત્ત્વરુચિ ગૃહસ્થોને ભેટ અપાય છે.
* સ્થાયી કોષની યોજના શરૂ કરી છે, જેમાં ઓછામાં ઓછા રૂ. ૧૦૧) લેવાય છે.
* છૂટક ભેટ યોજનામાં પાંચ રૂ૦ કે તેથી વધુ ગમે તે રકમ સ્વીકારાય છે

મુદ્રક :
**ઠક્કર પોપટલાલ ગોકળદાસ**
શ્રી શક્તિ પ્રિન્ટરી
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧.

ટાઈટલ પ્રિન્ટીંગ :
**દીપક પ્રિન્ટરી**
રાયપુર દરવાજા બહાર
**અમદાવાદ.**

જેઓએ ૭૫ વર્ષની વૃદ્ધવયે કોઈપણ જાતના ટેકા વિના રોગગ્રસ્ત દશામાં પણ છેલ્લા ૧૫ દિવસ અર્ધપદ્માસને કાઉસગ્ગ મુદ્રાએ રહી પૂર્વકાલીન અનશન સમાધિ મરણની ઝાંખી કરાવી.



આગમસમ્રાટ્ આગમજ્યોતિર્ધર બહુશ્રૂત સૂરિપુરંદર
ગીતાર્થ સાર્વભૌમ ધ્યાનસ્થ સ્વર્ગત

**પૂ. આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ**

# પ્રકાશકીય નિવેદન

દેવ-ગુરુ કૃપાએ નાનકડા ઝરણા રૂપે પ્રગટ થયેલ અમારી સંસ્થાના વિશાળ વ્યાપક સ્વરૂપની પ્રતીતિ કરાવે તેવું મહત્ત્વપૂર્ણ તાત્ત્વિક વિષયોથી ભરપૂર પૂ. આગમોદ્ધારકશ્રીના અપ્રકાશિત વ્યાખ્યાનોના સંગ્રહરૂપ "**આગમ-જ્યોત**" પ્રકાશન યોજનાનું સાતમું પુસ્તક ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ રજૂ કરતાં અમો અત્યંત આનંદ અનુભવીએ છીએ.

વિ. સંવત ૨૦૧૦ માં **પૂ. ગચ્છાધિપતિશ્રી આચાર્યદેવશ્રી માણિક્યસાગર સૂરીશ્વર ભગવંતની** નિશ્રામાં પૂ. આગમોદ્ધારક આચાર્ય ભગવંતના લાડીલા લઘુશિષ્ય વિદ્વદ્વર્ય ગણી **પૂ. મુનિરત્નશ્રી સૂર્યોદયસાગરજી મ.** ની પ્રેરણાથી પૂ. આગમોદ્ધારક આચાર્ય ભગવંતે સમયના સદુપયોગરૂપે રચેલ, અપ્રમત્તદશાની પ્રતીતિરૂપ અનેક નાનાવિધ નાના-મોટા ગ્રંથોનું વ્યવસ્થિત સંપાદન કરી પ્રગટ કરવા માટે અમારી ગ્રંથમાળાનો જન્મ થયો.

પરિણામે પૂ. ગચ્છાધિપતિશ્રીની દેખરેખમાં ૪૫ ગ્રંથો પ્રકટ થયા. છેવટે સર્વની ઉપર શિખર ચઢાવવાની જેમ પૂ. આગમોદ્ધારક આચાર્ય ભગવંતના ગુજરાતી અપ્રકાશિત વ્યાખ્યાનોના થોકડે થોકડા વીંટળા વાળીને પડી રહેલા-તે બધાનું વ્યવસ્થિત પ્રતિલેખન કરી તાત્ત્વિક સામગ્રી વ્યવસ્થિત કરી શ્રી સંઘ સમક્ષ રજૂ કરવાની વાત ઉપસ્થિત થઈ.

પૂ. ગચ્છાધિપતિશ્રીની વરદ છત્રછાયામાં **પૂ. ઉપાધ્યાય ધર્મસાગરજી મ. ના શિષ્ય પૂ. મુનિશ્રી અભયસાગરજી મ.** ગણિએ સંપાદનની જવાબદારી સ્વીકારી ખૂબ જ ખંતથી મહેનત કરી પૂ. ગણિવર્યશ્રીએ પ્રતિવર્ષ "આગમ-

જ્યોત "નું પ્રકાશન અમારી સંસ્થા મારફત કરાવ્યું છે. જેમાં આ પુસ્તક સાતમું છે.

અમારા આ પુનિત કાર્યમાં પૂ. ગચ્છાધિપતિશ્રીની અસીમ કરુણા અને મંગળ આશિષના વધુ ને વધુ કૃતજ્ઞ છીએ. તે વિના આ કાર્ય પાંગરી શકે તેમ હતું નહીં અને છે પણ નહિ

આ ઉપરાંત પણ અનેક પૂજ્ય મુનિ ભગવંતો–સાધ્વી ભગવંતો તથા ઉદારચરિત ગૃહસ્થોનો હાર્દિક ધર્મપ્રેમપૂર્ણ સહકાર મળ્યો છે તે બધાના અમે ચિર ઋણી છીએ.

તેમાં પણ ખાસ કરીને **પૂ. આ. શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ, પૂ. આ૦ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ, સ્વ. પૂ. ગણીશ્રી લબ્ધસાગરજી મ, પૂ. ગણીશ્રી કંચનસાગરજી મ, પૂ. ગણીશ્રી યશોભદ્રસાગરજી** તથા આર્થિક સહયોગ માટે પ્રેરણા આપનાર ચતુર્વિધ શ્રીસંઘના ધર્મ-સ્નેહભર્યા સહકારની ખૂબ ખૂબ નતમસ્તકે અનુમોદના કરીએ છીએ.

"આગમ જ્યોત"નું આગળનાં પાનાં બે કલરમાં અને પ્રથમ, દ્વિતીય, તૃતીય અને ચતુર્થ પુસ્તકનું કલાત્મક સુંદર છાપકામ કરવામાં પૂરતી કાળજી રાખીને છાપકામ કરવા બદલ **શ્રી શક્તિ પ્રિન્ટરીના માલિક ઠક્કર પોપટલાલ ગોકળદાસના** તેમજ ટાઈટલ પેજ ૧–૪ છાપી દેનાર **દીપક પ્રિન્ટરીના** કાર્યકર્તાઓના હાર્દિક ધર્મસ્નેહભર્યા સહકારની ખૂબ ખૂબ અનુમોદના કરીએ છએ.

આગમજ્યોત અંગે ડિઝાઈન, બ્લોક, કાગળની ખરીદી આદિ ઉપરાંત પૂ. મહારાજશ્રીની સૂચનાનુસાર રાત–દિવસ નિઃસ્વાર્થભાવે મૂક સેવા આપનાર ધર્મપ્રેમી **શેઠ શ્રી બાબુલાલ કેશવલાલ શાહ ચાણસ્માવાળા** (૧૧–નગરશેઠ માર્કીટ રતનપોળ, અમદાવાદ) ના ધર્મપ્રેમનું ખૂબ ખૂબ હાર્દિક અનુમોદન કરીએ છીએ.

વળી "આગમજ્યોત" નું વ્યવસ્થા તંત્ર (સરનામાની ચોક્કસ નોંધ રાખવી, દરેકને બરાબર પોસ્ટથી મોકલવા આદિ) જાળવવામાં પૂરતો સમય-શ્રમ અને બુદ્ધિનો ખંતપૂર્વક સદુપયોગ કરનાર, આગમજ્યોત કાર્યાલય-મહેસાણાના સંચાલક **કીર્તિકુમાર ફુલચંદ પટવા,** (દિલીપ નોવેલ્ટી સ્ટોરવાળા), તથા **સેવંતીલાલ શાન્તિલાલ શાહ બોરુવાળાના** ધર્મપ્રેમનું ખૂબ ખૂબ હાર્દિક અભિવાદન કરીએ છીએ.

આગમજ્યોતનું પ્રકાશન છેલ્લા ત્રણ વર્ષથી સમયસર એટલે કે આસો સુદ પૂનમે અથવા જ્ઞાનપંચમીએ પ્રકટ કરવા માટે મથામણ કરવા છતાં અવ્યવસ્થા થઇ હતી, પરંતુ ચાલુ વર્ષે આ પ્રકાશન સમયસર થયેલ છે.

છેવટે મુદ્રણદોષ આદિથી રહી ગયેલ ક્ષતિઓ બદલ હાર્દિક મિથ્યા-દુષ્કૃત માંગી આગમભક્તિના મળેલ અણમોલ લહાવા બદલ અમારી જાતને ધન્ય માની વિરમીએ છીએ

વીર નિ. સં. ૨૪૯૮
વિ. સં. ૨૦૨૮
ભાદરવા વદ ૨
કાપડ બજાર,
મુ. કપડવંજ.
(જિ. ખેડા)

નિવેદક
**રમણલાલ જેચંદભાઈ**

કાર્યવાહક
**આગમોદ્ધારક ગ્રંથમાળા**

## આત્મ કલ્યાણ કયારે ?

- બીજાના દોષ જોઇને આંખ મીંચાઈ જાય ત્યારે !
- અછતા પણ પોતાના દોષોને હસતે મુખે સ્વીકારાય ત્યારે !
- ઉત્કૃષ્ટ પૌદ્ગલિક સુખો પણ હળાહળ ઝેર જેવા લાગે ત્યારે !
- વીતરાગ પ્રભુની આજ્ઞા પાછળ મરીફીટવાનું ગમે ત્યારે !

# કહેવા જોગું .....

પરમ તારક સર્વહિતકર શ્રી વીતરાગ પરમાત્માના શાસન–ગગનના અદ્વિતીય તેજસ્વી સૂર્યસમા, સમર્થ વાદીવિજેતા, આગમોની વાચના આદિ દ્વારા શ્રમણસંઘમાં આગમિક જ્ઞાનની અપૂર્વ ભરતી લાવનાર આગમોદ્ધારકના સાહજિક ઉપનામથી ઓળખાતા સ્વ. નામધન્ય પૂ. આચાર્યદેવ **શ્રી આનંદસાગરસૂરીશ્વર ભગવંતનાં** માર્મિક, સચોટ, તાત્ત્વિકવ્યાખ્યાનોના સંકલન રૂપ "**આગમજ્યોત**"નું સાતમું પુસ્તક ચતુર્વિધ શ્રી સંઘની સમક્ષ ઉપસ્થિત કરતાં અત્યંત હર્ષ થાય છે.

જગતના ભાવોની ઓળખાણ ગુરુગમથી મેળવાતી તાત્ત્વિક દૃષ્ટિ વિના યથાર્થ રીતે થતી નથી; તેમજ તે વિના સંવેગ–વૈરાગ્યની પ્રાપ્તિ થતી નથી.

તેથી દરેક મુમુક્ષુ આરાધક પુણ્યાત્માએ આરાધનાને સફળ બનાવવા તાત્ત્વિક દૃષ્ટિના ઘડતર માટે સમુચિત પ્રયત્ન કરવો જોઈએ.

ચાર અનુયોગમાં સર્વશ્રેષ્ઠ અને બાકીના ત્રણે અનુયોગના પર્યવસાન રૂપ શ્રી ચરણકરણાનુયોગ પ્રાપ્તિ માટે તત્ત્વદૃષ્ટિને સૌથી વધુ પ્રાધાન્ય જ્ઞાનીઓએ આપ્યું છે.

તેની કેળવણી માટે ગીતાર્થ ભગવંતોના ચરણોમાં બેસી તાત્ત્વિક પદાર્થોનું અધ્યયન કરવું જરૂરી છે.

વીશમી સદીના પૂર્વાર્ધમાં કાળબળે આગમિક ગ્રંથોના અધ્યયનાદિની વિરલતા થવાથી શ્રમણસંઘની પ્રતિભાસિક નિરતેજતાને દૂર કરવા જે મહાપુરુષે પ્રભુશાસનની નિષ્ઠા અને સુદૃઢ આત્મવિશ્વાસભર્યા સત્પુરુષાર્થથી આખું જીવન આગમોના ગહન ચિંતનમાં પરોવી આગમોના તાત્ત્વિક વિવેચનો અને ઊંડા ચિંતનભર્યા વ્યાખ્યાનો હજારોની સંખ્યામાં આપ્યા, અને આગમો, તાત્ત્વિકગ્રંથો વગેરેની વ્યવસ્થિત વાચનાદિ દ્વારા આગમિક અધ્યયનાદિનો બહોળા પ્રમાણમાં ફેલાવો કર્યો.

તે પૂજ્ય આગમોદ્ધારકશ્રીના ગુજરાતી વ્યાખ્યાનો પુસ્તકાકારે ઘણા પ્રકાશિત થયા છે, છતાં ગચ્છાધિપતિ દ્વારા વિ. સં. ૨૦૨૧ના કપડવંજના ચાતુર્માસમાં મળી આવેલ અપ્રકાશિત ૫૦૦ વ્યાખ્યાનના સંગ્રહને તત્ત્વરુચિ પુણ્યવાનોના હિતાર્થે ક્રમિક પ્રકાશન કરવાના ઈરાદાથી '**આગમજ્યોત**' ત્રિમાસિકની યોજના વિચારાઈ. બે વર્ષ સુધી ત્રિમાસિક રૂપે વર્ષમાં ચાર અંકો પ્રકટ કરવાના પ્રયત્ન પછી અનુભવથી ચારે અંકો સળંગ પુસ્તકાકારે બાંધીને વર્ષમાં એકવાર જ શ્રમણસંઘની સેવામાં રજૂ કરવા વધુ ઉચિત લાગવાથી છેલ્લાં ચાર વર્ષથી તે રીતે તત્ત્વજ્ઞોની સેવામાં આગમિક રહસ્યોથી તરબોળ આ પ્રકાશન ઉપસ્થિત થાય છે.

આજે પરમવંદનીય સાધુ–સંસ્થામાં પણ કાળબળે શ્રુતજ્ઞાનની પઠન–પાઠનાદિ પ્રવૃત્તિમાં પુનઃ ઓટ આવવા માંડી છે અને કામચલાઉ ઉપલકિયા જ્ઞાન દ્વારા ગાડું ગબડાવવાની લૌકિક નીતિનો પ્રવેશ પાછલા દ્વારથી પણ શ્રમણસંસ્થામાં થઈ રહ્યો છે. તે ખૂબ જ અનિચ્છનીય છે.

તેવા ટાણે પૂ. આગમોદ્ધારક શ્રી આચાર્ય ભગવંતના ટંકશાલી આગમિક રહસ્યોથી ભરપૂર ગુજરાતી વ્યાખ્યાનોના આવા પુસ્તકોનું પ્રકાશન શ્રમણ–સંસ્થામાં આગમિક વાંચનની અભિરુચિ જગાવનારૂં થાય, પરિણામે શ્રમણ–સંસ્થા આગમિક પદાર્થોના ઉહાપોહના વિશિષ્ટ દિવ્ય તેજથી અંગારા ઉપર વળી ગયેલ ભસ્મના આવરણની જેમ વર્તમાનકાળે કાળબલે આવેલ ઝાંખપને દૂર કરાવવા સફળ થાય એ મંગળ કામનાથી અનેકવિધ મુશ્કેલીઓ વચ્ચે પણ આ સંપાદનનું પુણ્ય કાર્ય ધપાવ્યું છે.

સહુ કોઈ જિજ્ઞાસુ યોગ્ય જ્ઞાની ગુરુના ચરણોમાં બેસી અમારા આશયને બર લાવવા '**આગમ–જ્યોત**'ના સંપાદનને સફળ બનાવે એ શુભકામના અસ્થાને ન ગણાય.

આ સંપાદનમાં જેટલું સારું છે, તે બધું અનેક મહાનુભાવોની નિષ્કારણ કરુણાનું ફળ છે. જે કંઈ ખામીઓ છે, તે મારા પ્રયત્નની ખામી, અસાવધાની જેને દૂર કરવા સતત્ પ્રયત્ન છતાં છદ્મસ્થતાના કારણે થવા પામી છે, તેને આભારી છે.

સુજ્ઞ વિવેકી આગમતત્ત્વની જિજ્ઞાસાવાળા પુણ્યશાળી મહાનુભાવો હંસ-ક્ષીર ન્યાયે આમાંથી સારું જે છે તેનો સ્વીકાર કરી શ્રુતભક્તિના હાર્દિક ઉત્સાહપૂર્વકના મારા ભાવને સફળ કરે અને જે કંઈ સ્ખલનાઓ-ત્રુટિઓ રહી જવા પામી હોય તેનું સૂચન મારા જીવનમાં અજાણતાં પણ શ્રુતજ્ઞાનની આશાતનાનો ભાર ન વધી જાય, તે અંગે ભાવદયાનું વલણ દાખવી હાર્દિક વાત્સલ્યનો પરિચય આપે, તેવી નમ્ર પ્રાર્થના છે.

પ્રસ્તુત સંપાદન કાર્યમાં ખાસ કરીને હાર્દિક મમત્વ દાખવી દરેક રીતે અપૂર્વ સહકાર આપનારા નીચેના મહાપુરુષો છે.

શાસન પ્રભાવક **પૂ. આ શ્રીહેમસાગરસૂરીશ્વરજી મ.**

પૂ. આગમોદ્ધારકશ્રીના પરમ વિનેય શ્રી સિદ્ધચક્રારાધન-તીર્થોદ્ધારક શ્રી વર્ધમાન તપ પ્રચારક-આગમોના પ્રૌઢ વ્યાખ્યાતા તપોમૂર્તિ સ્વ. પૂ. આ. શ્રી **ચંદ્રસાગરસૂરીશ્વરજીના** પટ્ટવિનેય શાંતમૂર્તિ વ્યાખ્યાન વાચસ્પતિ શાસનપ્રભાવક **પૂ. આ. શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.**

પૂ. આગમોદ્ધારકશ્રીના સર્વ પ્રથમ શિષ્ય **પૂ. પં. શ્રી વિજયસાગરજી મ.** ના શિષ્યરત્ન પ્રૌઢ પુણ્યપ્રતાપી શાસનપ્રભાવક સ્વ **પૂ. ગણી શ્રી લબ્ધિસાગરજી મ.**

(જેઓએ આર્થિક સહયોગ માટે સંપૂર્ણ કાળજી રાખી મને સંપૂર્ણ રીતે નિશ્ચિંત બનાવેલ જેઓ ચાલુ વર્ષના અષાડ સુદી ૭ ની રાત્રે નશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગે સિધાવી ગયા, તેનો કારમો ઘા સંપાદકના હૈયામાં હજુ સુધી તાજો જ છે.)

પૂ. આગમોદ્ધારકશ્રીની નિશ્રામાં રહી અનેક આગમિક પદાર્થોની જાણકારી મેળવવા સાથે પાલિતાણા, સુરતના આગમમંદિરની ભવ્યતાના સર્જક પૂ. આગમોદ્ધારકશ્રીના ઉપસંપદા પ્રાપ્ત અંતેવાસી **પૂ. ધર્મસ્નેહી ગણીશ્રી કંચનસાગરજી મ.**

પૂ. કર્મગ્રંથાદિવિચાર ચતુર ધર્મસ્નેહી ગણી **શ્રીસૂર્યોદયસાગરજી મ.**

જેઓએ આગમજ્યોતના સંપાદનની સઘળી જવાબદારી ઉઠાવી વ્યવસ્થિત રીતે અદા કરવાની સાથે અનેક બાબતોમાં મારી બિનઆવડતને પણ મૂંગા ભાવે સહન કરી સલુકાઈથી દૂર કરવાની જહેમત લેનાર,

મારી સઘળી પ્રવૃત્તિઓના પ્રાણભૂત હોઈ સાથે સાથે હોઈએ ત્યારે દિવસમાં અનેકવાર મીઠા-મધુરા શબ્દોથી... દૂર હોઈએ ત્યારે દર અઠવાડિયે બેથી ત્રણ ટપાલથી હાર્દિક નિખાલસ સૂચનો કરી મારા જીવનમાં વ્યવસ્થા, કાર્યપદ્ધતિની સુંદરતા, વ્યવહારદક્ષતા આદિની પ્રતિષ્ઠા કરનાર.)

પરમ પૂજ્ય ગુણગરિષ્ઠ સેવાભાવી સહૃદયી **ધર્મસ્નેહી મુનિરાજ શ્રી ગુણસાગરજી મ.**

જેઓએ ખુબ જ મમતાભરી હુંફ આપી પૂ. આગમોદ્ધારકશ્રીના અનેક મહત્ત્વના લખાણો મોકલી સામગ્રીની સમૃદ્ધતા કરવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે. તેમજ સંપાદન-સંશોધનના નાના-મોટા કાર્યોમાં સહયોગી થનાર —

ધર્મસ્નેહી મુનિશ્રી **અશોકસાગરજી** મ., મુનિશ્રી **નિરૂપમસાગરજી** મ., મુનિશ્રી **રવીન્દ્રસાગરજી** મ., બાલમુનિશ્રી **હેમચંદ્રસાગરજી** મ. —

જેઓએ ગુરુઆજ્ઞા મુજબ વિવિધ કાર્યો (પ્રેસ કોપી કરવી, નકલો કરવી, આદિ કાર્યો) માં ખૂબ મનોયોગપૂર્વક સહયોગ આપ્યો છે.

આદિ-આદિ અનેક મહાનુભાવોના પવિત્ર યોગ દાનથી આ કાર્ય સુંદર રૂપે રજૂ થયું છે.

છેવટે આ સંપાદનમાં શક્ય જાગૃતિ રાખવા છતાં મતિમંદતા કે ક્ષયોપશમની વિચિત્રતાથી રહી ગયેલ ક્ષતિઓ બદલ ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ હાર્દિક મિથ્યાદુષ્કૃત માંગુ છું.

આવા અત્યંત ગંભીર તાત્ત્વિક ચિંતનપૂર્ણ આગમિક પદાર્થોની ગંભીર વિચારણાના પદાર્થોવાળા માર્મિક વ્યાખ્યાનોનું વાંચન,

મનન, ગુરુગમથી યોગ્ય જ્ઞાનીના ચરણોમાં બેસી કરીને મુમુક્ષુ જીવો શ્રુત ભક્તિની કેળવણી કરી કર્મનાં બંધનથી મુક્ત થાઓ એ મંગલ અભિલાષા.

વીર નિ. સં. ૨૪૯૮
વિ. સં. ૨૦૨૮
ભાદરવા વદ ૮
શનિવાર
શ્રી તપાગચ્છ જૈન ઉપાશ્રય
માંડવી ચોક, દેરા શેરી
રાજકોટ (સૌરાષ્ટ્ર)

લિ.
શ્રીશ્રમણસંઘસેવક
શાસન સુભટ તપસ્વી
ગુરુદેવશ્રી ઉપાધ્યાય
શ્રી ધર્મસાગર ચરણોપાસક
મુનિ અભયસાગર

## આગમ એટલે ? ? ?

— આત્માના વિશુદ્ધ સ્વરૂપને જોવા-જાણવા માટેનો ભવ્ય આરીસો !

— સંસારના ત્રિવિધ તાપથી વ્યાકુળ થયેલ સંસારી જીવોને સ્થાયી શાંતિ આપનાર અદ્‌ભુત જીવનસાથી !

— સંસારસમુદ્રમાં મોહ-માયાના તોફાને-ચકરાએ ચઢેલ જીવનનાવને નિરાબાધરીતે મુક્તિરૂપ પરમસુખદ સ્થાને પહોંચાડનાર કુશળ સુકાની !

श्री

# આ... ગ.....મ.....જ્યો—ત

વર્ષ—૭

પુસ્તક ૧-૨-૩-૪

## વિ.....ષ.....ય.....દ.....ર્શ.....ન


| | પૃ |
|---|---|
| પ્રકાશક તરફથી | ૨-૩ |
| સંપાદકીય | ૪-૫ |
| અનુક્રમણિકા | ૬ થી ૧૬ |

| | | પૃષ્ઠ |
|---|---|---|
| પુસ્તક | ૧ | ૧ થી ૬૪ |
| ,, | ૨ | ૧ થી ૬૪ |
| ,, | ૩ | ૧ થી ૬૪ |
| ,, | ૪ | ૧ થી ૪૪ |


### પ્રથમ પુસ્તક
પૃ. ૧ થી ૬૪


મુમુક્ષુનું ધ્યેય પૃ૦ ૧ થી ૭

| | પૃ૦ |
|---|---|
| ૦ ધર્માત્મા શું ઇચ્છે ? | ૧ |
| ૦ સિદ્ધપણાના ધ્યેયની મહત્તા | ૨ |
| ૦ વિજયાદિમાં બે ભવ કયી અપેક્ષાએ ? | ૩ |
| ૦ મતાન્તરે વિજયાદિમાં એથી વધુ ભવનું રહસ્ય. | ૨ |
| ૦ અપ્રતિપતિત સમ્યક્ત્વવાળાની અપેક્ષાએ વિચારણા. | ૩ |
| ૦ સમ્યક્ત્વની મહત્તા | ૪ |
| ૦ સિદ્ધિપણા માટેના ધ્યેયનું મહત્વ. | ૫ |
| ૦ સિદ્ધિપદની તમન્નાની મહત્તા. | ૫ |
| ૦ સિદ્ધિપદની તમન્નાને ભવ્યત્વ સાથે સંબંધ. | ૬ |

## આ...ગ...મ...ર...હ...સ્ય

પૃ૦ ૮ - ૬૪


• ભૂમિકા ૮

૦ પ્રથમ ઉત્પન્ન થયેલ ક્ષત્રિય જાતિની મહત્તા ૯

૦ વૈરાગ્યવાન પુરુષોને પણ રાજ્ય વ્યવસ્થાની જરૂર.

૦ ક્ષત્રિયનો ઉગ્ર નામનો પહેલો પેટાભેદ કેમ ? ૧૨

૦ ગુન્હાની ઉત્પત્તિનો આધાર

૦ વર્તમાન પરિસ્થિતિમાં ઉન્માદની પ્રધાનતા. ૧૪

૦ સુધારક યુવકોની મનોદશાનું ચિત્ર ૧૬

૦ અજ્ઞાનીઓના વાનરવેડા ૧૭

૦ ઉગ્રજાતિની સ્થાપનાનું રહસ્ય. ૧૮

૦ અન્યાયને રોકવાની જરૂર કેમ ? ૧૮

૦ ક્ષત્રિય એ નામ લોકોએ આપેલું કે સ્વયં લીધેલું ? ૨૦

૦ ક્ષત્રિયના ઉગ્રનામની પેટા જાતિનું નામ પણ લોકથી જ. ૨૧

૦ ઉગ્રજાતિના આરક્ષકપણા અંગે જરૂરી ખુલાસો. ૨૧

૦ ક્ષત્રિયમાં રાજન્ય કોણ અને શાથી ? ૨૫

૦ બ્રાહ્મણ અને શૂદ્રની ઉત્પત્તિ ૨૬

૦ અનીતિનું કારણ. ૨૮

૦ પ્રજાના હિતાર્થે શિલ્પ આદિ શી રીતે ? ૨૮

૦ શિલ્પાદિની ઉપયોગિતા ૩૦

૦ શૂદ્રવર્ણની ઉત્પત્તિ. ૩૧

૦ શૂદ્ર શબ્દનો અર્થ ૩૨

૦ બ્રાહ્મણ વર્ગની ઉત્પત્તિ ૩૨

૦ આત્મદષ્ટિની મહત્તા ૩૩

૦ ધર્મનું મહત્ત્વ ૩૪

○ જિનેશ્વર ભગવાનના અનુપકૃતપણાનો ખુલાસો ૩૫

○ અવધિજ્ઞાની દેશવિરતિ લે કે? ૩૭

○ દેશવિરતિ વગર સર્વવિરતિ હોય કેમ ? ૩૯

○ સર્વવિરતિ લેવા પહેલાં પ્રતિમા વહેવી જોઇએ કે ? ૩૯

○ ખરતરના મતે સર્વથા અને આગમીયાના મતે કેટલીક શ્રાવક પ્રતિમાના વ્યુચ્છેદની માન્યતા ૪૧

○ દીક્ષાપૂર્વે પ્રતિમા વહેવાનો કે દેશવિરતિનો અનિયમ. ૪૩

○ ભગવાનનું આદ્યરાજાપણું કેમ ? ૪૩

○ ભગવાનની રાજ્ય સાહેબી ૪૪

○ ત્યાગી પુરૂષોના પણ દાદા ભગવાન્ ઋષભદેવજી ૪૫

○ ભગવાન્ ઋષભદેવજીના સાધુપણાની વિશિષ્ટતા ૪૬

○ ઈન્દ્રમહારાજાની દીક્ષા વિધિથી અજાણ હતા કે શું ? ૪૬

○ જ્ઞાન કરતાં તપની બલવત્તરતા કેમ ? ૪૮

○ ભગવાન્‌ના જ્ઞાનની દશા ૪૯

○ વિશિષ્ટ ચારિત્રની પ્રાપ્તિ છતાં તીર્થંકરો તપ કરે છે ૫૦

○ તપસ્વીની વિશિષ્ટતા ૫૧

○ તપસ્યાને અંગે જરૂરી તર્કોનાં સ્પષ્ટ સમાધાનો. ૫૩

○ તપસ્યા એ અંતરાયનો ઉદય ગણાય ? ૬૫


## દ્વિતીય પુસ્તક
## પૃ૦ ૧ થી ૬૪


પૃ.

○ વિનેય-શિષ્યની પારમાર્થિક વ્યાખ્યા. ૧–૪

## પૂ૦ આગમોદ્ધારકશ્રી
### વ્યાખ્યાન સંગ્રહ ૫ થી ૬૧


○ ભૂમિકા. ૫
○ વ્યાખ્યાન–૧૫ ૬–૧૬
○ ,, ૧૬–૨૪
○ ,, ૧૭ ૨૫–૩૩
○ વ્યાખ્યાન–૧૮ ૩૪–૪૩
○ ,, ૧૯ ૪૪–૫૩
○ ,, ૨૦ ૫૪–૬૧

○ **સાર્વભૌમ-સર્વજ્ઞ મહારાજાના શાસનમંદિરનું સ્વરૂપ. ૬૨–૬૪**


## તૃતીય પુસ્તક
### પૃ૦ ૧ – ૬૪


ધર્મ એટલે શું ? અને તેની લોકોત્તરતા પૃ૦ ૧ – ૮


## દીવાદાંડીનાં અજવાળાં
### પૃ૦ ૯ – ૬૪


પૃ૦

○ ભૂમિકા ૯

○ **ધર્મનું મૌલિક સ્વરૂપ ૧૦–૨૦**

○ મૂલ્યવાન ચીજની નકલ થાય છે ? ૧૦
○ ફળને કોરી ખાનાર કીડા જેવાઓના મિથ્યા પ્રયત્નો. ૧૨
○ મોંઢા કયું મલિન ? ૧૨
○ યુદ્ધ ધર્મનું હોઈ શકે ? ૧૪
○ જેવું કુલ તેવો ગુન્હો ૧૫
○ જૈન રાજાઓના રાજ્ય ધર્મ-પાલનથી વધ્યાં કે ઘટયાં ? ૧૬
○ રાજ્ય તથા ત્યાગાદિ ધર્મને સંબંધ જ નથી. ૧૮

○ ચારિત્ર ધર્મની મહત્તા પૃ૦ ૨૧–૩૭

○ સાચી સ્વાધીનતાનું રહસ્ય ૨૧
○ તત્ત્વદૃષ્ટિ ૨૨
○ સામાયિકનો મર્મ ૨૪
○ કર્ત્તવ્ય પ્રવૃત્તિ કે ઐચ્છિક પ્રવૃત્તિ ૨૫
○ છાર ઉપર લીંપણ ૨૭
○ શરીરનું સાફલ્ય
○ શરીરનો સદુપયોગ ૩૦
○ સંયમાત્મા ૩૧
○ મોહનીય કર્મ ૩૩
○ પૂર્ણ આત્મસ્વરૂપ ૩૫

○ જીવનની જાગૃતિ પૃ૦ ૩૮ – ૪૮

○ શું બિન જરૂરી ચીજ જ ધર્મ ? ૩૮
○ શંકા સમાધાયક દૃષ્ટાન્ત અને સમજણ. ૩૯
○ માનવજીવનમાં વિષયોની મોંઘવારી. ૪૦
○ ક્યાંથી આવ્યા ને ક્યાં જશો ? ૪૨
○ પદાર્થની પ્રીતિની દુર્લભતા ૪૪
○ પદાર્થપ્રીતિના ત્રણ પાયાની જેમ ધર્મનીતિના ચાર પાયા.

○ **મગધાધિપતિ શ્રેણિક મહારાજની પ્રભુ મહાવીર ભગવંત ઉપર અજોડ ભક્તિનું રહસ્ય** પૃષ્ઠ. ૪૯ – ૫૫
○ **પરમાર્થ દૃષ્ટિએઆસ્તિક એટલે જૈન કોણ ?** ૫૬ – ૬૪

## ચતુર્થ પુસ્તક

પૃ૦ ૧ – ૪૪

○ શાસનસેવા સર્વોપરિ છે. ૧ – ૭

## હૈયાનો ઝંકાર
પૃ. ૮ થી-૧૭


○ ભૂમિકા ૮
○ મંગળ ભાવના ૯
○ શ્રી સિદ્ધચક્ર યન્ત્રસ્તુતિ ૧૦
○ શ્રી સિદ્ધચક્ર મહિમા ૧૦
○ દિવ્ય જૈનત્વ ૧૦
○ જય શત્રુંજય ૧૧
○ શ્રી આદીશ્વર ભગવાનનું સ્તવન. ૧૨
○ શ્રી તારંગા અજિન્તનાથ સ્તવન. ૧૩
○ શ્રી અભિનંદન જિન સ્તવન ૧૪
○ શ્રી સુમતિનાથ જિન સ્તવન ૧૫
○ શ્રી સિદ્ધાચલ સ્તવન ૧૬
○ મનનીય સુભાષિતો ૧૭


## ગુરુ ચરણમાંથી મળેલું
પૃ. ૨૧ થી ૩૭


પૃ.

○ ભૂમિકા ૨૧
○ તત્ત્વ ક્યારે સમજાય? ૨૨
क. ○ **तात्त्विक प्रश्नोतराणि** ૨૩
ગ્રંથ ગુજરાતી અનુવાદ ચાલુ
○ સમ્યગ્દર્શનની શુદ્ધિને લગતા જરૂરી પ્રશ્નોત્તરો. ૨૮


## સ્થાયી કોષ અને ભેટ આપનારા મહાનુભાવોની નામાવલી
પૃ. ૩૮ થી-૪૨


ક્ષમાપના પૃ. ૪૩
સુભાષિત પૃ. ૪૪

# આગમજ્યોત

વિરનિ.સં. ૨૪૯૮
વિ. સં. ૨૦૨૮
વર્ષ ૭

આગમો સં. ૨૨
માહ
પુસ્તક ૧

सिज्झइ बुज्झइ
मुच्चइ परिणिव्वाइ
सव्वदुक्खाणमंतं करेइ

## મુમુક્ષુનું ધ્યેય

ધર્માત્મા શું ઈચ્છે ?

ધર્માત્મા મુમુક્ષુ વૈરાગ્યવાન્ અને સમ્યગ્દષ્ટિ તરીકે જે જીવો હોય છે, અગર જે જીવો પોતાના આત્માને ધર્માત્માદિરૂપે પરિણમાવવા માગતા હોય છે, તે સર્વ જીવોનું એકજ ધ્યેય હોય છે કે હું સિદ્ધ; બુદ્ધ, મુક્ત, પરિનિવૃત અને સર્વ દુઃખોનો નાશ કરનાર થાઉં !

આ સિદ્ધપણા આદિના ધ્યેયની એટલી બધી પ્રબલતા અને ઉત્તમતા છે કે એ સિદ્ધપણાના ધ્યેય સિવાયના ત્યાગને પણ શાસ્ત્રકારો અત્યાગ માને છે, અને એ સિદ્ધપણાના ધ્યેયવાલાને અત્યાગ હોય તો પણ ત્યાગવાળો કથંચિત્ માને છે.

આ કારણથી પરમર્ષિઓ જે જીવો સિદ્ધપણા આદિના ધ્યેય શિવાય વૈરાગ્યઆદિને આદરે છે, તેઓના માટે સિદ્ધપણા આદિના પ્રશ્નો થવાનો નિયમ કહેતા નથી. પણ જેઓ વૈરાગ્યાદિવાળા ન

હોય, છતાં સિદ્ધપદઆદિના ધ્યેયવાળા થાય છે, તેમને એક બે કે ત્રણ ભવમાં સિદ્ધઅવસ્થા પ્રાપ્ત થવાનું જણાવે છે. છેવટે સાત-આઠ ભવે તો જરૂર સિદ્ધપદને મેળવે એમ જણાવે છે.

## સિદ્ધપણાના ધ્યેયની મહત્તા

કોઈપણ જીવ સિદ્ધપણાઆદિ ધ્યેયમાં અવિચલપણે રહે તો શાસ્ત્રકાર મહારાજાઓ ચોકખા શબ્દોમાં ફરમાવે છે કે તે સાત આઠ ભવમાં મોક્ષ પામ્યા શિવાય એટલે સિદ્ધપણા આદિને મેળવ્યાં શિવાય રહેતોજ નથી. એટલા માટે સમ્યક્ત્વ કે જે ક્ષાયિકરૂપે કદાચ ન પણ હોય, પણ ક્ષયોપશમરૂપે હોય તો તેની પણ સ્થિતિ છાસઠ સાગરોપમ જણાવી મનુષ્યોના ભવોની માત્ર અધિકતા જણાવી છે. એટલે વિજયઆદિ ચાર અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થનારા જીવોને ત્રણ ભવ મનુષ્યના અને વચમાં બેભવ દેવના, એમ પાંચજ ભવ થાય.

## વિજયાદિમાં બે ભવ કયી અપેક્ષાએ ?

આ કારણથી **विजयादिषु द्विचरमाः** એમ શ્રીતત્ત્વાર્થ વગેરેમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ છે, ત્યાં જણાય છે કે બીજી વખત વિજયાદિ ચાર અનુત્તરવિમાનમાં એટલે વચમાં એકજ મનુષ્યનો ભવ કરી બીજી વખત વિજયાદિમાં ઉત્પન્ન થનારો જીવ જરૂર આગલા મનુષ્ય ભવમાં મોક્ષ મેળવે જ છે. અર્થાત્ એ શ્રીતત્ત્વાર્થનું કથન અપ્રતિપાતી સમ્યક્ત્વવાળાને અંગેજ વધારે યોગ્ય ગણાય. પહેલી વખત પણ મનુષ્યભવથીજ વિજયાદિ અનુત્તરોમાં જઈ શકે અને મોક્ષની પ્રાપ્તિપણ મનુષ્યમાંજ થાય માટે વિજયાદિદ્વારાએ મોક્ષે જનારાને મનુષ્યના ભવ ત્રણ અને દેવના ભવ બે, એમ એકંદર પાંચજ ભવ થાય.

## મતાંતરે વિજયાદિમાં વધુ ભવનું રહસ્ય

આવી રીતે અપ્રતિપાતી સમ્યક્ત્વની અપેક્ષાએ વિજયાદિકમાં બે વખતની ઉત્પત્તિ લેવાથી કર્મગ્રંથની અંદર વિજયઆદિ ચાર

અનુત્તરોમાં અનેક વખત કહેલી ઉત્પત્તિ અથવા ચાર ચાર વખત વિજયાદિમાં ઉત્પત્તિ અગર વિજયાદિ ચારમાં ઉત્પત્તિ બે વખત થઈ ગયા પછી પણ અચ્યુતાદિકમાં કહેલી ઉત્પત્તિનો મતાંતર સમજી શકાશે. કેમકે પ્રતિપાતી એવા સમ્યકત્વની અપેક્ષાએજ એ જણાવેલ છે. વળી શ્રી પ્રજ્ઞાપનાસૂત્રમાં વિજયઆદિ અનુત્તરવિમાનોના દેવતાઓની ભવિષ્યમાં અને અતીતકાલમાં વિજયાદિ અનુત્તર વૈમાનિકપણે સંખ્યાતી ઇંદ્રિયો થએલી અને થવાની ગણાવી છે, તે પણ અપતિતસમ્યક્ત્વની અપેક્ષાએ વિશેષવાળી ગણાય, પણ પ્રતિપાતી સમ્યક્ત્વની અપેક્ષાએ પણ તે ઇંદ્રિયોના સંખ્યાતાપણાનો વાંધો રહેશે નહિં.

આવી રીતે વિજયાદિક અનુક્રમે અપ્રતિપતિત સમ્યક્ત્વવાળાને પાંચ ભવેજ મુક્તિ જવાનું બને.

## અપ્રતિપતિતસમ્યક્ત્વવાળાની અપેક્ષાએ વિચારણા

યાદ રાખવાની જરૂર છે કે એકલા સાધુમહાત્મા જ સિદ્ધિઆદિના આર્થી હોય અને અપ્રતિપતિતસમ્યકત્વવાળા પણ તે જ હોય એવો નિયમ નથી, પણ સર્વવિરતિની અભિલાષાવાલા છતાં પણ જેમ ખસને દુઃખરૂપ અને રોગસ્વરૂપ સમજવાવાળો અને તે ખસને દૂર કરવા મથન કરતો પણ ખસવાળો જેમ ચેળના જોરે ખણવાવાળો હોય છે, તેવી રીતે દેશવિરતિને આદરી હોય અગર કોઇપણ પ્રકારની વિરતિને ન પણ આદરી હોય, એવો દેશવિરતિ કે અવિરતિવાળો શ્રાવક પણ અપ્રતિપતિત સમ્યકત્વવાળો ન હોય તેમ નથી.

દેશવિરતિ કે અવિરતિવાળા શ્રાવકને અચ્યુત નામના બારમા દેવલોકથી આગલના દેવલોકોમાં ગતિ ન હોવાથી ગ્રૈવેયકમાં પણ જઇ શકે નહિં, તો પછી વિજયાદિ અનુત્તરો જે ચાર છે તેમાં તો તેઓને જવાનું જ કયાંથીજ હોય? એટલા માટે અને વિજયાદિ ચાર અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થવાની અપેક્ષાએ થતા પાંચભવના

વિકલ્પની માફકજ બીજો વિકલ્પ પણ શાસ્ત્રકારો અપ્રતિપાતીસમ્યક્ત્વ વાળાની અપેક્ષાએ જણાવે છે કે કાં તો બે વાર વિજયાદિ ચાર અનુત્તરોમાં ઉપજીને અર્થાત્ ત્રણ વખત મનુષ્ય ભવમાં અને બે વખત દેવમાં ઉપજીને પાંચ ભવે મોક્ષે જ જાય અને એમ ન બને તો ત્રણ વખત અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થવાથી કંઈક અધિક છાસઠ સાગરોપમ સુધી અપ્રતિપતિત એવા સમ્યકત્વને ધારણ કરતા રોકાય અર્થાત્ જ્યારે અચ્યુત દેવલોકના ત્રણ ભવ લેવા પડે, કેમકે અચ્યુતદેવલોકમાં દેવતાઓની સ્થિતિ અધિકમાં અધિક બાવીસ સાગરોપમની આયુષ્ય સ્થિતિ છે. તેથી ત્રણ વખતે તે અચ્યુત દેવલોકમાં ઉત્પત્તિ થવાથી છાસઠ સાગરોપમ દેવલોકના થાય. ત્યારે મનુષ્યના ચાર ભવ લેવાજ પડે.

**સમ્યકત્વની મહત્તા**

યાદ રાખવાની જરૂર છે કે પંચેન્દ્રિય તિર્યંચો અને નારકીઓ પણ સમ્યક્ત્વને ધારણ કરનાર હોય છે, તે સમ્યક્ત્વની ધારણાનો એવો અસાધારણ પ્રભાવ છે કે સમ્યક્ત્વને ધારણ કરવાનું નરક અને તિર્યંચના આયુષ્યમાં બને, પણ સમ્યકત્વને ધારણ કરતી વખત નરક અને તિર્યંચના આયુષ્યનો બંધ તો કોઇપણ કાલે કોઈપણ જીવ કરેજ નહિં. અર્થાત્ જો ઔદારિકશરીર કે જે માત્ર મનુષ્ય અને તિર્યંચનેજ હોય છે. તે ઔદારિક શરીરને ધારણ કરનારો જીવ જો સમ્યક્ત્વ ધારણ કરનાર છતો આયુષ્ય બાંધે તો તે કેવલ વૈમાનિકનું આયુષ્ય બાંધે, અને વૈક્રિયશરીર કે જે આજન્મ સુધી નારકી અને દેવતાનેજ હોય છે, તેઓ જો સમ્યકત્વને ધારણ કરતા છતાં આગલા ભવનું આયુષ્ય બાંધે તો કેવલ મનુષ્યભવનું જ બાંધે.

આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે અપ્રતિપતિસમ્યક્ત્વની ભવાન્તરગતિમાં નરક કે તિર્યંચગતિના ભવોનો તો અવકાશ હોયજ નહિં.

એટલે સ્પષ્ટ થયું કે અપ્રતિપતિતસમ્યક્ત્વવાળા સાધુની અપેક્ષાએ જેમ વિજયાદિચાર અનુત્તરના બે અને મનુષ્યના ત્રણ

ભવ મળી પાંચ ભવ થાય તેવી રીતે અપ્રતિપાતી સમ્યકત્વને ધારણ કરનાર અવિરતિ અને દેશવિરતિવાળાની અપેક્ષાએ અચ્યુતપણાના ત્રણ ભવ અને મનુષ્યના ચાર ભવ મળી અપ્રતિપતિત-સમ્યક્ત્વવાળા સાત ભવ થઈ શકે.

## સિદ્ધિપણા માટેના ધ્યેયનું મહત્ત્વ

ઉપર જણાવેલ હકીકતથી સિદ્ધ બુદ્ધ મુક્ત પરિનિર્વૃત અને સર્વદુઃખાંતકૃતપણાની વાસના અવિચ્છિન્નપણે રહે તો પાંચ કે સાત આઠ ભવથી ભવો વધારે કરવાના હોતા નથી. આ વાત અપ્રતિપાતી એટલે નહિં પડવાવાળા સમ્યકત્વના એટલે સિદ્ધપણાઆદિના તન્મયપણાના પ્રભાવથી બને છે. એટલુંજ નહિં, પણ એક વખત પણ જે મહાપુરૂષને તે સિદ્ધ બુદ્ધ મુક્ત પરિનિવૃત અને સર્વ દુઃખાંતકૃત્ત્વની દશાની રમણુતા થઈ જાય તેવા મહાપુરૂષને પણ તે સમ્યકત્વ પોતાનો પ્રભાવ દેખાડયા વિના રહેતું નથી. મુખ્ય રીતિએ તો તે તેવા સમ્યક્ત્વને એક વખત પણ ધારણ કરી ગયેલો જીવ પતિત થઈ જાય તો પણ સંખ્યાત અને અસંખ્યાત અવસર્પિણીએ પણ જરૂર મોક્ષ પામેજ છે.

જો કે સિદ્ધિપદની તમન્નાવાળા એવા કેટલાક હોય છે જેઓને અનંત ઉત્સર્પિણી અવસર્પિણી સુધી રખડવાનું પણ થાય છે, પણ તે જીવો ઘણાજ ઓછા હોય છે,

## સિદ્ધિપદની તમન્નાની મહત્તા

જેઓ સિદ્ધિપદવીની તમન્નાવાળા થઇને પોતે સિદ્ધિને રસ્તે ચાલવું તો દૂર રહ્યું, પણ તે સિદ્ધિની તમન્ના રાખી સિદ્ધિપદને રસ્તે ચાલતા હોય તેવાઓને પણ સિદ્ધિપદની તમન્નાથી ચુકવે અથવા સિદ્ધિપદવીના રસ્તાથી ચ્યુત કરે તો તેનું પરિણામ એ આવે કે જેવી રીતે સિદ્ધિપદવીના રસ્તાથી ચ્યુત કરનારને અનન્તઉત્સર્પિણી સુધી સિદ્ધિપદની તમન્ના થયા પછી રખડવું પડે છે, તેવી રીતે જ સિદ્ધિની તમન્ના રાખવાવાળા અને

સિદ્ધિને માર્ગે પ્રવર્તેલા મહાનુભાવ પુરૂષોની પ્રતિકૂલતા કરવાથી પણ સિદ્ધિપદની પ્રાપ્તિનું આંતરૂં અનન્ત ઉત્સર્પિણી થઈ જાય છે, પણ આવા જીવો ઘણાજ અલ્પ હોય છે,

શાસ્ત્રકારો પણ ફરમાવે છે કે અપ્રતિપાતીસમ્યક્ત્વવાળા સંખ્યાતકાલ–પ્રતિપાતીસમ્યકત્વવાળા અને અસંખ્યાતકાલપ્રતિપાતી સમ્યક્ત્વવાળા જીવોની ગણતરીની અપેક્ષાએ અનન્ત કાલ સુધી સમ્યકત્વ પામીને પણ રખડવાવાળા જીવો ઘણાજ અલ્પ છે.

એટલું છતાં એ તો ચોક્કસ છે કે એક વખત એક ક્ષણ પણ જો સિદ્ધિપદની તમન્ના થઈ અને સિદ્ધિપદ શિવાય અન્ય કાંઇ પણ સાધ્ય છે જ નહિં, એવો નિશ્ચય જો જીવને થઈ ગયો તો તે જરૂર સિદ્ધિપદને મેળવવા વાળો જ થાય, અર્થાત્ એમ કહીએ તો ચાલે કે દુનિયામાં મનથી મોતીના ચોક પૂરાય તેની કિમ્મત નથી, પણ ભગવાન્ જિનેશ્વર મહારાજના આ શાસનમાં તો મનના પણ મોતીએ પૂરેલા ચોક સાચા ઠરે છે. અને આમ હોવાથી તો શાસ્ત્રકારો પણ સ્પષ્ટ-શબ્દોમાં ફરમાવે છે કે કોઈ પણ કાલે મુક્તિને નહિં પામનારા એવા અભવ્યજીવોને કોઈ દિવસ પણ સિદ્ધિપદની તમન્ના તો શું ? પણ સિદ્ધિપદની માન્યતા પણ થાય નહિ.

## સિદ્ધિપદની તમન્નાને ભવ્યત્વ સાથે સંબંધ

આ જગો પર એક વસ્તુ બરોબર સમજવા જેવી છે, અને તે એ કે સિદ્ધિપદને ન માનનાર અગર સિદ્ધિપદની તમન્ના નહિં રાખનાર અભવ્યજ હોય એવો નિયમ નહિં, પણ સિદ્ધિપદને માનનાર અથવા તેની તમન્ના રાખનાર જીવ તો ભવ્યજ હોય એ ચોક્કસ છે. અર્થાત્ ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય એ ચોક્કસ ખરૂં. પણ તેથી ધૂમાડો ન હોય ત્યાં અગ્નિ ન હોય એવો નિયમ નહિ.

એવી રીતે સિદ્ધિપદની તમન્નાના પ્રભાવે પાંચ ભવે સાત ભવે યાવત્ સંખ્યાત અસંખ્યાત કે અનંતભવે સિદ્ધિ મળવાનો નિશ્ચય છે, પણ જેઓ સિદ્ધિપદની માન્યતાવાળા અને તમન્નાવાળા નથી તેઓ કોઈક દેવેન્દ્ર નરેન્દ્રપણાની ઇચ્છા અથવા આ ભવના માનપાનનાવૃદ્ધિ કે પદવીને પ્રાપ્ત કરવાના જ ધ્યેયથી જે જ્ઞાન અને ક્રિયા એ બન્નેમાં ચ્હાય તેટલા ઉંચા પણ વધે, તો પણ તેઓ તે જ્ઞાન કે ક્રિયાના પ્રભાવે તો સિદ્ધિપદવી મેળવી શકે જ નહિં.

આ વસ્તુ વિચારીને ભવ્યજીવોએ સિદ્ધ બુદ્ધ મુક્ત પરિનિર્વૃત અને સર્વદુઃખાંતકૃત્ત્વની તમન્નાવાળા થવું હિતાવહ છે.

## मार्मिक व्याख्या

रागत्यागी भवेद देवः, संगत्यागी गुरुर्भवेत् ।
सक्तित्यागी च सम्यक्त्वी, देहत्याग्यव्यये पदे ॥

ભાવાર્થ—રાગનો ત્યાગ જેમાં તે દેવ!
સંગ—પરિગ્રહનો ત્યાગ જેમાં તે ગુરૂ!
સક્તિ—મમતાનો ત્યાગ જેમાં તે સમ્યક્ત્વી!
શરીરનો ત્યાગ જેમાં તે શાશ્વત પદ–સ્થાન!

પૂ. આગમોદ્ધારકઆચાર્ય શ્રી વિરચિત
श्री यतिधर्मोपदेशसहस्री गा. ७३६

# આગમ રહસ્ય

(વર્ષ ૬ : પુસ્તક-૧ પૃ. ૮૮ પછી ચાલુ)

[પરમ પૂજ્ય, આગમોના તલસ્પર્શી જ્ઞાતા, આગમોની તલસ્પર્શી પ્રૌઢ પ્રતિભાપૂર્ણ વ્યાખ્યા કરવામાં અજોડ, પ્રવર દેશનાશક્તિ સંપન્ન, આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી એ આખા જીવન દરમ્યાન વિશિષ્ટ રીતે કરેલ આગમો સંબંધી ઊંડા ચિંતનબળે તારવેલ અનેક સૂક્ષ્મ તાત્ત્વિક આગમિક પદાર્થોનો બાળ-જીવોને પણ બોધ થાય તે શુભ આશયથી ઘણા જિજ્ઞાસુઓના આગ્રહથી 'આગમ રહસ્ય' નામે મોટો નિબંધ વિ. સં. ૧૯૯૦ના માગશર સુદ ૧૫ તા. ૧-૧૨-૩૩ શુક્રવારથી શ્રીસિદ્ધચક્ર (વર્ષ-૨, અંક-૫)માં અગ્રલેખ રૂપે લખવો શરૂ કરેલ, જે વર્ષો સુધી ચાલ્યો, તેમાં ઘણા મહત્ત્વના આગમિક પદાર્થો, અદ્‌ભુત આગમિક તર્કો, વિશિષ્ટ શાસ્ત્રીય દલીલો અને અદ્‌ભુત માર્મિક બાબતો આવતી હતી, જેનાથી ઘણા મુમુક્ષુ-જિજ્ઞાસુ બાળજીવોના તાત્ત્વિક જ્ઞાનમાં વધારો થયેલો, "આગમ જ્યોત"ના માધ્યમથી તત્ત્વરૂચિનું પોષણ કરવા પ્રયત્નશીલ પુણ્યવાનોના હિતાર્થે "આગમ જ્યોત"નો પ્રારંભ જ (પ્રથમ વર્ષના પ્રથમ પુસ્તકથી જ) આ નિબંધ દ્વારા કરેલ, જે આજ સુધી દર વર્ષના પ્રથમ પુસ્તકમાં નિયમિત ચાલુ છે.

સુજ્ઞ વિવેકી વાચકોએ યોગ્ય ગુરૂગમ મેળવી આ નિબંધને સમજવા પ્રયત્ન કરવો.]

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ આલેખેલ
૪૫-આગમોના દોહનરૂપ માર્મિક
મહાનિબંધ

# આ.....ગ.....મ.....ર.....હ.....સ્ય.....

**પ્રથમ ઉત્પન્ન થયેલ ક્ષત્રિય જાતિની મહત્તા.**

લોકોના સમુદાયને અનીતિથી નિવર્ત્તાવીને નીતિને રસ્તે લઈ જવા અથવા નીતિવાળા વર્તાવને રાખવાવાળા લોકોને અનીતિ કરનારાઓ તરફથી ઉપદ્રવો થાય તેનો બચાવ કરવા માટે ભગવાન **શ્રી ઋષભદેવજીને** રાજ્યગાદી અંગીકાર કરવાને લીધે બંદોબસ્ત કરવાની ફરજ આવી પડી હતી.

જગતમાં નીતિપ્રવર્તનવાળા મનુષ્યો સાહસિક ન હોય અને સાહસિકો નીતિને રસ્તે ચાલી શકે નહિ. કેમકે અસદ્વર્તનમાં પ્રવર્તેલા તથા ટેવાઈ ગયેલાને સદસદ્નો વિચાર કરવાનો વખત આવતો જ નથી.

આ કારણથી ચોક્કસ સમજી શકાશે કે નીતિથી પ્રવર્તન કરવાવાળાઓનો બચાવ સ્વતઃ હોય જ નહીં અને હોતો પણ નથી, પરંતુ તે નીતિવાળાનો અનીતિ કરવાવાળા જુલમગારોથી બચાવ નીતિની ઉત્તમતાને પ્રભાવે જ કોઈ નીતિપ્રધાન સત્તા ધરાવવાવાળા તરફથી થાય છે. આગળ જોઈ પણ ગયા છીએ કે જ્યારે નીતિથી વર્તવાવાળાઓને શિક્ષા કરાવવા માટે જ પ્રભુને પ્રાર્થના કરી

**હતી, એટલે સામાન્ય રીતે અનીતિવાળાઓથી બચવા માટે સત્તાની સ્થાપના વ્યાજબી ગણાઇ છે.**

વળી નીતિથી વર્તવાવાળાઓને અન્ય પણ કાર્યો લોકોત્તર માર્ગની અપેક્ષાએ સ્વાધ્યાય, તપસ્ય, દેવગુરુની સેવા આદિ કરવાના હોય અને તેમાંથી અનીતિ કરનારાઓની ખોળ (શોધ) કરવાનો વખત દરેક નીતિમાં પ્રવૃત્તિ કરનારો કરી શકે નહીં, તેમજ લૌકિક માર્ગની અપેક્ષાએ પણ ખેતી, ઢોર પાળવાં, વ્યાપાર આદિ કાર્યો નીતિથી પ્રવર્તવાવાળાને હોય જ અને તેથી પણ અનીતિ કરવ-વાળાને ખોળવામાં વધારે વખત કહાડી શકે નહિં, જો તે લોકોત્તર માર્ગવાળા કે લૌકિકમાર્ગવાળા પોતાના સ્વાધ્યાય અને ખેતી આદિ કાર્યોને છોડીને અનીતિ કરનારાઓની ખોળમાં વખત કહાડે તો તે પ્રથમ નીતિથી પ્રવર્ત્તવાવાળાઓને જ પોતાના માર્ગનો લોપ થવાથી અનીતિના રસ્તે પ્રવર્તીને જ જીવન નિર્વાહ કરવાનો કે જીવનનિર્ગમન કરવાનો વખત આવે.

તેથી નીતિવાળાઓને પોતાના નીતિમય માર્ગના રક્ષણને માટે પણ અનીતિ કરનારાઓને ખોળવા અને શિક્ષિત કરવા માટે એક એવા વર્ગને નિયમિત કરવાની જરૂર છે કે જે વર્ગને સ્વાધ્યાયાદિ કે કૃષિ આદિમાં મુખ્યતાએ પ્રવર્તવાનું ન હોય, પણ અનીતિ કરનારા-ઓને ખોળવાનું તથા તે અનીતિ કરનારાઓને શિક્ષિત કરવાનું જ મુખ્ય કાર્ય હોય.

એટલે એમ કહીએતો ખોટું નથી કે જો આવી રીતે અનીતિને ખોળનારો અને અનીતિ કરનારને શિક્ષિત કરનારો વર્ગ ન હોય તો કોઈ પણ લોકોત્તર કે લૌકિક માર્ગ એ બે માંથી એકે માર્ગની પ્રવૃત્તિ થઈ શકે જ નહીં.

**વૈરાગ્યવાન પુરુષોને પણ રાજ્ય-વ્યવસ્થાની જરૂર.**

આ વસ્તુ વિચારવાથી સ્પષ્ટ માલુમ પડશે કે જેઓ સંસાર અને તેના કારણભૂત આરંભ પરિગ્રહથી વિરમવા તૈયાર થયેલા

હોય છે અને માત્ર આત્માના કલ્યાણને માટે કટિબદ્ધ થયેલા હોય છે. તેવા મહાપુરુષોએ પોતાના કુટુંબની વ્યવસ્થા કરવાની દરકાર ન હોય અને નથી રહેતી, તો પણ પોતાના પુત્રને અથવા તો ભાણેજ આદિને પણ રાજગાદી સોંપવાની વ્યવસ્થા તો કરે જ છે અને તેથી ભગવાન શ્રીહરિભદ્રસૂરિજી પણ સ્પષ્ટપણે જણાવે છે કે :-

मिथो वै कालदोषेण नायकाभावतो जनाः ।
विनश्यन्त्यधिकं तस्मा त् तत्प्रदानं गुणावहम् ॥

શ્રીહરિ. અષ્ટક શ્લોક.

ભાવાર્થ :- વિષમ કાળાના પ્રભાવથી લોકો સંચાલકના અભાવે પરસ્પર વૈર-વિરોધાદિથી વધુ અનર્થના ભાગી થાય, તેથી તીર્થંકર દેવ ભગવંત વગેરે દીક્ષા વખતે રાજ્યની વ્યવસ્થા કરે છે તે સંગત છે.

કેટલાક તર્ક કરનારાઓ અહીં એવી રજુઆત કરે છે—

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ શ્રીઋષભદેવજી (ઉપલક્ષણથી બીજા પણ તીર્થંકર ભગવાનો અને સંસારનો ત્યાગ કરવા તૈયાર થયેલા મહાનુભાવ રાજાઓ) આરંભ પરિગ્રહમય, અને વિષય કષાયની ખાણ એવો સંસાર જાણ્યો અને રાજ્ય પણ તેવું જ છે, એ પ્રમાણે જાણી અનિષ્ટ તરીકે સંસાર અને રાજ્ય બન્નેને છોડે છે, તો પછી એવા અનર્થમય અને નરકઆદિ દુર્ગતિને આપનાર એવા રાજ્યને અન્ય પુત્ર કે ભાણેજને આપી શા માટે તેઓને નરકગતિનો અભિષેક કરે છે ?

આવા કુતર્કના સમાધાનમાં **ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજીએ** સ્પષ્ટ પણે જણાવ્યું કે—

"રાજ્યનો ત્યાગ કરતી વખતે પુત્ર કે ભાણેજ વગેરેને રાજ્ય આપવું એ લોકોને વધુ અનર્થથી બચાવવા માટે ફાયદાકારક છે."

આ ઉપરથી એ નક્કી થયું કે અવસ્થાના વિશેષથી રાજ્ય જો કે ત્યજવા લાયક છે, પણ તે રાજ્ય નાયકથી શૂન્ય રહે તો તે પણ

સંગત નથી, કારણકે કાલની દુષ્ટતાને લીધે લોકો અનીતિના કાર્યથી પોતાની મેળે બચી શકે નહિ એટલું જ નહિ, પણ જો નાયક ન હોય તો નાયકદ્વારા અનીતિથી બચવાનું ન થાય .અને તેથી તે લોકો જે રાજ્યકાલમાં નિયમિત રીતે લૌકિક અને લોકોત્તર માર્ગની આરાધનાને કરતા હતા, તે બધી બંધ થઈ જાય માટે લોકોના ફાયદા માટે વૈરાગ્યવાન્ મહાત્માએ પણ રાજ્યની વ્યવસ્થા કરવી સંગત જણાય છે.

## ક્ષત્રિયનો ઉગ્રનામનો પહેલો પેટાભેદ કેમ ?

આ રીતે નીતિને માર્ગે ચાલનારાઓને અનીતિ કરનારાઓથી બચાવવા માટે જ ક્ષત્રિય જાતિની સ્થાપના અથવા ગોઠવણ અને અનીતિ કરનારાઓને શિક્ષિત કરવા માટે જ તે વર્ગ ઊભો કરવામાં આવેલો છે, એમ નક્કી થાય છે.

આ હકીકત ધ્યાનમાં લેવાથી ક્ષત્રિયોમાં પણ મુખ્ય ઉગ્રજાતનો પ્રથમ કેમ ઉદ્ભવ થયો ? કે પ્રથમ કેમ સ્થપાયો ? તે વાત સ્હેજે સમજાઈ જશે, કારણકે અનીતિ કરનારાઓ જે માત્ર કોઈક વખત કોઈક સંયોગવશ અનીતિના માર્ગે ચઢી ગયા હોય છે. તેઓ તે અનીતિના ધંધામાં ન વળગી જાય, પણ નીતિના માર્ગે પાછા આવી જાય, એની વધારે જરૂર હોય છે, અને કોઈ વખત માત્ર સંજોગને અંગે અનીતિમાં પ્રવર્તેલો મનુષ્ય જ્યારે પ્રચંડ ભય કે નુકશાન દેખે, ત્યારે તે બીજી વખતે અનીતિને રસ્તે જવાનું પસંદ કરે નહિ. તે અનીતિ કરનાર મનુષ્ય કેટલીક વખત તો એવો અજ્ઞાની અને મૂઢ હોય છે કે તેને દુર્ગતિ કે આવતા ભય સબંધનો વિચાર જ હોતો નથી, એટલું જ નહિ પણ તે આવતી જીંદગીને ઘણે ભાગે ગણતો કે માનતો જ નથી હોતો.

હવે જ્યારે આવતી જીંદગી અને દુર્ગતિને માનનારા વર્ગને પણ તે ભવિષ્યના ભય કરતાં વર્તમાન જન્મના અનર્થને મ્હોટું રૂપ

આપવાનું થાય છે અને આવતી જીંદગીમાં હેરાન કરનારા કાર્યોથી બચવામાં જેટલી તત્પરતા નથી હોતી, તેટલી તત્પરતા સામાન્યથી આ જીંદગીમાં નુકશાનકારક લાગતા કાર્યોથી બચવા માટે રહે છે. તો પછી જેઓ આવતી જીંદગી કે ભવિષ્યની દુર્ગતિને નહિ માનનારા અથવા નહિ જાણનારા હોય તેવાઓને તો અનીતિના કાર્યોથી દૂર રાખવા માટે આ લોક સબંધી નુકશાનનો ભય હોવો અનિવાર્ય જ છે. અર્થાત્ લોકોત્તર અને લૌકિક બન્ને માર્ગની અપેક્ષાએ અનીતિ કરનારા માટે દંડના ભયની જરૂર છે. એવા ભય અને શિક્ષાના કાર્યો ઉગ્ર સ્વભાવવાળા સિવાય બીજાઓથી થઇ શકે નહી.

### ગુન્હાની ઉત્પત્તિનો આધાર

આ સ્થાને આ વાત ધ્યાનમાં રાખવાની છે કે ઘણેભાગે ગુન્હાઓની ઉત્પત્તિનો આધાર તે ગુન્હા કરનારની જાતીય કે ધાર્મિક માન્યતા ઉપર જ રહે છે.

આપણે જગતમાં પ્રત્યક્ષ અનુભવીએ છીએ કે ઉંચી જાતિમાં રહેનારા મનુષ્યો વધારેમાં વધારે ક્રોધમાં આવે ત્યારે છેવટમાં છેવટ ખાસડું મારવાની વાત કરે અને તેઓ મ્હોટામાં મ્હોટી તકરાર કરે ત્યારે માત્ર ખાસડાથી લડાઇ કરે છે. કોઈપણ ઉંચી જ્ઞાતિમાં છરા ઉડવાના પ્રસંગો જોવામાં, અનુભવવામાં કે સાંભળવામાં આવતા નથી.

ત્યારે અધમ જાતિ કે જેઓમાં માંસ અને દારૂનો ઉપયોગ કરવામાં આવે છે, તેનો બાધ પણ ગણાતો નથી, એટલું જ નહિ પણ તે દારૂ અને માંસનો ઉપયોગ ફરજીયાત કે ઉત્તમ મનાએલા છે, તેવી અધમ જ્ઞાતિઓમાં સગા અને સંબંધીઓની સહેજ તકરારોમાં છરા ઉડેલા સાંભળીએ છીએ. વાતવાતમાં પણ તેઓ મારી નાખીશ, કાપી નાખીશ, ખાઇ તને કકડા કરીશ એવા ક્રૂર શબ્દોનો જ વ્યવહાર કરે છે. એમ કહીએ તો ચાલે કે તેવી જાતો મગજના કાબુ ખોઈ બેઠેલી હોય છે.

આ પ્રાસંગિક જણાવેલી હકીકત વિચારવાવાળો મનુષ્ય સમજી શકશે કે આવી અધમ જાતિઓથી દૂર રહેવામાં પૂર્વ પુરૂષોએ પોતાના આવા વંશનું રક્ષણ કરેલું છે. એવી રીતે ગુન્હામાં ટેવાઈ ગયેલી અને આમુષ્મિક ગતિના વિચારો સ્વપ્ને પણ નહિ ધરાવનારી જાતિઓ સાથે ભેળસેળ ઉત્તમ જાતિઓને નુકસાન કરે છે.

વર્તમાનમાં પણ ઊંચી ઉંચી જાતિના સદ્‌ગૃહસ્થો કેવા કેવા અધમ વિચાર અને આચારવાળા થઈ દિવસાનુંદિવસ ઉત્તમ જ્ઞાતિના ધારાધોરણથી અને ઉચ્ચ ધર્મના આચારોથી પતિત થાય છે, તે આ દશકાની સર્વ ઉત્તમ અને અધમ જાતિની પ્રવૃત્ત ભેળસેળ થઈને કરેલા દેખાતા પરિણામથી સિદ્ધ થઈ જાય તેમ છે.

તે ભેળસેળ પ્રવૃત્તિ કરનાર મનુષ્ય ચ્હાય તેવા સ્વાર્થથી કે કારણથી તેવી પ્રવૃત્તિ કરવા અને કરાવવા પ્રેરે છે. પણ જેઓ ભવિષ્યના વિચારને નથી જોઈ શકતા, તેવાઓ તેના અધમ વિચારોને ઝડપથી વળગી જાય છે. અને તેના પરિણામ તરીકે આજકાલ મનુષ્યો ઉંચી જ્ઞાતિમાંથી રાજીનામા આપવામાં બહાદુરી ગણવા લાગ્યા છે.

શ્રી સંઘથી જુદા પડવામાં કે વ્યવહારથી દૂર થવામાં શોભા ગણવા લાગ્યા છે. સગા–સગામાં સગાઇ કરેલી અને મામા–માસીની કન્યાઓને ચોરીછુપીથી ઉપાડી જવામાં સારા સારા કુલવાળા શોભા ગણવા કે તેને સારૂં ગણવા લાગ્યા છે. સ્કૂલ અને કોલેજના માસ્તરો અને ખાનગી શિક્ષકો ટપોટપ પોતાની વિદ્યાર્થીઓની સાથે વરવા લાગ્યા છે.

## વર્તમાન પરિસ્થિતિમાં ઉન્માદની પ્રધાનતા

આજથી * દશકા પહેલાંનો ઇતિહાસ જોનારો સ્પષ્ટ જોઈ શકે છે કે આ દશ વર્ષના શંભુમેળાએ આ ઉત્તમજ્ઞાતિ વ્યવહારની

---

આ નિબંધ પૂ. ધ્યાનસ્થ સ્વ. આગમોદ્ધારકશ્રીએ ૧૯૯૧માં લખેલ છે, તેથી અહીં 'દશકા' શબ્દનો પ્રયોગ છે, એ ધ્યાનમાં રાખવું.

અને ધર્મની શી સ્થિતિ કરી છે? આવી રીતે શંભુમેળાના અનિષ્ટ પરિણામને પ્રત્યક્ષ નિહાલનારો કોઇપણ મનુષ્ય અધમ જાતિથી દૂર રહેવાની પૂર્વજાએ આદરેલી પ્રવૃત્તિને ઊત્તમોત્તમ માનવા અને તેને અનુસરવા માટે તૈયાર થયા સિવાય રહેશે નહી.

જો કે સેલભેલીયાઓને જમાનાનું ઝેર ચઢેલું હોવાથી અથવા જુવાનીના મદમાં મસ્ત થયેલ હોવાથી પોતાની પ્રવૃત્તિઓ કેટલી બધી દેશની અપેક્ષાએ પણ નુકશાન કરનારી થઈ છે? તે તેમને સૂઝયું નથી અને સુઝવાનો સંભવ પણ નથી. જો તેઓને સાજી આંખે દેખવું હોય તો તેઓ દેખી શકે એમ છે કે તેઓએ દૂરંદેશી વાપર્યા સિવાય સ્કૂલ અને કોલેજોનો બહિષ્કાર કર્યો. પણ અંતે મ્હોટા મ્હોટા બેરીસ્ટર અને વકીલોને પોતાની પ્રેસ્ટિજ ખોઈને નીચે નાકે પાછો કોર્ટોનો આશરો લેવો જ પડયો. તેઓએ વાનરસેના ઉભી કરીને તો બીજા પોતાને વાંદરા કહે તેની પહેલાં વાંદરા બન્યા અને તેમાં વળી શોભા માની? પ્રભાતફેરીના નામે તો જે અનાચાર પ્રવર્ત્યો અને પ્રવર્તાવ્યો તેની તો સીમા રહી ન હોતી. તેઓના આશ્રમોમાં શી શી હીલચાલો થઈ? તે તેઓના નેતાઓના એકરાર જાણુવાવાળાને જાહેર જ છે.

આ ઉપરથી યુવકોએ સમજવું જોઈએ કે પારકા છિદ્રો જોવાં ઠીક નથી, કે જેઓને માટે પોતાની માન્યતા નહિ, રાખવી પણ નથી તો પછી તેના સુધારા પરત્વે બોલવાનો પણ હક શી રીતે હોય? તે કરતાં જેમાં તેઓ પોતાનું કર્તવ્ય તથા સર્વસ્વ સમજે છે, તે જાહેર થયેલા અને જાહેર નહીં થયેલા સડા સમજે અને તે કારણને નાબુદ કરે તો તેમાં તેઓ શોભા પામી શકશે.

યુવકોએ યાદ રાખવું જોઈએ કે ત્રિકાલાબાધિત સિદ્ધાંતદેશક સર્વજ્ઞ ભગવાને બતાવેલી અને દરેક મોક્ષાર્થીને આચરવા લાયક સમજાવેલી મર્યાદામાં રહેવાવાળા મહાપુરુષોમાં જ્યારે સડાનો સર્વથા અભાવ ન હોય, તો પછી જેઓ અનાચારના દરવાજેજ બેસી રહે

અને ઉચ્છૃંખલતાના ખાળમાં મ્હોડું નાખ્યા કરે, તેઓની શી દશા થાય ? એ સમજવું મુશ્કેલ નથી.

## સુધારક યુવકોની મનોદશાનું ચિત્ર

સમજુઓ સમજી શકે છે કે જુવાનિયાઓએ કરેલી હોળીમાં દેશનું કરોડોનું ધન હોમાઈ ગયું. હોળીના ઘેરાઈઆની માફક લાકડાની જગો પર કાપડની જ નહિ પણ પાઘડીઓની પણ હોળી કરનાઓ ઇતિહાસની અપેક્ષાએ કેવા ચીતરાય ? તે સમજવું ઘણું જ સ્હેલું છે.

જુવાનીયાઓ ! યાદ કરો કે તમોએ એક ધારાસભાનો બહિષ્કાર પોકાર્યો અને પાછા હવે ધારાસભામાં દાખલ થવા પડાપડી કરવા લાગ્યા છો.

વળી યુવકો ભૂલી જાય છે કે તેઓએ મીઠાને મફતીયું બનાવવા હીલચાલ ઉપાડી લાખોનો ભોગ અને સેંકડોનાં બલિદાનો આપ્યાં છતાં મીઠું મફતીયું ન બન્યું પણ પરિણામે મોંઘું બન્યું.

વળી આ જુવાનીયાઓના પીકેટીંગે તો હિંદુઓના હાથમાંથી હિંદુસ્તાનના વ્યાપારની લગામ જ સરકાવી નાખી, કેમકે આ જુવાનીયા ‘નબળો માટી રાંડ પર શૂરો’ની કહેવત માફક માત્ર હિંદુઓની દુકાન પર જ ગુંડાશાહી ચલાવી પીકેટીંગ કરી શકયા હતા, પણ તેમના બીજા ભાઈઓના વિલાયતી ધંધા ઉપર નજર નાખી શકયા નહોતા, એટલે ચોકખું જ હતું કે પેકેટીંગની ચક્કીમાં હિંદુઓ જ પિસાઈ ચૂરાઇ ગયા.

વળી આ જુવાનીયાઓએ હિંદુઓને મળેલા મતોની સંખ્યા ઉપર પાણી ફેરવી ઈતર વર્ગને જ રાજી કર્યો છે.

આ યુવકો તરીકે જાહેર થયેલા વર્ગમાં જ દેશના ઉદ્ધાર માટે *જાહેર થયેલા નેતાના નામે થયેલા ફંડમાં ક્રોડ કરતાં અધિક રૂપિયાની*

હદ બહારની રકમ ચવાઇ ગઈ અને તેનો બળાપો તેઓની જાહેર મિટીંગોમાં થઇ ગયો હોવાથી અજાણ્યો રહ્યો નથી. ગમે તેટલી વાતો થઈ લેખો લખાયા અને પંચાતો થઈ, છતાં તે રકમની ઉડાઉ-ગીરી તો થઈ જ ગઈ.

અજ્ઞાનીઓના વાનરવેડા

યુવકો પોતાના પક્ષની જ આ વગેરે બાબતો જો વિચારી શકે તો તેઓને પોતાની પ્રવૃત્તિઓ કેવી દુરદેશી વગરની છે ? તે સ્હેજે સમજાશે. પણ વાનરસેનાના ઉપરી બનેલા હોવાથી માત્ર કુદાકુદ જ કરવી હોય અને ગામેગામ વગર સમજ્યે હુકાહુક જ કરવી હોય તો તો તેની આડા તો મનુષ્યોથી નહિ અવાય એ જુદી વાત છે, પણ મનુષ્યોની જે સંખ્યા માણુસાઈથી રહેવા માગતી હશે, તે આવી વાનરસેનાની આગેવાની ધરાવવાવાળાને પોતાનાથી દૂર રાખવા માટે તો જરૂર કટિબદ્ધ થશે.

જો કે વાનરોને હાંકવામાં આવે છે ત્યારે તેઓ દાંતીયાં કરે છે, અને ચીચીયારીઓ કરે જ છે, પણ તેવા દાંતીયાં અને ચીચી-યારીયોથી મનુષ્યોને ડર્યું તો પાલવતું જ નથી.

આશ્ચર્યની વાત તો એ છે કે આ વાનરસેનાના આગેવાનોને વાણી અને વિચાર સ્વાતંત્ર્યને નામે બીજાના અને પોતાના દેવ, ગુરુ અને ધર્મિષ્ઠો તથા ધર્મના અનુષ્ઠાનોને ભાંડવા છે, તેની તરફ તિરસ્કાર ઉપજાવનારી દરેક પ્રવૃત્તિ કરવી છે, અને તે જ વિચાર અને વાણીના સ્વાતંત્ર્યના અધિકાર અન્વયે બીજા ધર્મિવર્ગના કોઈ મનુષ્યો પોતાના વિચાર જાહેર કરતાં જ્યારે આ વાનરસેનાના સાથીઓ માટે કંઈ કહે ત્યારે ભગવાન મહાવીરના નામથી પવિત્ર ગણાતી સંસ્થાને અપવિત્ર કરવા અને વિદ્યાર્થી જેવી પવિત્ર દશાને પણ પતિત બનાવવા સ્થાને સ્થાને ઠરાવો કરવા તૈયાર થવાય છે.

આજ વાનરસેનાના સાથીઓ એક વખત જાહેર કરે છે કે કોઈપણ વ્યક્તિના બહિષ્કારમાં હમારી માન્યતા નથી અને બીજી

વખત તે જ યૂથ પોતાના બલનું સ્થાન જ્યારે મળી જાય તો પરમપૂજ્ય અને શાસ્ત્રને અનુસરનારી વ્યક્તિઓને બહિષ્કૃત કરવામાં આંચકા ખાતી નથી કે શરમાતી નથી.

આપણે જોયું છે કે તે લોકોએ ઉપરી અહિંસાના નામે આખો જંગ જમાવ્યો જેમ કે અનાજના રક્ષણને નામે વાંદરાઓને મારવાનો, ભટકતા કુતરાઓને ગોળીથી મરાવવાનો, રીબાતા વાછરડાને ઝેરથી મારવાનો માર્ગ સારો ગણાવીને લીધો, આદિ.

આ બધું લખાણ પણ જાણું છું કે તે વાનરસેનાને કુદાકુદ કરાવનાર, દાંતીયા કરાવનાર અને ચીચીયારી કરાવનાર થશે, પણ આપણો આશય તો માત્ર ભગવાન **શ્રી ઋષભદેવજી** મહારાજની વખતે ક્ષત્રિયોની ઉત્પત્તિ કરતાં તેમાં ઉગ્રજાતિના ઉગ્રસ્વભાવવાળાની કેમ સ્થાપના કરી ? તેનો ખુલાસો કરવા પૂરતો જ છે.

**ઉગ્રજાતિની સ્થાપનાનું રહસ્ય**

ધ્યાનમાં રાખવું જરૂરી છે કે અનીતિના રસ્તે ચાલનારા ઉચ્છૃંખલ અને અન્યાયી હોઈ ક્રૂર સ્વભાવવાળા જ હોય છે અને તેવાઓને પકડવાવાળા અથવા તેવાઓને પકડીને ન્યાય કરનારા પાસે પકડી લાવનારા અને રાજ્યગાદી શોભાવનારે પણ લોક રક્ષણને માટે ન્યાયથી પણ સજા અન્યાયીને કરવી પડે. અને તે સજાનો ભોગવટો કરી શકે નહિ અને તેઓ શાંત રહી પણ શકે નહિ, માટે ભગવાને ઉગ્રજાતિ અને ઉગ્ર સ્વભાવવાળાને આરક્ષકપણે નીમી ક્ષત્રિયની જાતિ ઉત્પન્ન કરતાં પહેલાં ઉગ્ર નામનો પેટાભેદ ઉત્પન્ન કરવો પડયો.

આવી રીતે ઉગ્ર જાતિને ઉત્પન્ન કર્યા પછી ભગવાન શ્રીઋષભદેવજીને ક્ષત્રિય જાતિમાં જ ભોગ, રાજન્ય અને સામાન્ય ક્ષત્રિય જાતિ કેમ ઉત્પન્ન કરવી પડી ? તે હવે જોઈએ.

**અન્યાયને રોકવાની જરૂર કેમ?**

ભગવાન **શ્રી ઋષભદેવજી**એ રાજ્યાભિષેક દ્વારા રાજ્યગાદી અંગીકાર કરી તેથી તેઓને શિર પ્રજાના ન્યાયમાર્ગની પ્રવૃત્તિ

સંબંધી અને અન્યાયી લોકો તરફથી અન્યાયના ક્ષતોથી બચાવ કરનારી પ્રવૃત્તિ સંબંધમાં ફરજ બજાવવાની જરૂર ઉભી થઇ: તેમાં હજી કલિકાલની માફક અવસર્પિણીના પ્રભાવની શરૂઆત જેવું હોવાથી લોકોને ન્યાયમાર્ગ સ્વયંસિદ્ધ હતો, એમ માનવું ખોટું નથી, અથવા અન્યાયની પ્રવૃત્તિનો જે નાશ કરવામાં આવે તો ન્યાયપ્રવૃત્તિ આપોઆપ સિદ્ધ રહે છે. અર્થાત્ તે વખતની અપેક્ષાએ અન્યાયનો રોષ એ જ ન્યાયનો માર્ગ એમ કહીએ તો તો ખોટું નથી.

જો કે અન્યાય અને ન્યાય બંને માર્ગ એક બીજાથી જુદા જ છે. જગતમાં સુખ અને દુઃખ બંને જુદાં છે, તેમ અન્યાય અને ન્યાય બન્ને સ્વતંત્ર રીતે જુદાં જ છે. જેમ સુખ એ દુઃખના અભાવરૂપ નથી અને દુઃખ એ પરમસુખના અભાવરૂપ નથી. જડ પદાર્થોમાં દુઃખ નથી, તેથી સુખ છે, એમ નથી, તેમ સુખ નથી એટલે દુઃખ, એમ પણ નથી. તેનું કારણ એ જ કે તે સુખ અને દુઃખ બંને સ્વતંત્ર પદાર્થો છે, તેવી રીતે ન્યાયનો અભાવ તે ન્યાય નથી તેમ અન્યાયનો અભાવ તે ન્યાય પણ નથી.

કારણ કે અન્યાયમાં દયા દાન પ્રામાણિકતા આદિ ગુણોનો કેવલ અભાવ હોય છે, તેમ નહિ પણ હિંસકતા. લોભ, આવેશ આદિ વિકૃતિ કારણ બને છે, એમ છતાં પણ જેમ રોગી મનુષ્ય રોગોના દુઃખો ન થાય. અર્થાત્ શમી જાય ત્યારે સુખ માને છે અને આરોગ્યવાળો મનુષ્ય આરોગ્યનો અંશે અભાવ થવાથી દુઃખ માને છે. તેવી રીતે પૂર્વકાલથી સ્વાભાવિક રીતે જીવોની ઉત્તમતા લીધે ન્યાયની પ્રકૃતિ ચાલતી હતી, તેમાં અન્યાયી લોકોમાં અધમ વર્તનથી અન્યાયનો હાહાકાર થઈ ગયો. અને તેથી જેમાં જગતમાં આરોગ્ય સાચવવાના સાધનો સરકાર કે રાજા તરફથી પૂરા પાડવામાં ન આવે તો પણ રોગની જડ નાબુદી કરવાને કટિબદ્ધ થવામાં આવે છે. તેવી રીતે ભગવાન શ્રી ઋષભદેવજીને ન્યાયના સાધનો

ન્યાયની સ્થિરતા કરાવવાવાળા આજીવિકાના સાધનો પૂરા પાડવા જેટલી જરૂર ગણાય કે જણાય તેના કરતાં અન્યાયને રોકવાના સાધનોની વધારે જરૂર રહે તે સ્વાભાવિક છે. અને એટલા માટે રાજાઓને ભૂપાલ, મહિપાલ, નૃપ, નૃપતિ, વગેરે ઉપનામો અપાય છે.

અર્થાત્ પ્રજાનું અન્યાય કરનારાઓથી બચાવવું એ જ રાજાની મુખ્ય જવાબદારી છે. અને તેથી તેમજ તે વખતની પ્રજા પણ પોતાના નિર્વાહની સાધનસામગ્રી માગવાવાળા ન્હોતા, પરંતુ કેવલ તેઓ અન્યાય કરનારાઓથી ત્રાસ પામી ગયેલા હતા અને અન્યાય કરનારાઓ તરફથી થતી પ્રવૃત્તિ પ્રજાજનોને કારમા ઘા જેવી લાગતી હતી. અર્થાત્ તેને તેઓ ઘા (ક્ષમ) જેવી ગણાતા હતા અને તેથી તેવી ઘા એટલે ક્ષત જેવી લાગતી અન્યાયીઓની પ્રવૃત્તિઓથી બચાવનાર વર્ગને પ્રજાજનોએ જ ક્ષત્રિયનું ઉપનામ આપ્યું.

**ક્ષત્રિય એ નામ લોકોએ આપેલું કે સ્વયં લીધેલું ?**

જગતમાં નામની પ્રસિદ્ધિ જો કે સ્વયં અને પરથી થતી હોવાથી બે પ્રકારે થાય છે પણ મુખ્યતાએ જગતમાં વધારે પ્રવૃત્તિ લોકોએ આપેલા નામથી થાય છે.

જો નામ ગુણસંપન્ન હોય તો પોતે તે નામનું ઉચ્ચારણ પોતાના માટે સજ્જનતાના હિસાબે ઉચ્ચારણ કરી શકે નહિ, ભગવાન્ તીર્થંકર મહારાજની તીર્થંકર પણે પ્રસિદ્ધિ પણ સ્વપ્ન પાઠકોના તરફથી જ થાય છે અને નાભિ મહારાજના વખતની માફક જ્યારે સ્વપ્નપાઠકો નથી હોતા ત્યારે ઇંદ્ર મહારાજા સ્વપ્નોના ફળો કહે છે અને તેથી ભગવાનની જિનેશ્વર તરીકે પ્રસિદ્ધિ થાય છે. ચક્રવર્તી, વાસુદેવ અને બલદેવની વખતે તો સ્વપ્નપાઠકો હોય છે અને ચક્રવર્તિપણા આદિના અભિષેક આદિ વખતે અથવા પ્રતિવાસુદેવને

જીતવા આદિની વખતે દેવતા આદિ તરફથી તે ચક્રવર્તી આદિ નામો રજુ થાય છે. અર્થાત્ ભગવાન **શ્રી ઋષભદેવજીએ** કંઈ ક્ષત્રિય સિવાયના લોકોને ક્ષતવાળા અને અસમર્થ જણાવ્યા અને ક્ષત્રિયોને રક્ષક તરીકે જણાવ્યા હોય એમ નથી તેથી જ ચૂર્ણિ-કાર ભગવાને જે રાજાને આશ્રિત હતા તે ક્ષત્રિયો થયા, એમ જણાવ્યું, અર્થાત્ રક્ષક એવી ક્ષત્રિય પ્રજાને ક્ષત્રિય તરીકે લોકો-એ જ સ્વીકારેલી છે.

## ક્ષત્રિયના ઉગ્ર નામની પેટા જાતનું નામ પણ લોકોથી જ

ઉપર જણાવ્યું તે પ્રમાણે ક્ષત્રિય એવું નામ જેમ લોકોથી થયું તેવી જ રીતે તે ક્ષત્રિયજાતિનો આદ્ય પેટાભેદ જે ઉગ્ર નામનો થયો તેનું ઉગ્ર એવું નામ પણ ભગવાન **શ્રી ઋષભદેવજીએ** સ્થાપન કર્યું નથી, પણ લોકોએ તે જાતિના પ્રજાના રક્ષણનું ઉગ્ર કાર્ય દેખીને તથા અન્યાય કરનારાઓને કરાતી સજાના તીવ્ર-પણાને લીધે ઉગ્ર નામ આપ્યું,

ભગવાન **શ્રી ઋષભદેવજીએ** તેઓને આરક્ષકપણે સ્થાપ્યા હતા. અર્થાત્ ભગવાન **શ્રી ઋષભદેવજીએ** આરક્ષકપણે સ્થાપેલા લોકોને પ્રજા લોકોએ ઉગ્ર કાર્ય કરનાર હોવાથી કે ઉગ્ર દંડ કર-વાથી ઉગ્રનામે બોલાવ્યા, તેથી તે રક્ષાના કાર્યને કરનારા લોકોની ખ્યાતિ ઉગ્રપણે થઈ તેથી જ શાસ્ત્રકારો વ્યાખ્યા કરતાં સ્પષ્ટપણે લખે છે કે **"જેઓએ ભગવાન યુગાદિદેવે આરક્ષકપણે સ્થાપન કરેલા તેઓ ઉગ્ર કહેવાય."**

## ઉગ્રજાતિના આરક્ષકપણાને અંગે જરૂરી ખુલાસો

ભગવાન્ આદિદેવે જે પ્રજાજનોના રક્ષણને માટે વર્ગ નિયત કર્યો હતો તે ઉગ્ર કહેવાયો. એ ઉપરથી સહેજે સમજાય તેમ છે. કે ભગવાન્ આદિદેવે તે આરક્ષકોને ઉગ્ર દંડ કરવા કે ઉગ્રશિક્ષા કરવા પ્રેર્યા ન્હોતા, પણ તે કાર્યના પ્રસંગે તે રક્ષકોને ઉગ્ર થવાની જરૂર પડી.

જગતમાં પણ અનુભવીએ છીએ કે મનુષ્ય પ્રથમ સામાન્ય પ્રવૃત્તિમાં હોય છે, અને પછી જે જે મનુષ્ય કાર્ય કરવા તરફ દોરાય છે, તે તે મનુષ્યની તે તે કાર્યની અનુકૂલતાવાળી પ્રકૃતિ થઇ જાય છે. કસાઇ વગેરે લોકો જન્મથી તેની ઘાતક પ્રકૃતિના હોતા નથી જ્યારે તે જાનવરવધ આદિના કાર્યમાં દોરાયા રહે છે, ત્યારે તેને ઘાતક પ્રકૃતિ એટલી બધી વધી જાય છે કે જાનવરના ઘાતની ટેવને લીધે મનુષ્ય ઉપર પણ ઘાતકી પ્રહાર કરી નાંખે છે.

જગતનો ઇતિહાસ સ્પષ્ટપણે સાક્ષી પૂરશે કે જે જનસમવાયમાં જાનવરને પણ મારવાનો પ્રચાર છે, તે જનસમવાયમાં મનુષ્યોનાં ખૂન પણ સ્હેજે થાય છે, એવી જ રીતે તે જ સમાજમાં માંસ જેવા અભક્ષ્ય પદાર્થને ખાવાનો રિવાજ હોય છે, તે જનસમાજમાં પણ મનુષ્યના ખુનના કેસો ઘણે ભાગે થાય છે, અને જે જનસમાજમાં નથી તો જનાવરના ઉપર ઘાતકપણું, અને નથી તો માંસનો આહાર, તેવો જનસમવાય જાનવર કે મનુષ્ય એકકેના ઘાતકી કાર્ય તરફ દોરાતો જ નથી, અને કદાચ કોઈ તેમાંનો તેવા કર્મો તરફ દોરવાય, તો પણ તે પાછો જલ્દી સુધારા ઉપર આવી શકે છે.

આ ઉપર જણાવેલ વસ્તુને જોનારા મનુષ્ય સહેજે સમજી શકશે કે આરક્ષકના કાર્યમાં જોડાયલો વર્ગ અનુક્રમે કાર્યના પરિચયને લીધે ઉગ્ર સ્વભાવને ધારણ કરે અને ઉગ્રકાર્યો કરનારા થાય. એ અસંભવિત નથી.

આવી રીતે જ જેઓના ન્હાના ન્હાના પ્રાંતો રક્ષણ કરવાને સોંપાયા તેઓ ત્યાં રહેનારા કે નિયત થયેલા ઉગ્રનામથી પ્રસિદ્ધ થયેલા આરક્ષકોના ઉપરીપણે રહે અને તે આખા પ્રાન્તોની રક્ષામાં નિયત થયેલા હોય તેને ભોગજાતના ક્ષત્રિયો તરીકે લોકો ઓળખવા લાગ્યા.

આજકાલ પ્રસિદ્ધ કરેલા અને પ્રચારમાં ચાલતા શાસ્ત્રોમાં પણ કેટલાક ગામોના માલિકોને ભોગિક શબ્દથી સમજાવાય છે અને સ્રીને પણ ભોગિકી શબ્દથી જણાવવામાં આવે છે.

કેટલીક જગ્યાએ ભોગિકની જગો પર ભોજિક અને ભોગિકીની જગો પર ભોજિકી શબ્દ પણ શાસ્ત્રોમાં પ્રચલિત છે.

અર્થાત્ દેશના ન્હાના ન્હાના ભાગો પાડી તેની રક્ષા માટે નિયત થયેલો વર્ગ ભોગ ક્ષત્રિય તરીકે ગણાયો, તે ભોજિક કે ભોગિક લોકોને મિત્ર તરીકે રાખવામાં આવતા હતા. અર્થાત્ જેમ ભગવાન્ આદિદેવે સમગ્ર પ્રજાની રક્ષાનો ભાર ઉપાડયો, તેમ આ ભોગિકોને શિર પણ તે તે પ્રાંત કે દેશના ભાગની રક્ષાનો ભાર હોવાથી તેમને મિત્રની કોટિમાં ગણ્યા, તેથી જ ટીકાકારો લખે છે કે "તે લોકો ભોગકુલના ગણાય કે જેઓને ભગવાન્ યુગાદિદેવે મિત્રપણે સ્થાપન કરેલા હતા."

જો કે કેટલાક ટીકાકારો એમ પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે ક્ષત્રિયો તે કહેવાય કે જેઓને ભગવાન્ આદિદેવે પ્રજાપણે સ્થાપેલા હતા, પણ માત્ર રાજ્યાભિષેકની નજીકના વખત માટે હોવાની અપેક્ષાએ જ હોઈ શકે. બાકી કર્મ અને શિલ્પોની ઉત્પત્તિથી લોકોને તે તે શિલ્પ અને કર્મો કરવાનું ભગવાનના રાજ્યકાલમાં જ નિયત થયેલું છે અને તેનું અધિપતિપણું ભગવાન્ શ્રી ઋષભદેવજીનું હતું, એટલે વૈશ્ય વિગેરે લોકો ભગવાનની પ્રજા તરીકે ન્હોતા એમ નથી.

વળી એમ પણ છે કે સામાન્ય રીતે લોકોમાં મનુષ્યોના રાજા અને પ્રજા એવા બે ભાગો બોલાય છે, તેથી ભગવાન્ ઋષભદેવજી રાજ્યભિષેકથી રાજા થયા, એટલે શેષ રહેલો બધો વર્ગ પ્રજાવર્ગ તરીકે જ કહેવાય, તેથી પ્રજા તરીકે રહેલા વર્ગને ક્ષત્રિય તરીકે ગણાવ્યો તેમાં આશ્ચર્ય નહિ. આથી નિર્યુક્તિકાર મહારાજ

ભગવાનના રાજ્યાભિષેકથી બે વર્ગ થયા એમ જણાવે છે. અર્થાત્ ભગવાન્‌ને રાજ્યાભિષેક થયો ત્યારે રાજા અને પ્રજાવર્ગ થયો; તેથી પ્રજાપણે સ્થાપેલા લોકોને ક્ષત્રિય કહેવા એવું ટીકાકારોએ જણાવ્યું.

આ હિસાબે સામાન્યપણે સામાન્ય વર્ગને ક્ષત્રિય તરીકે ગણવો પડે. અને વૈશ્ય વિભાગ પછી થયો. અર્થાત્ આ હિસાબે અગ્નિની ઉત્પત્તિ અને વૈશ્યજાતિની સ્થાપના ભગવાનના રાજ્યાભિષેક પછી થઈ.

આ કલ્પનામાં એ અડચણ મુખ્ય છે કે રાજ્યાભિષેકની સાથે શ્રી વિનીતાનો નિવેશ થયો છે અને બજાર વગેરેની રચના થવાથી વ્યાપાર વગેરેની વ્યવસ્થા થઈ છે, તે અગ્નિની ઉત્પત્તિ શિવાય બની શકે નહિ.

વળી **આવશ્યક ભાષ્યકાર** આદિ મહાપુરુષોએ આહારવ્યવસ્થા અને અગ્નિની ઉત્પત્તિ પછી રાજ્યાભિષેક આદિ લીધા છે તથા રાજ્યને નહિ પણ રાજા શ્રી ઋષભદેવજીને આશ્રિત રહેનારાઓ ને જ ક્ષત્રિય જણાવ્યા છે. અર્થાત્ સામાન્ય પ્રજા માત્ર ક્ષત્રિય હતી. એમ માનવા જઈ શકીયે નહિ. વળી સામાન્ય પ્રજાવર્ગ જો ક્ષત્રિય મનાય તો પછી અન્યાયના ઘા એટલે ક્ષતથી બચાવનાર તે ક્ષત્રિય કહેવાય એ વ્યુત્પત્તિ કોઈ પણ પ્રકારે સામાન્ય પ્રજાવર્ગને ક્ષત્રિય માનીયે તો ઘટી શકે નહિ. વૈશ્યોની સ્થિતિવાળા લોકો હોય, પણ તે તે વર્ણ તરીકે અથવા વિભાગ તરીકે રાજ્યાભિષેક પછી જુદા થયા હોય તો વૈશ્યોની હયાતી પણ મનાય અને રાજ્યાભિષેકથી રાજા અને પ્રજા એટલે ક્ષત્રિય એવો મુખ્યતાની અપેક્ષાએ ભાગ મનાય.

વાસ્તવિક રીતે તો રક્ષ્ય પછી રક્ષકની ઉત્પત્તિ માનવી વ્યાજબી ગણાય તો ક્ષત્રિયની ઉત્પત્તિ થવા પ્હેલાં જ રક્ષણીય એવા વૈશ્યોની ઉત્પત્તિ માનવી એ યોગ્ય લાગશે. ટુંકાણમાં ક્ષત્રિયોની ઉત્પત્તિ થતા તેમાં વ્યવસ્થાની સુગમતાને માટે ભગવાન્ શ્રી ઋષભદેવજીને ઉગ્ર

અને ભોગ એ બે જાતિની વ્યવસ્થા કરવી જ પડે અને તે પ્રમાણે ક્ષત્રિય જાતિમાં પણ ઉગ્ર અને ભોગ નામની જાતિની કેમ વ્યવસ્થા કરી શકાઈ, અને તે શી રીતે કરી ? એ આપણે જોઈ ગયા પણ તે ક્ષત્રિયોમાં રાજન્ય નામના ત્રીજા ભેદની વ્યવસ્થા શા માટે કરવી પડી ? અગર કેમ કરી ? એ વિચારવાનું હવે અસ્થાને નથી માટે તેનો વિચાર કરીયે.

**ક્ષત્રિયમાં રાજન્યો કોણ અને શાથી ?**

વાચકોએ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે રાજન્ય શબ્દ રાજ શબ્દથી અપત્ય એટલે પુત્રના અર્થમાં તદ્ધિતનો ય પ્રત્યય લાવીને બનાવવામાં આવ્યો છે.

અહિં પણ એ વિચારવા લાયક છે કે જેમ રાજાને પુત્રને જન્મ આપવાનો હોતો નથી, અર્થાત્ રાજાના શરીરથી કોઇ પુત્ર આદિની ઉત્પત્તિ થતી જ નથી, પણ રાજાના વંશમાં જન્મે તેટલા માત્રથી રાજન્ય કહેવાય છે.

આ ઉપરથી મનુષ્ય શબ્દને દેખીને જેઓ મનુથી ઉત્પન્ન થયેલા એટલે મનુ માતાથી વગર બાપે થયેલા એવા મનુષ્યો માને છે, તેઓએ સમજવાની જરૂર છે કે કોઈપણ મનુ નામની વ્યક્તિ પુરુષરૂપે કે સ્ત્રીરૂપે હોય અને તેનાથી આ બધા મનુષ્યોની ઉત્પત્તિ થઈ નથી. પણ મનવાળા એવા મનુની જાતિ એ જ મનુષ્યો છે.

આ રીતે રાજાની વંશ પરંપરાવાળા તે જ રાજન્ય ગણાય, અર્થાત્ ઉગ્ર અને ભોગ કુલવાળાઓ જેઓ ઉગ્ર દંડ કરનાર અને પ્રાંતોને સંભાળનાર થયા તેમની વ્યવસ્થા કરનાર અને સમગ્રના અધિપતિ તરીકે જે રાજ્યાભિષેકવાળા અને રાજ્યગાદી ઉપર આરૂઢ થયેલ ભગવાન્ શ્રી ઋષભદેવજી રાજા તરીકે થયા તેમની પરંપરામાં જે થયા અથવા જેઓ તે ભગવાનના કુટુંબી તરીકે હતા તેઓના વંશજો અને પરંપરાવાળા રાજન્ય ગણાયા અને ગણાય તેમાં નવાઈ નથી.

એટલે ભગવાન્ શ્રી ઋષભદેવજીનો પરિવાર અને તે પરિવારની પરંપરા રાજન્ય તરીકે ઓળખાય એમાં નવાઈ જ નહિ. આ ઉપરથી હવે એ સવાલ નહિં રહે કે ભગવાન્ શ્રી ઋષભદેવજીની વખત જે ચાર જાતિઓ ક્ષત્રિયોની સ્થાપન કરતાં ઉગ્રાદિ ત્રણ પેટા જાતિઓ વિશેષપણે સ્થાપન કરી, તેમાં પોતે તો જેમ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો તીર્થને કરનારા હોય છે. પણ પોતે તીર્થ જે દ્વાદશાંગીના આધાર રૂપ ચતુર્વિધ સંઘ છે, તેમાં નથી ગણાતા, એવી રીતે ઉગ્રાદિ જાતિમાં કદાચ સ્થાપન કરનાર હોવાથી ન ગણાય, પણ તે ભગવાનની પરંપરા ઉગ્રાદિ ત્રણ જાતિમાંથી કઇ જાતમાં ગણવી ? એમ શંકા થાય તો આ ઉપરના વિવેચનથી સ્પષ્ટ થશે ભગવાન્ શ્રી ઋષભદેવજી રાજા તરીકે અને તેમના વંશજો રાજન્ય તરીકે ગણાય.

કાશ્યપ, ઈક્ષ્વાકુ, જ્ઞાત વગેરે ભેદો આ ક્ષત્રિયના પેટા ભેદરૂપ રાજન્ય નામની જાતિના છે. એમ આ ઉપરથી જાણી શકાય.

આવી રીતે ઉગ્રાદિ પેટાભેદ સહિત ક્ષત્રિય જાતની ઉત્પત્તિનો વિચાર કર્યા પછી હવે વૈશ્ય, બ્રાહ્મણ અને શૂદ્રોની ઉત્પત્તિ કેમ ? અને ક્યારે થઈ ? તેનો વિચાર કરીયે.

ધ્યાન રાખવાનું જરૂરી છે કે ઋષભદેવજીએ આ ઉગ્રાદિક કે ક્ષત્રિયાદિ જાતિની વ્યવસ્થા જે કરી છે માત્ર પરહિતમાં રક્તપણાને લીધે જ કહેલી છે.

## બ્રાહ્મણ અને શૂદ્રની ઉત્પત્તિ

ભગવાન્ શ્રી ઋષભદેવજી મહારાજને ઇંદ્ર મહારાજ અને તે વખતની યુગલીયારૂપ સમસ્ત પ્રજાએ રાજ્યાભિષેક કરી રાજ્યગાદી ઉપર આરૂઢ કર્યા અને તેથી ભગવાન્ શ્રી ઋષભદેવજીને ક્ષત્રિયોની જાતિ અને તેમાં પણ ઉગ્ર, ભોગ, અને રાજન્ય એ નામની જાતિઓના વિભાગ કેમ કર્યા ? અને તે કરવાની કેટલી બધી જરૂર

હતી? તેમજ તેવી રીતે વિભાગ કરવામાં ભગવાનનું પરહિત-પણું કેટલું હતું? તે ઉપર જણાવાઈ ગયું.

આ ઉપર જણાવેલો વિભાગ ભગવાન્ **શ્રી ઋષભદેવજીની** દીક્ષા પહેલાં થઇ ગયેલો હોવાથી જ ભગવાને દીક્ષા ગ્રહણ કરી તે વખતે જે ચાર હજાર મનુષ્યોએ ભગવાનની સાથે દીક્ષા લીધી છે વખતે એમ જ જણાવવામાં આવ્યું કે ઉગ્ર ભોગ રાજન્ય અને ક્ષત્રિય જાતિના ચાર હજાર મનુષ્યો સાથે ભગવાન્ **શ્રીઋષભદેવજીએ** દીક્ષા ગ્રહણ કરેલી છે.

જેવી રીતે ભગવાન્ શ્રી ઋષભદેવજીની દીક્ષાને અંગે ઉગ્ર આદિ જાતિનો ઉલ્લેખ છે તેવી જ રીતે **શ્રી ભગવતીજી, રાયપસેણીજી** અને ઉવવાઈ સૂત્ર સરખા ભગવાન્ મહાવીર મહારાજ આદિના સમવસરણના ઉલ્લેખવાળા શાસ્ત્રોમાં પણ उग्गा उग्गपुत्ता भोगा भोगपुत्ता આદિ ઉલ્લેખો સ્પષ્ટ પણે છે તેમજ **શ્રી પર્યુષણાકલ્પ** સરખા પર્વાધિરાજ પવિત્ર દિવસોના પવિત્ર વાચનવાળા શાસ્ત્રોના પણ ઉગ્ર આદિ કુલોને ઉત્તમ કુલો તરીકે સ્પષ્ટપણે જણાવેલ છે.

તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે તે ઉગ્રાદિ કુલો અને તેની ઉત્તમતા ભગવાન્ મહાવીર મહારાજના વખત સુધી ચાલેલી જ છે.

ભગવાન્ શ્રી **ઋષભદેવજીએ** રાજ્યકાલમાં નીતિના રક્ષણ અને અનીતિના બચાવને માટે જેમ ઉગ્ર-ભોગ આદિ જાતિઓની સ્થાપના કરી તેવી જ રીતે તેઓએ જ પોતાના રાજ્યકાલમાં જ પ્રજાના હિતને માટે સો શિલ્પોનો અને કર્મોનો ઉપદેશ કરેલો છે અને શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, પર્યુષણાકલ્પ અને **શ્રી સમવાયાંગજી** વગેરે સૂત્રો સ્પષ્ટપણે જણાવે છે, અર્થાત્ ભગવાન **શ્રી ઋષભદેવજીએ** જેમ ઉગ્રાદિ ક્ષત્રિય જાતિની સ્થાપના કરી તેમજ શિલ્પ અને કર્મથી આજીવિકા કરનારાઓની જાતિ પણ સ્થાપન કરેલી છે.

કારીગરીથી ઉદરનિર્વાહ કરનારાઓની સ્થાપના પ્રજાના હિત માટે જ કરેલી છે, એમ સૂત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે.

## અનીતિનું કારણ

વિચારવાન્ મનુષ્યો સહેજ સમજી શકે તેમ છે કે જેને માથે પ્રજાને નીતિને માર્ગે વર્તાવવાની જવાબદારી આવી પડે તેને મનુષ્યો નીતિમાં શી રીતે વર્તે ? તેના કારણો તપાસી તેના રસ્તાઓ શોધવા જ પડે. આર્થિક અને સાંયોગિક મહત્તાની ઇચ્છાઓ જે કે મનુષ્યોને નીતિના કારણોથી દૂર કરે છે. પણ તે મહત્તાની ઇચ્છાવાળો વર્ગ સામાન્ય પ્રજાની સંખ્યાની અપેક્ષાએ હિસાબમાં ઘણો જ ઓછો હોય છે. અને તેમાં પણ નીતિનો માર્ગ ઉલ્લંઘીને પણ મહત્તાની ઇચ્છાઓ પૂરી કરવી જ જોઇએ એવી ધારણાવાળો શ્રીમંતવર્ગ ઘણોજ ઓછો હોય, એ ન સમજી શકાય તેમ નથી.

## પ્રજાના હિતાર્થે શિલ્પ આદિ શી રીતે ?

આથી ભગવાન્ ઋષભદેવજીએ ઋદ્ધિમત્તાની અપેક્ષાએ ઇભ્ય, શ્રેષ્ઠી કે નગરશેઠ જેવી કોઇ જાતિ નિર્માણ કરી નથી અને વિચારવાળા મનુષ્યોને તેની જરૂર પણ નથી, એમ સ્પષ્ટપણે માલુમ પડશે. પણ પ્રજાનો મધ્યમ વર્ગ જે લગભગ ચૌદ આની જેટલો હોય છે, તે બધો વર્ગ મહત્તાની ઇચ્છાવાળો તેટલો બધો નથી હોતો પણ તે વર્ગ મુખ્યતાએ જીવન નિર્વાહ અને કૌટુંબિક નિર્વાહની સાથે આબરુને જાળવવા માટે જ મથનારો હોય છે, આ મધ્યમ વર્ગ જે ચૌદ આની જેટલો હોય તે જો કોઇ પણ પ્રકારે મહેનત કરવાથી જીવન નિર્વાહ, કૌટુંબિક નિર્વાહ અને યશનો લાભ થતો હોય તો તે વર્ગ મહેનત કરીને જ તે લાભ મેળવવા માગે છે, તેથી તે વર્ગને મહેનત દ્વારા તેવો લાભ મળતો હોય તો નીતિમાં જ વર્તવાનું પસંદ કરી અનીતિને ધિક્કારવાળો રહે છે, પણ નીતિમાં રહીને અનીતિને ધિક્કારવાળો તે જ વર્ગ જ્યારે જીવન નિર્વાહ,

કૌટુંબિક નિર્વાહ કે કીર્તિલાભની પ્રાપ્તિ નીતિને માર્ગે નથી દેખાતો કે નથી પામતો, ત્યારે તેને ક્રમને પણ નીતિનો માર્ગ છોડવો પડે છે.

એટલે નીતિનો માર્ગ પ્રવર્ત્તાવિવાવાળા અગ્રેસરોએ તેવા મધ્યમ વર્ગને જીવન નિર્વાહના સાધન વિગેરેનો બંદોબસ્ત કરવો તે સૌ પ્રથમ જરૂરી છે. એમાં કોઇથી પણ ના પાડી શકાય જ નહિ.

વર્તમાનમાં પણ દેખીએ છીએ કે દરેક દેશના આગેવાનો પોતાના દેશમાં રહેલા મધ્યમ વર્ગને ધંધા રોજગારમાં પોષણ આપવા દ્વારા દેશની ઉન્નતિ અને નીતિના પાયાની મજબુતી કરે છે.

આ ઉપરથી એ પણ સમજી શકાય તેમ છે કે પ્રજાને જીવન અને કુટુંબ નિર્વાહના સાધનો પુરા પાડવા દ્વારા નીતિમાં પ્રોત્સાહન કરવામાં ન આવે અને કેવળ અનીતિ વર્તનારાઓને શિક્ષા જ કરવામાં આવે તો તે શિક્ષણ ન તો લાંબી મુદત ચાલી શકે અને તેવી અનીતિની શિક્ષા હોય તો પણ તે અંધાધુંધીને નોતરૂં દેવાવાળી જ થાય. શ્રીમંત અને મધ્યમ વર્ગને છોડી દઇએ તો જઘન્ય વર્ગ એવી સ્થિતિમાં હોય છે કે તેઓને પ્રતિદિન મહેનત કરીને પણ એટલે ગેતરૂં કરીને પણ પોષણ કરવાનું મળે તો તે સ્વાભાવિક રીતે કે આબરૂની હાનિના ભયથી નહિ, પણ શિક્ષાના ડરથી અનીતિને માર્ગે ન જતાં પ્રતિદિન મહેનત મજુરી કરીને પોતાનો નિર્વાહ નીતિસર કરે. પણ તે જઘન્ય વર્ગને પ્રાતદિન મહેનત કરતાં છતાં પણ પ્રતિદિન જેટલું ન મળે તો તે જઘન્ય વર્ગ ઉન્મત્ત થએલા હાથી જેમ અંકુશ કે ભાલાના ઘાને ગણકારે નહિ, તેમ તે અનીતિને બદલે કરાતી સખતમાં સખત સજાને પણ ગણકારતો નથી.

વર્તમાનમાં પણ આ વાત સ્પષ્ટ છે કે જેઓ ધંધા રોજગાર વગર કે આજીવિકાના સાધન વિનાના હોય છે. તેઓ કેદની શિક્ષાથી ડરતા નથી એટલું જ નહિ પણ કેદમાં જવાથી જીવન નિર્વાહ તો

જરૂર થશે, એમ ધારી અનેક પ્રકારના ગુન્હાઓ ઈરાદાપૂર્વક જ કરે છે અને તેવા ગુન્હેગારોને એક દોકડા જેટલી પણ શિક્ષાની ભીતિ હોતી નથી.

## શિલ્પાદિની ઉપયોગિતા

આ બધી હકીકત સમજવાવાળો મનુષ્ય સહેજે સમજી શકશે કે ભગવાન્ શ્રી ઋષભદેવજીએ નીતિનું પાલન કરાવી અનીતિને વારીને જો રાજ્ય ચલાવવું હોય તો તેઓને ઋદ્ધિની વૃદ્ધિ તરફ લક્ષ્ય ન દેવાય તો પણ પ્રજાના નિર્વાહ તરફ તો સૌ પ્રથમ ધ્યાન આપવું જ પડે, આ મુદ્દાથી ભગવાન્ ઋષભદેવજીએ રાજ્યગાદીનો સ્વીકાર કરતાંની સાથે પ્રજાને સેંકડો કારીગરીઓ અને કામો બતાવી દીધા.

જો કે આ કારીગરીઓ અને કામો નિરવદ્ય એટલે નિષ્પાપ જ છે, એમ કહી શકીએ નહિ, પણ જેમ વિવાહ રાજ્ય ધર્માદિકમાં પોતે ચલાવેલા રાજ્યના સો ભાગો કરી સો પુત્રોને રાજ્યગાદી પર બેસાડયા એ બધું જેમ કથંચિત્ પાપવાળું છતાં પણ પ્રજાના હિતને માટે કરવું જરૂરી હોઈને કરવું પડયુ. અને તે દ્વારા અચિંત્ય પુણ્યનું ફળ ભોગવી લીધું, તેવી રીતે આ કારીગીરીઓ અને હુન્નરો પણ પ્રજાને બતાવીને પ્રજાનું હિત કરેલું હતું. અને તેથી જ શાસ્રકારો સો પુત્રને સો રાજ્ય ઉપર અભિષેક અને હુન્નરનું દેખાડવું અને પ્રવર્તાવવું, એ પણ પ્રજાના હિતને માટે જ હતું, એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે.

આ બધી હકીકત વિચારનારો મનુષ્ય સહેજે સમજી શકશે કે અનીતિમાં પ્રવર્તવાવાળાને સજા કરવા માટે ઉગ્ર, ભોગ વિગેરે ક્ષત્રિયની પેટાજાતિની સ્થાપના સાથે જેમ જુદી ક્ષત્રિય જાતિ સ્થાપન કરવી પડી. તેવી જ રીતે નીતિની પ્રવૃત્તિ થવા માટે અને તેની મજબૂતી માટે અનેક પેટાભેદવાળી વૈશ્ય જાતિને સ્થાપન

કરવી પડતી હોય અને તેવી વ્યવસ્થા પરોપકારને માટે જ કરવી પડી હોય તેમાં કાંઈપણ આશ્ચર્ય નથી.

અર્થાત્ સનાતનવાદીઓના કથન પ્રમાણે અનીતિથી બચવા માટે ક્ષત્રિય જાતિની અને નીતિના પાલન માટે અથવા અનીતિ થતી રોકવા માટે વૈશ્યજાતિની સ્થાપના ભગવાનને કરવી જ પડી. એટલો પહેલો જાતિભેદ ક્ષત્રિયથી થયો અને બીજો જાતિભેદ વૈશ્યથી પડ્યો.

હવે ત્રીજો જાતિભેદ શૂદ્રનો કેમ થયો? અને બ્રાહ્મણ જાતિની કયા રૂપે? અને કેમ ઉત્પત્તિ થઈ? તે સનાતનવાદીઓના અપેક્ષાએ વિચારીએ!!!

શૂદ્રવર્ણની ઉત્પત્તિ

પ્રથમ જોઈ ગયા છીએ કે ક્ષત્રિય જાતિની ઉત્પત્તિ પ્રથમ થઈ અને પછી વશ્ય જાતિની ઉત્પત્તિ થઈ. પણ તે બંને જાતિઓમાં અનુક્રમે શૌર્ય અને ઉત્સાહનો પ્રસંગ હતો એ નિર્વિવાદ છે.

જો કે ભગવાન ઋષભદેવજી મહારાજે લોકોના નિર્વાહને માટે શિલ્પ અને કર્મ વગેરે બતાવ્યાં હતાં. તો પણ જેમ અનીતિનો પ્રચાર રોકવા માટે દંડ, શિક્ષા, કેદ વગેરે સજાઓ નિયમિત થએલી હતી, તેવી રીતે તે તે લોકોના નિર્વાહાર્થે ઉદ્યોગ સમજાવ્યા અને બતાવ્યા. છતાં પણ જેઓ તે ઉદ્યોગ કરે નહિં તેઓને શિક્ષા કરવાનું હતું નહિ.

સર્વ કાલે ઈતિહાસ તપાસીએ તો માલમ પડશે કે અનીતના વર્તનની જ સજાઓ નિયમિત થએલી છે, પણ ઉદ્યોગ ન કરવાની સજા કોઈ પણ દેશે કે રાજ્યે નિયમિત કરી નથી. એટલે ભગવાન ઋષભદેવજીના વખતે પણ નિરુદ્યમીપણાની સજા નિયમિત ન થઈ હોય અને તેથી નિરુદ્યમીવર્ગ પણ કેટલોક રહ્યો હોય તે અસંભવિત નથી.

## શૂદ્ર શબ્દનો અર્થ

તે નિરુદ્યમીપણાને અંગે આળસુ છોકરો જેમ પાઠ ન કરતાં રમતગમતમાં વખત કાઢી નાખે છે, પણ જ્યારે તે આળસુ છોકરો કલાસમાં બેસે છે અને બીજા છોકરાઓના અભ્યાસ દેખે છે ત્યારે તે નામ નીચે ઉતરવાના ભયથી કે માસ્તરની શિક્ષાના ત્રાસથી પોતાના રમતગમતમાં ગયેલા વખતને અંગે અને અભ્યાસ ન કરેલાને અંગે પશ્ચાત્તાપ થાય છે.

તેવી જ રીતે તે ઉદ્યોગમાં નહિ ચઢેલા મનુષ્યોનો વર્ગ ક્ષત્રિય અને વૈશ્યોના શૌર્ય અને ઉત્સાહને અંગે થતી વૃદ્ધિ જોઈને પોતાના નિરુદ્યોગીપણાને અંગે અફસોસ કરવા લાગ્યા. એટલું જ નહિ પણ તે નિરુદ્યોગીવર્ગને પોતાના નિર્વાહની મુશ્કેલી લાગવાથી રોઈ-રોઈને વખત કાઢવો પડયો અને તેથી શોચન (અફસોસ), રોદન (રોવું તે) ઉભય ધર્મવાળી હોવાથી તેઓ શૂદ્રોની જાતિ તરીકે ગણાયા.

સામાન્ય રીતે એક તીતીઘોડો આખી પાયગાને નડે છે. તેવી રીતે શૌર્ય અને ઉદ્યોગ વિનાના મનુષ્યો શૌર્ય અને ઉદ્યોગવાળા વર્ગને નડનારા જ થાય એ અસંભવિત નથી. તેટલા માટે તે નિરુદ્યોગી વર્ગને શૌર્ય અને ઉદ્યોગવાળા વર્ગનું રક્ષણ કરવા માટે તે નિરુદ્યોગી વર્ગને જુદી જાતિમાં ગોઠવવાની જરૂર પડે તે સ્વાભાવિક જ છે.

તેથી શાસ્ત્રકારો પણ ક્ષત્રિયોની ઉત્પત્તિ વખતે શૂદ્રોની ઉત્પત્તિ નહિ કહેતાં વૈશ્યોની ઉત્પત્તિ વખતે શૂદ્રોની ઉત્પત્તિ થએલી જણાવે છે.

જોકે નિરુદ્યોગી વર્ગ ઉદ્યોગવાળો ન બની શકે કે ન બને એમ કહી શકાય નહિ, પણ ઘણો ભાગ અને પરંપરાના સંસ્કારો જ્યારે તેવી સ્થિતિમાં જ હોય ત્યારે તેને તે વર્ગમાં ગણવો પડે.

## બ્રાહ્મણવર્ગની ઉત્પત્તિ

જો કે અન્ય મતવાળાઓ બ્રાહ્મણ વર્ણની ઉત્પત્તિ સર્વ વર્ણોમાં પહેલી માને છે, પણ સનાતનવાદીઓએ રાજ્ય તરફથી વર્ણની વ્યવસ્થા થએલી ગણીને અને બ્રહ્માએ કરેલી વ્યવસ્થાને અસંભવિત જાણીને ઉપર જણાવ્યા પ્રમાણે ક્ષત્રિયથી વર્ણવ્યવસ્થા શરૂ કરી.

અનીતિકારોની શિક્ષા માટે ક્ષત્રિય, જીવનનિર્વાહના ઉદ્યોગો કરવા માટે વૈશ્યો તથા નિરુદ્યમીપણાને લીધે થએલી શૂદ્રોની ઉત્પત્તિ પછી બોધ દેવાના પ્રસંગને પાછળથી બનવાવાળો ગણીને શૌર્યવાળા, ઉદ્યોગવાળા કે અફસોસ કરવાવાળા એ સર્વને આગામી ભવને માટે તત્પર થવા અને આ ભવની માયાને જંજાળ તરીકે ગણવા માટે બોધ આપવાવાળા વર્ગની પછી ઉત્પત્તિ થઈ એમ માને છે.

સનાતનવાદીઓ એમ માને છે કે બ્રહ્માએ જ જો જગત બનાવ્યું હોય અને બ્રહ્માએ જ જો ચારે વર્ણની જુદી જુદી જાતો બનાવી હોત તો જેમ પશુ અને પંખીમાં જુદી જુદી જાતિના જુદા જુદા આકારો છે, તેવી રીતે આ ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને બ્રાહ્મણ જાતિના પણ જન્મથી જુદા જુદા આકારો હોત; પણ જ્યારે ક્ષત્રિય આદિ જાતિને અંગે કોઈ પણ આકૃતિનો ભેદ નથી, તો પછી એમ કહેવું જ જોઈએ કે બ્રહ્માએ મૂળથી તે ક્ષત્રિય આદિ જાતિઓના ભેદો બનાવેલા નથી. પણ ઉપર જણાવ્યું, તેવી રીતે કાલક્રમે જુદા જુદા સંયોગે જુદી જુદી જાતિઓની ઉત્પત્તિ થઈ અને તેના રક્ષણ આદિ ગુણો પ્રમાણે તે તે જાતિઓનાં નામો લોકોમાં જાહેર થયાં અને પરંપરાએ ચાલ્યા.

આ સ્થિતિને લીધે બ્રાહ્મણ વર્ગની ઉત્પત્તિ પાછળથી થઈ, પણ તે શી રીતે થઇ? તેનો વિચાર કરીએ.

## આત્મદષ્ટિની મહત્તા

સર્વ જાતિમાં દરેક સુજ્ઞ મનુષ્ય સમજી શકે તેમ છે કે આહાર, શરીર, ઇંદ્રિયો, વિષયો અને તેના સાધનો તરફ જ લક્ષ્ય રહેલું હોય છે, તેમ જ તે આહાર આદિકને પ્રાપ્ત કરવા માટે જ એકેંદ્રિયથી માંડીને પંચેદ્રિય સુધીના સર્વ જીવો તેમ જ આર્ય કે અનાર્ય કોઇ-પણ જાતિમાં ગણાતા મનુષ્યો તે આહાર આદિકની પ્રાપ્તિને જ ઇષ્ટ ગણનારા હોય છે.

ટૂંકામાં કહીએ તો વિષયો અને તેનાં સાધનો મેળવવા કે વધારવામાં જ જગતના સર્વ પ્રાણીઓની ઇષ્ટતા ગણેલી હોય છે.

આવી સ્વાભાવિક સ્થિતિ હોવાથી તેમજ આત્મા હંમેશા ચક્ષુની માફક બાહ્ય દૃષ્ટિવાળો હોવાથી વિષયો અને તેના સાધનો તરફ જ ઝુકી રહેલો હોય છે.

એ વાત તો કોઈને નવી સમજાવવી પડે તેમ નથી કે નેત્ર જે કે દરેક જીવને અંગે રત્ન સમાન છે; છતાં તે નેત્ર જગતભરના અને ઈતર પદાર્થોને દેખવાને તૈયાર છે. અર્થાત બાહ્ય એટલે ચક્ષુ સિવાયના આખા જગતના પદાર્થોનો બોધ તે કરાવે છે.

પણ તે આંખમાં લાલાશ હોય, ફૂલું હોય કે રજનો કણીયો પડયો હોય તો તેને આ આંખ જોઈ શકતી નથી. એવી રીતે આ આત્મા પણ આહાર, શરીર, ઇંદ્રિયો, વિષય અને તેનાં સાધનો તરફ જ જન્મથી મરણ સુધી એક સરખી મીટ માંડી રહેલો હોય છે.

પણ ખુદ પોતે જીવ કોણ છે ? વળી તે કેવો છે ? કયાંથી આવ્યો છે ? અને કયાં જવાનો છે ? એ બાબતોનો સ્વાભાવિક રીતે જીવને એક અંશ પણ વિચાર આવતો નથી. આટલા માટે ભગવાન જિનેશ્વરોએ શાસનની સ્થાપનામાં પહેલો ઢંઢેરો એ જ જાહેર કર્યો કે—

**મહાનુભાવો ! જીવ જેવી વસ્તુ છે અને તે કોઇક સ્થાનેથી અહીં આવેલી છે અને અહીંથી ચવીને આગળ કોઇ સ્થાને પણ ચાલી જવાની છે.”**

આવો ઢંઢેરો પહેલો જાહેર કર્યો.

એટલા માટે એમ કહેવાય કે બારે અંગમાં પહેલું આચારાંગ નામનું અંગ છે, અને તેમાં પણ પહેલામાં પહેલું સૂત્ર આ ઢંઢેરાનું જ છે.

**ધર્મનું મહત્ત્વ**

વળી બીજી બાજુએ વિચાર કરીએ તો માલુમ પડવું જોઈએ કે આ જગતમાં શરીર–આહારાદિકની ઇચ્છા સર્વને સરખી છતાં પણ

કેટલાકને તે મળે છે. અને કેટલાકને તે મળતી નથી, તેમજ કેટલી વખત તો નિરુદ્યમીપણે રહેવાવાળાઓને તેની સિદ્ધિ થાય છે અને ઉદ્યમપૂર્વક વર્તવાવાળાઓને તેની સિદ્ધિ નથી થતી.

એટલું જ નહિ પણ કેટલીક વખત તો પ્રાપ્ત થએલામાં પણ હાનિ થાય છે; માટે સિદ્ધિ અપ્રાપ્તિ અને હાનિનું કાંઈક અદૃષ્ટ કારણ માનવું જ જોઈએ, પણ આ બધો વિચાર ધર્મની સાથે જ સંબંધવાળો છે અગર ધર્મમય જ છે, એમ છતાં તેની જડ કેવી રીતે જાણી તે વિચાર કરવાની જરૂરિયાત ઓછી નથી.

સામાન્ય રીતે જગતનો વર્ગ વિષયની ઈષ્ટતા ગણતો હોય અને તે તરફ જ મથતો હોય તે વખતે સ્વપ્નમાં પણ તે વિષયોને અનિષ્ટ ગણવાનું કોઈના પણ મનમાં ન થાય તે સ્વાભાવિક જ છે

છતાં જેને માત્ર આ ભવના સંસ્કારો ઉપર આધાર રાખવાનો હોતો નથી, પણ ભવાંતરોના ઉત્તમ સંસ્કાર જ જેમનું આ ભવનું જીવન ઘડે છે તેવા મહાપુરુષોના સંસારની અનિષ્ટતા લાગે અને વિષયોની કટુકતા ભાસે, આ કારણથી તેવા કોઇ પણ આદ્ય મહાપુરુષને દરેક બુદ્ધિશાળીએ આદિમાં માનવો જ જોઈએ કે જે ભવાંતરથી શુભ સંસ્કારો લઈને આવેલો હોય.

ચાલુ પ્રકરણને અંગે ભવાંતરથી શુભ સંસ્કારો લઈને આવેલો જીવ પણ તે જ છે કે જેણે ઉપર જણાવેલી ક્ષત્રિય આદિ વર્ણની વ્યવસ્થા કરવી છે અને તે જ મહાપુરુષને લોકોપકાર કર્યા પછી અનિષ્ટ વિષયનો ત્યાગ કરી આત્માના ઉદયને માર્ગે જવાનું થએલું છે અને તે મહાપુરુષે જગતમાં ધર્મનો ડિંડિમ વગાડેલો હોવાથી તેને અંગે જ ધર્મની સાવચેતી કરવાવાળા બ્રાહ્મણ વર્ગની ઉત્પત્તિ થઈ છે.

## જિનેશ્વર ભગવાનના અનુપકૃતપણાનો ખુલાસો

અહીં પ્રાસંગિક કહેવાની વાત ખાસ વિચારવા જેવી છે કે જિનેશ્વર મહારાજની દ્રવ્યપૂજાને અંગે ભગવાનના વિચારાતા ગુણોમાં

મહત્ત્વનો ગુણ એટલો છે કે જિનેશ્વર ભગવાનનો તે તીર્થંકરપણાના ભવમાં કોઈના પણ તળે દબાયેલા ન હોય.

આ વાત આગળ જણાવવામાં આવી ગયેલી છે. પણ તે વાતમાં એક હકીકત ધ્યાનમાં રાખવાની છે કે અન્ય જીવો તરફથી વિદ્યા વગેરેની પ્રાપ્તિ દ્વારા થતા અસાધારણ ઉપકારોની અપેક્ષાએ કે પોતે કરવા ધારેલા કાર્યમાં કોઈ પણ દેવેન્દ્ર, સુરેન્દ્ર કે નરેન્દ્રની સહાય ન લેવી અગર તે સહાયની દરકાર ન રાખવી એટલા માત્રથી જ પારકા ઉપકાર તળે નહિ દબાયેલાપણું સમજવું.

તેથી જગતની સાધારણ પદ્ધતિ પ્રમાણે જન્મ આપવાને અંગે માતપિતાનો તો ઉપકાર હોય.

તેથી તેઓના ઉપકાર તરીકે દબાએલા હોય એમ માનવામાં ખાસ અડચણ જેવું નથી.

એવી જ રીતે ઇંદ્ર મહારાજા, વિજયા અને પ્રગલ્ભા પરિવ્રાજિકાઓ, મેઘનામનો ચોર એ વિગેરે પોતાની મેળે પોતાની ભક્તિથી જે પ્રયત્નો ભગવાન મહાવીર મહારાજની અનુકૂળતા માટે કર્યા તથા ધરણેંદ્ર નાગરાજે ભગવાન્ પાર્શ્વનાથજી મહારાજને કમઠે કરેલા ઘોર ઉપસર્ગની વખતે ભક્તિથી વૈયાવચ્ચ તે બધી ભક્તિની બુદ્ધિથી હોવા સાથે ભગવાનના નિરપેક્ષપણાથી યુક્ત હતી, માટે ન તો તે ઉપકાર ગણાય અને ન તો તે ઉપકાર તળે ભગવાન દબાયેલા ગણાય

એવી રીતે ભગવાનનું અવ્યાહત અનુપકૃતપણું સમજી શકાય તેવું છે.

વળી કેટલાકો ભગવાનના અનુપકૃતપણાનો ગુણ સ્વતંત્ર રીતે ન લેતાં પરહિતનિરત એ શબ્દમાં પડેલા પર શબ્દના વિશેષણ તરીકે લે છે.

અર્થાત્ "જે જીવોએ ભગવાન જિનેશ્વરોને કોઈ પણ પ્રકારનો ઉપકાર કરેલો ન હોય એવા અન્ય જીવોના હિતમાં ભગવાન જિનેશ્વરો હંમેશાં તત્પર રહે છે."

આવો અર્થ જેઓ કરે છે તેઓ અનુપકૃતની અંદર कृ ધાતુથી ભાવના અર્થમાં क्त પ્રત્યય લાવે છે અને તેથી ઉપકૃત એટલે ઉપકાર નથી જેઓને તેને અનુપકૃત કહે છે અને જેઓ અનુપકૃત પદ સ્વતંત્ર રાખે છે તેઓ કર્મના અર્થમાં क्त પ્રત્યય લાવીને ઉપકૃત નહિ થએલા એવા ભગવાન છે એવો અર્થ કરે છે.

આ પ્રકરણમાં કર્મણિ क्त વાળો અર્થ મુખ્યત્વે ગણવામાં આવ્યો અને તેથી અનુપકૃતનું વિવેચન કરાએલું છે.

તે અનુપકૃતપણાની સાથે ભગવાનના પરહિતનિરતપણાનો ગુણ જણાવતાં ભગવાન ઋષભદેવજીના રાજ્યકાળમાં ક્ષત્રિયાદિ ત્રણ વર્ણની ઉત્પત્તિ જણાવ્યા પછી બ્રાહ્મણ વર્ણની ઉત્પત્તિને અંગે ભગવાન્ ઋષભદેવજીનું કેવળજ્ઞાન અને ભરતમહારાજનું શ્રાવકપણું જણાવી બ્રાહ્મણ વર્ણની ઉત્પત્તિ કેમ થઈ? તે જણાવવાને અંગે ભગવાન્ ઋષભદેવજીનો ત્યાગધર્મ જણાવવો જરૂરી ધાર્યો છે.

## અવધિજ્ઞાની દેશવિરતિ લે કે?

કોઈપણ તીર્થંકર કે જેઓ પહેલાના ભવથી જ ત્રણ જ્ઞાન લઈને આવે છે અને તેથી જરૂર અવધિજ્ઞાનવાળા હોય જ છે. અને તે જ કારણથી શાસ્ત્રકારો પણ—

**णेरइयदेवतित्थंकरा य ओहिस्स बाहिरी हुंति** એટલે નારકી દેવ અને તીર્થંકર મહારાજા અવધિજ્ઞાનવાળા હોય છે એટલું જ નહિ પણ તેઓનું અવધિજ્ઞાન તેઓની ચારે બાજુના અતીન્દ્રિય પદાર્થોને દેખાડવાવાળું છે અને તીર્થંકરોની માફક જ બીજા પણ જે મહાપુરુષો જન્મથી અવધિજ્ઞાનવાળા હોય અથવા તે કોઈપણ

ગુણુથી અવધિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમને લીધે અવધિજ્ઞાન પામેલ હોય તે અવધિજ્ઞાનવાળા એમાંથી કોઇપણુ અવધિજ્ઞાની ચાહે-તો તે તીર્થંકર હોય અથવા તીર્થંકર સિવાયનો જીવ હોય તોપણુ તે વિરતિ અંગીકાર કરે તો સર્વ વિરતિનો અંગીકાર કરે.

"અવધિજ્ઞાની જોકે અવિરતપણે રહે એ વાત સાચી પણુ વિરતિ અંગીકાર કરે ત્યારે તો સર્વવિરતિ જ અંગીકાર કરે પણુ દેશવિરતિ અંગીકાર કરે નહિ."

શાસ્ત્રકારોએ અવધિજ્ઞાની જીવો દેશવિરતિ કેમ અંગીકાર ન કરે તેનો સ્પષ્ટ હેતુ જણુાવ્યો નથી, પણુ શાસ્ત્રાનુસારી બાહી કલ્પ-નાથી એમ જાણી શકાય કે દેશવિરતિ તેઓ જ લે છે કે જેઓ સર્વ વિરતિનું સ્વરૂપ જાણે, સમજે અને તે લેવાની ઉત્કંઠાવાળા હોય; છતાં આરંભ–પરિગ્રહની કે વિષય-કષાયની આસક્તિ નહિ છૂટી શકવાથી જેઓ સર્વવિરતિ લેવાને અશક્તિમાન હોય આવું અશક્તિમાનપણું અવધિજ્ઞાની જેવા મહાપુરુષમાં ન હોય અને તેથી તેઓ જ્યારે પણુ વિરતિ આદરવા માગે ત્યારે સંપૂર્ણ વિરતિનો સ્વીકાર જ કરે અને તેથી શાસ્ત્રકારોએ અવધિજ્ઞાનવાળાને દેશવિરતિ જે શ્રાવકપણું તેને લેવાવાળા માન્યા નથી.

જો કે અનેક શ્રાવકોએ દેશવિરતિ લીધા પછી અવધિજ્ઞાનો મેળવ્યાં છે. અને તે અવધિજ્ઞાન મેળવ્યા પછી પણુ તેઓ શ્રાવક-પણામાં એટલે દેશવિરતિમાં જ રહેલા પણુ છે. પણુ આ વાત જે ચાલે છે તે પ્રથમથી અવધિજ્ઞાનવાળા જ હોય અને પછી જો વિરતિ લે તો તેઓ સર્વવિરતિ જ લે.

એવી રીતે પૂર્વભવથી અવધિજ્ઞાન લઈને આવવાવાળા ભગવાન ઋષભદેવજીએ જો કે દેશવિરતિનું સ્વરૂપ જાણેલું, સમજેલું અને માનેલું હતું, છતાં તે દેશવિરતિ ન ગ્રહણુ કરી, પણુ સર્વ વિરતિજ ગ્રહણુ કરી.

વળી બીજી એ પણ વાત છે કે સર્વવિરતિનો સ્વીકાર પ્રત્યેક બુદ્ધ, સ્વયંબુદ્ધ વિગેરે સ્વયં ગુરુથી નિરપેક્ષપણે કરી શકે છે, પણ **દેશવિરતિનો સ્વીકાર કોઈ પણ જગા પર, કોઈ પણ સ્થાને, કોઈ પણ મનુષ્યને સ્વયં હોવાનો લેખ સરખો પણ નથી.** અને તેથી સ્વયંસંબુદ્ધ એવા ભગવાન કોઈના પણ શિષ્ય તરીકે ન હોય અને તેથી તેમને દેશવિરતિ ન હોય અને કેવળ સર્વવિરતિ જ હોય એમ જે શાસ્ત્રકાર કહે છે તેમા શંકાને સ્થાન નથી.

## દેશવિરતિ વગર સર્વવિરતિ હોય કેમ ?

કેટલાકોનું માનવું છે કે પગથિયાં જેમ અનુક્રમે ચઢાય, તેવી રીતે વિરતિમાં પણ પ્રથમ દેશવિરતિરૂપી નાનું પગથિયું જ ચઢવું જોઈએ અને પછી જ સર્વવિરતિનું ગ્રહણ થવું જોઈએ. આવું કહેવાવાળાએ પ્રથમ તો ઉપર જણાવેલા ભગવાન જિનેશ્વરોનાં વૃત્તાંતો ઉપર ધ્યાન રાખવું.

વળી શાસ્ત્રકારો સર્વ સિદ્ધોના અસંખ્યાતમા ભાગે જેટલા અનંતા સિદ્ધો આવે તે બધાઓ દેશવિરતિ પામ્યા સિવાય જ સર્વ-વિરતિને પામેલા હોય છે. માટે દેશવિરતિ સિવાય સર્વવિરતિ હોય જ નહિ, એવું કહેનારાઓ ચરિતાનુવાદ અને સિદ્ધાંતના કથનથી વિરુદ્ધ જ બોલવાવાળા છે.

## સર્વવિરતિ લેવા પહેલાં પ્રતિમા વહેલી જ જોઇએ કે ?

વળી કેટલાકો શાસ્ત્રને અનુસરવાનો ડોળ કરી એમ જણાવવા માગે છે કે 'ચોથા આરામાં કે શ્રી હરિભદ્રસૂરિજીના વખતમાં ચાહે જો નિયમ હોય, પણ ભગવાન શ્રી હરિભદ્રસૂરિજીના ફરમાન મુજબ તો આ દુઃષમકાલમાં તો પ્રતિમાવહન કર્યા પછી જ સર્વ વિરતિ એટલે સાધુપણું અંગીકાર કરાય,'

એવું શ્રીપંચાશક પ્રકરણમાં સ્પષ્ટ છે.

માટે વર્તમાન કાલમાં તો કોઇ પણ મનુષ્યે દેશવિરતિ અને શ્રાવકની બાર પ્રતિમાઓ વહ્યા સિવાય સાધુપણું લેવાય જ નહિ.

આવું કહેનારાઓએ પ્રથમ તો એ સમજવું જરૂરી છે કે —

જે પ્રમાણે શ્રાવકની પ્રતિમાઓ એક, બે, ત્રણ, યાવત્ અગિયાર માસ સુધી વહેવાનો જાહેર પ્રઘોષ છે તેવો ને પંચાશકમાં પ્રતિમાના કાળનો નિયમિત નિયમ જ નથી.

શ્રી પંચાશકકારના કહેવા પ્રમાણે શ્રાવકની પ્રતિમાઓનો ટાઈમ અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તનો પણ છે અને તેથી બાળ એટલે આઠથી અધિક ઉંમરવાળાની દીક્ષાના નિષેધને માટે તથા ઘણાં વર્ષો સુધી વૈરાગ્યવાળા મહાપુરુષને સંસારના જેલખાના અને દાવાનળમાં ગોંધી રાખવા માટે આ પ્રકરણનો કરાતો ઉપયોગ વ્યર્થ નિવડે છે.

વળી આ જ પંચાશકકાર મહાત્માએ શ્રી પંચ વસ્તુ પ્રકરણમાં દીક્ષાની જઘન્યવય જણાવતાં માત્ર આઠ વર્ષની જ વય જણાવી છે. જો ભગવાન હરિભદ્રસૂરિજી ને દેશવિરતિ કે જેનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે તેમજ શ્રાવકની પ્રતિમાઓ કે જેનો ધન્યકાળ અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્ત જેટલો છે. તેટલું પણ કાર્ય જો સર્વ વિરતિને લેવા પહેલાં નિયમિતપણે રાખવાનું હોત તો દીક્ષાની જ ધન્યવય આઠ વર્ષની કહેત નહિ.

એટલું નહિ પણ આઠ વર્ષથી ઓછી ઉંમરવાળાને દીક્ષા નહિ દેવાના કારણમાં ભગવાન હરિભદ્રસૂરિજી સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે આઠ વર્ષથી ઓછી ઉંમરવાળાને વિરતિના પરિણામ હોય નહિ અર્થાત્ ભગવાન હરિભદ્રસૂરિજી પોતે જ કોઇ પણ વિરતિના પરિણામની વખતે જ સર્વ વિરતિ એટલે દીક્ષાની યોગ્યતા જણાવે છે.

તો આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે જેઓ સંસારમાં વિષય, કષાય અને આરંભ, પરિગ્રહમાં આસક્તિવાળા થવાથી સર્વવિરતિ ન લેતાં દેશવિરતિ જ લઈને બેઠાં હોય, તેવાઓએ સર્વવિરતિ મેળવવા માટે જરૂર શ્રાવકની પ્રતિમા વહન કરવી જોઈએ, અને આ જ કારણથી ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ ગુરુતત્ત્વ વિનિશ્ચયમાં

ભગવાન હરિભદ્રસૂરિજીએ કરેલો સર્વવિરતિ પહેલાં પ્રતિમા વહેવાનો આદેશ 'મધ્યમ ક્ષયોપશમવાળાને માટે છે' એમ ચોખ્ખા શબ્દોમાં જણાવે છે.

વળી ભગવાન હરિભદ્રસૂરિજી પછી અનેક મહાનુભાવોના આઠ વર્ષની કે તેની આસપાસની ઉંમરે દીક્ષિત થએલા સેંકડો પુરાવાઓ જુદા જુદા ગચ્છની પટ્ટાવલીઓ પૂરા પાડે છે.

વળી ભગવાન હરિભદ્રસૂરિજી પછીના કાળમાં બનેલા અને ભગવાન હરિભદ્રસૂરિજીને પરમ પૂજ્ય તરીકે માનનારા એવા અનેક ગ્રંથકારો કે જેમાં તત્ત્વાર્થવૃત્તિકાર, યોગશાસ્ત્ર-ટીકાકાર ભગવાન હેમચંદ્રસૂરિજી, મલ્લધારી આચાર્ય હેમચંદ્રસૂરિજી, પ્રવચન સારોદ્ધારની ટીકા કરનાર શ્રી સિદ્ધસેનસૂરિજી વિગેરે સર્વમાન્ય આચાર્યોએ પોતાના ગ્રંથોમાં દીક્ષાની જઘન્યવય આઠ વર્ષની ગણેલી છે.

ચૂર્ણિકાર મહારાજ અને પ્રવચન સારોદ્ધાર ટીકાકાર વિગેરે મહાત્માઓએ તો ગર્ભથી આઠમા વર્ષે એટલે ગર્ભ રહ્યા ત્યારથી સાત વર્ષ અને એક દહાડો જ માત્ર જાય, ત્યારથી દીક્ષાને યોગ્ય ઉંમર ગણી શકાય છે, એમ સ્પષ્ટ શબ્દોમાં જ્યારે જણાવ્યું છે, ત્યારે જાણકાર અને શ્રદ્ધા ધારણ કરનારો કયો મનુષ્ય એમ કહેવાને તૈયાર થાય ? કે આઠ વર્ષે દીક્ષા ન આપવી, અગર પ્રતિમા વહન કરેલી હોય, તેવા મનુષ્યને જ દીક્ષા આપી શકાય.

## ખરતરના મતે સર્વથા અને આગમીયાને મતે કેટલીક શ્રાવક પ્રતિમાના વ્યુચ્છેદની માન્યતા

જો કે ખરતર ગચ્છવાળાઓ તો વર્તમાનકાળમાં સાધુઓની પ્રતિમા કે જે પહેલા સંઘયણ અને જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી વસ્તુ સુધીના અધ્યયનની અપેક્ષા રાખનાર છે, તેવી તે સાધુઓની પ્રતિમાઓ ન માને તે તો સ્વાભાવિક છે, પણ જે શ્રાવકની પ્રતિમાઓ માટે સંઘયણ કે વિશિષ્ટ શ્રુત અધ્યયનનો નિયમ નથી, એવી શ્રાવકની પ્રતિમાઓનો પણ વિચ્છેદ માને છે અને જાહેર પ્રરૂપે છે.

એટલે ટૂંકમાં એમ કહી શકીએ કે તેઓ માસ-કલ્પ મર્યાદાનો પણ વિચ્છેદ અને શ્રાવક પ્રતિમાનો પણ વિચ્છેદ માનીને પોતાને કેવળ ઉચ્છેદ કોટિમાં જ મેલે છે અને તે ઉચ્છેદકપણાના અભિપ્રાયને લીધે જ **શ્રી પંચાશક** પ્રકરણની ટીકા કે જે ભગવાન **અભયદેવસૂરિજીએ** કરેલી છે અને જે ભગવાન **અભયદેવસૂરિજી** ને તે ખરતરવાળાઓ પોતાના ખોટી રીતે મહંત તરીકે માને છે, તે ભગવાન **અભયદેવસૂરિજીના** ટીકામાં કહેલા આચરવા અર્થવાળા ખુદ **आसेव्या अभ्यसनीया** એવા ચોખ્ખા પદના અર્થને પલટાવવામાં પોતાની પરવિચક્ષણતા તારવે છે.

**શ્રી જિનવલ્લભસૂરિ ભગવાન અભયદેવસૂરિજીના પટ્ટધર છે.** ઉપરના અધિકારમાં ખોટી રીતે ભગવાન્ અભયદેવસૂરિજીને પોતાના ગચ્છના મહંત માનવાનું લખ્યું છે, તે એટલા જ માટે કે ભગવાન **અભયદેવસૂરિજીના** કાલધર્મ પછી વીસી કરતાં વધારે વર્ષનું આંતરું પડયા છતાં **શ્રી જિનવલ્લભસૂરિને અભયદેવસૂરિના** પટ્ટધર બનાવવાનું ધારે છે, એટલુંજ નહિ પણ **ભગવાન્ અભયદેવસૂરિજીએ** પોતાની પાટે બિરાજમાન કરેલા **શ્રીમાન્ વર્ધમાન આચાર્યથી** સંબંધ નહિ લેતાં **શ્રી અભયદેવસૂરિજીની** પાટે નહિ આવેલા એવા **શ્રી પ્રસન્નચંદ્રસૂરિ** અને તેમના શિષ્ય **શ્રી દેવભદ્રથી** સંબંધ કરીને **શ્રી જિનવલ્લભસૂરિને** ભગવાન **અભયદેવસૂરિજીના** પટ્ટધર શિષ્ય તરીકે બનાવવા માગે છે.

ખુદ **શ્રી જિનવલ્લભસૂરિ ૧૧૬૯ની** સાલ સુધીતો પોતાને કૂર્ચપુર ગચ્છના **શ્રી જિનેશ્વરાચાર્યના** શિષ્ય તરીકે જાહેર કરે છે,

વળી ૧૧૩૭માં **શ્રી જિનવલ્લભસૂરિને** માટે **વિશેષ આવશ્યકની કોટ્યાચાર્ય** વાલી ટીકાની પ્રત લખનાર **શ્રી નેમિકુમાર** કે જેઓ **શ્રી જિનવલ્લભસૂરિના** અનન્ય ભક્ત હતા હતા, તેઓ પણ તે ટીકાને અંતે **શ્રી જિનવલ્લભસૂરિને** કૂર્ચપુર ગચ્છના અને કૂર્ચપુર ગચ્છીય **શ્રી જિનેશ્વરાચાર્યના** શિષ્ય તરીકે સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરે છે.

વળી તે શ્રી જિનવલ્લભસૂરિની પાટે ગણાતા શ્રી જિનદત્ત સૂરિ પણ શ્રી જિનવલ્લભસૂરિના મરણ પછી જ કેટલીક મુદ્દત ગયા પછી પાટે આવ્યા છે, તેમને પણ એવી રીતે સંબંધમાં જોડયા છે.

માટે ઉપર ખોટી રીતે મહંત માનેલા એમ જણાવ્યું છે.

વળી શ્રી તિલકાચાર્ય જે આગમગચ્છીય છે, તેમણે તો શ્રાવકની ચાર પ્રતિમાઓ સિવાયની બાકીની સાત પ્રતિમાઓનો સર્વથા વિચ્છેદ માનેલો છે.

## દીક્ષાપૂર્વે પ્રતિમા વ્હેવાનો કે દેશવિરતિનો અનિયમ

આ બધી હકીકત સામાન્ય રીતે અપ્રાસંગિક લાગે તેવી છતાં પણ એટલા જ માટે લખી છે કે

"ખરતર અને આગમગચ્છવાળાઓથી તો શ્રાવકની પ્રતિમાઓ વહન કરીને જ સાધુપણું આપી શકાય" એવો નિયમ કોઈપણ પ્રકારે કહી કે માની શકાય તેવો છે જ નહિં. વળી આવશ્યક ચૂર્ણિ વિગેરે ગ્રંથકારો અનેકસ્થાને સમ્યક્ત્વ અને ચારિત્રની પ્રાપ્તિ એકી સાથે જણાવે છે, તે ઉપરથી પણ એમ સ્પષ્ટ કહી અને માનીજ શકાય કે વર્તમાનકાળમાં કે અતીતકાલમાં દેશવિરતિ લેવાયા પછીજ સર્વવિરતિ લેવાય એવો નિયમ પટ્ટાવલી, ચરિત્રો. શાસ્ત્રો કે પંચાંગી એમાંથી કોઈપણ આધારે માની શકાય જ નહિં.

સામાન્ય જીવોને અંગે જ્યારે સર્વવિરતિની પૂર્વે દેશવિરતિ લેવી જ જોઈએ એવો નિયમ ન રહે, તો પછી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ સરખાને માટે સર્વવિરતિ લેવા પહેલાં દેશવિરતિ લેવીજ જોઈએ એવો નિયમ કેમ રાખી શકાય? અને જો કોઇને માટે પણ એવો નિયમ નથી તો ભગવાન્ શ્રી ઋષભદેવજી દેશવિરતિનું આચરણ કર્યા સિવાય એકદમ સર્વ વિરતિ લે, તે અયોગ્ય ગણાય નહિ.

## ભગવાનનું આદ્ય રાજાપણું કેમ?

ભગવાન્ ઋષભદેવજી જો કે ચક્રવર્તી કે વાસુદેવની સ્થિતિમાં નહોતા અને તેથી તેઓને ચક્રવર્તીને જે ચૌદ રત્નો હોય છે, તે

અને વાસુદેવને જે સાત રત્નો હોય છે, તે બન્નેમાંથી કોઈપણ એકે રત્ન હતું નહી, છતાં તેઓ સમગ્ર મધ્યખંડના માલિક હતા એટલું જ નહિં પણ ચક્રવર્તી કહો, વાસુદેવ કહો, પ્રતિવાસુદેવ કહો કે માંડલિક કહો, કોઇપણ રાજાના પિતામહ હતા, એ વાત ચોક્કસ છે, કેમકે રાજા અગર રાજ્ય એવો શબ્દજ ભગવાન્ ઋષભદેવજીએ ઉત્પન્ન કરેલો છે.

આ અવસર્પિણીના સર્વ રાજાઓમાં ભગવાન્ ઋષભદેવજી જ પ્રથમરાજા તરીકે જાહેર થએલા છે. અને તેથી શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ અને શ્રી પર્યૂષણા કલ્પસૂત્ર જેવા જૈનોના મહાન સૂત્રોમાં તેઓને **पढमराया इ वा** એમ કહી જેવી રીતે ઋષભદેવજી નામ છે, એવી જ રીતે પ્રથમરાજા એ પણ ભગવાન્ ઋષભદેવજીનું નામ જ ગણવામાં આવેલું છે.

કલિકાલસર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરિજી શ્રી ઋષભદેવજી ભગવાન્નું પ્રથમરાજાપણું અસાધારણ છે, એમ કહીને વિશેષણદ્વારા **आदिमं पृथिवीनाथं** એમ કહે છે, પણ સૂત્રકારો તો તે પ્રથમ રાજાપણાના નામ તરીકે જણાવે છે, પ્રથમ રાજાપણું એ નામ તરીકે લઇએ કે વિશેષણ તરીકે લઇએ, કોઈપણ પ્રકારે લઈએ તો પણ ભગવાન્ ઋષભદેવજી સર્વે રાજાઓના પિતામહ છે, એમ કહેવામાં કોઈપણ પ્રકારની અતિશયોક્તિ કે અડચણ દેખાતી નથી.

### ભગવાનૂની રાજ્ય સાહેબી

જેવી રીતે ભગવાન્ ઋષભદેવજીનું પ્રથમ રાજાપણું હતું, તેવીજ રીતે તેમની રાજ્ય સાહ્યબી પણ પ્રથમ નંબરે જ હતી, કારણ કે ચક્રવર્તી અને વાસુદેવની સેવામાં જ્યારે હજારો યક્ષો કે જેઓ વ્યંતર નિકાયના હોઈ દેવ જાતિમાં તેવા હલકા દરજ્જાના હોઈ ઉત્તમ જાતિના ગણાતા નથી, તેવા યક્ષોથી સેવા પામતા હતા.

ત્યારે ભગવાન્ ઋષભદેવજી ખુદ વૈમાનિકના ઇંદ્રાથી તેમજ સર્વયક્ષાદિ દેવતાઓના અધિપતિ વૈશ્રમણ દેવથી પૂજા સત્કાર

પામેલા હતા. ભગવાન્ ઋષભદેવજીની નગરી જે વિનીતાના નામથી શાસ્ત્રોમાં ઓળખાય છે, તેની સર્વ રચના ઇંદ્રના હુકમથી વૈશ્રમણે કરી હતી.

વળી ભગવાન્ ઋષભદેવજી અને તેના કુટુંબના મહેલો અને તેની સજાવટ પણ ઇંદ્ર મહારાજના હુકમથી તે વૈશ્રમણ દેવે કરેલી હતી, ભગવાન્ ઋષભદેવજી જન્મ્યા પણ ન હોતા પણ સર્વાર્થસિદ્ધથી ચ્યવીને માત્ર ગર્ભમાં જ આવ્યા હતા, તે વખતે પણ સૌધર્મદેવ લોકના શક્ર ઇંદ્રે ભગવાન્ ઋષભદેવજીનું (ધર્મ) રાજાપણું અને ચક્રવર્ત્તિપણું નાભિમહારાજા અને મરૂદેવા માતાની આગળ ગાયું હતું અને વ્યંતરના ઇંદ્રો સિવાય બત્રીસ ઇંદ્રો એ નાભિ મહારાજા અને મરૂદેવા માતાની આગળ હાજર થઈ ભગવાન ઋષભદેવજીના તીર્થંકરપણાની દુદુંભિ વગાડી હતી.

એટલું જ નહિ. પણ ભગવાન ઋષભદેવજીનો વંશ સ્થાપનાનો મહોત્સવ, વિવાહનો મહોત્સવ, અને રાજ્યાભિષેક મહોત્સવ વિગેરે દુનિયાદારીના મહોત્સવો પણ ઇંદ્રમહારાજાએ હાજર થઇને કરેલા હતા.

આ બધી વસ્તુ જણાવવાનું કારણ એક જ કે—

ભગવાન ઋષભદેવજીનો રાજ્યકાલ કોઈ પણ પ્રકારે ચક્રવર્તી કે વાસુદેવથી ઉતરતો ન હોતો.

## ત્યાગી પુરુષોના પણ દાદા ભગવાન ઋષભદેવજી

વળી જેમ તેઓ રાજાપણાના અંગે જગતના સર્વરાજાઓના પિતામહ હતા. તેવી રીતે જગતના સર્વત્યાગી પુરુષોના પણ તેઓ પિતામહ જ હતા. અને તેથી જ તેઓનું નામ જૈનસૂત્રકારોએ પ્રથમ ભિક્ષાચર એમ જણાવવા **पढमे भिक्खकायरे इ वा** એમ કહેલું છે.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી પણ **आदिमं निष्परिग्रहं** એમ કહી ભગવાન ઋષભદેવજીને જ સર્વ ત્યાગીઓના પિતામહ તરીકે જણાવે છે.

ભગવાન **ઋષભદેવજી**ના પ્રથમ રાજાપણામાં તો ઇંદ્રાદિક દેવોનું અદ્વિતીય સાહાય્ય હતું, પણ ભગવાન **ઋષભદેવજી**ની સાધુતામાં કોઈ-પણ દેવની સાહાય્ય હતી નહિ. કેમકે કોઈપણ તીર્થંકર, કોઇપણ કાળે દેવ-દાનવ કે નરેન્દ્રની સાહાય્ય સ્વીકારતા નથી તેથી ભગવાન **ઋષભદેવજી**એ પણ કોઈપણ દેવ કે ઇંદ્રની સાહાય્ય લીધી નથી.

## ભગવાન ઋષભદેવજીના સાધુપણાની વિશિષ્ટતા

ભગવાન **ઋષભદેવજી**એ રાજ્યઋદ્ધિ, કુટુંબ કબીલો અને દુન્યવી સુખોનો ત્યાગ કર્યો. એ જો કે આ ભરતમાં પહેલ-વહેલો હોઈને ચમત્કાર રૂપ જ હતો, વિશેષ ચમત્કાર તો એ હતો કે ભગવાન **ઋષભદેવજી**ને દીક્ષા લીધી તે દિવસથી એક વર્ષ સુધી ભિક્ષા પામવાનો પ્રસંગ જ આવ્યો નહી. અને તેથી તેઓને સંપૂર્ણ એક વર્ષ સુધી સંપૂર્ણ નિરાહારપણે જ વિચરવું પડયું.

તે ભગવાન **ઋષભદેવજી**નું એક વર્ષ સુધી નિરાહારપણે વિચરવું કેટલું બધું કઠિન હશે ? તે આજકાલના ધાનના ધનેડા અને પાણીના પોરા કોઈ પ્રકારે કલ્પનામાં પણ લાવી શકે નહિ. પણ ખુદ ભગવાન **ઋષભદેવજી**ની સાથેના ક્ષત્રિય-લોહીને ધારણ કરનારા ઉગ્રભોગ અને રાજન્યની જાતના જે ચાર હજાર દીક્ષિત થયેલા હતા, તેઓ તે ભિક્ષાની પ્રાપ્તિના કારણથી જ વનવાસી થઈ ફલફળનો આહાર કરનારા થયા, અર્થાત્ તેઓ પણ ક્ષત્રિયવટને અનુસરીને લીધેલી સાધુતાને ટકાવી શકયા નહિ, આવી નિરાહારપણાવાળી સાધુતા ભગવાન ઋષભદેવજી મહારાજે એક વર્ષ સુધી નિભાવી.

## ઇંદ્રમહારાજા દીક્ષાની વિધિથી અજાણ હતા કે શું ?

ભગવાન્ **ઋષભદેવજી**ની વખતે કોઈપણ ભિક્ષાચર રોટલાની ભીખ માંગતો ન હતો, તેમજ લોકો પણ ધન-ધાન્ય, કણ-કાંચનની ઋદ્ધિથી સંપૂર્ણ સમૃદ્ધ હોઈ મનુષ્ય રોટલા નો કે ખોરાકનો ભિક્ષુક

હોય એવી કલ્પના પણ થઈ શકે તેમ ન હતી, તેમાં પણ પ્રથમ રાજા તરીકે પંકાયેલા અને ઇંદ્રની સાહ્યબીવાળા તરીકે જાહેર થએલા જગતના દાદા ભગવાન્ ઋષભદેવજીને કોઈ રોટલા અને ખોરાકની નિમંત્રણા કરે એ સ્વપ્ને પણ સંભવિત નહોતું.

વળી ભગવાન ઋષભદેવજી નિર્ગ્રંથની કોટિમાં ઉચ્ચ-કલ્પવાળા હોઈને વનવગડામાં જ સ્થિત રહેનારા હોઈ માત્ર ભિક્ષાને અંગે જ લોકોના ઘર આગળ જતા હતા, તેથી તેઓ કોઈના પણ અતિથિ કે અભ્યાગત ગણી શકાય તેવો પ્રસંગ જ ન હતો.

આવા કારણથી ભગવાન ઋષભદેવજીને સંપૂર્ણ એક વર્ષ સુધી કોઇએ પણ ખોરાકની વિનંતિ કરી નહિ, જે પણ પ્રજાજનો તેઓના પવિત્ર આગમનથી પરમ હર્ષમાં આવતા હતા, તે બધા કોઈ રાજ્યની, કોઈ હાથીની, કોઈ ઘોડાની યાવત્ કોઈ કોઈ તો કન્યાની દાનશક્તિ પ્રગટ કરવા તૈયાર થતા હતા, પણ આહાર અને ભિક્ષા દેવાય કે લેવાય એની તો તેઓને સ્વપ્નમાં કલ્પના પણ થતી નહોતી, તો પછી ભિક્ષા લેવાની પ્રાર્થના કરવાનું વચન તો અંશે પણ નિકળે ક્યાંથી ?

જો કે કુટુંબી અને પ્રજાજન ભિક્ષા દેવા-લેવાના વ્યવહારથી અનભિજ્ઞ હતા અને તેથી તે ભિક્ષા દેવા તૈયાર ન થાય એ સ્વાભાવિક હતું. છતાં જે ઇંદ્ર મહારાજાઓએ ભગવાન્ ઋષભ-દેવજીની જન્મકાલથી તો શું પણ ગર્ભકાલથી જ સેવા ઉઠાવી હતી તેવા ઇંદ્ર મહારાજાઓ જેઓ મહાવિદેહ ક્ષેત્રમાં શાશ્વતા વિહરમાન જિનેશ્વરો પાસેથી ભિક્ષાનું અને દીક્ષાનું સ્વરૂપ સારી રીતે જાણતા હતા, છતાં બાંધેલા કર્મનો ઉદય એક એવી ચીજ છે કે જેને દેવેન્દ્રો પણ મિથ્યા કરી શકતા નથી, અને તેથી કોઈપણ દેવેન્દ્રને લોકોને ભિક્ષાનો વિધિ બતાવવાનો વિચાર સૂઝ્યો જ નહિ, પણ વર્ષની આખરે સ્વયંજ્ઞાની ભગવાન્‌ના પુત્રના પુત્રને ભિક્ષા દેવાનો વિચાર

સૂઝ્યો અને તે શ્રેયાંસકુમારે ભગવાન્ ઋષભદેવજીને ઇક્ષુરસરૂપી ખોરાકની વિનંતિ કરી અને ભગવાનનું પારણું થયું.

**તપસ્યાનું અનેરૂં સ્થાન**

ભગવાનના વાર્ષિક તપ અને શ્રેયાંસના દાનનું સિંહાવલોકન કરવાને અંગે જણાવવાનું કે—

જૈન જનતા સારી રીતે જાણે છે કે જન્મ-જરા-મરણ અને રોગ-શોકાદિકથી ભરેલા એવા આ સંસાર-સમુદ્રથી પાર પામવા ઇચ્છનારને સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીનો અંગીકાર કરવાની જરૂર છે, પણ તે અંગીકાર કર્યા છતાં પૂર્વના અસંખ્યાત ભવોના બાંધેલા અને અનન્તભવથી પરંપરાએ બંધાઈ રહેલા કર્મ પડલને નાશ કરવા માટે જો કોઈપણ અમોઘ હથીયાર તરીકે વસ્તુ લેવા લાયક હોય તો તે માત્ર તપસ્યા છે. અજ્ઞાની ભદ્રક અને સામાન્ય જીવોના ઉપકાર માટે જ તપ છે એમ નહિ પણ ભગવાન્ જિનેશ્વર મહારાજોને પણ ઉપકાર કરનાર એ તપ છે.

ધ્યાન રાખવું જરૂરી છે કે કોઈ અતીત અનાગત કે વર્તમાન કાલે એ વસ્તુ બની નથી કે ચઉદ સ્વપ્નથી સૂચવેલ ઉત્તમતાવાળા ભગવાન્ તીર્થંકરો મોક્ષ શિવાયની બીજી ગતિમાં ગયા હોય કે જાય અથવા જશે એવું બને જ નહિં, ત્રિલોકનાથ ભગવાન્ તીર્થંકર મહારાજાઓ તો જરૂર તે જ ભવમાં મોક્ષને મેળવે જ છે, એવી રીતે જે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોને તે ભવે જ મોક્ષે થવાનું નક્કી હોય છે, તેવા જિનેશ્વર ભગવાનો પણ તપને આદરે છે, તો પછી અજ્ઞાની આદિ જીવોએ તો તપ સિવાય મોક્ષ મેળવવાની ઇચ્છા કેવી રીતે કરી શકાય ?

**જ્ઞાન કરતાં તપની બળવત્તરતા કેમ ?**

વળી એ પણ ચોખ્ખું છે કે આત્માને ઉન્માર્ગેથી રોકનારી કોઈ પણ ચીજ હોય તો તે જ્ઞાન છે, પણ તે જ્ઞાન આત્માને ઉન્માર્ગે

જતાં ત્યાં સુધી જ વળાવી શકે કે આત્માને તે ઉન્માર્ગનું ઉન્માર્ગપણે ભાન ન હોય અને પોતાની અજ્ઞાન દશાથી ઉન્માર્ગને ઉન્માર્ગ તરીકે સમજતો ન હોય અથવા સ્વરૂપે કરીને ઉન્માર્ગ હોય છતાં પણ વિધર્મીકુલમાં જન્મ થવાથી કે એવા સંસર્ગથી કે અજ્ઞાનથી તેને સન્માર્ગ ગણતો હોય.

કેમકે જ્યારે જ્ઞાનની જ્યોતિ પ્રગટે ત્યારે તે અજ્ઞાન અંધકારનો નાશ થાય છે, અને તેથી તે જ્ઞાનવાળો બનેલો પ્રાણી સન્માર્ગને સન્માર્ગ તરીકે અને ઉન્માર્ગને ઉન્માર્ગ તરીકે સમજે છે, જેથી તે સન્માર્ગનો આદર કરે છે અને ઉન્માર્ગનો ત્યાગ કરે છે, છતાં સન્માર્ગ અને ઉન્માર્ગને સારી રીતે જાણનારા તથા સન્માર્ગને આદરવામાં તથા ઉન્માર્ગને છોડવામાં જેઓ ઇચ્છા રાખે છે, છતાં તેના સંયોગો અને સહચારીઓ એવા હોય કે જેથી તે સન્માર્ગને માનનાર અને સન્માર્ગ આદરવાની ઇચ્છાવાળો છતાં સન્માર્ગે જઇ શકે નહિ. અને ઉન્માર્ગથી પાછો હઠવા માંગે છતાં ઉન્માર્ગથી દૂર જઇ શકે નહિ.

અર્થાત શ્રદ્ધા અને જ્ઞાનના માર્ગમાં જ્ઞાન બરોબર કાર્ય કરી દે છે, પણ આદરવાના સ્થાને એકલું જ્ઞાન એટલા બધા સામર્થ્યવાળું થતું નથી, માટે તેવે સ્થાને સંયોગ અને સહચારીઓને સુધારનાર કોઈ ચીજ જોઈએ અને તેવી ચીજ તે તપ છે, ઇંદ્રિયો અને કષાયોને કાબુમાં રાખવાનું આત્માને જોર આપનાર કોઈ પણ હોય તો તે તપ છે.

## ભગવાનની જ્ઞાનની દશા

ભગવાન્ જિનેશ્વરો ગર્ભથી અરે ! ગયે ભવથી તો ત્રણ જ્ઞાન ધારણ કરનારા હોય છે અને તે જ્ઞાનો ભગવાનને અપ્રતિપતિતપણે એટલે કોઈ દિવસ પણ ખસે નહિ તેવા હોય છે, એટલું જ નહિ પણ ભગવાન જિનેશ્વરોને તો મતિ શ્રુત અને અવધિ રૂપ ત્રણ જ્ઞાનો ઘણા જ નિર્મળ હોય છે, તે ત્રણ જ્ઞાનોની સાથે વળી જાતિ સ્મરણ જ્ઞાન પણ ભગવાન તીર્થંકરોને જન્મથી અવશ્ય હોય છે, જગતના

સામાન્ય જીવોમાં પોતાના વર્તમાન જન્મમાં પણ અમુક ઉંમર થયા પછી જે કંઇ અનુભવમાં આવે છે, તેનું સ્મરણ થાય છે.

અર્થાત બાલદશાનું સ્મરણ નથી હોતું તો પછી જન્મદશાનું અને ગર્ભદશાનું તે સ્મરણ હોય જ ક્યાંથી ? જ્યારે શ્રી જિનેશ્વર મહારાજાઓને તો ગર્ભની દશાથી સર્વ અનુભવોનું સ્મરણ હોય છે, અને તેથી જ ભગવાન મહાવીર મહારાજ ને ગર્ભ અવસ્થામાં પણ અંગોપાંગ સ્થિર કરી નિશ્ચલ રહેવાનો પ્રસંગ આવ્યો હતો.

આ ભવનું સ્મરણ થાય એટલું જ નહિ, પરંતુ ભગવાન જિનેશ્વરોને ગર્ભદશાથી જ ભવાન્તરના અનુભવને સ્મરણમા લાવનાર અને રાખનાર એવું જાતિ સ્મરણ પણ ત્રણ જ્ઞાનની સાથે જ હોય છે, એવા ભગવાન્ જિનેશ્વરોએ પણ મોક્ષની પ્રાપ્તિ માટે તપસ્યાની જરૂરીઆત દેખી છે.

આ ઉપરથી સામાન્ય જીવોએ સમજવું જોઇએ અને શાસ્ત્રકારો તેમ સમજાવે પણ છે કે આવા સમર્થજ્ઞાની અને મોક્ષે જવાનું જેઓને માટે નક્કી નિર્માણ થએલું છે, તેવા મહાપુરુષો પણ તપસ્યાને આચરે છે, તો પછી સામાન્ય જ્ઞાનવાળા અથવા તેવા જ્ઞાનથી પણ શૂન્ય એવા અજ્ઞાની જીવોએ મોક્ષ મેળવાની ઈચ્છાવાળા થઇને ઘોરતમ તપસ્યા માટે કેમ ઉદ્યમ ન કરવો ?

## વિશિષ્ટ ચારિત્રની પ્રાપ્તિ છતાં તીર્થંકરો તપ કરે છે.

વળી એ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે કે જે પણ ભવ્ય જીવો ચારિત્રને ગ્રહણ કરે છે, તે બધા કાંઈ ચરિત્રની ચાખડીયે ચઢવાની સાથે થવા વાળા જ્ઞાનને મેળવી શકતા નથી.

જુઓ ! શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના સાધુઓ હજારોની સંખ્યામાં હતા, પણ ચારિત્રને પ્રભાવે થવાવાળા મનઃ પર્યાય જ્ઞાનને ધરાવનાર તો માત્ર સેંકડોની સંખ્યામા જ હતા, તેમાં પણ ચારિત્ર લઈને પાછળથી જ મનઃપર્યાય જ્ઞાનને મેળવનારા તે સાધુઓ મ્હોટે ભાગે હતા, પરંતુ ચારિત્રના અંગીકારની સાથે

તો મનઃપર્યાયરૂપ ચારિત્રના સહચર ને મેળવનાર કોઈપણ નહોતા અથવા હતા તો માત્ર આંગળીના ટેરવે ગણાય તેટલા જ હતા. પરંતુ ભગવાન જિનેશ્વરોને માટે તો એ નિયમ છે કે તેઓ જ્યારે પણ ચારિત્રની ચાખડીએ ચઢે, ત્યારે તેઓને ચારિત્રના ગુણની સાથેજ મનઃપર્યાય જ્ઞાન થાય છે.

વળી અન્ય મહાનુભાવો સાધુઓ થયા હોય અને કદાચ મનઃપર્યવજ્ઞાનને મેળવી પણ શકે, તો પણ કોઇ કોઇને તો એવું મનઃપર્યયજ્ઞાન હોય કે જે ભવાન્તર થતાં નાશ પામે અથવા કદાચ કેવલજ્ઞાન ભવિષ્યમાં થવાનું હોય તો પણ તે ઉત્પન્ન થએલ મનઃપર્યાયજ્ઞાન ઋજુમતિની જાતિનું હોય કે જેથી કેવલજ્ઞાનની ઉત્પત્તિ સુધી રહે નહિ, પણ વચમાં પડી જાય, પરંતુ જિનેશ્વર ભગવાન્ને તો ચારિત્રની ચાખડીએ ચઢતાંની સાથેજ નિયમિત મનઃપર્યાય-જ્ઞાન ઉત્પન્ન થાય જ છે, એટલુંજ નહિ, પરંતુ તે મનઃપર્યાય જ્ઞાન પણ જ્યાં સુધી કેવલજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અવિચલપણે રહે છે, તેથી તે વિપુલમતિ નામનું મનઃપર્યાય જ્ઞાન કહેવાય છે.

આવા ઉંચા દરજ્જાના મનઃપર્યાય-જ્ઞાનવાળા થએલા પણ શ્રી જિનેશ્વર મહારાજાઓ જ્યારે મોક્ષની પ્રાપ્તિ અને કર્મક્ષય માટે તીવ્રતમ તપસ્યા આદરે છે, તો પછી જેઓની અહોનિશ પ્રમત્ત દશા ચાલતી હોય, જેઓને મતિ અને શ્રુત એ બે જ જ્ઞાનો હોય અને તે પણ કહેવાના જ! આવા સામાન્ય જ્ઞાનોને ધારણ કરનારા મહાનુભાવોએ મોક્ષ પ્રાપ્તિ અને કર્મક્ષયની ઈચ્છા હોય તો તપસ્યાના આચારમાં આલસ્ય કરાય જ કેમ?

## તપસ્વીની વિશિષ્ટતા

પૂર્વ-સાંગતિક દેવોની આરાધના કરવા માટે અભયકુમાર આદિએ અષ્ટમની તપસ્યા કરેલ છે, પણ સમ્યક્દર્શનાદિ ધારણ કરનારાઓની આરાધના કરી નથી. વળી ચક્રવર્તી વાસુદેવોએ પણ સમ્યગ્દર્શનાદિકની ભક્તિ સાધનાના પ્રસંગે કરી નથી.

વળી શાસ્ત્રકારોએ પણ સમ્યગ્દર્શનાદિકના દૂષણોની શુદ્ધિ કરવા માટે સમ્યગ્દર્શનાદિકની ભક્તિનો માર્ગ મુખ્યતાએ નથી રાખ્યો, પણ તપસ્યાનો માર્ગ જ બતાવ્યો છે, અર્થાત્ આલોચના, પ્રતિક્રમણ, તદુભય, વિવેક અને વ્યુત્સર્ગથી જે દૂષણોની શુદ્ધિ ન થાય તેવા દૂષણોની શુદ્ધિ પ્રાયશ્ચિત્તના અધિકારમાં આચાર્ય ઉપાધ્યાય આદિની ભક્તિને પણ તેવું સ્થાન ન આપતાં તપશ્ચર્યાને જ સ્થાન આપ્યું છે.

આ રીતે સ્વશાસનને અંગે તપશ્ચર્યાની પ્રધાનતાનો વિચાર કર્યો, પણ પર શાસનને અંગે વિચાર કરીએ તો તેમાં પણ તપસ્યા અગ્રસ્થાને દેખાય છે.

જુઓ! દેવદ્રવ્યના નાશ અને ભક્ષણના પ્રસંગે પણ શાસ્ત્રકારોએ અન્ય મતવાળા રાજા મહારાજાની દૃષ્ટિ ખેંચવા અને રક્ષણ કરાવવા તપસ્યા અને આતાપનાને સ્થાન આપ્યું છે, મિથ્યાદૃષ્ટિ દેવોનું આકર્ષણ કરનાર કોઈ જબરજસ્ત જો ચીજ હોય તો તે તપસ્યા છે.

જુઓ હરિકેશી મહારાજ સરખા ચાંડાલકુલવાળાને પણ તેઓની તપસ્યાને પ્રભાવે જ દેવતાઓ પણ સેવતા હતા.

શાસ્ત્રોમાં તપસ્વીઓને પ્રભાવકના સ્થાનમાં ગણ્યા છે.

આ બધું વિચારતાં જણાશે કે દેવ-દેવેન્દ્રો અને રાજા મહારાજાઓ તપસ્વી મહાત્માઓની સેવા કરનારા હોય છે. એવો તપનો અસાધારણ પ્રભાવ છે અને કેટલાકોને તે અસાધારણ પ્રભાવ માટે પણ કદાચ તપ કરવાનું મન થાય.

પણ આ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો ગર્ભથી અને જન્મથી દેવ-દેવેન્દ્રોથી પૂજાએલા છે. માટે તે ભગવંતોને દેવ-દેવેન્દ્રોની પૂજાનો કે જગતના લોકોને આકર્ષવાનો પણ મુદ્દો હોતો નથી.

એટલે સ્પષ્ટ પણે કહેવું જોઈએ કે નક્કી મોક્ષે જવા વાળા છતાં વળી તે જ ભવમાં મોક્ષે જવાનો જેઓને માટે નિશ્ચય છે, તેમજ જેઓ ચાર અપ્રતિપાતી જ્ઞાનોને ધારણ કરનાર છે, વળી જેઓની ગર્ભઅવસ્થાથી જ ઇન્દ્રો અને નરેન્દ્રો સેવા કરે છે, એવા જિનેશ્વર ભગવાનો જ્યારે ફક્ત મોક્ષની પ્રાપ્તિ અને કર્મના ક્ષયને માટે તપસ્યા કરે છે.

ત્યારે જે આ જગતના અન્ય જીવો કે જે નથી તેવા મોક્ષના નિશ્ચયવાળા, નથી તદ્ભવે મોક્ષે જવાના નિશ્ચયવાળા, નથી અપ્રતિપાતી જ્ઞાનવાળાં! નથી મનઃપર્યાય જ્ઞાનવાળા! અને જેઓ દેવેન્દ્ર અને નરેન્દ્રોથી સેવાયેલા પણ નથી, તેવા જીવો મોક્ષને પામવાની ઈચ્છાવાળા અને કર્મક્ષયનું પરમધ્યેય રાખવાવાળા છતાં તેવી તપસ્યા તરફ બેદરકારી કે આલસ્ય દાખવે તે ખરેખર વિચારવા જેવું છે.

## તપસ્યાને અંગે જરૂરી તર્કોના સ્પષ્ટ સમાધાનો

ઉપર જણાવ્યા પ્રમાણે જૈનશાસનને અંગે સમ્યગ્દર્શનાદિકની પ્રાપ્તિ થયા છતાં પણ તપસ્યાની અત્યંત જરૂરત છે, પણ જેમ વસ્તુમાં સુન્દરતાની અધિકતા હોય છે, તેમ તેમાં વિઘ્નોનો દરોડો પણ પડે છે. શાસ્ત્રકારો પણ સ્થાને સ્થાને એ જ જણાવે છે કે- श्रेयांसि बहुविघ्नानि, અર્થાત્ કલ્યાણકારી કાર્યો ઘણા વિઘ્નોવાળા હોય છે.

આ બાબતમાં પણ બે મત જુદા પડે છે, **શ્રી જિનભદ્ર ક્ષમાશ્રમણજી** આદિનો એક મત એવો છે કે કલ્યાણકારી કાર્યો હોય તે વિઘ્ન-બહુલતાવાળા હોય છે.

જ્યારે બીજો **શ્રી ચંદ્રસેનસૂરિજીનો** મત એવો છે કે બહુ વિઘ્નોવાળાં જે કાર્યો હોય તે જ કલ્યાણકારી કાર્યો ગણાય, અર્થાત્ **શ્રી જિનભદ્ર ક્ષમાશ્રમણ** આદિના મંતવ્ય પ્રમાણે કલ્યાણકારીપણું એ હેતુ તરીકે છે. અને વિઘ્નબહુલતાવાળાપણું સાધ્ય તરીકે છે.

અને એ અપેક્ષાએ अश्रेयसि વગેરે વાલું ઉત્તરાર્ધ વૈધર્મ્ય દૃષ્ટાન્ત તરીકે નહી, પણ માત્ર વસ્તુની હકીકત સમજાવે છે, કારણકે વ્યતિરેકી દૃષ્ટાન્ત લઈએ તો હેતુના અભાવે સાધ્યનો અભાવ લેવો પડે અને તેમ તે લેવાય નહિ, પણ કદાચ સમવ્યાપ્તિપણું લઈએ તો ચાલી શકે.

શ્રી ચંદ્રસેનસૂરિજીના મંતવ્ય પ્રમાણે તો બહુ વિઘ્નવાળાપણું એ હેતુ વાકય છે. અને ઉત્તરાર્ધનો ભાગ વ્યતિરેક વ્યાપ્તિનું સ્થાન બને છે.

ટુંકાણમાં એટલું જ કહેવાનું કે **કલ્યાણકારી કાર્યો જરૂર વિઘ્નવાળા હોય છે.**

જ્યારે સર્વ કલ્યાણકારી કાર્યો વિઘ્નોવાળાં હોય તો પછી તપસ્યા જેવા મોક્ષની પ્રાપ્તિ અને કર્મક્ષયના અસાધારણ કાર્યમાં વિઘ્નો હોય તેમાં તો નવાઇજ શી ?

આ તપસ્યાના કાર્યમાં શરીર–સંહનનની ખામી આદિ વિઘ્નો જેટલું નુકશાન નથી કરતા, તેના કરતાં તેના વિરોધી લોકોના વચનો વધારે નુકશાન કરે છે. તપસ્યા રૂપ કલ્યાણકારક માર્ગનો પ્રથમ નંબરે જો કોઇ વિરોધી હોય તો તે બૌદ્ધ ધર્મ છે.

બૌદ્ધો તપસ્યામાં થતા અસાતાના ઉદયને પ્રધાન પદ આપીને કર્મના અર્થાત્ અસાતાના ઉદયરૂપ તપને માનીને તપને દુઃખરૂપ માને છે, અને તેથી તપની અધિકતાએ ગુણની અધિકતા માનવાની ના પાડે છે.

આ સ્થાને સર્વજ્ઞ–શાસનને અનુસરનારાઓએ સમજવાનું કે, પ્રથમ તો મોક્ષની પ્રાપ્તિ અને કર્મના ક્ષય માટે તપ કરાય છે, માટે તે તપ કરવાના પરિણામ ઔદયિક એટલે કર્મના ઉદયથી થએલા નથી, જો કર્મના ઉદયથી એટલે અસાતાના ઉદયને લીધે એ પરિણામ થતા હોત તો નરક અને તિર્યંચ ગતિના જીવો મ્હોટા તપસ્વી થઈ જાત! પણ તપ એ ચારિત્ર રૂપ હોવાથી ક્ષાયોપશમિકાદિ સ્વરૂપ છે.

વળી જો તપ કરતાં અસાતા કર્મનો ઉદય થાય છે અને તેથી તે તપ ઔદયિક ગણુવામાં આવે અને તેથી ગુણરૂપ ન ગણાય તો પછી ક્ષાંતિ-માર્દવ આદિ ધર્મો પણ ક્રોધાદિકના ઉદયને વેદવા અને ફળ ન આપવા દેવા રૂપ હોઈ તે પણ ગુણપણે નહી મનાય, સંયમ પણ ઇંદ્રિયોના નિગ્રહરૂપ હોવાથી પીડામય ગણાશે, તેથી જો તપ મોક્ષનો માર્ગ નહિ રહે તો પછી સંયમ પણ મોક્ષનો માર્ગ નહિ રહે.

વળી કોઇપણ દુર્જન મનુષ્ય કોઇપણ સંત પુરુષને દુઃખ કરે છે, તે પણ સત્પુરુષના કર્મના ઉદય સિવાય નથી કરતો, માટે દુર્જનો ના કરાતા ઉપદ્રવો સહન કરવા તે પણ દુઃખરૂપ થશે, અને તે સહનશીલતા પણ મોક્ષનો માર્ગ નહિં ગણાય, વળી શીત અને તાપને પણ સહન કરતાં જરૂર દુઃખ થશે, માટે તે શીત અને તાપનું સહન પણ તપસ્વીપણાને જણાવનાર કે શોભાવનાર થશે નહિં.

પણ ખરી રીતે ક્ષમા આદિ ગુણો ધર્મ રૂપ છે, કર્મોના ઉદયવાળા છતાં સાધનારને ધર્મરૂપ બને છે, તેવી રીતે આ તપ પણ કર્મોદયને દુઃખ રૂપ હોય છતાં સાધનારને ધર્મરૂપ છે.

વળી આત્માના જ્ઞાનાદિ ગુણોને ક્ષાયોપશમિક ભાવે પ્રાપ્ત કર્યા પછી તે તે જ્ઞાનાવરણીય આદિ ઘાતી કર્મોની ઉદીરણા કરીને ક્ષયનો પ્રસંગ સાધવો પડે છે. માટે તે જ્ઞાનાદિકને પણ ગુણ તરીકે ગણી શકાશે નહિં, વળી આ તપસ્યા તો મુખ્ય ભાગે અસાતારૂપ અઘાતીની જ ઉદીરણા કરનાર છે. ત્યારે જ્ઞાનાદિક જે ક્ષાયોપશમિક ભાવે મળે છે તેમાં તો ક્ષયની ઇચ્છાવાળાને તે તે ઘાતીની ઉદીરણા કરવી પડે છે. તો પછી તે ઘાતીની ઉદીરણાવાળા જ્ઞાનાદિને મોક્ષ પ્રાપ્તિના સાધનો જો માનીએ છીએ તો પછી અઘાતીની ઉદીરણાવાળું તપ હોય તેટલા માત્રથી તેને મોક્ષનો માર્ગ કેમ ન મનાય ?

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જ્ઞાનાદિક ગુણો માત્ર પોત-પોતાની જાતના ઘાતીનો ક્ષય કરવામાં વધારે ઉપયોગી છે, ત્યારે આ તપસ્યા તો સર્વઘાતી અને અઘાતી કર્મોના ક્ષયનું કાર્ય કરે છે.

માટે તપને મોક્ષ પ્રાપ્તિનું સાધન કેમ ન મનાય ?

વળી જે જે જીવો કૈવલ્ય અને મોક્ષને પામ્યા નથી, તે તે બધા જીવો તે તે પાપકર્મથી ઘેરાયેલા છે એ ચોક્કસ છે.

તેથી પૂર્વભવના બાંધેલા પાપવાલા જ સર્વ જીવો છે અને તેથી જેઓ પોતાને છદ્મસ્થ છતાં પાપરૂપ ન માને તેઓ તણખલાથી ઢંકાએલા ચોર જેવા છે.

ઉપરની હકીકતથી સમજાશે કે દરેક છદ્મસ્થ જીવે પોતાના ઘાતી અને અઘાતી કર્મોના ક્ષયને માટે તપસ્યાનો આદર કરવો જ જોઇએ.

**તપસ્યા એ અંતરાયનો ઉદય ગણાય ?**

બૌદ્ધ જેવા લોકો જ્યારે તપસ્યાને અસાતા એટલે દુઃખના ઉદયરૂપ જ ગણાવીને નિવારે છે.

ત્યારે કેટલાકો તો તપસ્યા એ અન્ન-પાણી રૂપ ભોગ્યપદાર્થને ન મેળવવામાં કે ન મળવામાં ભોગાંતરાયનો ઉદય જણાવી તપસ્યાને ગુણપણામાંથી કાઢી નાંખે છે, પણ આ સ્થાને શાણાપુરૂષોએ સમજવાની જરૂર છે કે અંતરાય કોને કહેવો ?

શબ્દની વ્યુત્પત્તિને તથા શાસ્ત્રને સમજવાવાળા તો સમજી શકશે કે દાતાર કે લેનારની ઈચ્છા દાન કે લાભ માટે હોય અને વચમાં નડે તેનું નામ જ અંતરાયનો ઉદય કહેવાય.

એવી રીતે જેને ભોગ અને ઉપભોગની ઈચ્છા હોય અને તે ઈચ્છા છતાં જ્યારે તે વસ્તુઓ ન મળે ત્યારે એને અંતરાયનો ઉદય કહેવાય.

પણ તપસ્યા કરનારા મનુષ્યો અન્નપાણીની ઇચ્છાવાળા છે અને તે મેળવવા જાય છે અને એને નથી મળતા તેથી ભૂખ્યા રહે છે એમ નથી, તપસ્યા કરવાવાળા જીવો તો ભોગ અને ઉપભોગની ગવેષણા કર્યા શિવાય જ ત્યાગ કરે છે.

અર્થાત્ મળેલ અને નહિ મળેલા તમામ ભોગ અને ઉપભોગ પદાર્થોનો ત્યાગ કરે છે અને એટલા માટેજ શાસ્ત્રકારોએ सव्वाओ मेहुणाओ वेरमणं અને सव्वाओ परिग्गहाओ वेरमणं એવા વ્રતો રાખ્યાં છે જો અપ્રાપ્ત કે પ્રાપ્ત એવા ભોગોનો જ ત્યાગ કરવાનો હોત તો पत्ताओ मेहुणाओ वेरमणं અને पत्ताओ परिग्गहाओ वेरमणं અથવા अपत्ताओ मेहुणाओ वेरमणं અને अपत्ताओ परिग्गहाओ वेरमणं એવા વ્રતો રાખત.

અર્થાત્ મહાવ્રતવાળાને જેમ પ્રાપ્ત કે અપ્રાપ્ત બન્ને પ્રકારના મૈથુનો અને પરિગ્રહો છોડવાના છે, તેવી રીતે તપસ્યાના પરિણામ-વાળાને પ્રાપ્ત અને અપ્રાપ્ત બન્ને પ્રકારના ભોગો છોડવા છે, માટે તે તપસ્યા અંતરાયના ઉદયરૂપ છે, એમ કહી શકાય જ નહિ.

ધ્યાન રાખવાની જરૂર છે કે જો તપસ્યાને અંતરાયના ઉદયરૂપ માનવામાં આવશે તો બ્રહ્મચર્ય અને સંયમને મહા અંતરાયરૂપ માનવા પડશે.

બીજી બાજુથી વિચાર કરીએ તો કદાચિત્ સંકલ્પદશાની બલવત્તરતાને લીધે કદાચ તપસ્યામાં અન્ન-પાણીની ઇચ્છા થઇ પણ જાય, પણ તેને રોકવા પ્રયત્ન કરવાની જરૂર ધર્મિષ્ટોની છે. પણ તેથી તપની પ્રવૃત્તિ તજી દેવા જેવી નથી.

જો કે આહાર-પાણી આદિની થએલી ઇચ્છા તેના ભોગથી નિવૃત્ત થઇ જાય છે એમ લાગે છે, પણ તે ભોગ દ્વારા થતી ઇચ્છાની તૃપ્તિથી થતી ઇચ્છાની નિવૃત્તિને શાસ્ત્રકારો એક ખભાનો ભાર બીજા ખભે લઈ જવા જેવું જ ગણે છે.

અર્થાત્ તે પ્રવૃત્તિથી થએલા સંસ્કારો તીવ્રકર્મો બંધાવવા દ્વારા રખડાવી મારનાર થાય છે, માટે કર્મબંધનથી ડરીને કર્મોના ક્ષય માટે તપસ્યામાં તત્પર રહેવું એ જ મોક્ષપ્રાપ્તિનો મુખ્ય રસ્તો છે. અને તેથી જ ભગવાન જિનેશ્વર મહારાજાને પણ એવી ઉંચી અવસ્થામાં પણ મોક્ષને માટે તે તપસ્યાનો આદર કરવો જરૂરી જણાયો છે.

## જૈન શાસનમાં તપનું સ્થાન

આ રીતે આપણે તપસ્યાની જરૂરીયાત વિચારી તેની સાથે જ કર્મના ક્ષય અને મોક્ષની પ્રાપ્તિ માટે કરાતું તપ ધર્મરૂપ જ છે, પણ તે તપ ઉદય રૂપ નથી, અંતરાય રૂપ નથી, દુઃખ રૂપ નથી, એ વાત પણ વિચારી.

વળી એ પણ જોઈ ગયા કે મોક્ષના નિશ્ચયવાળા અને તે જ ભવે મોક્ષ પામવાના નિશ્ચયવાળા અને દેવેન્દ્ર-નરેન્દ્રોથી પૂજ્ય એવા શ્રી જિનેશ્વર મહારાજે પણ તપસ્યાને જ કર્મોનો ક્ષય કરવા માટે પરમ સાધન તરીકે ગણેલી છે.

હવે એ તપધર્મની બીજી રીતે મહત્તા વિચારીએ.

દાન નામનો ધર્મ બાહ્ય અને ક્ષણે ક્ષણે આવવા-જવાવાળા પદાર્થની મુખ્યતાએ બને છે અને તેથી જેટલો દાનધર્મ સ્હેલો છે તેના કરતાં શીલ ધર્મ ખૂબ મુશ્કેલ છે. કેમકે-વિષયની વાસના આત્માની અનાદિકાલથી પડી ગએલી ખરાબ આદતોને આભારી છે, તેમજ આત્માની સાથે ક્ષીર-નીર ન્યાયે એકમેક થએલ એવી શરીરના જ ફલ રૂપ ઇંદ્રિયોની વિકૃતિરૂપ છે, તથા અનાદિકાલથી બાહ્ય સુખો તરીકે ગણાતા વિષયોને કાબૂમાં લેવા માટે બાહ્ય સંજોગ-સામગ્રીના ફલરૂપ મનાયેલા હતા, તે સર્વે શરીરની સુકુમાલતા, ઇંદ્રિયોની સ્વચ્છંદ પ્રવૃત્તિ અને વિષયોના વિરમણરૂપ હોવાથી શીલધર્મનું પાલન દાન ધર્મ કરતાં મુશ્કેલ છે.

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે દાન ધર્મની વખતે આત્માએ ઉભા કરેલા મમત્વ ભાવને છોડવાનો હોય છે; તેમજ માત્ર વિષયોના સાધનોને છોડવાનાં હોય છે, ત્યારે શીલ-ધર્મમાં સુખ તરીકે અનુભવમાં આવતા અને અધિકારથી રાખેલા પદાર્થોના ફળરૂપ વિષયો પર કાબૂ મેળવવાનો હોય છે.

વળી દાનધર્મમાં અમુક બાહ્ય પદાર્થના જે કે આત્માને પોતાની તરફ આકર્ષણ કરનારા હોતા નથી, તેવા તે બાહ્ય પદાર્થના એક અંશનો માત્ર ત્યાગ કરવાનો હોય છે. ત્યારે શીલધર્મના પાલનની વખતે તો આત્માને હરેક વખત આકર્ષણ કરતા અને મળ્યા પછી વિયોગ થતી વખતે આત્માની અસ્તવ્યસ્ત દશા કરી નાંખતા વિષયો ઉપર કાબુ મેળવવાનો હોય છે. તેથી તે પણ શીલધર્મની દાન કરતાં મુશ્કેલી જણાવે છે.

બીજી એક વાત એ પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે દાન ધર્મ એ એક એવો ધર્મ છે કે જે માત્ર આત્માથી ભિન્ન રહેવાવાળા એવા પદાર્થના ઉપયોગથી બીજાના પૌદ્ગલિક એવા દુઃખોને દૂર કરનાર હોય છે, તેમજ અન્ય દાન પામનારાઓને ઇંદ્રિયો સંબંધી સુખોને ઉપજાવનાર હોય છે. તેથી તે દાનધર્મની પ્રેરણા કરનારો પણ કોઇક વર્ગ હોય છે,

અર્થાત્ દુઃખી અને યાચકો દાનધર્મને અંગે પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે પણ પ્રેરણા કરનાર હોય તો પણ તે દાનધર્મની આચરણામાં ઈતર વર્ગ પ્રેરનાર કે પોષનાર બને છે.

જ્યારે શીલધર્મથી ઈતર જનોના બાહ્ય દુઃખોને દૃશ્ય રીતે નાશ ન હોવાથી તથા ઈતર જનને તેનાથી બાહ્ય સુખની ઉત્પત્તિ ન હોવાથી ઈતર વર્ગ તે શીલધર્મનો પ્રેરક કે પોષક બનતો નથી, એટલું જ નહિ, પણ ખરાબ ચાલમાં સામેલ થએલો પર વર્ગ તેમજ જેઓને અબ્રહ્માદિકથી સુખની માન્યતા થઈ છે, એવો સંબંધી

વર્ગ પણ પોતાનું અને ત્યાં સુધી શીલધર્મની દશાને દૂર કરાવવામાં જ સહાયક બનનારો થાય છે.

અર્થાત્ એ અપેક્ષાએ પણ દાનધર્મ કરતાં શીલધર્મની મુશ્કેલી છે. આવી રીતે દાન ધર્મ અને શીલધર્મની આરોપિત મમત્વભાવના ત્યાગથી અને બાહ્ય સુખમાં સામેલ થએલા વર્ગની પ્રેરણાની બેદરકારી કરવી પડતી હોવાથી મુશ્કેલી છે, પણ તે દાન ધર્મ અને શીલધર્મ કરતાં પણ તપસ્યાના ધર્મની તો અત્યંત મુશ્કેલી છે.

## તપસ્યાના ધર્મની વિશિષ્ટતા

દરેક જીવ અનુમાનથી જાણી શકે છે અને શાસ્ત્રકારો સ્પષ્ટપણે સમજાવે છે કે આ સંસારમાં દરેક જીવને રહેલી ચારે સંજ્ઞાઓમાં પહેલી આહાર સંજ્ઞા છે. અને તે આહાર સંજ્ઞા એવી જબરદસ્ત છે કે તેનો નાશ ઉચ્ચતમ ગુણઠાણાની પ્રાપ્તિ સિવાય શકય જ નથી.

વળી મૈથુન પરિગ્રહ અને ભયનાં કાર્યો દરેક જીવની સમજણ શક્તિ થવા પછી જ થાય છે અને થઇ શકે છે.

ત્યારે આહારને માટે તેવી વિશેષ સમજણની દરકાર રહેલી નથી.

શાસ્ત્રકારોના ફરમાવવા મુજબ સંસારના કોઈપણ જીવને કોઈપણ સમય આહાર વિનાનો રહેતો જ નથી.

વિગ્રહગતિ સમુદ્‌ઘાતના આઠ સમયમાંથી વચલો થોડો કાળ અથવા અયોગી કેવલીપણું જે પાંચ હ્રસ્વ અક્ષરોને મધ્યમ સ્વરે ઉચ્ચારીએ તેટલા કાળ જેટલું છે. એ ત્રણે અવસ્થા સિવાયના સર્વસંસારી જીવો આહાર સિવાય એક ક્ષણ પણ રહેતા નથી; એ ઉપરથી પણ સમજાશે કે આહારની દરકાર આ જીવને બીજી સર્વ જરૂરીયાતી ચીજોની દરકાર કરતાં વધારે છે.

વળી દાન ધર્મને અંગે જ્યારે માત્ર આરોપિત એવો સુખ ભાવ છોડવો પડે છે, અથવા બાહ્ય સુખોના સામાન્ય સહેજે મળે એવા સાધનો છોડવા પડે છે અને શીલ ધર્મને અંગે માત્ર પુદ્ગલના સંયોગથી ઉત્પન્ન થએલા સુખના સંસ્કારોની ઉપર કાબુ મેળવીને માત્ર માનેલું સુખજ છોડવું પડે છે, ત્યારે તપસ્યાને અંગે પ્રવૃત્તિ કરનાર મનુષ્યને બાહ્ય સુખનાં સાધનોને મળ્યા છતાં ન વાપરવાં તેમજ બીજાં મેળવવા ઉદ્યમ કરવો નહિ, અર્થાત આહાર રૂપ જે બાહ્યસુખનું સાધન છે, તે તપસ્યા કરનારને જે મળ્યું હોય તેનો પણ ઉપયોગ કરવો નથી, તથા તે મળેલા સિવાયના નવા મેલવવા માટે પણ ઉદ્યમ કરવાનો રહેતો નથી.

યાદ રાખવું કે દાનને દેનારો મનુષ્ય જે અશનાદિનું કે રૂપૈયા આદિનું દાન કરે છે, તે મળેલા સાધનને દૂર કરે છે, પણ સાથે સાથે અન્ય-અન્ય તે તે સાધનો મેળવવાનો ઉદ્યમ બંધ કરતો નથી, અર્થાત પદાર્થ છોડે છે, પણ દાનધર્મવાળો પ્રીતિ છોડતો નથી અને આહારના છોડવારૂપ તપસ્યામાં તો પદાર્થ છોડવાનો થાય છે, અને પ્રીતિ પણ છોડવાની થાય છે.

વળી શીલ ધર્મને અંગે પ્રવર્તવાવાળો જીવ વિષય-કષાયની વૃત્તિ ઉપર કબજો રાખી કહેવાતા ઇંદ્રિયોના સુખનો ભોગ આપે છે, પણ એ દાનધર્મ અને શીલધર્મમાં દુઃખ થવાનો અંશેપણ પ્રસંગ નથી, જ્યારે આ તપધર્મમાં તો સર્વ વેદનામાં छुहासमा वेयणा णत्थि એમ કહીને સ્પષ્ટપણે સર્વ વેદનામાં આગેવાન જણાવેલી એવી વેદના સહન કરવાની હોય છે.

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે બાહ્ય પદાર્થો તરફ જીવનું આકર્ષણ નથી, અર્થાત્ બાહ્ય પદાર્થો જે અશનાદિ અને રૂપૈયા વગેરે છે તે જીવને ખેંચનારા નથી, માત્ર જીવ પોતાની મેળે તે બાહ્ય પદાર્થો તરફ ખેંચાય છે.

અત્યાર સુધી ભવમાં ભ્રમણ કરતા અને ભવિષ્યમાં પણ કરવા વાળા જીવોને તે બાહ્ય પદાર્થો જે આકર્ષક તરીકે લાગે છે, તે કેવલ થાંભલાને બાઝેલો મનુષ્ય થાંભલે બંધાય અને પછી એવો પોકાર કરે કે મ્હને થાંભલાએ બાંધ્યો છે, એના જેવું તે બાહ્ય પદાર્થોનું આકર્ષણ છે.

અર્થાત્ બાહ્ય પદાર્થો કોઈપણ પ્રકારે જીવને આકર્ષવાની શક્તિ ધરાવતા નથી, એવી જ રીતે ઇંદ્રિયો અને વિષયો પણ જીવને આકર્ષનાર નથી. એ પણ ચોક્કસ છે.

ઇંદ્રિયો અને વિષયોને જીવના આકર્ષનાર માનવા તે કેવલ ચણાએ ભરેલી ગોળીમાં માંકડો હાથ ઘાલી મુઠીમાં ચણા લે અને પછી મુઠી કહાડવા જાય અને ન નિકળે ત્યારે તે માંકડો એમ માની લે કે હું ગોળીથી બંધાયો છું. જેમ એ માંકડાની માન્યતા પોતાની ભૂલ ઉપર જ ઉભી થઈ છે, તેવી રીતે ઇંદ્રિયો અને વિષયોમાં જીવ જોડાઇ જાય અને પછી ઇંદ્રિયો અને વિષયોને આધીન થાય ત્યારે તે એમ સમજે કે ઇંદ્રિયો અને વિષયોએ મને બાંધ્યો છે.

પણ જેમ માંકડાને હાથ ઉપર સોટી વાગે અને મુઠી છોડી દે ત્યારે તેનો હાથ છુટો થઇ જાય છે. અથાત્ માત્ર હાથ ખોલવા સિવાય માંકડાને ગોળીથી છુટવા માટે બીજું કરવું પડતું નથી.

તેવી રીતે ઇન્દ્રિયો અને વિષયો તરફ આ જીવ પોતે ઝુકયો છે અને વિષયો મ્હને બંધન કરનાર છે એમ માને છે, જ્યારે સર્વજ્ઞ ભગવાનના શાસનની સોટી ભવ્ય જીવને લાગે છે, ત્યારે તે ભવ્ય જીવ ઇંદ્રિયો અને વિષયોના બંધનથી છુટો થઈ જાય છે, અર્થાત્ ઇંદ્રિયોને ખેંચવા માટે વિષયો આવતા નથી તેમજ મનને ખેંચવા માટે કષાયો પણ આવતા નથી ઇંદ્રિયો અને મનનો સ્વભાવ વિષયો અને કષાયો તરફ જવાનો છે, પરન્તુ વિષયો કે કષાયોનો સ્વભાવ ઇંદ્રિયો કે મનને ખેંચવાનો નથી.

આ ઉપરથી સમજાશે કે દાનધર્મ અને શીલધર્મ એ બે ધર્મ આકર્ષકના જોરને નાશ કરીને કરવા પડતા નથી, પણ આહારની પ્રવૃત્તિ અને ઇચ્છા તો આ જીવને હમેશાં આકર્ષનાર રહે છે.

દરેક આદમી તપાસશે તો માલમ પડશે કે પોતે ભૂખને યાદ લાવતો નથી, પણ ભૂખજ તે જીવને પોતાનું ભાન કરાવે છે અર્થાત્ આ તપસ્યાની ક્રિયામાં આવનારને ભૂખનું આકર્ષણ અને દબાણ કોઈ જુદી જાતની જ અસર કરે છે,

વળી એકવાત એ પણ વિચારવા જેવી છે કે બાહ્ય સંજોગો કોઈપણ જીવને અનાદિથી અનુકુલતાવાળા નથી, તેમ ઇંદ્રિયો અને મન પણ અનાદિના અપ્રતીતપણે નથી, છતાં તપસ્યાને અંગે છોડવો પડતો આહાર તો અનાદિકાલનો છે અને તે આહારની ઇચ્છા કરાવનાર તૈજસ-કાર્મણ શરીરો પણ અનાદિકાલથી કોઈ પણ દિવસ કે સમય છુટા પડયા સિવાય આત્માની સાથેને સાથેજ ચાલુ રહેલા છે, એવા અનાદિના ગોઠીયા તરીકે રહેલા તૈજસ-કાર્મણ ઉપર પ્રભાવ પાડવાનું કાર્ય જેઓ કરવા માગે તેઓજ તપસ્યા કરવાને તત્પર થઈ શકે.

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે બાહ્ય સંજોગો કંઇ કર્મ ઉદયના પ્રભાવે નથી, તેમજ ઇંદ્રિયોને વિષયોની પ્રાપ્તિ જે થાય તે પણ કર્મ ઉદયના પ્રભાવે નથી, કિંતુ ક્ષયોપશમના પ્રભાવે છે, પણ આહાર કરવો કે આહાર કરવાની ઇચ્છા થવી તે તો કેવલ ઉદયને પ્રભાવે જ છે માટે તપસ્યા ને કરનારો મનુષ્ય ખરેખર કર્મો અને તેના ઉદયોની સ્હામા થનારો થાય છે, આ વાતને બરોબર સમજનાર મનુષ્ય સ્હેજે સમજી શકશે કે શાસ્ત્રકારો જેમ દાન ધર્મથી મુખ્યતાએ ભોગોની પ્રાપ્તિ તથા શીલ ધર્મથી સુખ સંપત્તિ જણાવે છે. તેમ તપસ્યા કરવાથી કર્મક્ષય રૂપી ફલ કેમ જણાવે છે? અથવા કર્મક્ષયને માટે તપસ્યાની કેમ જરૂર જણાવે છે?

આ ઉપરથી એ પણ સમજાશે કે જો મહાવ્રત-ધારકપણું એ શીલધર્મનો ભંડાર છે અને દાનધર્મની દીવાદાંડી છે, છતાં તે મહાવ્રતોને પ્રભાવકતાના ચિહ્ન તરીકે શાસ્ત્રકારે ગણાવ્યાં નથી, પરન્તુ શાસનના આઠ પ્રભાવકોમાં અષ્ટમથી અધિક એવી વિપ્રકૃષ્ટ તપસ્યા કરનારને અથવા લાગલાગટ અવિકૃષ્ટ એટલે અઠ્ઠમથી ઓછી તપસ્યા કરનારને પણ પ્રભાવક તરીકે ગણ્યા છે.

એ ઉપરથી પણ સમજી શકાશે કે શ્રી જૈન શાસ્ત્રમાં તપસ્યાને ઘણું જ ઉંચુ સ્થાન મળેલું છે. અને તે ઉત્તમોત્તમ સિદ્ધ સ્થાન તે તપસ્યાને માટે લાયક જ છે, તેમાં કોઇપણ રીતે શંકા થઈ શકે તેમ નથી.

卐

યા...દ...રા...ખ...વા...જે...વું...

જૈ...ન...કો...ણ...???

* વિષય-કષાયના સંસ્કારોને પોષનાર સારા પદાર્થોને પણ હળાહળ ઝેર જેવા માને તે.
* ત્યાગ ભાવનાને પોષક ધર્મના ઉપદેશને સાંભળવા ખૂબ જ ઉત્સુક રહે તે.
* ઈંદ્રિયોની ગુલામીમાંથી છુટવા મથે તે.
પોતાની જાતને સુધારવા મથે તે.

આગમજ્યોત

વીર નિ. સં. ૨૪૯૮
વિ. સં. ૨૦૨૮
વૈશાખ

आराहगे
गु...रू...वि...णे...प

આગમો સં. ૨૨
વર્ષ-૭
પુસ્તક-૨

## વિનેય—શિષ્યની પારમાર્થિક વ્યાખ્યા

જૈન જનતા સારી રીતે જાણે છે કે-

જ્યારે સામાયિક-પ્રતિક્રમણ વિગેરે ક્રિયાઓ કરવામાં આવે છે, ત્યારે જો યાવત્કથિક અક્ષાદિકની સ્થાપના નથી હોતી, એટલે સ્થાપનાચાર્ય ત્યાં હોતા નથી, તો પુસ્તક આદિક સ્થાપન કરવામાં આવે છે, અને તે પુસ્તાદિકની ઈત્વરિક (થોડાકાલની) સ્થાપના કરતી વખતે પંચપરમેષ્ઠિમંત્રરૂપ જે **શ્રી નમસ્કાર મહામંત્ર** અને **પંચિંદિઅસંવરણો૦ સૂત્ર** બોલવામાં આવે છે.

એટલે મુખ્યતાએ જો કે ત્યાં આચાર્યની સ્થાપના ગણવામાં આવે છે, અને આચાર્ય ભગવંતોના ગુણો ૩૬×૩૬ એટલે છત્રીસ છત્રીસીઓ અર્થાત્ બારસોને છન્નુ ગણવામાં આવે છે.

આ ગુણો ગુરૂગુણષટ્ત્રિંશિકા નામના ગ્રંથમાં વિસ્તારથી વ્યાખ્યા સાથે અને **શ્રી હરિભદ્રસૂરિજી** કરેલા **સંબોધપ્રકરણમાં** મૂલગાથા

રૂપે જણાવવામાં આવેલા છે, પરંતુ તે બારસો છન્નુ ગુણોની છત્રીસ છત્રીસીઓમાંથી **પંચિદિઅસંવરણો०** (પંચેન્દ્રિયસંવરણ:) વાળી છત્રીસી એટલી બધી સાધારણ છે કે જે છત્રીસી પાળવાની ફરજ આચાર્ય ભગવંતની ગણાય, તે જ છત્રીસી ઉપાધ્યાય મહારાજા અને સાધુ મહાત્માઓને પણ ફરજીયાતપણે પાળવાની છે.

એટલે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણે પદરૂપી ગુરૂતત્વને ઓળખવા માટે તે સૂત્ર અસાધારણ ઉપયોગવાળું છે.

પરન્તુ સામાન્ય સાધુ કે જેને શિષ્ય તરીકે ગણવામાં આવે આવે છે, તેને ઓળખવા માટેનું વિશેષ લક્ષણ અહોરાત્રની ક્રિયામાં જોડાયેલા કોઈ સૂત્રથી માલમ પડે તેમ નથી.

જો કે શાસ્ત્રકારો આચાર્ય અને ઉપાધ્યાય સિવાયના એટલે પાંચ પદસ્થો સિવાયના સાધુ વર્ગને વિનેય તરીકે ઓળખાવે છે, અને તેથી **શ્રીઉત્તરાધ્યયન** સૂત્રની શરૂઆતમાં વિનીતનું એટલે વિનયવાળા શિષ્યનું લક્ષણ જણાવવામાં આવ્યું છે, **શ્રીઉત્તરાધ્યયનમાં** જણાવેલાં લક્ષણોનું નીચે પ્રમાણે નવનીત તરી આવે છે.

૧ જે ગુરૂમહારાજની (આચાર્ય–ઉપાધ્યાય–પ્રવર્તક–ગણાવચ્છેદક ગણધર–સ્થવિર કે જે કોઈ સમુદાયનો નાયક હોય, તેમની) આજ્ઞા એટલે હુકમને બજાવવાવાળો હોય.

૨ ઉપર જણાવેલા ગુરૂ મહારાજના નિર્દેશને અમલમાં મુકવાવાળો.

પોતાને અંગે જે કંઈ કરવાનું વિધાન સાક્ષાત્ અને વર્ત્તમાન કાળમાં ગુરૂ મહારાજજી જણાવે અને તે કાર્ય બજાવવામાં આવે તો આજ્ઞા કરી એમ ગણાય અને ભવિષ્યને માટે કે સમુદાયને માટે કે બીજા કોઈ શાસનના કાર્યને માટે જે હુકમ ઉપર જણાવેલા ગુરૂ મહારાજ કરે અને તે બજાવવામાં આવે તો નિર્દેશને કરનારો ગણાય.

કેટલીક જગોપર આજ્ઞા અને નિર્દેશનું જુદાપણું નથી રખાતું, અને ત્યાં ગુરૂ મહારાજે કરેલો આજ્ઞાનો જે નિર્દેશ તેને કરનારો હોય, તે વિનીત કહેવાય એમ જણાવવામાં આવે છે.

૩ ઉપર જણાવેલા ગુરુઓની નજીકમાં એટલે દૃષ્ટિમાં બેસનારો હોય (પરન્તુ ગુરૂ મહારાજના હુકમને બજાવવો પડશે, એવા ભયથી ગુરૂ મહારાજની દૃષ્ટિથી દૂર બેસનારો ન હોય.)

૪ જગતમાં કેટલાક કાર્યો એવા હોય છે કે, જેમાં ગુરૂ મહારાજને આજ્ઞા કે નિર્દેશ કરવાનું શિષ્યને અંગે ન બને, તો પણ શિષ્યની વિનયને અંગે ફરજ છે કે દેશ, કાળ, અવસ્થા વિગેરે ગુરૂ મહારાજની જે હોય તે તપાસીને ગુરૂ મહારાજના હુકમ કે નિર્દેશ સિવાય પણ તે દેશાદિકને અનુસારે કાર્ય કરવાની જરૂર પડે, અને તેવી રીતે જે દેશાદિકને અનુસારે ગુરૂ મહારાજને અંગે વગર આજ્ઞા નિર્દેશે યોગ્ય પ્રવૃત્તિ કરે તેજ વિનયવાળો કહેવાય.

આવી રીતની આજ્ઞા અને નિર્દેશ વગર પણ પ્રવૃત્તિ કરવાનું તે જ શિષ્યથી બને કે જે ગુરૂ મહારાજની સૂક્ષ્મચેષ્ટાથી પણ તે તે દેશ-કાળ અને અવસ્થાને લાયકના કાર્યો કરવાનું સમજી શકે અને તે બજાવી લે.

એટલે ગુરૂ મહારાજની ઇંગિત ક્રિયાને સમજનારો વિનય-વાળો ગણાય.

૫ ઉપર જણાવ્યા પ્રમાણે સૂક્ષ્મક્રિયાથી જેમ કર્ત્તવ્યને જાણે, તેવીજ રીતે નેત્ર મુખ મસ્તક-હસ્ત વિગેરે દ્વારા થતા આકારોથી પણ વેષ, ક્ષેત્ર, કાળ અને અવસ્થાને લાયક ગુરૂ મહારાજને અંગે કરવા લાયકનાં કૃત્યો જાણે અને બજાવે, તે વિનયવાળો કહેવાય,

જ્વરાદિથી જ્યારે વ્યાપેલું શરીર હોય, ચક્ષુની વેદના હોય, મસ્તકનો દુઃખાવો હોય, જઠરનો વ્યાધિ હોય, પગની વ્યથા હોય એ વિગેરે અવસ્થામાં જરૂર શરીરના આકારનો ફરક પડે છે, અને

તેથી ગુરૂમહારાજ તેને અંગે કર્ત્તવ્યતા બતાવે નહીં, અને સહન કરવામાં નિર્જરા છે, એમ ધારી સહન કરે તો પણ શિષ્યને તે જરૂર માલમ પડે અને તે માલમ પડવાથી પોતાનું કર્ત્તવ્ય અવશ્ય બજાવે અને તે બજાવે તો વિનયવાળો કહેવાય.

પરન્તુ કેટલીક વખત ભગવાન્ આર્યરક્ષિતસૂરિજીને પોતાના પિતાને માર્ગે લાવવાની વખતે જેમ માત્ર સૂક્ષ્મક્રિયારૂપી ઇંગિતજ થયું હતું, તેવી રીતે ઇંગિત ક્રિયા પણ ગુરૂ મહારાજની જે થાય તે સમજીને તે પ્રમાણે વર્ત્તવાવાળો શિષ્યજ વિનીત કહેવાય.

આ ઉપર જણાવેલા શ્રીઉત્તરાધ્યયન સૂત્રના કથનથી વિનેય (શિષ્ય) નાં લક્ષણો સમજી શકાય તેમ છે, છતાં બે લક્ષણો પણ ધ્યાનમાં રાખવાં.

**૧ પોતાનો આત્મા (મન વચન અને કાયા) ગુરૂને અર્પણ કરેલાં હોય.**

**૨ ગુરૂના ઉપદેશને અનુસારેજ ચાલનારો હોય.**

આ બે વસ્તુ જેનામાં હોય તેને પણ વિનેય એટલે શિષ્યનું લક્ષણ પ્રાપ્ત થયું છે એમ કહી શકાય.

ધ્યા...ન...માં...રા...ખ...વા...જે...વું...!!!

○ જિન-શાસનની આરાધના માટે ગુરૂનિશ્રા અને વિધિ પૂર્વક પ્રવૃત્તિ, આ બે વસ્તુ ખૂબ જ જરૂરી છે.

# પૂ. આગમોદ્ધારકશ્રી વ્યાખ્યાનસંગ્રહ

[શાસ્ત્રૈદમ્પજ્ઞાતા, આગમતત્વપર્યાલોચક, આગમવાચનાદાતા ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આગમોદ્ધારકશ્રીએ અતિ ગંભીર ચિંતનભર્યા આગમો અને પ્રકરણોને લગતા હજારો વ્યાખ્યાન આપેલા, જેમાંથી ઢગલાબંધ વ્યાખ્યાનો હજી અપ્રકાશિત છે.

તેમાંથી મહત્વના વ્યાખ્યાનો “આગમ જ્યોત” ના બીજા પુસ્તકમાં “પૂ૦ આગમોદ્ધારકશ્રી-વ્યાખ્યાનસંગ્રહ” શીર્ષક તળે દર વખતે અપાય છે.

જેમાં પાંચમા વર્ષથી **वचनाराधनया०** શ્લોક ઉપરના વ્યાખ્યાનો અપાય છે.

આ વખતે પણ સુજ્ઞ વિવેકી વાચકોના આગ્રહથી વાંચનારાને શ્રેણિબદ્ધ તાત્ત્વિક વિચારણાની સરળતા રહે, તેથી તે વ્યાખ્યાનો અહીં તત્વદૃષ્ટિવાળા પુણ્યાત્માઓના હિતાર્થે રજુ કર્યા છે.

સુજ્ઞ વિવેકી મુમુક્ષુ વાચકો અર્થગંભીર આ વ્યાખ્યાનોના રહસ્યને ગુરૂગમથી સમજી જીવનશુદ્ધિના માર્ગે આગળ વધવાનું પુનિત બળ પ્રાપ્ત કરો એ શુભેચ્છા.

આ વ્યાખ્યાનો પૂ. શાસન પ્રભાવક આચાર્યશ્રી હેમસાગર સૂરીશ્વરજી પાસેથી પ્રાપ્ત થયા છે.

યથામતિ વ્યવસ્થિત રીતે રજુ કરવા પ્રયાસ કર્યો છે. સં. ]

## વ્યાખ્યાન-૧૫
(વર્ષ ૬ પુ. ૨
પૃ. ૫૬થી ચાલુ)

**વચનધારાઘનયા ખલુ૦**

સં. ૨૦૦૦ ભા. વ. ૧૨ રવિ તા. ૨૨-૯-૪૬

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન **શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ** ભવ્યજીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે—

આ સંસારમાં આ જીવ અનાદિ કાલથી જન્મ-મરણ કરતો જ આવ્યો છે; તેમાં પણ આ જીવની પહેલી દશા કઈ હતી? તો કેવલ શરીરને મેળવી શકે.

પૃથ્વીકાય.દિના જીવો માત્ર મેળવે કેટલું?

તો એકલું શરીર! તેને રસ ચાખવાની શક્તિ મળેલી હોતી નથી. જ્યારે પુણ્યાઈ વધે તો તે રસ ચાખવાની શક્તિ મેળવે. તેમાં પુણ્યાઈ વધે, ત્યારે ગંધની, રૂપની, શબ્દ સાંભળવાની તાકાત મેળવી શકે. તેમાં આગળ-આગળ પુણ્યાઈ વધે, ત્યારે સંજ્ઞા-વિચારની તાકાત મેળવી શકે.

નારકી, દેવ, મનુષ્ય, તિર્યંચ તે ચારે પ્રકારના જીવો તે વિચારની તાકાતવાળા છે.

દેવતા-નારકીને પ્રત્યક્ષ ન દેખીએ તો અનુમાનથી માનવા પડે. કેમકે વિચાર કરો?

ક્રિયામાત્રનું ફળ અશુભ હોય તો અશુભ, શુભ હોય તો શુભ માટે જ છે. કુદરતી સિદ્ધાંત છે કે દુનિયાદારી તરફથી શુભાશુભ-ક્રિયાનું શુભાશુભ ફળ મલો કે ન મળો! પણ કુદરતના કાનૂન પ્રમાણે

મળે છે જ ! આખી દુનિયાને આંજનારો અધિપતિ અક્કલ, સત્તા, બલનીતિમાં બીજાને દબાવી દેનારો અધિપતિ એટલે સત્તાધીશ તેને પોતાની શક્તિના દુરૂપયોગનો ડર નહિ. કદાચ પૂરો સત્તાધીશ ન હોય તો તેને ડર હોય. આવાને પણ કુદરતની આગળ માથું ઝુકાવી જ દેવું પડે! આમ કેમ ?

મનુષ્યના સુકૃત્ય-દુષ્કૃત્યનો બદલો રાજા આપે, રાજાના સારા, ખરાબ કામનો બદલો વાસુદેવ કે ચક્રવર્ત્તી આપે. પણ તે ચક્રવર્તી-વાસુદેવના સારા-ખરાબ કામનો બદલો આપનાર કોણ ?

ગુનાથી થતું નુકશાન તે સત્તાની ન્યૂનતા કહેવાય. સત્તાની પૂર્ણતાવાળો ગુન્હાથી થતા નુકશાનને રોકી શકે.

બળાત્કાર, ચોરી, જુઠ, ચાહે તે કરો ! પણ તે બધાની સજા કોણ કરે ? સંપૂર્ણ સત્તાધીશના ખરાબ કામનો કે સાચા કામનો બદલો દેનાર કોણ ? પરભવ કર્મ જેવી ચીજ-માનવી પડે, કેમકે સત્તા સારા અને ખરાબ કામની પૂરી સજા આપી શકતી નથી.

વળી દરેક ક્રિયા આત્માને ફળ દેનારી તો બને છે જ, બહારનું ફલ મળો કે ન મળો, ખૂન, ચોરી કે જુઠા દસ્તાવેજવાળો કેસ ચાલે તેમાં છુટી પણ જાય, તે અહિંની સત્તામાંથી છુટયો, પણ તેના કટુક ફલથી નથી છૂટયો. એવું ક્યારે મનાય ? જ્યારે આગળ-બીજા ભવમાં ફલ ભોગવવાનું મનાય તો !

પહેલાં ખરાબ કામ કર્યું છે કે જેથી અહીં કોઈ વગર ગુને પણ મરે.

જેમ કે એક છોકરો છે, ઘરમાં રિદ્ધિ ઘણી છે, યુવાન થયો ! પરદેશમાં જવું છે. !

બાપે કહ્યું કે આપણે ત્યાં રૂદ્ધિની ક્યાં ખામી ? પરદેશ જવાનું શું કામ ?

પિતાજી! બધી વાત ખરી! પણ તે મેળવેલું કોનું? તો તમારૂં! તમે જેને ઉત્પન્ન કરો તે મારી કઈ સગાઈમાં શું ગણાય? બેન! બેનની ભક્તિ કરવાની હોય પણ બેનને ભોગવવામાં ન લેવાની હોય! માટે મારે ન ખપે. હવે તમારે જે કહેવું હોય તે કહો!

શેઠે રજા આપી. એક દોસ્ત સાથે નિકળ્યો. જતાં જતાં પરદેશ જવા માટે વહાણે ચડ્યો વહાણુ રસ્તામાં તૂટી ગયું પાટીયાના આધારે બંને નિકળી એક ગામના કિનારે પહોંચ્યા.

ગામમાં જાય છે, ત્યાં પેલા છોકરાનો વિવાહ કરેલો છે. દોસ્તને ખબર છે તેથી કહે છે કે આ તો તારૂ સાસરૂં છે. ત્યારે પેલો કહે કે આ અવસ્થાએ ત્યાં ન જઉં. બેય બગીચામાં ગયા.

શેઠનો છોકરો ભૂખ્યો થયો. મનુષ્ય કે જાનવરની હિંમત કાયા ન કથળે ત્યાં સુધી, કાયા કથળે ત્યાં હિંમતની હાનિ થાય છે. શેઠીયાના છોકરાને ભૂખ લાગીને કહે કે એક ડગલું મારાથી ચલાય તેમ નથી.

શેઠીયાના છોકરા પાસેથી રકમ લીધી ને તે બજારમાં ગયો. જેના ત્યાં વિવાહ કર્યો છે, તે છોકરી સોનાના ઘરેણાં પહેરેલાં છે, તેવી સ્થિતિમાં રમે છે. પેલો બદદાનતથી કાઢવા માંડ્યો. પેલીએ બુમ પાડી એટલે કંડાં કાપીને આગળ દોડવા લાગ્યો, સાંજ પડી પેલો પેઠો બગીચામાં.

બગીચામાં હજારો રસ્તા! હવે શું કરવું.? કંઈ ફીકર નહિ! સવારે આપણા હાથની વાત છે. કોર્ડન કરો!

ગામવાળાએ કોર્ડન કરી. ચોરને માલમ પડયુ. મુદ્દા માલ છે. ચોર પેલા મકાનમાં ઘુસ્યો. જેમાં છોકરો સુતો છે. ત્યાં કડું મુકીને ઝાડ પર ચડી ગયો. સવારે પેલાઓએ પસારો કર્યો. જ્યાં પેલો સુતો છે બીજો આવી જ શકયો નહિ.

દરવાજો બંધ થઇ ગયો. પેલો સુતેલો છે. ઓઢેલું છે. ત્યાં આગળ છરો ને કડું દેખે ત્યાં શું ધારે ? લુચ્ચો છે, ઢોંગ કરે છે. પેલાનું કમભાગ્ય છે! એટલે તે વિચાર ન આવ્યો. જે આવી રીતે લાવેલો જોડે મુકીને સુઈ જાય તે બને જ નહિ.

બે ચાર લાતો મારીને ઉઠાડયો. પેલો બેબાકળો ઉઠયો શું છે? આ કડું લઈ આવ્યો છે ને પાછો શું છે? કહે છે!

રાજા પાસે લઈ ગયા. પ્રત્યક્ષ પુરાવો! પહેલાના કાળમાં રાજાઓ ચોરી–જારી ખરાબ ગણતા. જીવન જાય તે બહેતર! પણ ચોરી–જારી ન થવી જોઈએ. માટે મરણાંત સજા થતી.

સાબિત થયા પછી મહેરનજરનું ઠેકાણું નહિ. રાજા પાસે રજુ થયું. રાજાએ સીધો ઓર્ડર કર્યો, પુરાવો મળે તો ચાલે. ફાંસીએ ચડાવો.

પેલો ભાઇબંધ બગીચામાં આવ્યો ને ન જોયો ત્યારે વિચાર્યું કે મારો ભાઈબંધ કયાં ગયો? કોઈએ કહ્યું કે તેને પકડીને લઈ ગયા. રાજા પાસે ગયો, વાત કરી કે શેઠીઆનો છોકરો ફલાણા શેઠનો જમાઈ છે.

પોલીસને પુછયું કે તેને નાસતો ભાગતો જોયો હતો! તો ના! પણ સુતો હતો. માટે આ ચોર નહિ તેને છોડી મુકયો. કહેવાનું તત્ત્વ શું? ભાઈબંધ આવ્યો તરકીબ કરી છોડાવ્યો!

આવી રીતે જગતમાં બિનગુનેગાર માર્યો જાય ને ગુનેગાર છૂટી પણ જાય.

અત્યારની સરકાર સો ચોરીએ પાંચ ચોરી નથી પકડી શકતી! તમે પકડાયેલાને સજા કરી. તેમ જુઠા સીક્કાવાળા કે જુઠા દસ્તાવેજો વાળા બધા પકડાઈ જાય છે? તો ના! તે બધાનું શું? સત્તાથી સંતાઈ શકે તેનું શું? અપકૃત્ય કરે તે સત્તાથી સંતાઈ જાય તેનું

શું ? તે કુદરતને માનનારે માનવું જોઈએ કે કોઈક જગો પર બદલો છે ! ત્યારે વિચારો !

અહિં એક ખાટકી છે તે એક જન્મારામાં સેંકડો-હજારો બકરાં મારે છે. તિર્યંચ-મનુષ્યનું જીવન લઈએ તો એક વાર મર્યા પછી બીજી વાર મોતની કે બીજી કોઈ સજા શકય નથી.

એક સદોષ વધમાં ફાંસીની સજા, દશ થયા તો પણ ફાંસીની સજા. હવે એકમાં ફાંસીની સજા થઈ તો બાકીના નવના સદોષ વધનું શું ? કહો ત્યારે તમારો ઉપાય નથી.

સત્તામાં એકવાર મરે છે. પણ કુદરતની સજામાં તો મરવાનું જ મોંઘું છે. જેણે લાખો વખત ઘાતકીપણાં કર્યા, ઠંડકમાં-ગરમીમાં ભુખ-તરસ દ્વારા હેરાન કર્યા, કાપીને તરફડાવીને મારી નાંખ્યાં તે બધાને અનેક જન્મ સુધી રીબામણીવાળા જન્મ-મરણ થાય છે.

પકડાયેલાને એક વખત સજા થાય, વધારે તો નહિ ! પણ બાકીના ગુનાનું શું ? કહો ત્યારે કે એવું પણ જીવન માનવું જોઇએ કે-જેમાં લાખો વખત હથિયારથી કાપે, અનંતગણી ભૂખ, તરસ, શીત-ઉષ્ણમાં સોનાની જેમ ગાળી નાંખે, તેમાં સજા ભોગવે ! પણ મરે નહિ ! તેવી સજાનું સ્થાન તેને નારકી કહો કે બીજું નામ કહો ! તે નરક મનાવવાનો અમને જોર નથી. નાસ્તિક થાવ તો વાત જુદી !

ઉપકાર કર્યા જીવન બચાવી દીધાં, તે ઉપકારનો બદલો સો ગણો કેટલો. ગરમી ઠંડીનો ઉપચાર મોતથી બચાવવા માટે કરીએ તેનો ઉપકાર મનુષ્ય-તિર્યંચમાં એક જન્મમાં વહન કરી શકે નહિ. સુખ થાય તેવું સાધન મલવું જોઈએ. એવી જ જાતનું શરીર હોય તો. ઠંડકને અંગે મરતાં બચાવવા માટે જે ઉપકારો કરીએ તેનો બદલો શો ?

ગુનાને રોકવા માટે સત્તા જેટલી પ્રયત્નશીલ છે. ઉપકારનો બદલો આપવા તેટલી પ્રયત્નશીલ નથી. હોય જ નહિ ને પાલવે પણ નહિ. !

અપકારને સત્તા આંબે છે પણ ઉપકારને નથી આંબતી.

ઉપકારનું કથન સજ્જન કરે નહિ. સજ્જન ઉપકાર કરીને ભાગી જાય. જરી ખબર પડી તો તે મારો બદલો વાળી જાય માટે ભાગી જાય. અપકારનું ફલ સત્તા ખોળીને આપે છે, પણ ઉપકારનું ફલ સત્તા દ્વારા અપાતું નથી કે આપી શકાતું નથી, એટલે અહીં દેવલોક માનવા જોઈએ.

જગતમાં થતા ઉપકારોનું ફલ કંઈ નથી. માટે નાસ્તિક થવું જોઈએ. આસ્તિક થવાવાળાએ અપકારનો બદલો નરક અને ઉપકારનો બદલો દેવલોક માનવો પડશે. તમને તે અનુમાનથી સ્પષ્ટ સાબિત છે.

પ્રત્યક્ષમાં તો-મનુષ્ય તિર્યંચ બન્ને જાતિ વિચારવાળી છતાં માણસાઈનો અને પશુપણાનો વિવેકમાં કેટલો બધો ફરક? પશુ-પણાનો વિવેક ઈન્દ્રિયને અનુકૂલ હોય તે લેવું અને પ્રતિકૂલ હોય તે ન લેવું. તે જાનવર કરે છે. ગાય ભેંસ-ચાહે જેવા તરસ્યા થયા હોય તે વખતે મુતર અને પાણીનું કુંડુ મુકે તો પાણીનું કુંડું ખાલી કરશે પણ મુતરના કુંડામાથી એક ઘુંટડો નહિ ભરે. પોષક વિષય લેવા અને શોષકને ન લેવા તે જાનવરમાં હોય છે. કીડી ગોળ-સાકર ઉપર આવે છે, પણ રાખ કે ધૂળ ઉપર નથી આવતી. અહિં અનુકૂલ! ત્યાં પ્રતિકૂલ છે.

ઈન્દ્રિયના કાર્યના વિષયને માટે અનુકૂલ-પ્રતિકૂલ, વિચારે છે. મનુષ્ય તેટલા વિવેક કે અટકે તો જાનવરના વિવેકમાં અને તેનાં વિવેકમાં ફરક શો? તો ફરક વધવો જોઇએ. શાથી વધે? ઇન્દ્રિય સ્થાન, સંતાન, સાધનની રક્ષા તો જાનવરો પણ કરે છે. ત્યારે મનુષ્ય ભવમાં ઉંચા આવીને વિવેકની દશા મેળવીને શું કરવું જોઈએ? તેને માટે શાસ્ત્રકારે કહ્યું કે-આવતા ભવને અંગે વિચાર!

ધર્મ દરેક આસ્તિકો એ જુદા જુદા માન્યા છે. કોઈ આસ્તિકનો ધર્મ બીજા આસ્તિક સાથે મલતો નથી. ધર્મના દરેક ફાંટા જુદા.

એક પક્ષનાં પણ ફાંટા જુદા. વાત સાચી! સ્વરૂપ-કારણની અપેક્ષાએ ફાંટા જુદા છે; પણ ફલની અપેક્ષાએ બધા ધર્મ એક જ નિશ્ચયવાળા છે. ચાહે તે ધર્મ લો! તેટલા માટે નીતિકારોએ ધર્મનું લક્ષણ એ બાંધ્યું કે-

"दुर्गति प्रसृतान् जन्तून्, यस्मात् धारयते ततः।"
धत्ते चैतान् शुभे स्थाने, तस्मात् धर्म इति स्मृतः"

બધા ધર્મવાળાએ ફલ તરીકે ધર્મ માન્યો? આમાં કોઈને વાદ વિવાદ નથી. એટલે કે પોતાના કર્મોથી દુર્ગતિમાં પડવા તૈયાર થયેલાને તે કાર્યોથી રોકીને દુર્ગતિમાંથી બચાવે અને તેમાં ત્રિશંકુ જેવી સ્થિતિ થાય. નહિ મનુષ્યના કે નહિં દેવલોકના ને વચમાં રહે. તેમ નહિ પણ એ જીવોને દુર્ગતિથી બચાવીને સદ્ગતિમાં સ્થાપન કરે આ બે કાર્ય ધર્મ કરે છે.

ધર્મને અંગે-જેઓ પોતે ધર્મ કરનારા, જે સહાયક તે બધાને ઉંચે સ્થાને મુકે કે-માટે "धृ-धारण-पोषणयोः" ધારણને પોષણ કરવું, તેમાં ધાતુ धृ ધાતુ છે, તેનાથી આ ધર્મ શબ્દ. ઉણાદિનો 'મ' પ્રત્યય લાવીને ધર્મ બનાવ્યો.

તે धृ ધાતુ ધારણ અને પોષણ કરવું બેય કાર્ય બતાવે છે. અર્થાત્ દુર્ગતિથી પડતા હોય તેમાંથી ધારણ કરીને સદ્ગતિમાં સ્થાપન કરવાનું ને પોષણ કરે એનું નામ ધર્મ. ચાહે જે ધર્મ હોય તે એમ નહિ કહે કે મારો ધર્મ દુર્ગતિ દેશે! માટે કરવો હોય તો કરો. મારો ધર્મ સદ્ગતિ નહિ આપે. દરેક એમજ કહેશે કે-મારો ધર્મ દુર્ગતિ રોકનારો અને સદ્ગતિ આપનારો. ફલ એકજ રાખ્યું. કોઈપણ ધર્મવાળો ઉપર પ્રમાણે કરવાને તૈયાર નથી કે-મારો ધર્મ દુર્ગતિ નહિ રોકે, કે મારો ધર્મ સદ્ગતિનું કંઈ લાગતું-વળગતું નથી. તેમ કહેનાર કોઈ નથી. એટલે ફલ થકી બધા ધર્મો એકજ વિચારવાળા છે. ફલ થકી જુદા વિચારવાળા

પરંતુ શાસ્ત્રીકાર એમ કહે છે કે જગતમાં નિયમ છે કે-જેવું કાર્ય કરવું હોય, તેવું કારણ મેળવવું જોઈએ. જે કાર્ય કરવા

માંગતો હોય તેનાથી જુદા કારણ મેળવે તો તેનાથી કાર્ય ન થાય. બનાવવો હોય મુગટ ઘડો તો ઉલટા કારણો મેળવે. માટીના પિંડ અને સુતરની કોકડીઓ તે તે ન બને માટે—

"कार्यं हि कारणायत्तं
नान्याधीनं हि तत् मतम्"

કેટલાકનું એમ માનવું છે કે ઈચ્છાને આધીન કાર્ય તો શાસ્ત્ર-કાર કહે છે કે નહિ. પણ! કારણો મેળવો તો કાર્ય થાય, કેમકે ઈચ્છા હોય છતાં કાર્ય થાય ખરૂં! ને ન પણ થાય.

વળી ઈચ્છાને કારણ માનો! તો દુઃખ-પાપ-દરિદ્રતા માટે ઈચ્છા કોને છે? માટે તે દુનિયામાં નહોતું. માટે "कार्यं हि कारणायत्तं" કાર્ય તે કારણને આધીન, ઈચ્છા અન્ય ગમે તેટલી મેળવો પણ કાર્ય ન થાય.

તેમજ અન્યનું કારણ તે અન્ય કાર્યનું કારણ ન બને, માટી કારણ ઘડાનું, પણ લુગડાનું નહિં. સુતરની કોકડી કારણ વસ્ત્રનું, પણ ઘડાનું નહિં, બીજાનું કારણ તે તેનું બને નહિં.

દુર્ગતિથી ધારણરૂપ ને સદ્ગતિ મેળવવા રૂપ કાર્ય બધાને કરવા છે. માટે દુર્ગતિના લાયકના કારણો કયા? તેને છોડે ને સદ્ગતિ કારણો કયા? તેને આદરો તો તે ધર્મ સ્વરૂપથી ધર્મ **સદ્ગતિ મેળવનાર કાર્યોને કરો ને દુર્ગતિ કરનાર કાર્યોને રોકો તો ધર્મ.**

જગતમાં મુરાદ ઉપર આધાર રહે છે. મુરાદ શી હતી! ડાકટરના હાથે કંઈક મરે છે. તેથી સરકાર ફાંસીની સજા નથી કરતી દાનત બચાવવાની. સારા કૃત્યો ને ખરાબ કૃત્યોનો આધાર અભિપ્રાય ને વિચાર ઉપર. કારણો પ્રવૃત્તિ - સહકારી. ધર્મને ઉત્પન્ન કરનાર કઈ ચીજ? તો વિચારની ઉત્તમતા, વિચારની મલિનતા ધર્મ-અધર્મ ઉત્પન્ન કરનારી ચીજ.

જોકે અધર્મના કારણો તે વિચારની મલિનતાને આભારી, સદ્‌ગતિના કારણો તે વિચારની સુંદરતાને આભારી છે. તેટલા માટે શાસ્ત્રકાર કહે છે કે પહેલાં ધર્મનું સ્વરૂપ વિચારો.

આ ઉપરથી વર્તનને કાઢી નાખવાનું નથી. પણ વર્તન જરૂરી છે, પણ વર્તન સાથે વિચાર ચોક્કસ જોઈએ. મૂર્ખો હોય તે ઝેર ન ધારતાં, ધારે ગોળ. પાંચ જણાને આપ્યું, તે પેલાએ ખાધો ત્યાં એને ગોળ ધાર્યો હતો તો બચાવ થાય ખરો.

વિચાર ને વર્તનમાં બચાવ રહે! પણ કયારે ? થયું હોય ને આકસ્મિક પલટો આવ્યો હોય તો બચાવ છે. માટે સાર્વત્રિક રીતે વિચારની પ્રધાનતા છે.

શાસ્ત્રકારે ધર્મનું સ્વરૂપ શું ?

ધર્મના બારામાં પહેલો વિચાર કરીએ તો મૈત્રી જણાવી છે.

ગોઠીયા થયા ખાધું પીધું તેનું નામ મૈત્રી ! નહિ પણ હિતકરવાની બુદ્ધિ ! અનાદિ કાલથી આ જીવની સ્થિતિ मैंने पीया ! मेरे बैलने पीया ! अब कुवा घँस पडो। ની રહી છે. પારકી દરકાર રાખી નથી. પારકું હિત કરવું તે મુખ્ય હોય. પોતાના ને સંબંધીના હિતને ગૌણ કરીને પરનું હિત મુખ્ય. તેવો વિચાર હંમેશાં રહેતો તે ધર્મના પહેલા પાયાભૂત વિચારો.

બધાને હિત કરવાનો વિચાર છતાં એના હાથે હિત નહિ પણ મારે હાથે હિત થવું જોઈએ. સેવાદળ કે સ્વયંસેવક દળમાં શું! એક સેવાદળનો લાભ બીજા સેવાદળમાં જતો હોય તો ઊંચા નીચા થાવ ! હિતની બુદ્ધિ એવી કરવી કે બીજા હિત કરનાર મારા મુરબ્બી છે. જેને હિતની પ્રાપ્તિ ન હોય તેના હિતના વિચારો કરો. જેઓ હિત મેળવી શકયા છે, ને બીજાના કરે તો તેને મુરબ્બી ગણવો. તેના તરફ અદેખાઈ નહીં. હિત કરનારને મુરબ્બી ગણવા.

અમદાવાદમાં દુકાળ પડયો કેટલ કેમ્પ ખોલ્યો. સારી ગાયો આખલાઓ રાખ્યા, પાળવા માંડયા. કેમ્પ કમિશ્નર હતો. લાલભાઈને જવાનું થાય. લાલભાઈને કહે કે અમે શ્રાવક બન્યા. આ તો મારો વહાલો બદલો ધાર્યો આપે નહિ. એનું કોઈ નહિ, અમે ધણી થયા છીએ. આટલી ગાયો રાખી છે.

લાલભાઈ શેઠ સ્પષ્ટ વક્તા કહ્યું કે સાત ભવ કરશો તોય શ્રાવક પણામાં નહિ આવી શકો.

કેમ આમ કહો છો!

શ્રાવકપણું તો જેનું કોઈ નહિં તેની સારવારમાં છે. લુલાં-લંગડાં જાનવર છે તેને મોકલું.

દયા તરીકે પાળો છો.

સરકારનું ઘર બીજે વર્ષે કોણ ભરશે.? માટે પાળો છો.

આજ કામ આજની ગૌશાળાઓ કરે છે. દેખીને ગાયો બરોબર દુધ દેનારીને લેશે. બીજી નહિ લે. સ્વાર્થના બીજ રાખીને દેખાડવું તે ઠીક નહિં! કંઈ પણ સામો હિત કરે! કે ન કરે બદલો આવે કે નહિ! તો પણ હિત કરવું. તેનું નામ દયા છે. માટે મહેર નજર રાખો.

હિત કરવાની નજર! હિત કરનારને મુરબ્બી, હિત કરો તેના ઉપર દયાની નજર! આ ત્રણ બાબતના આધારે સાચી મૈત્રી-દયા ધર્મનો પાયો બની શકે!

કેટલાક નશીબના વાંકા હોય છે. દુનિયામાં એક સિદ્ધ પુરૂષે કોઈને મંત્ર આપ્યો, તે સાધવા બેઠો, સિદ્ધ થવાનો વખત આવ્યો, દેવતા આવ્યો પોતાને ઝોકું આવી ગયું ને તે વસ્તુ ચાલી ગઈ. કેટલાક હિત કરીએ તે બિચારો અવળો ચાલે તે તેનું હિત બગડે! પણ શાણો કોણ? સારાની સફાઈ પણ ખરાબનું વધુ બગડે નહિ. તેનું ધ્યાન રાખવું પણ સામાના નસીબનો વાંક કાઢી આપણી જવાબદારી ખસેડી લેવી ઠીક નહીં! મેં તો તેના

હિત માટે કર્યું હતું તેમાં તેનું નશીબ હતું તેથી થાય કે ન થાય આ સ્થિતિવાળો સજ્જન મ કહેવાય. असंगकृतकर्माणः- કર્મ કરવાના તે ફલ ધારીને પણ પોતાના અંગતકાર્ય કરે નહિ, અસંગ ન હોય તે કાર્ય કરે. બાહ્ય જગતની દૃષ્ટિ ફલ તેમાં લગીર લેપ નહિ તે અસંગ કાર્ય. પરમફલ મારા આત્માને ધર્મ ફાયદો થાય મોક્ષ મેળવે, સદ્‌ગુણ મેળવે તેમાં દૃઢ થાય ? કહેવાતું તત્ત્વ એ કે અસંગ-પણું ઉદાસીનમાં રહે ! ફલની સિદ્ધિ થાય તો. નિષ્ફલ જાય તો ઉદા-સીનતા. જગતની અપેક્ષાએ બીજી વખત બેવડા ઉદ્યમથી ભલે કરો.

ચાર ભાવના સર્વવ્યાપક હોય તો તે ધર્મ કરનારો કહી શકાય. તેવું વર્તન; તેવા વિચારનું સ્વરૂપ તેના હેતુઓ જાણવા તે કોણ ? વિચાર અને વર્તનને અંગે કારણો તપાસતાં તેનું ખરૂં કારણ ઉપદેશ. તે ઉપદેશ કોણ તો વચનજ. ઉપદેશ તેને બરોબર ધારે ને આચરે તો ધર્મ થાય. સ્વરૂપ, વિષય, ફલ, આરાધના વિગેરે શું ? વર્તન વિચાર સાથે સંબંધ શો ? તે અધિકાર અંગે વર્તમાન.

## વ્યાખ્યાન-૧૬

**वचनाराधनया खलु**

સં. ૨૦૦૨ના આસો વ. ૨ શનિ તા. ૧૧-૧૦-૪૬

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂ-રીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતા આગળ સૂચવી ગયા કે-

આ સંસારમાં આ જીવ અનાદિ કાલથી જન્મ-મરણ જન્મ-મરણ કરતો ભવ-ભ્રમણ કર્યાજ કરે છે.

આ જગોપર કોઈકને સ્હેજ વિચાર થાય કે ગઈ ગુજરી સંભારીને કામ શું ? દુનિયામાં શાંતિના ચાહકો ગઈ ગુજરીને સંભારતા નથી. ખરેખર તેઓજ કાર્યસાધક બને છે. તેમ અહીં દુનિયામાં પાંચ-પચીશ વર્ષની ગઇ-ગુજરી ન સંભારે તો કાર્યસાધક બને અને તે વિચક્ષણ ગણાય, તેમ અહીં આગળ અનાદિથી તમે જન્મ મરણ કર્યા તે તમે સંભારો છો; અમે નથી સંભારતા.

અનંતા જન્મ મરણ કર્યા તે અનુભવથી સિદ્ધ થયા. સર્વજ્ઞના વચનથી માની લીધા, છતાં તેને અમે મનમાં નથી લેતા ! તો પછી તમને પંચાત શી પડી ? તમે કહેવા નિકલ્યા કે અનાદિ કાલથી તમે જન્મ-મરણ ધારણ કર્યા તેની પંચાત શી ? જે અમે અનુભવેલા જન્મ-મરણ તેની પંચાત કરતા નથી, તેની અમે સંભારણા કરતા નથી. થયા હશે. જેને અમે ખુદ વીતેલાવાળા નથી સંભારતા ! તે તમે શાથી બોલો છો ? જેને વીતી છે તે નથી સંભારતા, તો તમારે શી પંચાત ?

વાત ખરી ! પરંતુ ગઈ કઈ નહિ સંભારવી કે અને કઈ સંભારવી ? તે વિભાગ દુનિયામાં છે ! તે ખ્યાલમાં છે ? જે ભયકારણ ચીજો નવા ભયને ઉત્પન્ન કરનાર હોય તે ગઈ પણ દરેકને ડગલે પગલે સંભારવી જ પડે નહીં તો વાંદરા જેવી સ્થિતિ થાય.

ઝાડે કાળજું છે, મારી પાસે નથી, જે વીતી ગયું તે બંધજ થયું, જે થવાનો સંભવ ન હોય કે તેના કારણો ન હોય તો તે ન સંભારવા વ્યાજબી ગણાય, પણ જે આપત્તિ ઉભી કરી ગયા અને હજી ઉભી હોય ને આપત્તિ કરશે તે વિચાર ન આવે તો કઈ સ્થિતિમાં ગણવો ? અગ્નિ દેખીને તમે ચમકયા કેમ ! અગ્નિથી દાઝયા હતા, પીડા થઇ હતી, મટી ગઈ તો ચમકો છો કેમ ? તો તેના વીતક અને અનુભવ થયાથી ચમકો છો ! અનુભવ ન થએલાથી ચમકીએ છીએ ! ઝેર, સાપ, શસ્ત્રથી ચમકો છો કે નહી ? કેમ ચમકો છો ? તે તો હજી અનુભવ્યા નથી. અગ્નિ

વિગેરેની આપત્તિ અનુભવી છે. લગીર પાણીમાં ઊંડો ઉતર્યો ત્યાં ચમકે છે? કેમ? ગઈ-ગુજરી પણ નથી! તો કેમ ચમક્યો?

આપત્તિના કારણો ચાહે તો નવા થઈ ગયેલાં હોય, તેનો વિચાર પણ કરવો જોઈએ! ડાહ્યાએ ગયો કાલ એમ કહીને આપત્તિના કારણોથી નિરપેક્ષ રહેવાનું નથી. પણ જે જે કારણો તેનાથી ચમકવું તેનું નામ ગઈ-ગુજરી યાદ કરીને મૂર્ખતા કરી તેમ કહેવાય નહીં.

આપત્તિના કારણોથી ચમકવું તે ડહાપણ, જેને આપત્તિ ભોગવી તે બીજી વખતે સાવચેત ન રહે તે અક્કલ વગરનો બુદ્ધિરહિત અજ્ઞાની ગણાય.

હવે આપત્તિના કારણો જો વિદ્યમાન હોય તો તે આપત્તિ ને તેના કારણો જરૂર ધ્યાનમાં લેવા જોઇએ. જેઓને એક વખત આપત્તિના કારણોથી આપત્તિ થઈ ત્યારે બીજી વખત વાત ધ્યાનમાં લઈને આપત્તિના કારણોથી દૂર ન રહે તો તેને દુનિયામાં કેવો ગણવો? અગ્નિથી દાઝતો હતો બીજી વખત કેમ સાવચેત થયો? તો ગઇ ગુજરી કેમ સંભારી? અનર્થનું કારણ હોય તો ગઈ ગુજરી સંભારવી પડે છે.

તેમ જન્મ-મરણ તે ઈષ્ટનું-અનિષ્ટનું કારણ આ દુનિયામાં એક બે વખત અનુભવ થયો હોય, તેને ખ્યાલમાં ન લે તો તેને અજ્ઞાની બેવકુફ કહીએ! પણ અનંતી વખત જન્મ-મરણના દુઃખ ભોગવ્યા છતાં હજુ આપણને ભાન નથી આવતું! હજી જન્મ મરણના કારણોમાં ઘુસ્યો જાય છે. કોઈનું કહેવું સાંભળે એટલે સાવચેત થાય!

અનર્થના કારણો અનુભવમાં આવેલાં હોય. વગર અનુભવે નિશ્ચિત હોય તો તેનાથી પણ સાવચેત રહેવું તેનું નામ ડાહ્યાપણું અનુભવના ને બિનઅનુભવના કારણો ખ્યાલમાં આવ્યા છતાં

ધ્યાનમાં રાખે નહિ તેવાને ગાંડા કરતાં કઈ સ્થિતિમાં મુકવો ?

તેનો વિચાર કરી લો ! ગાંડો અનર્થ અને વિપત્તિના કારણોમાં સાવચેત હોય છે. તે ચિતામાં પડતો નથી, પાણીમાં ડુબતો નથી. બીજી બધી વાતે ગાંડો છે. અગ્નિમાં હાથ રાખવો, સાપના મોમાં હાથ મુકવો તે વિગેરે નથી કરતો. ગાંડાને ભાન છે કે મરી જઈશ, દાઝી જઈશ. અત્યારે દાઝે છે મરે છે તો પહેલા થયેલી આપત્તિના કારણો તેના ખ્યાલમાં છે. ગાંડો પહેલી થયેલી આપત્તિના અનુભવના સાંભળેલા કારણો ખ્યાલમાં રાખે છે, સાંભળેલી-અનુભવેલી આપત્તિ-માંથી ગાંડો પણ છેટો રહે તો પછી આપણે કઈ સ્થિતિમાં !

માટે શાસ્ત્રકારને આપણે નથી જાણતા નથી વિચારતા છતાં કહેવું પડે છે કે અનંતી વખત જન્મ-મરણનાં દુઃખ વેઠયા તેનો ખ્યાલ કરો ! આપણે પણ આપણા સંબંધીને કોઈ આપત્તિ આવી હોય. ભુલી ગયો હોય, પ્રવૃત્તિ કરતો હોય, જે તેને આપણે યાદ કરાવીએ કે પહેલી વખત કેમ થયું હતું ! તે યાદ છે ને. તેને યાદ નથી તો ગઈ ગુજારી કેમ સંભરાવો છો ! આપણા સંબંધીને દુઃખીને અનુભવેલું ધ્યાનમાં ન આવે તો પણ તેને યાદ દેવરાવીએ છીએ. તેમ આપણે અનંતા જન્મ-મરણ કર્યા, અનંતા ભવોમાં રખડયા તે પણ કેવી રીતે ! તે આગળ જણાવ્યું.

દુનિયાની ભટકતી પ્રજા તે માલ-મસાલો સાથે લઇ ને ભટકે છે, ત્યારે આપણે તો નહિ શરીર-સાધન-સાજન ! કશું નહિ ! ત્યારે પેલાને ભટકવાનું અને આપણે દરેક જગોપર હાથ ખંખેરીને જવાનું. કયા જન્મમાં હાથ ખંખેર્યા વગર નિકળ્યા ?

મહેનત બાહ્ય વસ્તુ કંચનાદિ માટે આખો જન્મ તેને માટે પ્રયત્ન કર્યો છતાં છેવટે સરવૈયામાં શૂન્ય. તેમ આહાર શરીર ઇન્દ્રિય શ્વાસોશ્વાસ મનને ભાષા તેને ઉત્પન્ન કરવા-વધારવા-રક્ષણ કરવા યાવત્ જીવન સુધી મહેનત કરી. કયા ભવમાં નથી કરી ? તે

મહેનત કર્યા છતાં, મેળવ્યા છતાં, નિપુણ બન્યા છતાં નિકળ્યા એટલે ખંખેરીને જવાનું.

દુનિયાની દૃષ્ટિએ ધોતીયાભર નિકળ્યા કહેવાય? તો તે પણ નહિં, કેમકે અહિં તો ધોતીયાને પણ બાળવાનું. જીવ લઈને નાઠો તો....ના! જીવને પણ નહિ લઈ જવાનું. એકલા જાવ. ભટકતી પ્રજાના કરતાં આપણી આવી સ્થિતિ! તેથી કઈ દશામાં? તો રખડતી! દુકાને દુકાને ભટકતો સોદા કરીને કમાતો હોય તો ફરંદો ને કમાણી ન કરે તો તે રખડતો! તેમ અહિં આગળ લુવારીયા ભટકતી પ્રજા દરેક જગોપર બે પૈસા વધારે છે. આપણે તો મેલીને નીકળવાના.

અનંતા જન્મોમાં અનંતી વખત આહારાદિ જે તે બધા મેળવ્યા, તૈયાર કર્યા, વધાર્યા, ઊંચી સ્થિતિમાં લાવ્યા, તે નિકળ્યા ત્યારે આમળા જેટલું પણ સાથે કશું નહિ. ભવોભવ મેળવે છે ને છોડે છે તે આપણને યાદ નથી, માટે શાસ્ત્રકારને યાદ કરાવવું પડે છે.

જ્યાં સુધી દર્દી હોવા છતાં દર્દની ભયંકરતાનો ખ્યાલ નથી ત્યાં સુધી દર્દને બોલે પણ દર્દની અસર ન થાય. બાર-ચૌદ વર્ષના છોકરાને તાવ આવ્યો હોય ડોકટરને બોલાવ્યો. ડોકટર કહે કે ક્ષય-રોગ છે. ગામડીયો ક્ષય નથી સમજતો. તે ફરતો ફરતો પાડોશીને ત્યાં જાય, પાડોશી પુછે કે બેટા ડોકટર શું કહી ગયા હતા. તો કહે કે ક્ષય છે. ક્ષય થયો તે જાણે છે, કબુલ કરે છે, બોલે છે છતાં અસર કશી નહિ? તો ક્ષયની ભયંકરતાનો ખ્યાલ નથી. ક્ષય કંઈક હશે. તેમ આ જીવ પણ જયાં સુધી જન્મ-મરણની ભયંકરતા ન જાણે, રખંડપટ્ટીની ભયંકરતા ન જાણે! ત્યાં સુધી પોતે ભલે રખડે તો તેની અસર તેના હૃદયમાં ન થાય.

દરેક આસ્તિકો ધર્મનો પાયો કોના ઉપર રચે છે! દરેક આસ્તિકોના ધર્મનો પાયો એટલો જ. અનાદિથી આ જીવ રખડે છે.

આસ્તિક માત્રને ધર્મ કરવામાં મુખ્ય વિચાર કયો? જે જે આસ્તિકો છે, તે સંસારના નાશ માટે પ્રયત્નશીલ હોય છે, તો જ ખરી રીતે આસ્તિકપણું ટકે!

જ્યારે અનાદિથી સંસાર જન્મ, મરણ, તે વસ્તુ ન હોય, તે જાણવામાં પણ ન આવે તો ધર્મની કિંમત શી! ધર્મની જે કંઈ આસ્તિકોમાં કિંમત હોય તો એ માત્ર સંસારથી ઉદ્ધરવા માટે. સંસારથી ઉદ્ધરનારી બીજી કોઈ ચીજ નથી, જગતમાં રૂપી-અરૂપી ઘણી ચીજો છે. છતાં એકે સંસારથી ઉદ્ધાર કરનારી નથી. માટે દરેક આસ્તિકતાને માન્ય થયેલી ચીજ ધર્મ છે અને તેના ઉપરજ મંડાણ. તે લેવામાં ન આવે તો આસ્તિકતાનું મંડાણ નથી.

આસ્તિકતા કોના અંગે? સંસારના રખડવાપણાના અંગે. અભવ્ય સાચો આસ્તિક થાય જ નહિ! આભિગ્રહિક મિથ્યાત્વી પણ અભવ્ય ન થાય. કારણ અન્ય મતવાળા પણ દેવ-ગુરૂ-ધર્મને માને છે. શા માટે! મોક્ષ આત્મકલ્યાણને માટે દરેક આસ્તિક ચાહે સમકિતી હોય કે મિથ્યાત્વી હો! પોતાનો સાચો કે ખોટો ધર્મ માને છે, તે શાના માટે? તો સંસારથી પાર ઉતરવા માટે!

સંસારથી પાર ઉતરવાની સિદ્ધિ કરવા માટે. કોને માને? દેવ-ગુરૂ-ધર્મને માને! તે સિવાય બીજું માનવામાં કારણ નથી!

અભવ્ય જીવ સંસારથી પાર ઉતરવાનું માને? અભવ્ય દેવલોક, નરક સંસારની ઘટમાલ બધી માને, પરંતુ ન માને શું! તો સંસારથી પાર ઉતરવાનું.! કે મોક્ષ મેળવવાનું!

તે વાત ન કોણ? માને તો અભવ્ય! માટે શાસ્ત્રકારે કહ્યું કે ભવ્યપણાની છાપ કોને મોક્ષ માને તેને? જીવ માને તેથી કે અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરાને માને તેમાં ભવ્ય-પણાની છાપ નહિ. આઠે તત્ત્વો સુધી ભવ્યપણાની છાપ નહિ.

દેવ, નરક, તિર્યંચ, મનુષ્ય ગતિ, એકેન્દ્રિયાદિ પાંચ જાતિ માને જીવના ચૌદ ભેદ માને, આશ્રવ સંવર બંધ નિર્જરાના બધા ભેદ

માને પણ ભવ્યપણાની છાપ નહિ. તો ભવ્યપણાની છાપ ક્યારે! સંસારથી પાર ઉતરવાનું માને ત્યારે. ! **અભવ્ય હોય તેને મોક્ષની શ્રદ્ધા થાય જ નહિ. મોક્ષની જેને શ્રદ્ધા હોય, સંસારથી પાર ઉતરવાની જેને મરજી થઈ હોય તો તેને ભવ્યપણું હોય જ.**

તેથી આ આસ્તિક દર્શન મિથ્યાત્વી, ખોટે રસ્તે હોય. પરંતુ જંગલમાં દશ ભુલા પડયા, તેમના મગજમાં શું હોય! તો અમારા ગામમાં જવું. પછી કોઈ પૂર્વની કેડીએ જાય, કે પશ્ચિમની કેડીએ જાય અગર ગમે તે કેડીએ જાય પણ અવળી કેડીએ ચડેલો ગામ ન જાય. પણ ધારણવાળો કેવો? તો આ પોતાના ગામની છે.! એવી રીતે અન્ય મતવાળા ચાહે જેટલા મિથ્યાત્વી-કુદર્શની છતાં જેઓ આસ્તિકો છે. નાસ્તિકોની વાત જવા દઈએ. જેને કે જીવ-પુણ્ય પાપ વિગેરે. નથી. ત્યારે જેઓ આસ્તિકો તે બધા એકજ ધ્યેયને વળગેલા છે, કયા? તો આત્માનો ઉદ્ધાર સંસારથી પાર પામવાનું! તો તેમાં અભવ્ય હોઈ શકે નહિ. અભવ્યને સંસારથી પાર થવું તે નહિ માનવાનું. તેની માન્યતા ન હોય.

પાશ્ચાત્ય જડવાદમાં એકલો જડવાદ છે બીજું કંઈ નહિ. પાર ઉતરવાની સ્થિતિ તો આસ્તિકમાં જ દરેકે દેવ, ગુરૂ, ધર્મ માન્ય પણ તે ડુબારનાર છે તેમ માન્યું તો ના! પણ મને તારનારા છે.

કુદેવને માન્યા સુદેવ તરીકે તે માન્યું, શામાં? સંસારથી પાર ઉતરવામાં. કુગુરૂ માન્યા, કુધર્મ માન્યો, સુગુરૂ-સુધર્મ પણ સંસારથી પાર ઉતારનાર તરીકે માન્યા, દરેક આસ્તિકો દેવ-ગુરૂ-ધર્મને માને છે? સંસારથી પાર ઉતારનાર તરીકેની ઈચ્છાથી.

અનાદિથી જન્મ-મરણ આસ્તિકોએ માન્યા. તેની પીડા ટાળવી તે જરૂરી માની તેમાં ત્રણ સાધનો જરૂરી માન્યા, કયા? દેવ-ગુરૂ-ધર્મ દરેક આસ્તિકોએ દેવ-ગુરૂ-ધર્મની જરૂર શા માટે માની? તો સંસારથી પાર ઉતરવા માટે સંસારને આધિ-વ્યાધિમય ગણ્યો તેથી પાર ઉતારવાનો માન્યો

સંસાર એટલે ખાલી હાથે રખડાવનાર. આ જીવને ખાલી હાથે દરેક ભવમાં રખડાવનાર માટે સંસાર! દરેક આસ્તિક સંસારથી પાર પામવાની ઈચ્છાએ દેવ-ગુરૂ-ધર્મને માને છતાં જૈન ને જૈનેતરોમાં આકાશ પાતાળનો ફરક છે! કેમ જૈનોએ દેવ માન્યા કેવા? ગુરૂ માન્યા કેવા? જેઓ ધર્મનું આચરણ કરીને પાર પામ્યા અને પાર પામવા કટિબદ્ધ થયેલા તે.

સંસારથી પાર પમાડનાર જે સાધન
ને ધર્મ તરીકે માન્યો!

પાર પમાડનારી ક્રિયા કરનાર તે ગુરૂ!

અને પાર પમાડનાર તીર્થંકર તેને દેવ માન્યા!

ત્યારે બીજાને દેવને અને ધર્મને સબંધ નહીં. બીજાને કહીએ કે તમે જેટલું ધર્માચરણ કર્યું તે તમારા દેવે કર્યું હતું. તે જ્યોતિ-સ્વરૂપ છે તેમ નહિ. તમારા ગુરૂ કરે ને તો એ ઈશ્વરના દલાલ તેને કરવાની જરૂર નથી. સંસારથી પાર પામવા માટે તમારે જે કરવાની જરૂર તે ઈશ્વરને જરૂર નહીં, ગુરૂને જરૂર નહીં, તેથી તે વિના દેવ-ગુરૂ પાર પામશે.

આવી રીતે જુદી રમત જૈનોમાં નથી. જૈનોમાં જે જ્ઞાન, દર્શન ચારિત્રરૂપ, દાન, શીલ, તપ, ભાવરૂપ, સંવર, નિર્જરારૂપ ધર્મ એ જેવો દેવોએ કર્યો, ગુરૂ પણ કરે ને તેવો થાય તેને ધર્મ ગણે. દેવ-ગુરૂ તે વિના નહીં અને ધર્મ તે રૂપજ છે. દેવ, ગુરૂ, ધર્મ માન્યા તે ધર્મના આધારે.

આ બધાનો આધાર કોણ? ધર્મ! તો આનું નામ ધર્મ કહેવાય આનું નામ ધર્મ ન કહેવાય. આનું નામ અધર્મ કહેવાય. તેમજ ધર્મ અધર્મ, દુર્ગતિ ને સદ્ગતિનું શાસન તે કોના આધારે સમજવું? માન્યતા ચાલે માટે હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજે કહ્યું કે

તેમાં એકજ આધાર જંગલમાં ભુલા પડેલાને માર્ગ મલવો તેનો પરોપકારી કોઈ ભોમીઓ મળે તોજ બને. પરોપકારી ભોમીઓ મલ્યા સિવાય માર્ગ પામવાનું બની શકે નહીં.

ભવરૂપી અરણ્યમાં આ જીવને ધર્મ-દેવ-ગુરૂને માટે જે માર્ગ કાઢવો તે માર્ગ એકજ ભોમીઓ કાઢી શકે! કયો? તો શાસ્ત્ર દેવ, ગુરૂ, ધર્મને માનનારા દરેકને વચન-શાસ્ત્ર ઉપર આધાર રાખવો પડે છે.

**તેથી વચનની આરાધનામાં ધર્મ છે. તેને સુંદર ગણવું, સત્ય સમજવું તેમાં વક્તા વિષય ફલ દ્વારા વચનનો વિચાર કરવો તે અધિકાર અંગે વર્તમાન.**

અ...મૃ...ત...વા...ણી...

- પાપનો ભય હૈયામાં સતત જાગતો રહે તો સમ્યક્ત્વ ટકે.
- યોગ્ય જ્ઞાની ગુરૂની નિશ્રામાં વિધિપૂર્વક ધર્મનું આરાધન કરવાની તત્પરતા સમ્યક્ત્વની નિશાની છે.

# વ્યાખ્યાન-૧૭

સં. ૨૦૦૨ ના આસો વદ ૨ રવિવાર તા. ૧૩-૧૦-૪૬.

**वज्रनाराचनया खलु०**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે-

આ સંસારમાં આ જીવ અનાદિ-કાલથી ભવનું ભ્રમણ કર્યા કરે છે. અને જન્મ-મરણમાં અટવાયા કરે છે.

તેને અંગે કાલે વાત થઇ કે અમે પોતે ભલે સંખ્યાતા અસંખ્યાતા કે અનંતા ભવ અને જન્મ-મરણ કર્યા હોય, તેમાં ભમ્યા હોય તેને અમે યાદ કરતા નથી. તો તમારે યાદ કરવાની શી જરૂર ? અમે ભવ ભમ્યા અને જન્મ-મરણ કર્યા ! તેની લાગણી અમને તો નથી ! તો તેની પંચાત શી ?

વાત ખરી છે ! નાના બચ્ચાં દર્દને સમજતા નથી હોતા, ત્યાં સુધી તેને વૈદ કે દવા કે ચરી ઉપર ભરોસો નથી થતો. દર્દ કેવું છે ? તે સમજાવવામાં આવે તો દવા ફેંકી નહિ દેતાં ઉતારી જાય. દર્દની ભયંકરતાનો ખ્યાલ ન આવે તો મા-બાપ દવા દેવડાવે, વૈદ દવા આપે, છતાં ભાઇ સાબ કાંઇક ફાડે છે, અગર તેને ફેરવી નાંખે છે, બહાર જઇને જ ગળું ખંખેરી નાંખે. બાળકના અજ્ઞાનથી તેના દર્દની ભયંકરતા મા-બાપને ધ્યાનમાં રાખવી પડે ! બાળક ભલે ધ્યાનમાં ન રાખે. !

તેમજ બાળકને દર્દની ભયંકરતા સમજાવવી પડે છે, કેમ ? તો દવાનું લક્ષ્ય રાખે. જ્યાં સુધી તેના મગજમાં ઉતરે

નહિ ત્યાં સુધી તે દવાની ગરજવાળો રહે નહિ. દવા લે તો ય એમ વિચારે કે શું કરૂં ? દવા ન લઉં તો મા-બાપ મારશે ! દવા કોના માટે ? ભાઈ, મા કે બાપનો રોગ મટાડવો છે. ? ના ! મા કે બાપનો રોગ મટાડવાનો નથી પણ છોકરાનો મટાડવાનો છે. પણ છોકરો દર્દની ભયંકરતા ન સમજે ત્યાં સુધી દર્દથી પીડાતો રહે. કેમ કે તે દવા ફેંકતો જાય.

જેમ આ બચ્ચાનું બને, તેમ શાસ્ત્રકાર જણાવે છે કે હે ભવ્યો ! તમારી પણ એ બચ્ચા જેવી સ્થિતિ છે. તમે ભમ્યા ત્યારે સુખ-દુઃખમાં રાજી-નારાજી ક્યારે નહોતા થયા ? તે તો કહો ? સુખમાં દવા ને દુઃખમાં ટાંટીયા પછાડયા ન હોતા ? જેમ નાનું બચ્ચું દર્દની પીડા ભોગવે છે, બચ્ચું પીડા પામે છે, દર્દને સમજતું નથી, તેની ભયંકરતાને સમજતું નથી, દવાને લેતું નથી. તેમ આ ભવ્યે અનંતા કાલ જન્મ-મરણ કર્યા, તે દર્દ ભોગવ્યા કોણે ? તેં કે શાસ્ત્રકારે ? તારૂં દર્દ કયું ? ને તે કેટલું ભયંકર છે ? તે સમજાવે છે.

પણ હું સમજું છું, એમ કરી તમે શાસ્ત્રકારની ઉપેક્ષા ન કરી શકો ! બેવકુફ છોકરો દવા માટે મા-બાપને કહે કે દુઃખે છે તમને કે મને ? તો તે નપાવટ જેવો ગણાય છે. શાણો નથી ગણાતો. તેમ અહીં આગળ તું એ વિચારમાં આવે કે અનંતા ભવ મેં કર્યા, અનંતા ભવમાં જન્મ મરણના દુઃખો મેં વેઠયા તમારે શું ? આવાને શું કહેવું ? ભવ્ય હોય તો નપાવટ ! કહે-સમજાવે તે સમજતો નથી. તારા દુઃખને દૂર કરવા માટે દવા બતાવે છે. તે વખતે મને થાય છે. તમને નથી થતું ને ? બોલી જેમ છોકરો પોતાના દર્દને ન સમજે ! પીડાને ન સમજે ! દર્દને અંગે દેવાતી દવા ન સમજે ! દવા આપવારૂપે ઉપકારબુદ્ધિ પણ ન સમજે ! તેની કઈ સ્થિતિ ?

તેમ અહીં તારા અનંતા ભવો બોલવા પડે છે, તે શા માટે ! તેમાં અમારે મતલબ નથી. અમારે તો એ છે કે-તું દુઃખમાં, ભવભ્રમણમાં જન્મ-મરણમાં ન પડે, તેને માટે કહેવું પડે છે. એની

જગોપર " અમે ભવ ભમ્યા ને જન્મ મરણુ ભલે ભોગવ્યા." ! આવું કહે તો તેને કેવો ગણુવો. ?

જ્યાં સુધી દર્દની ભયંકરતા ન સમજાય, ત્યાં સુધી દવાને ગણે નહિ ને વૈદને ઉપકારી ન ગણે. જે દર્દની ભયંકરતા સમજે તે વૈદની કે દવાની કિંમત સમજે. જેને દર્દની ભયંકરતા સમજાય તેને સમજાય કે માતા-પિતા ઉપકારી! આવું હિત કરનાર વૈદ ઉપકારી ! દવા આટલી ઉપયોગી. આ બધું કોને ? તે દર્દની ભયંકરતા સમજે તેને પણ નહિ સમજનારાને દવા, દવા દેનાર. તેના સાગ્રીતો ક્ષુદ્ર જેવા લાગે. દવા-વૈદ શત્રુ જેવા લાગે ત્યાં ચરી આકરી હોય તો શું પુછવું ! કેટલાક દર્દી વૈદને ઉપાલંભ દેતા કે-ચરી અંગે મારી નાંખવો છે તમારે ! તે ચરી પળાવે છે, તે કોના માટે ? તો તું ન ખાય ન બચે. વૈદ શાને માટે ચરી પળાવે છે ? દર્દ જલ્દી નાશ પામે, દર્દની પીડા ન થાય તે માટે ચરી પળાવે છે, તેથી સમજુ મનુષ્ય વૈદની કહેલી ચરીને અથથી ઇતિ સુધી પાળે છે. જેમ કે-વૈદને સગાને દવાને કે ખોરાકને નથી ગણુતો, પણ દર્દની પીડાને સમજે છે.

આ વાત બરોબર મગજમાં ઉતરે તે માટે શાસ્ત્રકાર કહે છે કે, આ જગતમાં ધર્મના માટે પણ તેવા જીવો છે. આ જીવને ધર્મ કરવાનું કહેવામાં આવે ત્યાં બાનાં કાઢે ! જરા સ્પષ્ટ વાત કરીએ કે કેમ ? અમરચંદભાઈએ પોષહ નહોતો કર્યો ? તેના કારણુમાં જણાવ્યું કે ફુરસદ નહોતી. ! એટલે પોષહ થયો તે ફુરસદનું કામને. ? તેમાં ફુરસદ મેળવવાની નહિં પણ ફુરસદ મળે તો કરવાનું ! તો આ નાગો ઉત્તરને ? સગાં-વહાલામાં કોઈ માંદો પડયો ને જોવા ન ગયા ને તે સાજો થાય પછી પુછે કે કેમ નહોતા આવ્યા ? તો ફુરસદ નહોતી, તેમ કહોને ? રેલ્વેમાં, કોર્ટમાં, સગાં-વહાલામાં ફુરસદ નથી ! તે કહેવાતું નથી, પણ ઓડી બામણીના ખેતરને કહેવાય ! ધર્મ તે ઓડી બામણીનું ખેતરને ? જે હૈયે હતું તે હોઠે આવ્યું ? હૈયામાં ધર્મ કેટલો જરૂરી હતો ! તો મુદ્દલ નહિ. કેમ ! તો ફુરસદ હોય

તો કરવાના, તેને માટે ફુરસદ મેળવવાની નહિ. પણ સગાં-વહાલાં માટે ફુરસદ, રેલ-કોર્ટ માટે ફુરસદ મેળવવાની ! ત્યારે આ સ્થાનમાં ફુરસદ મળે તો જવાનું !

દવામાં ભાવે છે કે નથી ભાવતી, તે કોણ બોલે ? તો દર્દને ન સમજતો હોય તે ! પણ જે સમજતો હોય તે ન બોલે ! જેમ દર્દી બેવકુફ અક્કલ વગરનો હોય; તે દવા માટે કહે કે 'ભાવતી નથી માટે નહિ લઉં, ભાવશે તો લઈશ.' દર્દનું ભયંકરપણું ન સમજે તે આવું બોલે.

ફુરસદ નથી તે કોણ બોલે ! જેને હૃદયમાં ધર્મ જરૂરી છે, તે વાત નથી ! ધર્મ જરૂરી છે તે વાત જેના હૈયે હોય તે તો ફુરસદ કેમ ન મળે, ? તે તો વિચારે કે કામ ઘેર ગયું ! રોજ છે. ! કોર્ટ વિગેરેની લાગણી ને ધર્મ વખતે લાગણી કેટલી ? ઊંચી-નીચી કક્ષાએ રહેલી છે. ! તે વિચાર્યું. ? હૃદયમાં તમારૂં જે છે તે હોઠે આવ્યું. ! આ શું થયું. ? હૃદયમાં ધર્મ કેટલી નીચી ડીગ્રીમાં હતો ? તેથી હોઠે આવ્યું કે ફુરસદ હશે તો ! મેળવવાની નહિ. ન મળી તો કહેવાય નહિ. તમારા લેણ-દેણમાં, રેલમાં, કોર્ટમાં વિગેરે કશામાં આ ઉત્તર આપો છો. ? "સામાયિક-પ્રતિક્રમણ ધર્મકાર્યોમાં ફુરસદ નહોતી ! મળશે તો વાત. !" આ વાકયો બીજી કોઈ જગોપર વાપર્યા ? કુટુંબ, કબીલા, રેલ, કોર્ટને અંગે ? એકજ આને અંગે વપરાય છે. તે સિવાય બીજે કોઈ અંગે વપરાતું નથી. ત્યારે આનું સ્થાન તમારા હૃદયમાં કયાં છે ? તે સમજવું જોઈએ.

સાકેરભાઈને ત્યાં દશ મેમાન આવ્યા, તે બહાર મુનીમ સાથે વાત કરતા કરતા આવ્યા કે 'મેમાન આવી ગયા તો કંઈ કાઢી મેલાય ?' પેલા શું સમજે ? કાઢી ન મેલ્યા તેટલું જ ને. ! ડાહ્યો મહેમાન પેશાબના બહાને બજારમાં જાય કે બીજું કંઈ થાય ? ગાંડો તો પડી રહે. આ ધર્મ શી રીતે આત્મામાં ઉતરે ને રહે ? કેમ ? તો હોય જેને તમે ચોકખું સંભળાવો છો કે ફુરસદ નથી. ! ફુરસદ હશે તો

કરશું. ફુરસદ નહોતી તેવો નાગો શબ્દ સંભળાવો તો ધર્મ ક્યાં રહે.? તે વિચારો! ધર્મ જો આદરથી રહ્યો તો આ શબ્દો નિકળે! તો ના! ધર્મ જેવી ચીજ આદર વગર પડેલ છે, તેને કહેનાર આદર વગર પરાણે કરે છે. તે શાથી થાય.? એક જ કારણથી દર્દની ભયંકરતા સમજવામાં ન આવે તો દવા, વૈદ, ચરી કડવા ઝેર છે.

અહીં અનંતા ભવો જન્મો મરણો તેનો ખ્યાલ આવ્યો નથી! તેથી નથી ધર્મની દેશકતાની કે સહાયકોની કિંમત થઇ. તેમાં એકજ કારણ કે દર્દની ભયંકરતા ખ્યાલમાં આવી નથી. માટે કહેવું પડે છે કે તું કહે છે તે મેં સાંભળ્યું કે "મેં અનંતા ભવ કર્યા જન્મ--મરણથી દુઃખી થયો! તેમાં તમારે શું?" વાત ખરી! પણ તારા અજ્ઞાનને લીધે જ આમ બોલાય. પણ સમજણના ઘરમાં આવે તો દર્દની ભયંકરતા સમજે. મા-બાપ રોકે તોપણ વૈદને ત્યાં જઇ દવા લઈ આવે.

દર્દની ભયંકરતા ન સમજે ત્યાં સુધી દવા, કે વૈદ, સહાયકો ને શત્રુ માને! પણ ભયંકરતા જણાય તો દવા, વૈદ, કે મા-બાપને હિતૈષી ગણે.! તેમ જેઓ પોતાના જીવનો વિચાર કરે કે હું કયારનો? કઈ દશાનો! હું એટલે છગનભાઈ કે ચમનભાઇ નહિં હોં.! આમાં રહેલો તે! દેખાય તે આ નહિં? ઘર તે ભાડુત નહિ પણ ઘર તો ભાડાની ચીજ. આ તો ભાડાની ચીજ! પણ ભાડુત ન હોય. ભાડુતને જવાબદારી હોય! પણ અહીં પૂછાય કે કયારનો તું? માલુમ ન પડે! માટે જ સુધર્માસ્વામીજીને કહેવું પડે કે ઘણા જીવોને માલુમ નથી પડતી. હું ભવાંતરથી આવેલો છું! તે ખબર નથી.

પણ તેણે વિચારવું જોઇએ છે હું નવો ઉત્પન્ન થયો નથી! ને અહીં આવીને જન્મ્યો-રહ્યો છું, પણ કયારનો! તો તે વિચાર કરે તો આપોઆપ ખ્યાલ આવે. કોઈ મનુષ્ય પોતાની માના પેટમાં કેમ રહ્યો હતો? તે યાદ નથી! પણ તપાસતાં-જોતાં-વિચારતાં

માલમ પડે. જેમ ગર્ભની કે જન્મ અવસ્થાનો ખ્યાલ નથી, પણ તપાસના પરિણામે જાણકાર થાય છે. હું જન્મ્યો છું તે કોને ખ્યાલ છે? જન્મ વખતે કોઈને ખ્યાલ છે? જન્મ પામ્યો માતાના પેટમાં રહ્યો હતો તે શાથી? તે શાથી માન્યું? તો આગળ પાછળ તપાસ કરીને સમજ્યા ત્યારે, તેમ અહીં આગળ જીવને અંગે તપાસ-વિચાર કર્યો?

આ જીવ કોઈ દહાડો નવો થયેલો નથી, જ્યારે નવો થયેલો નથી. ત્યારે તો સર્વ કાલમાં કોઈક ને કોઈક અવસ્થામાં હોય છે. તેમ આ જીવ આ ભવમાં પણ નવો થયો નથી, તો કોઈકને કોઈક ભવમાં હશે. અવસ્થા મેળવે જાય. દેવમાંની અવસ્થા, મનુષ્યની અવસ્થા અનાદિથી હોય નહિ. કારણ વિવેક,અવિવેક, મધ્યમ વિવેકના મૂલની તે ગતિઓ છે.

આ ત્રણ અવસ્થા–દેવતાની વિવેકમૂલ, મનુષ્યની મધ્યમ વિવેક-મૂલ અને નારકીને અવિવેકની તીવ્રતાવાળી, પણ અજ્ઞાનતાની જડવાળી એકે ગતિ નથી. અજ્ઞાનતાની જડવાળી કઇ ગતિ હોય? જેમાં માત્ર જ્ઞાનનો છાંટો હોય, એકલું શરીર હોય, રસ, ગંધ, રૂપ, શબ્દ જાણવાનું જ્ઞાન ન હોય, તેવી દશા ક્યાં! તેવી દશા નથી દેવતામાં! નથી નારકીમાં! કે નથી મનુષ્યમાં! કોઈ દેવતા–નારકી મનુષ્ય એકેન્દ્રિય હોય? તો નહિ. એકેન્દ્રિય કોણ હોય? તો માત્ર તિર્યંચ! તિર્યંચમાં પણ એકેન્દ્રિયની જાતિ.

તે એકેન્દ્રિય જાતિમાં સર્વ કાલ રખડયો. અનંતા કાલ અનંતા જન્મ મરણો કર્યા. નહિ તો તું ક્યાં રહ્યો? તે કહેને! વિવેકમાં હંમેશ વર્તવાનું, અવિવેકમાં કે મધ્યમવિવેકમાં હંમેશાં વર્તવાનું ન બને. પણ અજ્ઞાનદશામાં વર્તવાનું હંમેશ રહે.

અનાદિ કાલથી એકેન્દ્રિયમાં રખડ્યો તે શાને લીધે? ધર્મની દવા ન મલી તેને લીધે. તે અજ્ઞાનને નાશ કરનાર વિવેકની

ઉંચી કોટિ આપનાર એવી કોઈ વસ્તુ હોય તો કેવલ ધર્મ

આવી રીતે ધર્મને જરૂરી ગણે કોણ? તો મનુષ્ય! પણ કયો? તો દર્દને જન્મ-મરણના રોગને સમજનારો, તેવો મનુષ્ય જે કે થર્ડ કલાસનો પહેલા કલાસમાં પાસ થઈને આવેલો હોય, પણ જે પોતે કલાસમાં ઠોઠ હોય તે ધર્મને શી રીતે સમજે? તેમ અહીં જેઓ પંચેન્દ્રિય મનુષ્ય ગતિ આદિ મળવા છતાં નથી ધર્મ વિચારતા! નથી તેની અપેક્ષા! તેવા પ્રાણીઓ લોકોત્તર ધર્મમાં શી રીતે! લોકોત્તર ધર્મમાં દાખલ થયા કયારે ગણાય? ધર્મને દવા ગણી આદરે ત્યારે !!!

જુદા જુદા વૈદોમાંથી સારા વૈદને પસંદ કર્યો, તેની ટ્રીટમેંટમાં રહેવાનું લાગ્યું. છતાં દેખીએ છીએ કે હોસ્પિટલમાં કેટલાક અવળચંડા હોય કે ડોકટર રૂઝ લાવે ત્યાં હાથથી પોતે પોપડો ઉખાડી નાંખે. ગયા છે દવાખાને! રોગ કઢાવવા આવ્યા છીએ એ વાત ભુલી જાય તેઓ ત્યાંજ રહ્યા છે, તેમ ધર્મની ઇચ્છાથી લોકોત્તર ધર્મ પામ્યા છતાં તત્ત્વનો વિચાર કરવાનું શિખ્યા નહીં. બાહ્ય આચારમાંજ ધર્મ ગણ્યો.

ધર્મ પામનારો ત્રણ પ્રકારે હોય. કેટલાક આચારને, કેટલાક વિચારને, કેટલાક સ્વરૂપમાં, ધર્મ ગણનારા હોય. આચારમાં ધર્મ મહાવ્રત, વિહાર, આહાર શુધ્ધિ આદિ આચાર ભાળું તો તેમાં ધર્મ. અહીં મહિનો રહ્યા વિહાર કર્યો તે આચારની વાત થઈ! પરંતુ અહીંથી ચાલતી વખતે આચારની મર્યાદા જુવે છે કે ઉંટવિદ્યા શીખે છે? ન જુએ સમિતિ અને ગુપ્તિ તે વિચારોનું સ્થાન, તપસ્યા વિહાર લોચ તે વિગેરે આચારોનું સ્થાન! ન જુએ! પણ પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ તે વિચારનું સ્થાન! બોલતાં કેટલો ઉપયોગ! ગોચરીમાં કેમ છે? તે બધું વિચારનું. કેટલાક આચારમાં અટવાઈ રહે જીંદગી સુધી વિચારમાં જાય નહીં. કેટલાક

મનુષ્યપણું પામ્યા, ધર્મમાં દાખલ થયા માત્ર ધર્મ આચારમાં ગણ્યો વિચાર વસ્તુ નથી. વિચારો સુધર્યા છે કે નહીં ! આઠે પ્રવચન માતા તે વિચારપૂર્વકની શુદ્ધ પ્રવૃત્તિ. પ્રવચન માતાને ધર્મ ગણે તો તે વિચારમાં ધર્મ ગણનારા. આચારમાં જોઇને ધર્મમાં પ્રવર્તેલા પણ વિચાર અને સ્વરૂપમાં જેની દષ્ટિ નથી તે બાલજીવો કહેવાય.

તેમ મધ્યમ કોનું નામ ? તો વિચાર તરફ દૃષ્ટિ પણ સ્વરૂપ તરફ દૃષ્ટિ નહિ તે મધ્યમ કહેવાય. સમજુ કોનું નામ ? તો ધર્મના કલાસમાં દાખલ થયેલો. તત્વ તરફ દષ્ટિ કરે તો સમજુ ગણાય.

હવે આમાં ધ્યાન રાખવાનું કે આચાર વિચાર તત્ત્વમાં પરસ્પર બાધા હોય તો શું કરવું ? આચાર જાળવતાં વિચારને, વિચાર જાળવતાં તત્ત્વને, તત્ત્વ જાળવતાં આચાર અને વિચારને બાધા આવતી હોય તો શું કરવું ? પંડિત-સમજણા હોય તો તે તત્ત્વને લક્ષ્યમાં રાખે. આચારને વિચારને ગૌણ પણ કરે

હવે ધ્યાન દો-સાધુ પ્રાણ જાય તો કાચા પાણીની વાટકી ન પીએ. જીવને બચાવવા માટે લેવું છે વાટકી પાણી, પણ તે નાકબુલ ! અહિં નદીમાં માઇલ જેટલું ઉતર્યો તેમાં શું ? વરસતા વરસાદ બાલ ગ્લાન માટે ગોચરી જાય તો વિરાધના નહિ ને વાટકીની વિરાધના બચાવીને માઈલોની નદી ઉતરાય વરસતા વરસાદમાં ગોચરી જવાય છે. તો કાચાપાણીથી છેટા રહેવું તે આચાર. અને જોઇને પગ મેલવો તે વિચાર. ત્યાં કયાં જોવા બેઠા ? આચાર-વિચાર બંનેને અંજલિ કેમ આપી તો એક જ કારણ સ્વરૂપ ! એટલું કરીને પણ વિચાર કરશે તો દુનીયાની જંજાળમાં ફૂલાશે નહિ. દુનીયાની જંજાળથી આરંભથી દૂર રહેવું તે આટલું કરીને વિહાર કરશે તો થઈ શકશે. જેથી આચારને

વિચારને દબાવવો પડયો, આ વાત જે સમજે તે ખરેખર ધર્મના સ્વરૂપને સમજનારો ગણાય.

તે સ્વરૂપ કેવલ વચન દ્વારા સમજાય. **તેથી વચનની આરાધના ધર્મ છે.** વચન બુધ-સમજુ માટે જરૂરી ગણાવ્યું. શાસ્ત્ર શ્રુત, આગમના માનભર્યા શબ્દો નહિ વાપરતા **વચન** શબ્દ માત્ર સ્વરૂપને જણાવશે, કેમ વાપર્યો ? **વચન** તે તદ્દન સામાન્ય શબ્દ તે કેમ લેવામાં આવ્યો ? માનભર્યા શબ્દો ન લીધા. '**शास्त्राराधनाय खलु**' તે ન લીધા ! **આગમ, શ્રુત** શબ્દ ન લીધો પણ **વચન** કેમ લીધો ? વચન કોને કહેવું ? તે પદાર્થ શું કહેવું ? વક્તા સ્વરૂપ વિષય દ્વારા મહત્તા માત્રથી આરાધના કઈ ? આદિ સમજાવશે તે અધિકાર અગ્રે વર્તમાન

અ...મૃ...ત...વા...ણી

- પાપના ડર સાથે સમ્યક્ત્વ સંકળાયું છે, એ વાત સાપેક્ષ રીતે ધ્યાનમાં લેવાથી પૌદ્‌ગલિક આસક્તિ ઘટે છે.
- વિનય-વિવેકપૂર્વક ધર્મની આરાધના કરનાર મુમુક્ષુ કર્મોના બંધન જલ્દી દૂર કરી શકે છે.
- ધર્મક્રિયાની ઉપેક્ષા, અનાદર કે અબહુમાનની વૃત્તિ ભવાંતરમાં ઊચિત ધર્મસામગ્રીની પ્રાપ્તિમાં અંતરાય રૂપ બને છે.

# વ્યાખ્યાન-૧૮

સં. ૨૦૦૨ના આસો વ. ૪ વાર સોમ તા. ૧૪-૧૦-૪૬

**वचनाराधनया खलु**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન **શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વરજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતા આગળ સૂચવી ગયા કે-

આ સંસારમાં દરેક જાતિ તપાસો. દરેક જીવન-મરણ કરે છે. જન્મ લે છે યાવત્ જીવન જીવીને મરણ-શરણ થાય છે, પરંતુ અમુક મનુષ્ય અને દેવ સિવાય દુનિયાની દૃષ્ટિથી ખાસ જરૂરી આબરૂ જેવી ચીજ કોઈના ધ્યાનમાં આવી નથી.

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય જીવોમાં આબરૂ કે માન-અપમાન શું ? તેનો વિચાર નહિ ! પરંતુ મનુષ્ય અને દેવતાને માન-આબરૂ એક એવી ચીજ કે જેની આગળ બીજી બધી ચીજો કોડીની કિંમત ! યાવત્ ધન, માલ, કુટુંબ, કબીલો, તે બધું ઉપયોગી ગણે ? પરંતુ આબરૂ સાથે તોલે તો તે બધાની કિંમત કોડીની પણ ન ગણે ! કોણ ? તો મનુષ્ય હોય તે. પણ એકેન્દ્રિય ને શું ? ઝાડ હોય તે સો વર્ષનું હોય તેની નીચે ઝાડો-પેશાબ કરે તો શું ? તો કંઈ નહિ. વિકલેન્દ્રિયમાં આબરૂ જેવી ચીજ જ નહિ. જગતની અપેક્ષાએ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય અને દેવતામાં આબરૂ સમજાય જે કિંમતી ગણાઈ ! તે સિવાયનો આખો સંસાર જન્મ-મરણવાળો છે. આહાર, શરીર ભય, નિદ્રા, મૈથુનવાળો, વિનાશવાળો, શરીર, સ્થાન, સંતાનવાળો છે, છતાં આબરૂ જેવી ચીજ સમજવામાં નથી આવી, તો કિંમત કયાંથી કરે ? જગતની ઉપયોગી ચીજ આબરૂ

આ જીવોમાં નથી આવતી. ત્યારે આપણે વિચારીએ તો તેનો જન્મ એળે ગયો.

જેને આબરુની સમજણ-કિંમત નથી, તે જીવો કે મરો તોય શું ? એક વાત ધ્યાનમાં રાખજો. કઈ ! જેવું તમે બીજાને માટે ધારો તેવું તમારે માટે તે ધારે તો ! સાવચેત રહેવું જોઈએ કે તે તમારા માટે ન ધારે તેની તકેદારી રાખવી પડે ! બીજાને માટે ધારવાનો હક, તેમ બીજાને તમારે માટે ધારવાનો હક જરા પણ નથી એમ માનીએ છીએ ! કેમ ! આબરૂને કિંમતી ન સમજનારાને એકેન્દ્રિય વિકલેન્દ્રિય કે ઢોરના નામે જણાવ્યા ! તેને મન સ્થાન, શરીર, સાધન, સંતાન નથી ? બધું છે ! તો ઢોર કેમ ગણાવ્યા ? તે હિસાબમાં નહિ. તે એક જ મુદ્દાએ કે આબરૂને ઓળખતા નથી તેની કિંમત નથી. આપણે આબરૂને કિમતી ગણી તેથી તેને નહિ ગણનાર તે આપણા મતે કેવો હલકો લાગે ?

આ વાત તમારા માટે ન થાય ! તે તમારે વિચારવાનું છે,

અમે આબરૂને કિમતી ગણીએ છીએ પણ કયાં આબરૂ ? જરા આગળ જાવ ! કયાં ? ધર્મમાં .

જેવો તમારો આબરૂ અંગે વિચાર છે. તેવો મરવાને અંગે પણ આબરૂભર મર્યો એમ કહેવાય અને જીવતો આબરૂ વગર જીવ્યો તો મર્યા બરોબર ! તમે આ બધા આબરૂને કિંમતી ગણીને આ બોલો છો. વહેવાર કરો છો. તેમ જેઓ પરભવની દૃષ્ટિવાળા હોઈને ધર્મની કિંમતને ગણનારા ધર્મરહિત મનુષ્ય ને કેવો ગણે ? તે તમારે હિસાબે ગણી લો ! વિચારી લો !

જો કે આબરૂને સમજનારા કરતાં નહિ સમજનારા અનંત ગુણા. એકેન્દ્રિય વિકલેન્દ્રિય અસંજ્ઞીપંચેન્દ્રિય, સામાન્ય સંજ્ઞી પંચેન્દ્રિય, તેને આબરૂ ગણવી છે કયાં ? કિંમત કરવી છે કયાં ? તમે મુઠીભર આબરૂના બજારવાળા ! બાકી ના આબરૂના બજારને ઈચ્છ-

નાર નથી. આબરૂ ચીજ ઉત્તમ હોવાથી તમે થોડા છતાં તમે તમારી જાતને ઢોર–ઢાંખર પશુમાં જવા ન દીધી. જેમ આબરૂને તમે સમજ્યા તેની કિંમત સમજ્યા પછી આબરૂને નહિ સમજનારો કે તેની કિંમત નહિ સમજનારો વર્ગ તે તમારે મન ઢોર–ઢાંખર કે પશુ તેમ જેલરૂપ જીવનને મહેલરૂપ બનાવનાર ધર્મની કિંમત ઉપાદેયતા ન સમજ્યા તો તમારી કિંમત જ્ઞાનીઓની દૃષ્ટિએ કેટલી?

જરા ગંભીરતાથી વિચારો કે–આ જીવન મહેલ અને તેજ જીવન જેલ! કયી રીતે? તે જરા સમજો દુનિયાદારીનું છે. દૃશ્ય જોવાની, કે આવવાની છૂટ હોય તે મહેલ! પણ જેમાં જોવાય નહિ, કે બહાર જવાય નહિં, તે મકાન સુંદર હોય તો પણ જેલ! આ જીવનને આ જીવન પુરતી દૃષ્ટિમાં રાખીએ તો તે આપણું જીવન કેવી દૃષ્ટિમાં? તો જેલની! જ્યારે આપણા જીવનની ચારે બાજુ જીવન પહેલાં શું હતું? પછી શું થશે? તે વિચાર કરીએ ને દેખી શકીએ તો આ જીવન મહેલના રૂપમાં આવે?

આ જીવન ગયા અને આવતા ભવની દષ્ટિ વગર રાખવામાં આવે તો જીવન જેલ રૂપે. તેમ આ ગયા અને આવતા ભવનો વિચાર કરવો નથી તે જેલ! જેઓ જીવનને મહેલ રૂપ ધરનારા તેઓ કઈ દષ્ટિથી દેખે? જેમ આબરૂ અને તેની કિંમત ગણનારા આબરૂ અને તેની કિંમત નહિ ગણનારા વર્ગને કેવો ગણે છે? તે ઢોર–ઢાંખર તિર્યંચ શબ્દથી કહેવામાં આવ્યો, તેમ અહીં આગળ આપણે જીવનને જેલ બનાવનાર જીવનને મહેલ બનાવીને જાણનારા જ્ઞાનીઓની દષ્ટિમાં કેવાં?

આખી દુનિયામાં પણ જીવનને મહેલ બનાવનારા મહાનુભાવો જેઓ ગયા જીવન અને આવતા જીવનનો વિચાર કરે તે. આવું જીવન બીજા જીવનો કરતાં કેટલું ઊંચું? તે વિચારે, ત્યારે પોતાનું જીવન મહેલ રૂપ લાગે. આવું જીવન જીવનારને જેલ રૂપ જીવન જીવનારા

તરફ કઈ દૃષ્ટિ થાય ? તે વિચારો ! આ વિચાર જ્યારે ખરેખર હૈયામાં કોતરાઈ જાય તો માનવું પડશે કે-

**મહેલ તરીકે જીવન જીવવાવાળા તે આસ્તિકો અને જેલ જીવનને જીવવાવાળા નાસ્તિકો.** મહેલ જીવન જીવવાવાળા બધા આસ્તિકો ! દરેક આસ્તિક મહેલ જીવનથી જીવવાવાળો. કોઈ પણ આસ્તિક ! જેલ જીવન જીવવાવાળો હોય નહિ. **જેલ જીવનથી જીવે તેનું નામ આસ્તિક જ નથી.** મેં પહેલે ભવે પુણ્ય કર્યાં તેથી મનુષ્ય થયો ? અત્યારે કેવા કર્મ કરૂં છું ? તેથી કઈ ગતિ પામીશ. ? તે એ વિચાર ચાલુ રહે.

કેદીને બહાર ફરવા લઈ જાય, તેથી શહેરી નથી કહેવાતો. કોઈ વખત શહેરને ખુલ્લી દૃષ્ટિએ દેખવાવાળો પણ કેદી ગણાય, શહેરી નહિં તેમ અહીં પણ માત્ર દેવ-ગુરૂ-ધર્મની જોગવાઈ મળી ! વાતો ચાલી તે વખતે સંસ્કારથી ધર્મને કહે-બોલે-વિચારે તેટલા માત્રથી આસ્તિક થતો નથી.

મહેલ જીવન તેનું નામ કે સર્વદા માટે વહેવાર છૂટો. કોઈ પણ વખતે જવું હોય, જગતના વહેવારને જોવો હોય તો ખુલ્લો હોય. તેમ આ જીવને ૨૪ કલાક આવતા ભવના અને ગયા ભવના વિચારો ગયા ભવને આવતા ભવ અને કર્મના વિચારો રહે ત્યારે આ મહેલ જીવન ! પણ કો'ક વખત વીજળીના ચમકારા જેવો આ વિચાર આવી જાય, કેદી જેમ ફરવા નીકળે તો તે કેદી કહેવાય. તેમ કોઈ વખત આવીએ અને હો હો કરીએ. તેથી મહેલના જીવન-વાળા નહિ. પણ જેલના જીવનવાળા. એક ક્ષણ પણ ભવભય વગરનો ન હોય તે મહેલ જીવન વાળો !

જેમાં તમે નવકારની કથા સાંભળો છો. તેમાં બીજોરાની કથા સંભારો !

રાજાનો હુકમ છે. બીજોરૂં લાવવું. એ ઓર્ડર જેને ત્યાં પોતે રહ્યો છે. તેના છોકરાનો વારો આવ્યો. તેને બચાવવા માટે વારો પોતે લીધો.

કહો મરણ વહોર્યું કે બીજું કંઈ? હજારો સેંકડો મર્યા છે. તેથી ડોશી રડતી રહી છે. છોકરાની ચીઠી આવી ને છોકરો મરવાનો તેથી રડે છે. અને તેમાં તે કબુલ કરીને નિકળે છે.

જેના ઘેર રહું છું તે મારા બેઠા કેમ જાય. બીજાને આપત્તિ આવે તે મારાથી કેમ જોવાય? તે વિચારથી મોત વહોરે છે.

ત્યાં જવાનું ચોક્કસ બીજોરૂં તોડવાનું ચોક્કસ! તેની સાથે મરવાનું ચોક્કસ ત્રણે ચોક્કસ છે.

ને આવા પ્રસંગમાં પોતે બગીચામાં પેસતાં णमो अरिहंताणं બોલે, તે આત્મામાં સંસ્કાર કયા તે વિચારો! નવકારવાળી ગણનારા કંઈક છે. પણ મરણને નોતરીને મરણના મોંઢામાં જાય અને તે તે વખતે णमो अरिहंताणं! બોલનારા કેટલા? તે શબ્દમાં કિંમત નથી. પણ પ્રસંગ વિચારો અને મરણના મોંઢામાં જવાય અને આગળ શું બનશે? તેનો નિયમ નહીં, તેથી દેવતાને જોયો નથી બીજોરૂં તોડયું, તો પણ णमो अरिहंताणं! કઈ સ્થિતિમાં હશે ત્યારે આવ્યું હશે. મોતના મોંઢામાં ડોકું આવે છે તે વખતે.

અમથી નવકારવાળી ગણાય છે, કાઉસ્સગ્ગ પારતાં णमो अरिहंताणं બોલાય છે. તેમાં કુતુહલી હોય તે णमो अरिहंताणं બોલે તો આખું મકાન ગાજે. આ સંસ્કાર માટે નકામું નથી પણ ખરૂં ક્યારે? આવા ઓતપ્રોત સંસ્કાર થવા જોઈએ.

જ્યાં મોતના મોંઢમાં ડોકું મુકે છે ત્યાં णमो अरिहंताणं

કહો મહેલનું જીવન કોનું. આપણે જેલના જીવનવાળા છીએ. નવકારવાળી વખતે णमो अरिहंताणं બોલે પણ હૃદયમાં કેટલું?

પાણીમાં ઉંડાણ આવ્યું ! તે વખતે માને મર્યા દશ ને બાપને મર્યા બાવીશ વર્ષ થયા તે સાંભળવાના નથી. ઘાંટો નકામો જવાનો છે. છતાં ઓ ! બાપ રે ! ઓ ! મા રે ! કોને કહે છે ? દેખે છે ? છતાં બચપણના સંસ્કારો કેવા સજ્જડ ઘુસ્યા કે તે જગોપર ઓ ! મા રે ! ઓ ! બાપ રે ! તેમ અહીં નવકારના સંસ્કારો ઘુસ્યા કે णमो अरिहंताणं મોતના પ્રસંગે આવ્યું.

આવા સંસ્કારો ન આવે તો આપણે મહેલના જીવનવાળા કેવી રીતે ? મહેલ જીવનમાં આવ્યા કયારે ગણાઈએ ? તેજ સંસ્કાર જ્યારે પ્રસંગ આવે ત્યારે તે જ નિકળે.

ત્યાં જંગલમાં મુસાફરી કરતાં બગીચામાં પેસતાં णमो अरिहंताणं કેમ આવ્યું હશે ? શીખવાને મોકલ્યો નથી. પાણીનો ભય લાગ્યો તે વખતે કોઈ શીખવાડતું નથી છતાં સંસ્કાર હોવાથી ઓ ! મા ને ઓ ! બાપ ! તેવા સંસ્કારો આવે પણ અરિહંત મહારાજના નામના મળે છે ? દરેક પ્રસંગે णमो अरिहंताणं આવે તો ખરા સંસ્કાર કહેવાય !

આપણે તો જન્મ ને મરણને એક સરખો રાખ્યો. માટે બધાની અસજઝાય ગણુજો પણ નવકારની નહીં अपवित्रः पवित्रो वा અપવિત્ર કે પવિત્ર હોય પણ નવકાર માટે કોઈ જાતનો પ્રતિબંધ નથી.

નવકાર તે ધર્મતીર્થનું ચક્ર, તેને કોઈ રોકે નહીં ! નવકારને કેમ અસજઝાય નહીં ? સૂત્રકારને સોંઘું હતું ? તો ના ! પણ આરાધનાની જડ તે.

આસ્તિક આરાધનાની જડ વગર રહે નહીં. તે માટે બધે છૂટ. જન્મ વખતે સંભળાવાય! મરતી વખતે સંભળાવાય. જન્મ–મરણને અંગે નવકારને બંધી નહીં. નવકાર આરાધનાની ચીજ. આરાધના કેમ ? આટલી બધી ચીજ જાણીને છૂટથી ઉપયોગ કરવાનો કહ્યો

ત્યારે આપણે તેમાં અસજ્ઝાય નહીં ગણવાની ! તેનું કારણ શું ? ગણાય ગણાય એમ નહીં પણ તે ગણ્યા વગર રહેવાય નહીં.

એટલા જબરજસ્ત ભડકા પડયા હોય આ ચૌદપૂર્વનો સાર તે શા સંસ્કાર માટે ? તમારે આરાધના વગર એક ક્ષણ ન જાય માટે તમારે આ હથિયાર છોડવાનું નહીં.

જેમ બ્રાહ્મણને જનોઈ, શીખને કરપાણ છોડવાના નહીં તેમ તમારે માટે નવકાર ચોવીશ કલાક તન્મય રહેવો જોઈએ. જે તેને માટે છૂટ આપી કે આ તો તમે પવિત્ર હો કે અપવિત્ર હો પણ નવકાર તો ગણ્યા જાઓ.

આ રીતે આસ્તિકો મહેલ-જીવનમાં જીવવાવાળા ચોવીસ કલાક ધર્મને જરૂરી કિંમતી ગણેજ નહિતર તો આ બધો વર્ગ આબરૂને અને તેની કિંમતને જાણતો નથી. તેને તમે જેમ જુવો છો તેમ મહેલ જીવન જીવનારા જેલ જીવન જીવવાવાળાને દેખે, તેમાં નવાઇ શી ?

મહેલ જીવન જીવવા માટે તૈયાર થયેલા જીવો વિચિત્ર હોય કેટલાક મહેલ-જીવન જીવવાવાળા સફલ થાય છે, કેટલાક મહેલ જીવન જીવનારા સફલતા મેળવવા માટે તૈયાર નથી થતા. પરભવના વિચાર કરતાં ચોવીશ કલાક વિચાર રાખીને મનુષ્યભવ મહેલરૂપી જીવન જીવનારા ધર્મને સાધીને જીવન સફલ કરે તેવા કેટલા ?

આ જગતમાં આબરૂને તેની કિંમત સમજનારા કરતા તે મેળવનારા કે વધારનારા કેટલા ? તો ગણ્યાં ગાંઠયા ! તેમ અહીં આસ્તિક માત્ર ધર્મની કિંમત મહેલ જીવન જીવવા માટે કરનારો હોય પણ સાચો ધર્મ મેળવનારા કેટલા ? તો આંગળીએ ગણાય તેટલા ! જગતમાં આબરૂ મેળવવી મુશ્કેલ છે. તે મલ્યા છતાં તેને ટકાવવી તે બહુ મુશ્કેલ છે. તેમ અહિં આસ્તિકતાની દૃષ્ટિ આવવી મુશ્કેલ, તેમાં સાચો ધર્મ પામવો મુશ્કેલ, તે પામ્યા છતાં સાચો ધર્મ ટકવો તે બહુ મુશ્કેલ !!!

દુનિયામાં આબરૂભર જીવાય તો બસ કહેવાય, કેમ કહેવાય છે, એમ ? આબરૂ મેળવવી મુશ્કેલ છે, પણ મેળવેલી-ટકાવવી મુશ્કેલ છે. તેમ ધર્મ સાચો મેળવવો મુશ્કેલ છતાં મલ્યો તે ટકાવવો મુશ્કેલ છે. આબરૂનો ભય કોને ? તો આબરૂની કિંમત કરનારને અંગે. તેમ અહિં પણ સાચો ધર્મ પામ્યા છતાં પણ તે ધર્મ જવાનો ભય કોના અંગે ! સાચા ધર્મવાળા કહેવડાવવાને અંગે.

કેટલાક સાચો ધર્મ કહેવડાવે અને તેજ ધર્મનો ઘાત કરનારા હોય. કેમ ? ધર્મના પ્રકાર ત્રણ-આચાર, વિચાર, સ્વરૂપ, પહેલાં તો કેટલાક ધર્મ પામતાં એકલા આચારને સમજે. વિચારને સમજે નહિ, કેટલાક વિચારને સમજે, પણ સ્વરૂપ, આચારને સમજે નહિ, કેટલાક સ્વરૂપે સમજે પણ આચાર અને વિચારને સમજે નહિ. આવા કેટલાક સમજણની ખામીવાળા દુનિયામાં સામાયિક પૂજા-વિગેરે કરવું તેમાં શ્રાવકપણું, ઘેર જમણ વખતે જમણનો ઉપયોગ નૈવેદ્ય તરીકે પ્રભુજીને ધરાય છે કે નહિ ? તેનો વિચાર નહિ. પૂજાના ન્હાવાના સ્થાને નીલફૂલ કીડીઓ વિગેરે. હોય તે જુવે નહિ. ને ન્હાવા બેસે તો શું થાય ? તેથી બધામાં અજયણાનું પાપ થશે ?

સામાયિક પ્રતિક્રમણ દાન-શીલ આદિમાં શું ? તો કેટલાક આચારમાં રહેલા વિચારમાં નહિ ગયેલા ચોમાસામાં લીલોતરી નહિ ખાવી તે વિચાર રાખશે પણ ચિકાશથી નીલફુલ થાય તેને માટે વિચાર કર્યો. ! આમ શાક કંદમૂલનું નહિ ખાય પણ પાપડ ઉપર લીલફૂલ આવી તે લુંછીને ખાય. !

આનો અર્થ આચાર રાખ્યો, પણ વિચારમાં ખામી ! આચારમાં વસ્યા વિચારમાં શૂન્ય.

કેટલાક આચાર-વિચારમાં વસ્યા, પણ સ્વરૂપમાં શૂન્ય ! કેમ ! તમે કોણ ! તો વીશા ઓસવાલ, વીશા શ્રીમાલી, પણ તમે આર્યક્ષેત્ર ઉત્તમ કુલ જાતિ વગેરે કહ્યું. ? ક્યાંથી આવ્યા, તો નવા

પરા–ગોપીપરાથી ! પણ આવ્યા ક્યાંથી ? તે માલમ નથી. ક્યાં જશો ? તો–ઘેર ! બજારમાં ! પણ એ વિચાર આવ્યો કે કયા કર્મ છે ? તેમ ક્યાં જવાશે ? તે વિચાર નથી.

આપત્તિ સ્વરૂપમાં આવી છે. તેથી નથી આવતું.

આવનારાની ખામી એ હજુ ક્ષમ્ય છે. ક્ષમ્યનો અર્થ એ નથી કે હોય છે, પણ એને સુધરવાનો અવકાશ. આચાર–વિચારવાળાને સમજાવો તો તે પણ ખરું કહેશે. સમજણની ખામીથી આચારમાં જવાય છે. વિચારમાં નથી જવાતું. વિચારમાં જવાય છે તો સ્વરૂપમાં નથી જવાતું. તે ક્ષમ્ય પણ જેઓ કુહાડાવાળા તે ક્ષમ્ય નથી. કેમ ? સ્વરૂપમાં રમનારા તે આચાર વિચારને શું કરવાના ? તો તે આચારને વિચારના કુહાડા ! આચારવિચારના રક્ષણ કરવાની બુદ્ધિ ન થાય તો એને તત્ત્વ કોણ કહે છે ?

જ્ઞાન વિરતિ આવે ત્યારે ગણાય. "ज्ञानं फलाभावात्" જ્ઞાન ફલ નથી માટે તેને અનંતી વખત પામ્યા. શાસનના કુહાડા-કેટલાક આચાર દ્વારા, કેટલાક વિચાર દ્વારા, કેટલાક સ્વરૂપ દ્વારા ધર્મ જાણનારા તે તમે કહ્યું હતું. તે હા પણ વિચાર વગરનો આચાર ને સ્વરૂપ વગરનો આચાર વિચાર તેમ કહ્યું નથી.

જેઓ વિચારના નામે આચારને અને સ્વરૂપના નામે આચાર–વિચારને ફેંકી દે તે શાસનના કુહાડા છે. મહાવીર મહારાજના છ મહિનાના લોહી ખંડા માટે રેવતીએ પાક તૈયાર કર્યો. મારે નિમિત્તે કર્યો છે. માટે તે ન લાવીશ ! સર્વજ્ઞ ભગવાન કહે છે કે તે સ્વરૂપ વિચારમાં ઓછો પણ આ તો વઢકણી વહુનું સ્થાન થયું. વઢકણી વહુને ઘર સંભાળવાનું ન સૂઝે, કેમ કર્યું ? તેમ કહીને લઢવાનું જ ગમે. તેમ વિચારના નામે, આચારને, સ્વરૂપના નામે આચાર–વિચારને ઉઠાવે તે વઢકણી વહુ ગણાય. તેમ માર્ગે ચાલનારાને આચાર–વિચાર ખરેખર મેળવીને લેવાના છે.

માટે દેશના દેવાવાળાએ બાળક આગળ આચાર-વિચાર તત્ત્વની સ્થિતિ ફેરવવી નહિ; પોતે પણ તેની આગળ તે જ સ્થિતિમાં રહે. સ્વરૂપની અપેક્ષાએ ત્રણેની આવશ્યકતા છે. બાધ્ય બાધકભાવ કયાં? બાધકના ભાવે! આચારને બાધ થાય તો વિચારને, વિચાર અને આચારને બાધ થાય તો સ્વરૂપને બાધ ન થવા દો! બાધ્ય બાધકને અંગે આચાર વિચારને બાધ આવે તેથી તેની આવશ્યકતા મુદ્દલ ઓછી થતી નથી. તે ત્રણમાં કયા સ્વરૂપને ઉત્તમ ગણવું? તો જિનેશ્વર ભગવાને કહ્યું તે! વચનની આરાધનામાં ધર્મ છે. આચાર વિચાર સ્વરૂપને અંગે કઈ રીતે તે જણાવશે? તે અધિકાર અગ્રે વર્તમાન.

અ...મૃ...ત...વા...ણી...

- સંસ્કારોની પકડ ઢીલી થયા વિના ધર્મની ક્રિયા રૂચે નહિં.
- ભવભ્રમણનો ભય હૈયામાં પ્રબળ બને ત્યારે ધર્મની આરાધનામાં રસ આવે.
- વીતરાગ પ્રભુની વાણીના શ્રવણના બળે વિચારોની જાગૃતિ કેળવવી જરૂરી છે.
- સંયોગ-વિયોગ સઘળા દુઃખોનું મૂળ છે.
- વૈરાગ્યના બળે આર્તધ્યાન ઘટાડવા પ્રયત્ન કરવો.

# વ્યાખ્યાન—૧૯

સં. ૨૦૦૨ના આસો વ. ૫ વાર મંગળ તા. ૧૫-૧૦ ૪૬

**वचनाराधनया खलु**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન **શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી** મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણની રચના કરતા આગળ સૂચવી ગયા કે—

આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી ભવનું ભ્રમણ કરી રહ્યો છે. જન્મ-મરણના ચક્કરમાં ચડીને આંટા મારી જ રહેલો છે, પરંતુ તેનું ભાન મનુષ્યભવ પામ્યા સિવાય કે આસ્તિકપણું મલ્યા સિવાય કોઈ ભવમાં આવ્યું નથી.

કેમ કે આસ્તિકપણું આવ્યા સિવાય આ જીવન જેલ જેવું રહે છે. જેલમાં જેમ અંદર દૃષ્ટિ જાય પણ બહાર જાય નહિ. શહેરના બચાવ માટે જેટલા કિલ્લા હોય તેનાં કરતાં જેલના કિલ્લા મોટા હોય છે, તેમ આ જીવ જ્યાં સુધી મનુષ્યપણામાં આસ્તિકમાં આવ્યો નથી, ત્યાં સુધી ચાલુ જીવન સિવાય ભૂત-ભવિષ્યના જીવનની દૃષ્ટિ હોતી નથી. ભૂત-ભવિષ્યના જીવનની દૃષ્ટિ માત્ર આસ્તિકતા ધરાવનારો જે હોય તેને હોય. તે સિવાય કોઈને હોતી નથી.

જ્યારે ભૂત-ભવિષ્યના જીવનની દૃષ્ટિ આસ્તિક સિવાય થતી નથી, તો આત્માની સ્વયં શુદ્ધપણાની દૃષ્ટિ હયાત હોય જ શાની ?

ભૂત-ભવિષ્યનું જીવન વિચારવું તે આ જીવન દ્વારા અનુભવીને વિચારવાને અવકાશ છે.

કોઈ પણ ચીજ હોય તેની ભૂત અને ભવિષ્યની અવસ્થા હોવી જોઈએ. અવસ્થા વગરની કોઈ ચીજ હોતી નથી. ચીજ તે ન-ચીજની ચીજ બનતી નથી. માટે નીતિકારો એ કહ્યું કે- "नासतो जायते भावः" કોઈ દિવસ ચીજ નથી બનનારી હોતી નથી. બને તે અવસ્થા! માટી નવી બનતી નથી. તેનો ઘડો ઠીબરા-ઠીકરા બને જેમ માટી નવી બનનારી નહિ તેમ અહિં પણ સ્વાભાવિક રીતે ચીજ દ્રવ્ય પદાર્થ નવો બનતો નથી. હંમેશનો છે.

દ્રવ્યની અપેક્ષાએ આખું જગત નિત્ય છે. જગતમાં કંઈ અનિત્ય નથી. જન્મ-મરણ-નાશ દેખીએ છીએ, તો અનિત્ય નથી તે કેમ કહો છો? કોની અપેક્ષાએ કહીએ છીએ? છોકરો ઘોડીયામાંથી, ગોદમાં, ગોદમાંથી, ધૂળમાં, તેમાંથી નિશાળમાં પછી દુકાન પરદેશમાં જવાવાળો થયો છતાં તેની માતાને છોકરાવાળી ગણીએ છીએ. છોકરો તે વસ્તુ! જેમ છોકરાની અવસ્થા ચાહે તેવી થાય તેથી છોકરાવાળીપણામાં ફેર પડતો નથી. તેમ આ જગતની બધી ચીજો આપણને ઉત્પન્ન નાશ થતી દેખાય, પરંતુ તે ચીજો મૂલથી તો છે છે નેછે..

જેમ ચીજ નવી થતી નથી તેમ ચીજનો નાશ પણ થતો નથી. માટે "नासतो जायते भावः" કોઈપણ દિવસ અછતો પદાર્થ થતો નથી. "नाभावो विद्यते सतः" કોઈપણ જગો પર પદાર્થ હોય તેનો નાશ થતો નથી. આપણે બીજ વાવ્યું કપાસ થયું, કાપડ પહેરવા લાયક થયું, ચીથરાં થયાં ઉકરડે ગયાં આ બધી અવસ્થા પણ પુદ્ગલ છે છે ને છે. અછતું દ્રવ્ય ઉત્પન્ન થતું નથી, તેમ મૂલ દ્રવ્યનો નાશ થતો નથી. માત્ર અવસ્થાઓ પર્યાય નવા-નવાં થાય.

અહિંજ વ્યાપેલા પુદ્ગલ અજવાળું હોય તો અજવાળાપણે તે ન હોય તો અંધારાપણે પરિણમે! એટલે દ્રવ્ય–ચીજ કોઈ દિવસ નવી થતી નથી. તેમજ તેનો નાશ પણ થતો નથી! કોનો? દ્રવ્યનો? પણ અવસ્થાનો નહિ!

અવસ્થા હંમેશાં થાય તેનો નાશ થાય છે, પરંતુ ચીજ તે તેમની તેમ. ઘોડીયામાં સુવાવાળા આપણે, ધૂળમાં ઢમગોટીલ કરનાર આપણે. એકડો મારી મારીને શીખવ્યો હતો તે, વેપાર કરનાર, દેશાંતર જનારા, બાળક યુવાન ઘરડા આપણે તે બધું ફર્યું પણ જીવપણું નથી ફર્યું, આપણામાં મનુષ્યપણું ન ફર્યું? તેમાં અવસ્થા ફરી તેમ જીવપણે વિચારો.

આ જીવ નારકી તિર્યંચ મનુષ્યને દેવતા થાય. શું ફરે? તો અવસ્થાઓ! જીવ એમનો એમ. જેમ બાલ, યુવાન, વૃદ્ધાપણું તે અવસ્થા ફરે છે તેમ નારકી મનુષ્ય તિર્યંચ દેવપણું તે અવસ્થા ફરે છે. વસ્તુ તો, નિત્ય જ છે!

આ વસ્તુ વિચારે ત્યારે સ્હેજે આસ્તિકતા આવી જાય તેને અંગે વિચાર આવે. કે બધું ખરૂં! મારો જન્મ નવો! પણ હું નવો નહિ. શાથી? દ્રવ્ય નવું ઉત્પન્ન થનાર નથી! તે માનવા-સમજવામાં આવે તો સ્હેજે સમજવામાં આવે. પણ હું નવો નથી, જુનો છું.! સદાનો છું. હું તે નિશ્ચય થયો ત્યારે. જેવી આ ભવની અવસ્થા છે.! તેવી કંઈક ગયા ભવની અવસ્થા હોવી જોઈએ.! આ ભવ છેડાવાળો તેથી તેની આગળ કઈ પણ અવસ્થા હોવી જોઈએ! જે જીવ દ્રવ્યને સમજે છે. તેને આ વિચાર સહજ છે!

તેટલા માટે નવતત્ત્વમાં પહેલાં જીવ તત્ત્વને સ્થાન આપ્યું. તેમાં ખરી રીતે તમારે કંઈ કરવાનું નહોતું.! તેના અસંખ્યાત પ્રદેશમાં વધારો કરી શકો તેમ નથી, તમે જાણો તોય થોડો કરી

શકો તેમ નથી. જાણો કે ન જાણો. પણ અસંખ્યાત પ્રદેશી છે. જેને જાણીને કોઇ પણ ફેરફાર નથી. જીવને જાણો અને ન જાણો તેમાં ફેરફાર નથી. નહિ જાણનારાનો જીવ તે અજીવ ને જાણનારાનો જીવ તે અજીવ થતો અટકે એમ નથી. જાણનારાના બે જીવ થતા નથી, નહિ જાણનારાનો જીવ અજીવ થતો નથી.

અજીવ જાણ્યો હોય તો ફાયદો કેમ? અજીવને જાણવામાં કર્મપુદ્ગલો વળગ્યા માલમ પડે, તેને રોકીએ તો સંવર, નાશ કરીએ તો નિર્જરા થાય. અજીવને જાણ્યા ફાયદો, જીવને જાણ્યા શો ફાયદો ?

પણ ! ખરી વાત એ છે કે ઉઘરાણી કોની કરવાની ! ગલ્લામાં પડેલાની કે બહારનાની? ગલ્લામાં પડ્યા તે પડ્યા છે, તેને ગણો કે ન ગણો તો તે વધવાના કે ઘટવાના નથી. પછી શા માટે? તેમ જીવને જાણો ! જુઓ ! પણ ! તો તેનું વધવું-ઘટવું નથી, ન જાણો તો વધે કે ઘટે નહિ. જીવ તો સીલ બંધ ગલ્લો ત્યાં ગણવાની જરૂર કેમ ગણો છો ! ઉઘરાણી પારકે ઘેર રહેલી હોય ત્યાં ગણાય, ગલ્લાની ઉઘરાણી ન હોય. આપ ! ક્યારે આપીશ ? તે ન હોય.

જીવ તે સીલબંધ ગલ્લો છે, માગે કે ન માગે ઉઘરાણી કરે કે ન કરે તો તેનો તે જ છે ગલ્લો. તેમ આ જીવ તો સીલબંધ ગલ્લો. કેમ કે આપણે માનનારા કે અભવ્યનો જીવ પણ સીલ-બંધ ગલ્લો. તેને પણ સત્તાએ કેવળજ્ઞાનવાળો માનીએ છીએ. જે અભવ્યને પણ કેવળજ્ઞાનવાળો માનવો જરૂરી છે.

તે ન માનીએ તો જ્ઞાનાવરણીયની પ્રકૃતિ ક્યાંથી માનશો. ? પાંચે માનશો. ? કેવળજ્ઞાન ન હોય તો કેવળજ્ઞાનાવરણીય ક્યાંથી માનશો. ? સ્વરૂપે કેવળજ્ઞાન ન હોય તો જ્ઞાનાવરણ માનો તો જડને પાંચે માની લો ને ! કેમ ? તેને છે નહિ છતાં માની લો ! હોય તેને

રોકે તો તેનું નામ આવરણ અભવ્યમાં સીલબંધ ગલ્લો હોય. કેવળજ્ઞાન તે પણ અભવ્યમાં, સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યક્ત્વ પણ અભવ્યનો સ્વભાવ. જીવ સ્વભાવ તરીકે. જેવો ભવ્યનો જીવ તેવો અભવ્યનો જીવ. અભવ્યમાં સીલબંધ બધી મુડી રહેલી છે. જેટલા સિદ્ધ મહારાજમાં ગુણ તેટલા અભવ્યમાં. જેટલા અભવ્યમાં તેટલા સિદ્ધ મહારાજમાં, માટે તેમાં ફેર નહિ. માટે જીવ ગલ્લો સીલ-બંધ છે.

માટે તેને જાણો કે ન જાણો, તપાસો કે ન તપાસો તો વધે કે ઘટે નહિ. તો તેને જાણ્યો ન જાણ્યો તપાસ્યો કે ન તપાસ્યો શા કામનો? તે તો પેકબંધ! અજીવમાં તો આવવું-જવું વધવું-ઘટવું છે. જીવમાં ઘટે કે વધે.!

પુદ્‌ગલ સારા કે નઠારા આવે, સંસારમાં રખડાવે કે મોક્ષ મેળવી દે તો પુદ્‌ગલ. મોક્ષ થાય કયારે? તો પુદ્‌ગલ છુટા પડે ત્યારે! માટે? **અજીવ તત્ત્વ જાણો જીવ તત્ત્વ નકામું!!!** બકરાના ગળાના આંચળ જેવો રાખી મુકવો. બકરીના ગળાના આંચળથી જગતને કે તેને ફાયદો થતો નથી. તેમ જીવનું જાણવું તે જીવ કે અજીવને ફાયદો કરે નહીં. જીવને છે તેમાં વધવાનું નથી, ને ઘટવાનું નથી જીવ જે સ્થિતિમાં છે તે સ્થિતિનો છે. ચાહે નિગોદમાં કે સિદ્ધ-પણામાં હોય તો પણ જીવ છે તેનો તે છે. તેમાં ફરક નથી.

માટે જીવના ભેદમાં '**चेयण-इयरेहिं**' ચેતના સ્વભાવ લીધો દરેક જીવોમાં ચેતના છે. તેને જાણો કે ન જાણો તો બચાવ કે નુકશાન નથી તેને અંગે માથાકુટ શા માટે કરવી?

તો તેનું રહસ્ય એ છે કે કંઈક જાણવાથી બચાવ! નહી જાણવાથી નુકશાન! શાથી? અજીવથી કર્મ જાણો તેને રોકી શકો, તોડી શકો. શુભાશુભ જાણો તેમાં શુભમાં વર્તો અશુભમાં ન વર્તો, બંધના

કારણો જાણો, તેમાં ન વર્તો. તે વાત ખરી. કે જીવતત્ત્વ જાણવાથી જીવમાં નથી વધવાનું, ન જાણો તો તેમાં લગીર ઘટવાનું નથી! માટે કહીએ છીએ કે દરેક પદાર્થ દ્રવ્યરૂપે નિત્ય છે પરંતુ તેની અવસ્થાઓ થાય. અવસ્થા અજીવથી, પણ થાય કોની? જીવની! તમાચો ઠોકે પુદ્ગલને! તો તું રાડ કેમ પાડે છે? છોકરાએ ઉપાડીને ગાળ દીધી. ગાળ કેમ કહે છે? સીધે સીધો જા! બીજી વખત દીધી! ન દે? ત્યારે કહે કે હું ક્યાં દઉં છું? મારૂ મોઢું દે છે! ત્યારે પેલાએ તમાચો માર્યો, કેમ માર્યો? તો મારો હાથ મારે છે! તેમ અહીંયા સર્વ જીવ જીવ કરીને જુદો રહે. અવસ્થા ન માને અને દ્રવ્ય માને! તો પછી વાગે છે, સ્પર્શ-રસ વિગેરે થાય છે, ત્યાં ઉંચો-નીચો કેમ થાય છે. જીવ જીવ કર્યા કરને!

જીવને ચડતું નથી, ફરતું નથી, તેને જ્ઞાન કેમ થાય છે! પુદ્ગલને પુદ્ગલ અડે છે તેથી જ્ઞાન થયું, તો તેને જ્ઞાન કેમ થયું! જીવના ગુણો છે, તે છે પણ પ્રગટ અને અપ્રગટ તે બે ફરક છે. અહીં આગળ તારે પુદ્ગલથી પ્રગટ થવાનું માનવું પડ્યું કેમ? પુદ્ગલ ખસ્યાં તે અટક્યાં ને જીવમાં ગુણો છે તે છે, પણ તેનામાં પ્રગટ-અપ્રગટ બંને રહેલા છે. માટે તેના પર્યાય અવસ્થા કર્મનું આવવું, તે આવૃત, ખસવું તે અનાવૃત, અનુકૂલ, પ્રતિકૂલ કર્યા હોય સુખ-દુઃખ સાધનપણું, આ ક્યારે! જીવ જેવી ચીજ વ્યવસ્થિત માનો ત્યારે!

જીવ દ્રવ્ય ન માને તો તેને કર્મ, આવરણ, અનાવરણ, જ્ઞાન વિગેરે શું! ભીંતજ ન માની તો ચિત્રામણ ઢોરનું છે કે મનુષ્યનું? તે શા કામનું? તેમ અહીં આગળ જીવ દ્રવ્ય લક્ષ્યમાં ન લઈએ તો જીવથી જીવના ગુણ તેના આવરણ તે ખસવાથી ગુણો પ્રગટ થયું તેના દ્વારા ગુણનું ઉદ્ભવમાં આવવું, તે ક્યાંથી થશે? માટે જીવ પહેલાં જાણવાની જરૂર.

પરંતુ આ ભવોમાં થતી અવસ્થા ને તેય આગળ પાછળ થતી માનવી સહેલી. આ ભવમાં અવસ્થા મળી કે અનાદિમાં ગુંથાએલા છીએ. ગયા ભવમાં હતું એમાં વાંધો નહીં હોય. આવતા ભવમાં એવી અવસ્થા હશે. તે માનવામાં બુદ્ધિને કસવી પડશે નહિ. ગયો ભવ, આવતો ભવ માનવામાં કયા જીવ દ્રવ્ય માન્યો તેથી મુશ્કેલી પડશે નહીં. જીવને માન્યો એટલે તેની અવસ્થા જેમ આ તે ગયા ભવમાં થઈ અને આવતા ભવમાં થશે તે માનવામાં બુદ્ધિ કસવી પડતી નથી. આટલો તો બુદ્ધિનો પ્રવાહ અભવ્યપણામાં પણ હોય!

ગયા ભવ કે આવતા ભવના પાપ માને! ભવભ્રમણ કર્યું તે માને! દેવ વિગેરે થવાય, તેમ માનવું સારા-ખરાબ કર્મ કરીએ તો દેવ ને નરકમાં જવાય. તે બધું અભવ્ય માને.

તે ન માનતો હોય તો દેવ-દેવતા ક્યાંથી માને? દેવ થવા માટે તપસ્યા અહિં ક્યાંથી કરે? એટલી બુદ્ધિ એને કસવી પડી. આ જીવનની પહેલાં એવી અવસ્થા હતી. આવતા ભવમાં સારા-ખોટા કર્મથી મારી સારી કે ખરાબ અવસ્થા થાય છે. તેમાં બુદ્ધિ કસવાની વાત હોય છે. પણ જૈન નહિ.

જૈન ક્યારે? બુદ્ધિ ભવની કસે? પહેલા ભવ હતા ને આવતો ભવ છે. પહેલાં પુણ્ય-પાપ કર્યાં તે ભોગવવાના! આવતા ભવમાં કરશું તો ભોગવશું! તે દૃષ્ટિ અભવ્યને પણ! તેથી જૈનપણું નહિ, પણ ભવસ્થિતિમાંથી નિરાલી સ્થિતિને વિચારમાં લે તો જૈનપણું! આ ભવ-ગયો આવતો ભવ દેવનો હોય, કારણ કાયાની કેદમાં પુરાવવાનું ખરું ને? કેદી ચાહે તો સાબરમતી કે યરોડાની જેલમાં રહે. કેદ છે ત્યાં ખલાસ છે.

તેમ આ જીવ આ કાયાનો કેદી બનેલો ચાહે તો જાનવરની કાયામાં રહે, દેવની કાયામાં રહે, નરકની કાયામાં રહે કે મનુષ્યની

કાયામાં રહે. પરંતુ કેદી તે કેદી. તેની મુક્ત દશા એક જુદી. ગયા ભવ કે આવતા ભવની અત્યારે કેદીની અવસ્થા છે. ફક્ત સગવડવાળી કે સગવડ વગરની કેદ ! કેદ તે કેદ ! દેવતાને સગવડવાળી ને નરકને અગવડવાળી ને મનુષ્યને સગવડ-અગવડવાળી, કાયાના કેદખાનામાંથી નિકળવાનું કઈ જગો પર ? તે વિચારવાની દૃષ્ટિ તેનું નામ જૈન.

ગયેલા કે આવતા ભવનો વિચાર કરે ત્યાં આસ્તિકપણું. કાયાની કેદને સમજે, તેમાંથી નિકળવા માંગે. કાયાને આધીન, માટે બધું અનુભવવું પડે છે. એની પરાધીનતાથી મારે સુખ-દુઃખ અનુભવવું પડે છે. તે લક્ષ્યમાં આવે ત્યારે કાયાની કેદમાંથી હું નિકળું ! તેનું નામ ભવ્યપણું. કાયાની કેદમાંથી નિકળવાનું. જીવનું શુદ્ધસ્વરૂપમાં સ્વતંત્ર રહેવાનું જેમાં કોઇની દખલગીરી ને દબાણ નહિ. જ્યાં જ્યાં કર્મનું દબાણ કે પુદ્‌ગલની દખલગીરી હોય ત્યાં ત્યાં આત્માની સ્વતંત્રતા નથી.

જેમ આ જગતમાં બીજાના દબાણને દખલગીરીને સમજનારો તે પોતના સ્વતંત્રપણાની કિંમત થતી સમજે. તેમ અહિં પુણ્ય -પાપ, કાયા બાહ્ય પુદ્‌ગલ તે દબાણ ને દખલગિરી કરનાર છે કેમકે જીવને જાણવું હોય, ચાખવું હોય, ગંધ લેવો હોય, રૂપ જોવું હોય, શબ્દ સાંભળવો હોય તો ઈન્દ્રિય આગળ ધરો તો જ ! આફ્રિકાનું પણ સાચું સોનું ઇગ્લૅન્ડની બેંક દ્વારા કિંમતી ! તેમ સ્પર્શ રસ ગંધ રૂપ શબ્દ છે. તે જાણવાની ઈચ્છા છે પણ તેના સાધન આગળ લાવો ત્યારે. કર્મનું દબાણ-પુદ્‌ગલની દખલગિરી ચાલે, છતાં આત્માને સ્વતંત્ર માનવાને તૈયાર થાય. તેની વ્યાખ્યા કઈ ? તે ન સમજે તો કર્મનું દબાણ અને પુદ્‌ગલની દખલગિરી ને સ્વતંત્રતા માનીએ ! તમે જૈન ક્યારે ? જ્યારે જીવમાં કર્મનું દબાણ અને પુદ્‌ગલની દખલગિરી ન જોઈએ, તેવું માને તેથી આત્માને સ્વતંત્રતા મળે તો ? સ્વતંત્રતા માને તો ! એ મળે છે,

મેળવવાનું છે, તેટલું માને એટલે ભવ્યપણું કર્મના દબાણ વગરની પુદ્ગલની દખલગિરી વગરની અવસ્થા છે, તે હું મેળવી શકું! આ ભાવ કોને હોય? તો જૈનને! ભવ્ય હોય, તેને આ વસ્તુ અભવ્યના મગજમાં આવે નહિ.

અભવ્ય-ભવ્યમાં શીંગડા પુંછડાનો ફેર નથી. દબાણ દખલગિરી વગરની સ્વતંત્રતા માનનાર તે ભવ્ય અને અભવ્ય તે દખલ અને દબાણ વગરની અવસ્થા માને નહિ.

સ્વતંત્રતા છે, તે મેળવી શકીએ, તે મેળવવાના સાધનો છે. બધું માને તે ભવ્ય! શાના ઉપર? તો એક જીવ દ્રવ્ય માન્યું તેના ઉપર! આ કેદવાળી અવસ્થા છે. પણ કેદ સિવાયની અવસ્થા છે ખરી! તો અભવ્ય કેદમાં દ્રવ્યની અવસ્થા માને. જીવ દ્રવ્ય પહેલું માનવાની જરૂર પડે. અજીવ જાણોને. જીવમાં ગુણો કયા પ્રગટ થવાના! તે પ્રગટ થાય, તો શેમાં થવાના? તો જીવમાં. માટે જીવ દ્રવ્ય પહેલાં જાણવાની જરૂર. તે દ્રવ્ય કોઈ દિવસ નાશ પામનારું નહિ. લક્ષણમાં નહિ જવાવાળું તેવું દ્રવ્ય જૈનપણે માન્યું, તેના સાધનો માન્યા, ખરેખર મોક્ષના સાધનો છે, સંવર-નિર્જરા, આ ભવનું ભ્રમણ આ સાધન દ્વારા થાય છે, તે કયાં? આશ્રવ-બંધ દ્વારા એ આવું માન્યું. આસ્તિક થયો, ભવ્ય થયો. જીવ દ્રવ્ય અનાદિ અનંત જાણ્યું તેથી તે અવસ્થાવાળું છે. અવસ્થા કોઈને કોઈ હોય છે. છતાં જીવનું સ્વતંત્રપણું કોણ માને? તો ભવ્ય. તેના સાધનો છે તે માન્યા પાપ કે આશ્રવ બંધ છે તેમ માન્યું. આટલા સુધી ચડયો છે. ઊંચે ચઢેલાંને ચકરી સ્વાભાવિક આવે. નીચે ચાલનારને રોગ હોય તો જ ચકરી આવે, ઊંચે ચડે તેને ચકરીને નોતરું કરવું. તેમ સમજવું. જે નીચા ચાલે તેને ચકરીનું નોતરૂં નહિ.

તેમ જીવ દ્રવ્ય નિત્ય સર્વકાલ અવસ્થા સ્વતંત્ર, સ્વતંત્ર સિદ્ધ થાય છે. તે માન્યા, સાધકો, બાધકો માન્યા. સાધકોના રસ્તે જવાનું

માન્યું હવે અહિં ચકરી આવી. સ્વરૂપને અવકાશ નહિ. આચારમાં વર્તાવ કરવો, વિચારમાં સુધારો કરવો, અને સ્વરૂપ સમજવું તેજ મોક્ષનું સાધન. આ ત્રણે ચકરીઓ ઊંચા વાયરાની. 'आचारः प्रथमो धर्मः' આચાર પહેલો ધર્મ મનમે ચંગા તો કથરોટમેં ગંગા. વિચારને મન જેને વશ છે તેને યમ નિયમથી શું કામ! તેમ આત્મા 'अयमात्मैव चिद्रूपः' આ આત્મા જ ચિદ્રૂપ છે.

આ ચકરીઓ આચાર, વિચાર અને સ્વરૂપની ચકરીમાં જીવ પડી જાય તો મોભે ચડેલો એક જ ચકરીમાં નીચે પડે. દાદરેથી પડે તે પગથીએ પગથીએ ગબડતો પડે. તેમ આચારમાં ચકરી વિચાર-સ્વરૂપની ચકરીમાં જો પડયો તો નીચે.

અહીં ત્રણે પ્રકારના જીવો ત્રણે પ્રકારની દૃષ્ટિથી ધર્મને જુવે પણ દેશ કે ત્રણે વસ્તુ બરોબર ધ્યાનમાં રાખવી અને સમજાવવી. આચાર વિચાર સ્વરૂપ કોને આધારે? તે વચનના આધારે? વચનની આરાધનામાં ધર્મ! વચન કયું આચાર-વિચાર-સ્વરૂપને સમજાવે. તે કોનું? કઈ રીતે સફળ આરાધના? આદિ જણાવાશે તે અધિકાર અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન-૨૦

સં. ૨૦૦૨ના આસો વ. ૬ વાર બુધ તા. ૧૬-૧૦-૪૬

**वचनाराधनया खलु०**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય શ્રીમાન્ હરિ સૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ષોડશક નામના પ્રકરણની રચના કરતા આગળ સૂચવી ગયા કે-

આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી ભવભ્રમણ કરી રહ્યો છે. જન્મ મરણના ચક્કર ઉપર ચગડોલમાં ફરતા બચ્ચાની માફક ફરી રહ્યો છે. આવો વિચાર કોને આવે ? તે કેવલ આસ્તિકોને ?

જેઓ પોતાના મહેલની દશાએ આવ્યા છે, જેલની દશામાં બહાર કાઢયું છે. તેવાને વિચાર રહે છે કે હું અનાદિ કાલથી ભવભ્રમણ કરૂં છું. જન્મ-મરણમાં ભટકું છું. કારણ આસ્તિક જીવનને મહેલ ગણતો હોવાથી પોતાની આગળની-પાછળની પડખેની દશા વિચારે છે. કોણ ? તો આસ્તિક !

તે જીવનને મહેલ બનાવનારો હોય કેમ ? મહેલમાં ચારે બાજુ બારી બારણા હોય ચાલુ મકાનોમાં અમુક દિશામાં બારી જાળી હોય અમુક માળે તે હોય કે ન હોય પણ મહેલમાં તો ભોંય તળીએ પહેલે, બીજે, ત્રીજા માળે બધે જાળીઓ બારીઓ તેમ આસ્તિકનું જીવન તે મહેલ સમાન હોય, જેલ સમાન ન હોય તેથી તેના જીવનમાં આગળ પાછળ પડખેની દિશાને જોઈ શકે. કોણ ? તો મહેલવાળો ! ઘર કે કેદવાળો જોઈ શકે નહિ.

ચારે દિશાએ જોવાની છુટ હોય તો મહેલમાં, તેમ આસ્તિકોનું જીવન જેલ સમાન નહિ પણ મહેલ સમાન. જેલ જેવું જીવન

સ્થાન, સંતાન, સાધનોને જુવે. તેને આગળ-પાછળ-પડખેનો ભાગ તે જોવાનું રહેજ નહિ. પરંતુ આસ્તિક શું કરે ? તો જીવનનો આગલો ભાગ, પાછલો ભાગ, પડખેનો ભાગ, તે તમામ જુએ.

તેથી વ્યાકરણકારોએ આસ્તિક નાસ્તિક બેય શબ્દ સ્વતંત્રસિદ્ધ કર્યા. આસ્તિ કહેવાથી આસ્તિક થતો હોય. 'अस्ति परलोकादि'' એવી બુદ્ધિ જેને છે તે આસ્તિક તો નાસ્તિકો તે આસ્તિક છે. નાસ્તિક જીવોને નથી માનતા છતાં પૃથ્વી પાણી વિગેરેને માને છે. તેને **अस्ति पृथ्वी अपू वाय्वस्ति** તે બોલવાના પૃથ્વી આદિ તત્વોને અંગે છે. તે બુદ્ધિ નાસ્તિકની છે.

નાસ્તિકો બે પ્રકારના ! કેટલાક સમુદાયવાદી કેટલાક અભેદ·વાદી.

પાંચ ભૂત મળે તેમાંથી એક જીવ ઉત્પન્ન થાય, પાણીમાં થયેલો પરપોટો તેની માફક **સમુદાયવાદી**. પરંતુ પરપોટો પાછો સમાય પાણીમાં. બીજાના કામમાં નહિ. સમુદાયમાંથી ઉત્પન્ન થાય ને સમાય તેમાં તે સમુદાયવાદી.

કેટલાક અભેદવાદી સમુદાય થાય કયારે થાય ? કેમ ? પાણી લોટ, ચણા, ભેગા થાય તો ઘેન શક્તિ આવે. કાથો કે ચૂનામાં પણ બે ભેગા થાય એટલે પીળાશ માટે અભેદ. પીળાશ કંઇ કાથા કે ચૂનાને છોડતી નહોતી તે બે ભેગા થવાથી થઈ. તેમ પાંચ ભૂત જુદા હોય તો ચેતન શક્તિ ન હોય. ભેગા થાય તેથી ચેતન શક્તિ ઉભી થાય. માટે અભિન્ન.

આવી રીતે ભિન્ન-અભિન્નવાદી રહીને જીવને માનવાવાળા છે. નાસ્તિકથી પ્રત્યક્ષથી લેવામાં આવતી વસ્તુમાં ના કબુલાત થઈ શકે જ નહિ. બધી વસ્તુ પ્રત્યક્ષ હો. પણ હું એ ચેતના બુદ્ધિ, જ્ઞાન તેનું શું ? ચેતના માનવી પડે. તેથી આમાં ચેતના થાય છે. પાંચ ભૂતમાં.

જીવ શબ્દનો અર્થ બીજા બધાએ જુદો કર્યો. આસ્તિકોએ જુદો કર્યો તેના કરતાં જૈનોએ જુદો કર્યો. જીવ શબ્દ ઓળંગ્યો કયાં પાલવે.? બધે વપરાતો વ્યાકરણ કોશમાં હોય તેમાં ઓળંગ્યો જવાબ લે, પહેલાં ન હોય વિરોધ કર્યો પણ પંચાશી ગઈ તેથી તે કબુલ કરવી પડે.

ઢુંઢીયાને પહેલા પેસવા દેતા નહિ. અટકાયત પામે તેથી, હિંદુ માત્રને પાલવે નહિ. જે ઉત્તમ મહાજન તેને પાલવે નહિ. તેને ઊભો રાખ્યો નહિ, કોઈ ઉતરવા ઘર આપે નહિ. તેથી મારવાડમાં ઢુંઢમાં ( ખંડેરમાં ) ઉતરવું પડે તેથી ઢુંઢીયા કહેવાય, તે ઢુંઢીયા શબ્દ પ્રચલિત થયો. ગળે પડયો તેથી પોતાને કબુલ કરીને અર્થ કરવો પડયો. ઢુંઢી ઢુંઢીને અમે સત્ય જાણ્યું તેથી ઢુંઢીયા.

ખરતર શબ્દ શાથી ? શ્રી જિનદત્તસૂરિ પાટણમાં દહેરે ગયેલા, બાઈઓ ઉપયોગ વગરની હોય છે. અટકાવમાં પહેલાથી સાવચેત ન રહે, પણ અટકાવ વખતે પણ સાવચેત ન રહે. કોઈ બાઈ એવી, તેથી તેને ત્યાં આગળ ગભારામાં દર્શન કરતાં અટકાવ થઈ ગયો. ત્યાંથી વાત. પેલી બાઈ બહાર નીકળી ગઈ. બીજાને બોલાવીને આશાતના દૂર કરાવતી હશે તેટલામાં જિનદત્તસૂરિ ત્યાં દર્શન કરવા આવ્યા. આ શું ? બાઈઓને ભાન નહિ. તેઓ ત્યાંથી દર્શન કરીને આવ્યા.

આશાતનાની ધુન! અંગત કઈ નહિ ! પણ પાડોશી અક્કલ વગરના હોય તેને લઢાઈ નિવારવી પાલવે નહિ. કેટલીક વખત મનુષ્યને કાર્ય કરતાં આવડવું જોઈએ. કાર્યની દાનત કામ ન લાગે. તેના તે કાર્ય કરવાની જગોપર આંખને બદલે નાક કાપે. દષ્ટિ કઈ ! આશાતના ટાળવી. વધુ પડતા આગળ ઉતર્યા–અને તેમાંથી નક્કી કર્યું કે સ્ત્રીઓએ ગભારામાં જવું જોઈએ નહિ.

સ્હેજે પ્રશ્ન થયો કે સ્ત્રીઓને પૂજા થાય જ નહિ ? સ્ત્રીઓને પૂજા હોય જ નહિ ? આવું નિરૂપણ સાંભળી, ને સંઘ ચમકયો. આશાતના

ન થાય તે કબુલ ! પણ તેના નામે કાર્યને ઉઠાવવું તે સંઘને કબુલ ન હોય ! તે ન હોય તો તે ચોથે આવ્યો તે વખતે અવિરતિ-કષાય-પ્રમાદ-યોગની પ્રવૃત્તિ રોકવી કબુલ ! પણ આત્માની શુદ્ધિ ન આવી તેથી માનવું નહિ.

**માનવીને જેમ ક્રિયાના અભાવે રોકાણ થાય નહિ. આશાતનાના નામે કાર્ય ન રોકાય.**

આશાતના ન થવા દેવી તે કબુલ ! આવી રીતે કરવા જઈએ તો એકે કાર્ય નહિ થાય. અવિધિ આશાતનાના ડરે મૂલ વિધિ ઉડાવવા જાય તો તો એક પણ વિધિ નહિ થાય.

આવો માણુસ આવી રીતે જુલમ કરે તેથી રાતે સંઘ ભેગો થયો.

રાતે તેનો જવાબ માગે છે કે આશાતના ઉઠાવો છો કે કાર્ય ઉઠાવો છો ! તેનો જવાબ શો ? તે માલમ પડી.

જ્યાં માલમ પડી એટલે આશાતના નામે વિધિ ઉઠાવે તો પાંચમાથી બાર સુધીના ગુણઠાણા ઉઠી જાય. એટલું તેરમું આવી રહે.

માટે તમે અવિધિ ટાળવા માગો છો કે આશાતના ? કે વિધિ ટાળવા માંગો છો ?

તમે આ બોલ્યા ! તેમાં શું ટાળવું ? તેનો જવાબ દેવાનો.

પેલાએ સાંભળ્યું કે આનો ઉત્તર શો ?

તમે અત્યારે ચારિત્ર પાળો તે વિધિવાળું કે આશાતના વગરનું છે ? તો ના ! બકુશ ! કુશીલ. !

કાંતો છોડો ? કાંતો તેના હુકમે છોડો ! કોઈ ઉપાય ન રહ્યો.

ઉંટડી ઉપર બેસીને વિદાય ! તેથી જાવાલ ગયા ને લોકો કહે છે કે ઉષ્ટ્રકી વિદ્યા સાધીને ગયા.

સાંઢીયાવાળાની ઉંટડી નહિ. પણ વિદ્યાની ઉંટડી! કબુલ છેને તમારે?

ના સાહેબ! એ અમારે નહિ પણ બિલાડા હતા તે વાત ખરી ને?

જાવાલ ગયા એકદમ, તે પાટણથી જાવાલ જવું તેમાં વાંધો નહીં! મહારાજ કેમ આવ્યા? કયાંથી આવ્યા?

પછી અપરાધી મનુષ્ય અપરાધની પુછપરછમાં સીધો જવાબ આપતો નથી.

તેથી લોકો કહે છે જવાબ આપો.

હું પાટણ હતો ત્યાંથી હું અહીં આવ્યો છું! તે તું જોવા બેઠો હતો.

તે આડું અવળું બોલે તેને ખલતર કહે.

લોકો પુછીને થાકયા. તેથી લોકોએ કહ્યું કે ખલતર! હશે જવા દો.

તેથી પ્રસિદ્ધિ થઈ. તે નવમા સકાએ ગળે ઓઢવી પડી. अतिशयेन खराः કરી નાંખ્યું. ખરાઃ શબ્દ ભાષામાં કે સંસ્કૃતમાં ખરાબ અર્થમાં છે, તે વાત જવા દઇએ!!!

અત્યારે દુનિયામાં હું જીવ તેમાં નાસ્તિકથી ના પડાય તેમ નથી. તેથી પંચ ભુતથી ચેતના થાય તે જીવ. જીવ માત્ર લીધો.

આવી રીતે પાંચ ભૂતથી જીવરૂપ અભિન્નરૂપે 'અસ્તિ મતિ' તેને છે जीवति प्राणान् धारयतीति जीवः પ્રાણ ધારણ કરે તે જીવ તે નાસ્તિકે માન્યું, તે ન માને તો ન સાંભળે કાન! ન બોલે મોઢું! તે એનું એકપણ કંયાંથી લાવવું? તેવી રીતે ઇન્દ્રિયોના યોગ માટે સંબંધ સાધવા માટે અધિષ્ઠાયક ચેતના સહિત જીવ માનવો પડયો. ઉણાદિનો પ્રત્યય નહીં લાવતાં કૃદંતનો લાવીને બનાવ્યો.

આસ્તિકોએ દેખ્યું કે આ ખોટો जीवति जीविष्यति अजीवत् જે ભૂતમાં જીવ્યો. વર્તમાનમાં જીવે છે ભવિષ્યમાં પ્રાણધારણ કરીને જીવનારો છે. આસ્તિકે ઉણાદિનો લીધો હતો તે નાસ્તિકે કૃદંતમાં લાવી નાંખ્યો.

આસ્તિકોએ જીવનને મહેલ બનાવ્યું છે, તેથી ભૂત-ભવિષ્યના જીવનનો ખ્યાલ લીધો 'अजीवत् जीविष्यति' ભૂતમાં જેવા પ્રાણો ધારણ કર્યા, ભવિષ્યમાં ધારણ કરશે ને વર્તમાનમાં ધારણ કરે છે. તેનું નામ જીવ! પરંતુ આસ્તિકપણું કોના અંગે? "अस्ति परलोकादिर्मतिर्यस्य પરલોક વિગેરે માને તો જ આસ્તિક કહેવો.

**પરલોક સ્વર્ગ નરક પુણ્ય પાપ માને તો આસ્તિક! નાસ્તિક કોનું નામ? ન માને તેથી નહિ, પણ નથી તેવું માને,** દાબડી માનનાર છે કે નહી? ન માનનાર છે 'નાસ્તિ મતિ યંસ્ય' નથી તેવી બુદ્ધિ હોય, તેને નાસ્તિક કહેવા પડયા. તેને સમાસ નહિ કરતાં તદ્ધિતમાં સાબિત કરવો પડયો.

આવી રીતે આસ્તિક-નાસ્તિકના વિભાગ ઉપરથી સમજી શકશું કે આસ્તિકનું જીવન મહેલ જેવું પણ જૈન આસ્તિક, તેમાંથી આગળ વધે, કેમ? જે દુનિયાના આસ્તિકો ઇન્દ્રિયાદિ જડ જીવનની અપેક્ષાએ જીવન માને. શરીર આદિ પ્રાણોને ધારણ કર્યા, કરે છે ને કરશે તેથી જીવ માન્યો. પણ ભાવપ્રાણને ધારણ કરનાર તેથી જીવ, અનાદિ કાલથી જે જ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય મુખ્ય જે ભાવ-પ્રાણો તેને ધારણ કર્યા, કરે છે અને કરશે તેનું નામ જીવ! આનું નામ જીવ લો તો ઠેઠ મોક્ષ સુધી દૃષ્ટિ જાય! પેલાની દ્રષ્ટિ કયાં જાય? તો દેવલોક ને નરક સુધી! શરીર આદિ પ્રાણો ધારણ કર્યા કરે છે ને કરશે તેનું નામ જીવ! ત્યારે જૈનો આસ્તિકો ભાવપ્રાણોને ધારણ કર્યા, કરે છે અને કરશે તે જીવ આ જીવ અનાદિથી ભાવપ્રાણોને ધારણ કર્યા અત્યારે ધારણ કરે છે ને ભવિષ્યમાં ધારણ કરનારો થશે. એ પણ તે વિના નહિ રહે.

નાસ્તિકમાંથી આસ્તિક થવું, તેમાંથી જૈન આસ્તિક થવું કેટલું મુશ્કેલ ? ભોગાવો ઉતરવો હોય તે વખતે એટલી બધી સાવચેતીની જરૂર ! જેટલા ઘર આંગણે રસ્તામાં ચાલતાં જરૂર નહિ ! ભોગાવામાં એક ડગલું ચૂકયા તો ગયા. ! રસ્તામાંથી આવતાં આડા અવળા ચૂકયા તો કંઈ નહોતું. ભોગાવામાં ઉતરવા માંડે, એક ડગલું ભૂલે તો શું થાય ! તો જીવનમાંથી જાય. ઘરના આંગણે રસ્તામાં ડગલાની ભૂલે જીવનનો નાશ નથી ! પણ ભોગાવાના એક ડગલાની ભૂલ તે જીવનનો નાશ કરે.

તેમ જૈનશાસનમાં આવ્યા તે ભોગાવામાં આવ્યા ! એક ડગલું ભૂલ્યા તો ગયા. અનંતો સંસાર બીજે ન કહ્યો. અનંતાનુબંધી અનંત સંસાર કહ્યા પણ એક દરવાજો ખુલ્લો રાખ્યો. સજા ફાંસીની કરી પણ માફીને દયાની અરજી કરવાની છૂટ, દયા દાખવવાની ભલામણ જેટલા મિથ્યાત્વીઓ તેને સજા કરી, પણ માફીને દયાની અરજી તેની ભલામણ કરે છે. ભલે કાયદાની રૂએ સજા કરે છે.

જૈન ધર્મ સિવાયના બધા ઉદ્દંડો માટે શાસ્ત્રકારે દયાની અરજી અને ભલામણ રાખેલી છે. સંસારમાં જન્મ રખડવા માટે અનંતા જન્મો બાંધ્યા તેથી અનંતાનુબંધી તેથી મિથ્યાત્વ અનંતાનુબંધી વગરનું નહિ. સાસ્વાદનમાં ફરક, રસ પડે છે. અનંતાનુંબધીનો ઉદય છે; પણ મિથ્યાત્વનો નહિ. તો શું થયું ? અનંતાનુંબંધીમાં લગીર મહેર નજર. અનંતાનુબંધીમાં અનંતની સજા પણ મહેર નજર. તેમ અનંતાનુંબંધી તો તે મિથ્યાત્વી ઉપર મહેર નજર. સજા કરી છતાં દયાની અરજી. કરજે પણ ! ભલામણ કરી. અહીં ભલામણ કરી કે તું મિથ્યાત્વ અનંતાનુબંધીવાળો છે પણ તું આત્માને શુદ્ધ કરીશ તો તું અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામી શકીશ. શાસ્ત્રકારે લખી દીધું. એક અંતર્મુહૂર્ત પહેલાં મિથ્યાત્વ આદિવાળો હોય ને તે પછી કેવળજ્ઞાન પામીને મોક્ષે ચાલ્યા જાય. શું થયું. ? તો દયાની અરજી ભલામણ શાસન સિવાયના માટે.

શાસન ઉડ્ડાહ પાડે તેને નહિ, પણ તેના માટે 'બોહિનાસો' "અનંતસંસાર" સમ્યકત્વનો નાશ થાય તેમ નહિ પણ અનંતો સંસાર રખડવાનો.

ભગવાન મહાવીરને ઉપસર્ગ કરીને શાસનનો પ્રત્યનીક બન્યો તે સમકિત પામ્યો. આજે સુધરવું છે, પણ માનભેર ! માન આપવાને સુધરવું છે, પણ ગોશાળાએ તો તેના ભક્તો અગીયાર લાખ હતા, છતાં કહી દીધું. હું 'પાપી, નીચ, આશાતના કરનાર છું. માટે મને પગે દોરી બાંધીને ચોરાશી ચૌટા વચ્ચે ઘસડજો. ઘસડીને જાવ તેમ નહિ, જાહેર પોકાર કરજો કે, આ ગોશાળો દુષ્ટ પાપી વગર તીર્થંકરે તીર્થંકર થયેલો. તીર્થંકરની આશાતના કરનાર પાપી મરી ગયો, પાપ ગયું.' આવી ઘોષણા કરજો.

આમાં બાકી રાખ્યું કંઈ ? પોતાને શ્રાવસ્તિમાં દોરડી બાંધીને મડદું ઘસડવું ને બોલવું તે પોતે કહે છે. કઇ પરિણુતિ થયેલી ? આવી પરિણુતિ છતાં દુર્લભ બોધિપણામાં બચાવ થયો નહિ. દયાની અરજીને ભલામણ નહિ. જૈન શાસન સિવાય બીજા નામે દુનિયાને ઠગતા હોય તેને માટે દયાની અરજી ને ભલામણ પણ જૈન શાસનના નામે. ઠગવાવાળાને દયા અને દયાની ભલામણની અરજી નહિ. ગોશાળો દુર્લભબોધિ જ થયો !

માટે કહેવાય છે કે ભોગાવામાં ઉતરવાનું, ત્યાં ડગલું ખસ્યા તો જીવનમાંથી ગયા. ભોગાવામાં તમે જૈન-આસ્તિકપણું ધાર્યું, ધર્મ ધારણ કર્યો તેમાં ત્રણ ટપકી લીધી.

કેટલાકોએ આચાર, કેટલાકે વિચાર, કેટલાકે સ્વરૂપની લીધી. તેમને સાચવીને ન ઉતરે, એકમેકને ધકેલવા જાય તો ન ચાલે.

આચારમાં, વિચારમાં, સ્વરૂપમાં સૂત્રકારે કહેલ આચાર-વિચાર સ્વરૂપ હોવા જોઈએ. માટે "**वचनाराधनया**" **વચનની આરાધના તે ધર્મ.**

સ્વરૂપ, વિચાર, આચાર તેમાં ધક્કા સહાય તેની આવશ્યકતા કઈ ? જિનેશ્વરની પ્રામાણિકતા, વચનની પ્રામાણિકતા કેવી રીતે ? તે અધિકાર અંગે વર્તમાન !!!

## સાર્વભૌમ સર્વજ્ઞમહારાજના
## શાસનમંદિરનું સ્વરૂપ.

ચૌદશો ચુમાલીશ ગ્રંથરત્નોના રચયિતા પ્રાતઃસ્મરણીય ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરજીએ કરેલ લલિતવિસ્તરાવૃત્તિથી અનેકાનેક શંકા-સંદેહોનું પ્રક્ષાલન કરી શાસનપ્રત્યે અવિહડ રાગ ધરાવનાર, એકવીશ વખત શાસનને સ્વીકારીને મુકનાર, ગણિપુરંદર, સકળસિદ્ધાંતપારગામી, શાસનપ્રભાવક, પરમ મહર્ષિ ભગવાન્ સિદ્ધર્ષિ મહારાજે અનેકવિધ ઉપમાઓથી ભરપૂર ભવપ્રપંચ નાટકનું દિગ્દર્શન 'ઉપમિતિ ભવપ્રપંચા કથા' નામના ગ્રંથદ્વારા કરાવેલ છે. તે ગ્રંથ જૈન જૈનેતર વર્ગમાં અત્યંત ઉપકારનું કામ કરી રહ્યો છે, એમ કહેવું તે સ્થાને છે. તે ઉપમિતિ૦ પ્રથમ પ્રસ્તાવમાં **શાસનને રાજમંદિરની** ઉપમા આપી છે.

તે રાજમંદિરમાં પ્રભુમાર્ગના પુજારીઓને કયા કયા સ્થાને નિયુક્ત કરેલા છે?

તે સારૂ નીચેની ઘટનાઓ અવશ્યમેવ વિચારણીય છે.

૦ भगवच्छासनमन्दिरे राजानः सूरयो विज्ञेयाः।

ભગવંતના શાસનમંદિરમાં રાજાઓ તરીકે આચાર્યો જાણવા.

૦ मन्त्रिणोऽत्रोपाध्याया द्रष्टव्याः।

આ રાજમંદિરમાં ઉપાધ્યાયો અમાત્યો છે.

૦ महायोधाः खल्वत्र गीतार्थवृषभाः दृश्याः।

આ રાજમંદિરમાં સૂત્ર-અર્થને ધારણ કરવામાં કુશળ ગીતાર્થવૃષભો મહાન લડવૈયાઓ છે.

૦ गच्छ-कुल-गण-सङ्घानां द्रव्य-क्षेत्र-कालापत्तिमग्नानां पर-पराकरणद्वारेण निस्तारकारिण इति हेतोर्महायोधाः प्रोच्यन्ते।

એક આચાર્યના સાધુઓનો સમુદાય તે ગચ્છ.

ઘણા ગચ્છોનો સમુદાય તે કુલ.

ઘણા કુલોનો સમુદાય તે ગણ.

ઘણા ગણોનો સમુદાય તે સંઘ.

એવા ગચ્છ, કુલ, ગણુ અને સંઘ જો દ્રવ્ય, ક્ષેત્ર કે કાલ સંબંધી આપત્તિમાં ડુબેલો હોય તો તે આપત્તિમાંથી વિરોધીઓને દૂર કરી નિસ્તાર કરવાવાળા હોવાથી ગીતાર્થ સાધુઓ જ મહાયોધા કહેવાય છે.

**नियुक्तकाः पुनरत्र गणचिन्तका ग्राह्याः, त एव यतो बाल-वृद्ध-ग्लान-प्राघूर्णकाद्यनेकाकारा-सहिष्णु-परिपाल्यपुरुषसमाकुलाः कुल-गण-सङ्घरूपाः पुर-कोटीकोटीर्गच्छरूपांश्चासंख्यग्रामाकरान् गीतार्थतयोत्सर्गा-पवाद्योः स्थान-विनियोगनिपुणाः प्रासुकै-षणीयभक्त-पान-भैषज्यो-पकरणोपाश्रयसंपादनद्वारेण सकलकालं निराकुलाः पालयितुं क्षमाः ।**

વળી આ રાજમંદિરમાં ગણાવચ્છેદકરૂપ ગણચિંતકો વ્યવસ્થાપક તરીકે જાણવા.

કારણ કે તેઓ બાલ, વૃદ્ધ, ગ્લાન, પરોણા વિગેરે અનેક પ્રકારના તથા અસમર્થ પરિપાલન કરવાને યોગ્ય સાધુ પુરુષોથી વ્યાપ્ત કુલ-ગણુ-સંઘરૂપ કરોડો નગરો અને ગચ્છરૂપ અસંખ્ય ગ્રામોને ગીતાર્થ હોવાથી ઉત્સર્ગ અને અપવાદના માર્ગ સ્થાપનમાં નિપુણ (ગણચિંતકો) પ્રાસુક એષણીય (અચિત્ત,-દોષરહિત) ભોજન-પાણી ઔષધ-વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણ ઉપાશ્રય મેળવી આપવાની વિધિવડે સમગ્રકાલ નિરાકુલ (આકુલવ્યાકુલતાથી રહિતપણે) પાલન કરવાને સમર્થ હોય છે.

**तलवर्गिकाः पुनरत्र जैनेन्द्रशासनभवने सामान्यभिक्षवो ज्ञातव्याः ।**

વળી આ જૈનેંદ્રશાસનરૂપ રાજમંદિરમાં તલાટીઓ સાધુઓ જાણવા.

**यतश्चेदं मौनीन्द्रशासनभवनम्, अनुज्ञातं सूरिणा, चिन्त्यते सदुपाध्यायैः रक्ष्यते गीतार्थवृषभैः, परिपुष्टिं नीयते गणचिन्तकैः विहित-निश्चिन्त-समस्त-व्यापारं सामान्यसाधुभिरतस्तैरधिष्ठितमित्युच्यते ।**

જે કારણ માટે આ મૌનીન્દ્ર શાસનરૂપ રાજમંદિર આચાર્યવડે અનુજ્ઞા કરાયેલું, સદુપાધ્યાયોવડે ચિન્તવન કરાય છે, ગીતાર્થવૃષભો-વડે રક્ષણ કરાય છે, ગણચિંતકોવડે અત્યંત પુષ્ટ કરાય છે, સામાન્ય

સાધુઓવડે ચિંતા રહિતપણે સર્વ કાર્ય નિષ્પત્તિવાળું (રાજમંદિર) છે, આથી તેઓ (આચાર્યો, ઉપાધ્યાયો, ગીતાર્થવૃષભો, ગણુચિંતકો અને સામાન્ય સાધુઓ) વડે તે રાજમંદિર ભરચક રહેલું છે એમ કહેવાય છે.

**स्थविरा जनाः खल्वार्यालोका मन्तव्याः ।**

સાધ્વીઓના સમુદાયો આ મંદિરમાં નિશ્ચે સ્થવિરાજન માનવા.

## ભાવવાહી મનનીય અર્થગંભીર સૂક્તિઓ

[પૂ. આગમોદ્ધારક કૃતિસંદોહ (ભાગ ૫)માંથી **શ્રી આગમ-મહિમાસ્તવ** (૨૨૪ વિવિધ છન્દોમયી કૃતિ)માંથી કેટલાક મનનીય શ્લોકો જિજ્ઞાસુઓના હિતાર્થે રજૂ કર્યા છે. સં.]

॥ १ ॥

(મંદાક્રાન્તા છંદ)

**स्मारं स्मारं जिनपतिगदितानामागमानां सुपंक्ति**
**कारं कारं तदुदितिविमलां सत्क्रियानां प्रवृत्तिं ।**
**धारं धारं गति धृति-शयनोक्त्या-सनेषूग्र-यत्नं,**
**लब्ध्वाऽसङ्गं निखिलविदमितो निश्चयान् मोक्षगामी ॥**

॥ २ ॥

(શાર્દૂલ-વિક્રીડિત છંદ)

**अपूर्वेयं भूतिर्जगति न मता नेक्षितिमिता,**
**विभावं यद् द्रव्यं भवति पुनरस्मात्तदुभयम्,**
**जिनाद् द्रव्योद्भावो भवति गणिनां तद्द्वयमयम्,**
**तवेदं चेत् साक्षान्न नमति नरस्त्वागमततिम् ॥**

॥ 3 ॥

(શાર્દૂલ-વિક્રીડિત-છંદ)

**यो नैवागमतत्त्वरसिको जीवादितत्त्वं ततः,**
**सम्यग् यो न परीक्षते न स बुधो मार्गं श्रितो निश्चलम् ।**
**नासौ वेत्ति यदागमस्य मननं सर्वाश्च चेष्टास्तत-**
**चेत् स्यात् तत् परमात्मभीवदमरं स्यादन्यथाप्यन्यथा ॥**

# આગમજ્યોત

વીર નિ. સં.
૨૪૯૮
વિ. સં. ૨૦૨૮
વર્ષ—૭
શ્રાવણ

આગમો સં.
૨૨
પુસ્તક
૩

धम्मे य णं अपुव्वे
विसिट्ठोवमाइए

## ધર્મ એટલે શું....???
અને
## તેની લોકોત્તરતા...!!!

જગત્‌માં કોઈપણ આસ્તિકવર્ગ ધર્મની ઉત્તમતાને માન્યા સિવાય રહી શકતો નથી.

જગત્‌માં જેમ સત્યવાદીપણાની, શાહુકારીની, સરલતાની, અને નિર્લોભીપણાની સ્થિતિ સર્વ મનુષ્યો મેળવી ન શકે તો પણ પોતાના ઉપર છાપ તો તેવી મરાવવા માટે જરૂર પ્રયત્ન કરે છે, તે ઉપરથી સ્પષ્ટપણે સુજ્ઞ મનુષ્યો સમજી શકે કે દરેક મનુષ્ય ભલે સત્યવાદી વિગેરેની અવસ્થાને ધારણ કરી ન શકે તો પણ તે સત્યવાદીપણા વિગેરેની દશાને જરૂર ઈષ્ટ તો ગણે છે, તેવી જ રીતે પરમાર્થદૃષ્ટિમાં મુસાફરી કરનારને જરૂર જણાશે કે જગતના જીવો ધર્મને ઈષ્ટ તરીકે તો ગણે છે.

કેમકે જો તેમ ન હોત તો કોઈપણ મનુષ્ય ધર્મ કરતો હોય અગર ન કરતો હોય તો પણ તે ધર્મીપણાના શબ્દથી નાખુશ

તો થતો જ નથી, પરંતુ પોતે અધર્મના કાર્યોને છોડનાર હોય અગર ન હોય તો પણ પોતાને માટે અધર્મી એવો શબ્દ વપરાય ત્યારે તે જરૂર નાખુશ થાય છે, એટલું જ નહીં પણ તે એક અંશે પણ ખુશી થતો નથી.

એટલે કહેવું જોઈએ કે જગતના જીવોને સામાન્ય રીતે ધર્મ એ ઇષ્ટવસ્તુ છે, અને અધર્મ એ અનિષ્ટ વસ્તુ છે.

જગત્‌માં એ વ્યવહાર સર્વત્ર દેખવામાં આવે છે કે જે વસ્તુ **જે મનુષ્યને ઇષ્ટ હોય છે તે મનુષ્યને તે વસ્તુના લાભને બતાવનારા જુઠ્ઠા શબ્દો પણ આનંદ ઉપજાવનારા થાય છે. તથા જે વસ્તુ જેને અનિષ્ઠ હોય તે વસ્તુના સંબંધને જાણાવનારા જુઠ્ઠા શબ્દો પણ અફસોસ કરાવનારા કે દુઃખ કરાવનારા થાય છે.**

જગતમાં ધનવૃદ્ધિ, આયુષ્યવૃદ્ધિ, પુત્રલાભ, અર્થલાભ વિગેરેના વાક્યો આશીર્વાદ દેનારાના કહ્યા પ્રમાણે ફલીભૂત થાય છે, એવો નિયમ નથી, છતાં તે આશીર્વાદના વાક્યો સાંભળતાં સર્વ સુજ્ઞ-મનુષ્યો ખુશ થાય છે, કોઇપણ નાખુશ થતું નથી અને નિઃસંતાન-પણું, દરિદ્રપણું, કોઢીયાપણું યાવત્ મરણ પામવાપણું કહેનારા દુર્જનોના વાક્યથી કોઈપણ પ્રકારે તે તે નિઃસંતાનપણું વિગેરે પ્રાપ્ત થઈ જતું નથી, છતાં તેવા અધમ શબ્દો બોલનાર અધમ મનુષ્યો તરફ કોઇપણ પ્રકારે મનુષ્યને રૂચિ થતી હોય તેમ દેખાતું નથી. એટલું જ નહિ, પરંતુ મધ્યસ્થ મનુષ્યો તરફથી પણ એવા અધમ વાક્યો બોલનાર અધમોને ફીટકાર મળે છે, અગર દુષ્ટતાવાળા ગણવામાં આવે છે.

આ વાત વિચારતાં સ્પષ્ટ માલુમ પડશે કે **ઇષ્ટપણે ગણાયેલી વસ્તુના સંયોગને જણાવનારો અસત્ય શબ્દ પણ પ્રીતિ અને અનિષ્ટ તરીકે ગણાયેલી વસ્તુના સંયોગને જણાવનારો જુઠ્ઠો શબ્દ પણ અપ્રીતિ કરાવનારો છે.** આ સ્થિતિએ

વિચારતાં આખા જગતને ધર્મ ઇષ્ટ વસ્તુ હોવી જોઈએ અને તે રીતે અધર્મ પણ અનિષ્ટ વસ્તુ હોવી જોઇએ.

આવી રીતે ધર્મની ઈષ્ટતા જાણ્યા છતાં જેઓને ધર્મના સ્વરૂપનું જ્ઞાન ન હોય તેઓ ધર્મના નામે અધર્મના સંયોગમાં રાજી થાય. અને અધર્મના નામે ધર્મના સંયોગમાં પણ બેરાજી થાય, તેમાં કોઈપણ પ્રકારે આશ્ચર્ય નથી !

**આથી દરેક મનુષ્યે ધર્મના સ્વરૂપને જાણવાની જરૂરીયાત સ્વીકારવી જ જોઇએ.**

ધર્મનું સ્વરૂપ જાણવા પહેલાં નીચેની વાતો સમજવી જરૂરી છે.

૧ કેટલાક મનુષ્યો **પુણ્ય કે નિર્જરારૂપ ધર્મને** નહિ સમજતા હોવાથી અથવા તો તે ધર્મ કરવામાં **અશ્રદ્ધાવાળા કે આળસુ હોવાથી વસ્તુના સ્વભાવને જ ધર્મ** ગણવા તૈયાર થઇ આશ્રવને છોડવા કે સંવરાદિને આદરવા રૂપ ધર્મના મહત્ત્વના સ્વરૂપ તરફ બેદરકાર થાય છે.

પરન્તુ તેઓએ વિચારવું જોઇએ કે જ્યાં ધર્મ એટલે સ્વભાવ અને ધર્મી એટલે સ્વભાવવાળો એવા વિભાગ કરીને ધર્મ-ધર્મી તરીકે પદાર્થો સમજાવવા હોય ત્યાં જ માત્ર તે 'વસ્તુ સ્વભાવને' ધર્મ કહેવો તે વ્યાજબી ઠરે.

૨ કેટલાકો તરફથી **પોતાની ફરજને ધર્મ** તરીકે ગણવામાં આવે છે, અને પુણ્ય કે નિર્જરારૂપ ધર્મથી વિમુખ થવાય છે. પરંતુ કૌટુમ્બિક વ્યવહારને અંગે જે કાર્ય કુટુંબની અપેક્ષાએ કરવું જોઇએ તે કાર્ય જણાવવું હોય ત્યારે જ તે ફરજને ધર્મ તરીકે ઓળખાવી શકાય.

પરંતુ જેમ વસ્તુભાવને ધર્મ કહેતાં પાપનો સ્વભાવ દુઃખી કરવાનો છે અને ઝેરનો સ્વભાવ મારવાનો છે, એમ ગણી કોઇ પણ

વ્યાવહારિક મનુષ્ય પાપ કે દુઃખથી ઝેરની માફક બેદરકાર રહી શકે નહિ.

તેવી જ રીતે કૌટુમ્બિક વ્યવહારની ફરજને ધર્મ માનનારો મનુષ્ય જો સુજ્ઞ હોય તો કુલપરંપરાથી આવતી ચોરી, જુગાર વ્યભિચાર, હિંસકપણું વિગેરે ફરજોને ખરાબ સમજી સર્વથા દૂર કરી શકે. એવી ફરજોને પોતાની ફરજ જ છે, એમ ગણીને કરનારો તે મનુષ્ય આ ભવ અને પરભવમાં તો શું ? પરંતુ ભવોભવમાં પણ તે પોનાના આત્માના હિતથી દૂરજ રહેનારો થાય છે.

૩. કેટલાકો પોતાનું મન શુદ્ધપણે જે વર્તન કરે તેને ધર્મ કહેવા દોરાય છે,

પરન્તુ તેઓએ સમજવું જોઇએ કે બીલાડીનું બચ્ચું ઉંદરને મારવા જતાં કે કુતરૂં બીલાડીને મારવા જતાં કે કોળી વાઘરીનાં બચ્ચાંઓ જનાવરોને મારવા જતાં શુદ્ધ હૃદય ધરાવતા ગણાય, એટલું જ નહિ.

પણ શુદ્ધ હૃદયપણાની વ્યાખ્યા શાસ્ત્રોને સામે રાખીને વિચારાય તો સ્પષ્ટ શબ્દોમાં કહેવું જોઈએ કે શાસ્ત્રના વચનોને અનુકૂલ પ્રવૃત્તિ કરવી તેનું નામ ધર્મ અને શાસ્ત્રથી નિરપેક્ષપણે શુદ્ધતાની વાતો કરવી તે તો કેવળ અધમ-આચારોના સંસ્કારો ધરાવનાર બાળકોના અધમકૃત્યોને પણ શુદ્ધ માનવા જેવું જ થાય.

આથી જ ગાંધી જેવી વ્યક્તિ પણ વાછરડાને અને વાંદરાને મરાવવા તૈયાર થયેલ.

જો કે શાસ્ત્રોની ઉત્તમતાના વિષયમાં આસ્તિકોને પરસ્પર મતભેદ હોવાથી શુદ્ધ અંતઃકરણના વિષયમાં પણ વિવાદનું ખસવું તો થતું જ નથી.

છતાં અહિંસાદિક પદાર્થો એટલા બધા શુદ્ધ અને પવિત્ર છે કે તેઓનું સ્વરૂપ અને ભેદ વિગેરે સંબંધી ભિન્નતા છતાં પણ અહિંસા વિગેરેની ઉત્તમતામાં કોઇપણ જાતનો મતભેદ રહેતો નથી.

એટલે અહિંસા વિગેરેવાળું અંતઃકરણ વ્યવહારથી શુદ્ધ અંતકરણ છે એમ કહી શકાય.

પરંતુ શુદ્ધદૃષ્ટિએ વિચારતાં વાસ્તવિક શુદ્ધ અંતઃકરણ ત્યારે જ કહેવાય કે જ્યારે સાચી માન્યતા ધરાવવા સાથે શુદ્ધ દેવ ધર્મ અને ગુરૂની ઉત્તમતા અંતઃકરણમાં વસાવી અહિંસાદિના માર્ગે પ્રવર્ત્તવાનું થાય.

ઉપરની હકીકત જ્યારે ધ્યાનમાં લેવામાં આવશે ત્યારે શાસ્ત્રકારો ધર્મનું જે સ્વરૂપ જણાવે છે તે સત્ય તરીકે લક્ષ્યમાં આવશે.

શાસ્ત્રકારો ધર્મના સ્વરૂપને અને ફલને જણાવતાં સ્પષ્ટપણે કહે છે કે-

મૈત્રી આદિ (મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્ય) ચાર ભાવનાઓ વાસિત અંતઃકરણ હોય અને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જો અનુષ્ઠાન થાય તો તે અનુષ્ઠાનને ધર્મ કહી શકાય.

આવો ધર્મ શું કાર્ય કરે છે? તે જણાવતાં શાસ્ત્રકારો કહે છે કે.

ધર્મના ફલ બે પ્રકારે છે.

એક ફલ તો કોઈપણ કારણ અને સંયોગે જીવે પહેલાં દુર્ગતિને લાયકનાં કર્મો બાંધ્યાં હોય તો તેનો નાશ કરી તે જીવને દુર્ગતિમાં પડતાં બચાવી લેવો એ છે.

દુર્ગતિથી બચાવવો એટલું જ એક ફલ નહિ, પરંતુ-

અત્યન્ત-સુખમય અને નિત્ય-સુખમય એવા સ્થાનકે તે ધર્મ કરનારા જીવને દાખલ કરવો અગર દાખલ કરવાનાં સાધનો મેળવી આપવા, એ પણ ધર્મનું જ ફળ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે ધર્મની ફળદશા હોવાથી એમ કહી શકાય કે,

**'જે ક્રિયાથી દુર્ગતિ રોકાય અને સદ્‌ગતિ પ્રાપ્ત થાય તે અનુષ્ઠાનનું નામ ધર્મ.'**

આવી રીતે સ્વરૂપ અને ફલદ્વારા જણાવેલા ધર્મનું વર્ણન કરતાં આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ નવ ઉપમાઓ જણાવે છે તે ધ્યાન રાખવા લાયક હોવાથી અહિં નીચે જણાવવામાં આવે છે.

__૧ અપૂર્વ કલ્પવૃક્ષ:__—મેરૂપર્વત, દેવલોક અને યુગલીયાના ક્ષેત્રમાં રહેલાં કલ્પવૃક્ષો ચિંતવેલા પદાર્થને પૂરે છે. ત્યારે ધર્મ નહિ ચિંતવેલા એવા બુદ્ધિઅગોચર પણ પદાર્થોને આપે છે, એટલું જ નહિ, પરંતુ મોક્ષ જેવા અમૂર્ત પદાર્થને પણ આપે છે.

એટલે સ્વર્ગ અને અપવર્ગ એ બન્નેનો દેનારો ધર્મ છે.

__૨ અપૂર્વ ચિન્તામણિ:__—ચિન્તામણિરત્ન ક્ષેત્ર અને કાલની વિશેષતાએ ફલ દેનાર થાય છે, ત્યારે ધર્મ કોઈ પણ ક્ષેત્ર કે કાલની વિશેષતાની દરકાર રાખતો નથી પરંતુ ક્ષેત્ર અને કાળને પોતાની પાછળ ખેંચે છે.

એટલું જ નહિ, પરન્તુ ચિન્તામણિરત્ન સર્વ પ્રકારના સુખોને દઈ શકતું નથી ત્યારે સર્વજ્ઞભગવંતે કહેલો ધર્મ આ લોક અને પરલોક બન્નેના તથા મોક્ષના સુખોને દેનારો છે.

__૩ પરમ બન્ધુ:__—બન્ધુઓના સ્નેહો જાતિ આદિની અપેક્ષા વાળા હોવાથી કૃત્રિમ હોય છે, ત્યારે ધર્મ તો જાતિ આદિની અપેક્ષા રાખ્યા વગર ઈષ્ટ અર્થને સાધે છે.

બાંધવજન કેઈ લોકોથી પ્રતિકૂલ થઈને આપણા ઈષ્ટની સિદ્ધિ કરનાર થાય છે, ત્યારે ધર્મ સર્વ લોકોને અનુકૂળ થઈને ઈષ્ટની સિદ્ધિ કરનાર થાય છે.

૪ સુમિત્રઃ-જગતમાં જે જે મિત્રો કહેવાય છે, તે તે અમુક અમુક આપત્તિને નિવારવા માત્રથી પોતાની મિત્રતા સફલ થઈ ગણે છે.

ત્યારે ધર્મરૂપી સુમિત્ર સંપૂર્ણ પ્રકારે સર્વ આપત્તિઓને દૂર કરનારો હોય છે.

વળી અમુક સંપત્તિ મેળવી આપવા દ્વારા જગતના મિત્રો મિત્રતાની સફલતા ગણે છે. ત્યારે ધર્મરૂપ સુમિત્ર આ લોક, પરલોક, સ્વર્ગ અને મોક્ષ એ સર્વજાતની સંપત્તિ મેળવી આપનાર હોઈ હંમેશાં સાથે રહેનારો સુમિત્ર છે.

૫ પરમગુરૂઃ-જેમ ગુરૂ મહારાજની સેવા-શુશ્રૂષા કરતાં જીવાદિ તત્ત્વ અને દેવાદિ રત્નત્રયીનો બોધ થાય છે.

તેવી રીતે ધર્મ એ જન્માંતરે પણ પ્રત્યેકબુદ્ધાદિકની માફક જીવાદિ તત્ત્વ અને દેવાદિ રત્નત્રયીનો બોધ કરનાર હોવાથી ધર્મ એ પરમગુરૂ છે.

૬ ઉત્કૃષ્ટ રથઃ-વ્યવહારમાં દેખાતા રથો પ્રયાણદ્વારા ઈષ્ટ નગરને પમાડનારા થાય છે.

તેમ કોઈપણ જગોપર નહિં ભાગવાવાળો એવો, એકજ લાગણીથી બનેલો, આશ્રવરૂપી ચંચળ એવા વાહ (ઘોડા) વગરનો ઋદ્ધિ-ગૌરવાદિ શલ્યોએ રહિત, એવો આ ધર્મ તેજ ઉત્તમ રથ છે.

૭ શંબલઃ-મુસાફરી વખતે લેવાયેલું શંબલ અમુક દિવસોએ નાશ પામે છે કે ખુટે છે, પરન્તુ ધર્મરૂપી શંબલ આખી ભવની મુસાફરીમાં અક્ષયપણે રહે છે.

બીજા શંબલોનો ઉપભોગ નિયમિત વખતેજ હોય છે, ત્યારે ધર્મ શંબલનો ઉપભોગ ચોવીસે કલાક હોય છે.

બીજાં શંબલો સ્વાભાવિક કે આગન્તુક દોષવાળા હોય છે, ત્યારે ધર્મરૂપી શંબળ સર્વ દોષોએ કરીને રહિત હોય છે.

બીજા શંબળો સાથીઓને દેવાથી ખુટે તેવા હોય છે. ત્યારે આ ધર્મ રૂપી શંબલ કોઈ પણ પ્રકારે દેવાથી ખુટતું નથી.

બીજા શંબલોની બે રૂપીયા, કે પાંચ રૂપીયા જેવી કિંમત થાય છે ત્યારે આ ધર્મપરિણુતિરૂપ શંબલની કિંમત થઈ શકતીજ નથી.

૮ રત્નનો સંચયઃ-જગતમાં રત્નોનો સમુદાય રાજા, ભાઈઓ કે ચોરો લઈ જઈ શકે છે, પરન્તુ આ ધર્મને કોઇપણ વ્યક્તિ લઈ જઈ શકતો નથી.

રત્નોનો ભંડાર જેમ જેમ ખર્ચાય તેમ તેમ ખુટે છે, પરંતુ આ ધર્મરૂપી રત્નોનો ભંડાર તો જેમ જેમ ખરચવામાં આવે તેમ તેમ વધવાવાળો છે.

જગતમાં રત્નોનો ભંડાર અરણ્ય વિગેરેમાં આપત્તિને કરનારો થાય છે. પરંતુ આ ધર્મરૂપી રત્નભંડાર તો સર્વ જગો પર શ્રેષ્ઠ સિદ્ધિ કરનારોજ થાય છે.

જગતમાં રત્નોના ભંડારો ભરેલા હોય છતાં તેમાંથી એકપણ રત્ન જીવની સાથે બીજે ભવે આવતું નથી, પરંતુ આ ધર્મરૂપી રત્નોનો ભંડાર જેવોને તેવો જીવની સાથે પરભવમાં આવે છે.

૯ સાર્થવાહઃ-જગતના સાર્થવાહો બાહ્ય અરણ્યનો પાર કરાવનારા થાય છે. પરન્તુ આ ધર્મ સાર્થવાહ જ સંસારસમુદ્રનો પાર કરાવનાર છે.

જગતના સાર્થવાહો સામાન્ય નગરોમાં લઇ જનારા હોય છે. ત્યારે આ ધર્મરૂપી સાર્થવાહ શાશ્વત સુખમય એવા મોક્ષનગરમાં લઈ જનાર હોય છે.

ઉપર પ્રમાણે ધર્મનું સ્વરૂપ તેની અને નવ ઉપમાઓ વિચારી ભવ્યજીવોએ ધર્મને માર્ગે પ્રયાણ કરી આત્માનું કલ્યાણ કરવાની જરૂર છે.




[ આ વિભાગમાં પરમપૂજ્ય, આગમ સમ્રાટ, આગમોના માર્મિક વ્યાખ્યાતા, બહુશ્રુત, સૂરિપુરંદર ધ્યાનસ્થસ્વર્ગત, પૂ. આગમોદ્ધારક શ્રીના માર્મિક ટુંકા નિબંધો-વ્યાખ્યાનો વગેરેનો ચુંટેલો સંગ્રહ આપવાના રાબેતા મુજબ આ વખતે કેટલાક અપ્રસિદ્ધ અને કેટલાક પ્રસિદ્ધ થયેલા પણ લેખો, નિબંધો, વ્યાખ્યાનોનો રોચક સંગ્રહ આપ્યો છે.

વાચકોની સમજણ શક્તિની સીમા સાથે સુસંવાદિતા મેળવવાના ધોરણે યોગ્ય વ્યવસ્થિત ભાષાકીય સુધારા-વધારા કરીને આ સંગ્રહ રજુ કર્યો છે.

તત્વપ્રેમી વાચક પુણ્યાત્માઓ જરૂર આ સંગ્રહથી તત્વદૃષ્ટિ કેળવી યોગ્ય રીતે જ્ઞાનીઓના વચનોને સમજવા પ્રયત્ન કરશે, એવી આશા છે.

ખાસ મુદ્દાની વાત એ છે કે આ સંગ્રહમાં અપાયેલ સામગ્રી ગીતાર્થજ્ઞાની ગુરૂ ભગવંતના ચરણે બેસીને વાંચવાથી વધુ રહસ્ય જાણવા મળશે. માટે આપમતિએ આ સામગ્રીનો ઉપયોગ ન કરવા નમ્ર વિજ્ઞપ્તિ છે. સં૦ ]

## ધર્મનું મૌલિક સ્વરૂપ
## (૧)

[ધર્મની આચરણા કરનારા પુણ્યવાનો યોગ્યનિશ્રા અને જ્ઞાનનું ઊંડાણ ન હોવાથી ધર્મના અસલી સ્વરૂપને ચુકી જઈ સાધન-ધર્મ કે બાળજીવોની કક્ષાના ધર્મને ખરેખર ધર્મ માની સંતોષ માનતા હોય છે, તેથી ધર્મના તાત્ત્વિક સ્વરૂપને આ સમજાવતું વ્યાખ્યાન ખૂબ જ જરૂરી લાગવાથી યોગ્ય સુધારા સાથે રજુ કર્યું છે.]

आगमादविरूद्धाद्यदनुष्ठानं यथोदितं ।
मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्यते ॥१॥

### મૂલ્યવાન ચીજની નકલ થાય છે !

શાસ્ત્રકાર મહારાજા આચાર્યભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી ભવ્ય જીવોના ઉપકારાર્થે ધર્મોપદેશ કરતાં ધર્મબિંદુ આદિ ગ્રંથોમાં ધર્મનું સ્વરૂપ વિગેરે જે જણાવે છે તેનો અધિકાર વિચારંતાં એમ સમજાય છે કે-

આર્ય પ્રજા માત્ર ધર્મને શ્રેષ્ઠ ગણનારી છે, સમસ્ત; આર્ય પ્રજા જન્મથી, કુલથી, સંસ્કારથી અરે વાતાવરણથી પણ ધર્મને જ વ્હાલો હિતકર ગણે છે. અને તેથીજ દરેક આર્ય ધર્મ પરત્વે ઉત્કૃષ્ટ પ્રેમ ધરાવે છે. કેમકે ધર્મને તેઓ તેવો કિંમતી માને છે, અને ગણે છે. ધર્મ કિંમતી છે તેનું પ્રત્યક્ષ પ્રમાણ તેની નકલો ઘણી છે ધર્મના અનેકવિધ ભેદપ્રભેદો ઘણા છે, અને ઘણાં ફાંટાઓજ પૂરવાર કરે છે કે ધર્મ એ અતિ કિંમતી છે. દુનિયામાં કે દુન્યવી વ્યહવારમાં પણ દેખાય છે કે ધૂલ, માટી, લોઢું, તાંબુ, પિત્તલ વિગેરેની નકલ થતી નથી. સોનાની, રૂપાની, હીરાની, મોતીની, માણેક વિગેરેનીજ નકલો થાય છે કેમ કે તે તે પદાર્થો મૂલ્યવાન છે.

મર્યાદિત મૂલ્યવાળી આવી દુન્યવી ચીજોની નકલ થાય તો પછી ધર્મ કે જે અમૂલ્ય છે, જેના મૂલ્યની મર્યાદા નથી તેની નકલો થાય તેમાં નવાઇ શી ? ધર્મ કહો કે પુણ્ય કહો, એ એવી કિંમતી એવી મૂલ્યવાન વસ્તુ છે કે પહેલાંની (પૂર્વ ભવોની) અહીં (આ ભવમાં) વટાવાય, અહીંની આગળ વટાવાય છે. આ મનુષ્યત્વ, પંચેન્દ્રિય-સંપૂર્ણપણું, સાનુકુલ સામગ્રીવાળું જીવન એ શાના પ્રભાવે ? કહો કે પહેલાના (પૂર્વભવના) પુણ્ય પ્રતાપે! અહીં શું વટાવાય છે ? શું ખવાય છે ? પ્રથમ ભવના પુણ્યની હુંડી-ચેક, કે મીલકત જે કહો તેજ વટાવી ખવાય છે ને ?

જવાબ -એજ સાચી મત્તા છે ને ?

પ્રથમના ભવની પૈસાની પેઢી, બાયડીની બેન્ક, કુટુંબની કોથળી કે કાયાની કોઠીમાંથી કોઈએ (એકકે યે) જવાબ દીધો ? એ બધા બે જવાબદાર વાનાંઓ છે, માત્ર પુણ્ય જ જવાબદાર છે. અહીં જવાબ દે છે તે પ્રથમનું પુણ્ય છે. અને આગલ જવાબ દેનાર પણ પુણ્ય જ છે.

પૂર્વભવમાં તમે ભલે અબજાધિપતિ હતા, માનો લાખો સ્ત્રીઓના સ્વામી હતા, અરે! કરોડો કુટુંબીઓથી પરવરેલા હતા અને પહાડ જેવી કાયા ધરાવનારા હતા પણ એમાંનુ અત્યારે કાંઈએ ઉપયોગી છે ? કે ઉપયોગી થયું ? કેમકે એ કંપની પરપોટા કંપની હતી, ફેઈલજ થાય ને ? કંચન, કાયા, કુટુંબ, કાયાની એ કંપની માટે જિંદગીભર જહેમત ચલાવી, ધમધોકાર ધધૂખર કરે પણ એ ફેઈલ થવાના સ્વભાવવાળી કંપની છે. પાઘડી ન ફેરવે તો એ કંપની પરપોટા કંપનીજ શાની! ગયા ભવની અપેક્ષાએ અહીં, અહીંની દ્રષ્ટિએ આવતા ભવોમાં જવાબ દેનારી પેઢી, બેન્ક, હુંડી, કોથળી કોઠી જો કોઇ પણ હોય, સદ્ધર જવાબદાર જો કોઇપણ હોય તો માત્ર પુણ્યજ છે.

આવા ઉત્તમ તત્વરૂપ ધર્મની, અને પુણ્યની નકલો, જગતમાં ઠેરઠેર થાય તેમાં નવાઇ નથી. સારા કહેવાતા પદાર્થની ચોરી (નકલ) કોણ ન કરે? નામમાંય ચોરી યાને નકલ ઉંચાનીજ થાય છે; હલકા નામને કોણ પસંદ કરે?

## ફલને કોરી ખાનાર કીડા જેવાઓના મિથ્યા પ્રયત્નો!

આર્ય પ્રજા ધર્મને આટલી હદે કિંમતી માને છે માટે 'ધર્મ' શબ્દ આગળ રાખીનેજ તે પ્રજા દરેક વાત કરે છે; પણ આર્ય પ્રજામાં કેટલાક બિચારા એવા પાકયા છે કે પોતે તો ધર્મ ન કરે પણ બીજાઓ કરે તે પંથ પણ તેમને ગમતો નથી. ઝાડમાં પેદા થયેલા જંતુ, ફળમાં પેદા થયેલા કીડા અને પાંદડામાં ઉત્પન્ન થયેલી જીવાત, એમને વૃક્ષ ફળ કે પાંદડા, પોતે તો વધારે નહિ પણ વૃદ્ધિ થાય તે ખમાય પણ નહિ. આર્યપ્રજામાં આવા ઘુણ, (જંતુ) કીડા, તથા જીવાત સરખા ઉત્પન્ન થયેલા બિચારાઓથી બીજાઓ ધર્મ કરે તે પણ ખમાતું નથી.

## મોઢા ક્યું મલીન!

દૃષ્ટાંતઃ એક વેપારી બજારથી ઘેર આવ્યો, તેને ઉદાસ જોઈ તેની સ્ત્રી પૂછે છે-

નાથ? ક્યા ગાંઠસે ગિર પડા, કહા કોઇકું દીધ,<br>પિયા પૂછે કંથકો, ક્યું યે મુખ મલીન!

અર્થ=સ્વામી! તમારૂં મોં ઉદાસ કેમ છે? કાંઇ ગાંઠથી પડી ગયું છે? (એ વેપારી એક પાઈને પણ પાંચ ગાંઠથી બાંધતો હતો) પરાણે કોઈ વળગવાથી કોઈને કાંઈ દેવું પડયું? બન્યું શું? આ મોં મલીન (ઉદાસ) કેમ?

પેલો પોતાની ઉદાસીના કારણને જણાવતાં કહે છે કે-

ના ગાંઠસે ગીર પડા, નાહિ કીસીકું દીધ;<br>દીઠા દેતાં ઓરકો, મોઢા ભયા મલીન.

"હે સ્ત્રી! ગાંઠેથી તો કાંઈ પડી ગયું નથી અને એક પાઈને પણ પાંચ ગાંઠથી પેક કરૂં ત્યાં ગાંઠેથી પડવાનો પ્રસંગ જ કયાં છે?" અને કોઈને દીધું પણ નથી કોઈ ગમે તેવો વળગે પણ પાંચ ગાંઠ છોડતાં છોડતાં તો એ ઉભો રહે શાનો! એટલે મુખની મલીનતાનું, હે માનુની! એ પણ કારણ નથી: પણ બીજાને દેતાં (દાન દેતાં) જોઇને મારૂં મોં મલિન થયું છે. મને એમ થાય છે કે પરસેવાથી પેદા થયેલો પૈસો પેલાઓ પલકમાં આપી દે છે?"

આર્યપ્રજામાં ઉત્પન્ન થયેલા, આવા કેટલાક બિચારાઓ, અમૂલ્ય એવા ધર્મનો લાભ પોતે લેતા નથી, નથી અન્યને (વૃદ્ધાદિને) પ્રેરણાથી લેવરાવતા, કે અન્યની પ્રેરણાથી પણ પોતે લાભ લેતા નથી. આટલું તો નથીજ પરંતુ આગળ વધીને બીજાઓ ધર્મ કરે તે પણ આવાઓથી ખમાતું નથી અને તેથી જ આવાઓએ પેલા ઘુણ, કીડા, જીવાતના જેવા જ્યાં ઉત્પન્ન થયા ત્યાંજ કોરવાની ધૃષ્ટતા આદરી, તેવાઓએ પ્રચાર એવો કર્યો કે "ધર્મેજ લોહીની નદીઓ વહેવરાવી છે. ઝઘડાઓનું કલેશોનું કારણ ધર્મજ છે." આર્ય પ્રજાને ધર્મથી ઉભગાવવાને, આર્ય પ્રજામાં ઉત્પન્ન થયેલા ઝાડના ઘુણ, ફળના કીડા, પાંદડાની જીવાત સરખાઓએ આવો વ્યવસ્થિત પ્રચાર આદર્યો.

ન પોતે કરે, ન કરાવે પણ કરતાને રોકે એવા માટે શું કહેવું? એવાઓને કઈ કક્ષામાં ગણવા. પેલી સુગરી અને વાનરનું દૃષ્ટાંત તો પ્રસિદ્ધજ છે. જાણોછો ને! ચોમાસામાં વાંદરાને પલળતો જોઈ માળો બાંધી રહેનારી સુગરીએ વાંદરાને ભલા માટે કહ્યું; ભાઈ! તને હાથ છે. પગ છે તો આશ્રય માટે આશ્રમ કેમ બાંધતો નથી? વાંદરાએ પ્રત્યુત્તરમાં શું કહ્યું અને શું કર્યું?

**असमर्थो गृहारंभे, समर्थो गृहभंजने ।**

આમ કહીને ઉપદેશ દેનાર સુગરીનો માળો દુરાચારી વાનરે તોડી નાખ્યો, વાંદરાએ ઘર બાંધ્યાં સાંભળ્યા છે? એ તો ઘર તોડે! ઘરની ભાંગફોડ કરે; વાનરોનું કામ જ એ!

શુદ્ધ ધર્મનું હોઈ શકે ?

આવાઓએ 'ધર્મે લોહીની નદીઓ વહેવરાવી છે' વિગેરે ધર્મ વિરુદ્ધ શબ્દોથી, વાકયોથી, ધર્મીઓને ધર્મથી ઉભગાવવાનું મંથન કર્યું. ગઈ કાલે પેલા દ્રષ્ટાંતમાં જોયું કે, પેલા તોફાની છોકરાઓએ, પેલા મુર્ખ છોકરાનો જરીયાન ફેંટો તેનાજ હાથે ભોળવીને ભ્રમણામાં નાંખીને ફડાંવ્યોને ! તેજ રીતિએ આર્યપ્રજામાંના કેટલાક ભોળા જીવોને, ઉપર કહેલા ફળને કોરી ખાનારા કીડા જેવાઓ આ રીતિએ ધર્મથી ખસેડે છે.

આવા પ્રતિકૂલ ઉપાયોથી જ્યાં સફલ ન થાય, ત્યાં આવાઓ અન્ય અનુકુલ પ્રયત્નો કરવાને ચૂકતા નથી, કેમકે આપણે જોઈ ગયા કે બીજાઓ ધર્મ કરે તે પણ તેમને ગમતો નથી,

ઉપસર્ગ પરિષહ પણ બે પ્રકારના છે ને ! શીત, ક્ષુધા, તૃષા વધાદિ જેમ પરિષહ છે તેમ સત્કાર-પુરસ્કાર પણ પરિષહ છે ને ! પેલા પ્રતિકૂલ તો આ અનુકૂલ ! ! !

કર્મસત્તા બેયદ્વારા કામ લે છે ને ! દુનિયાના વ્યવહારમાં પણ કાં ત્રાસથી કામ લેવાય છે. કાં લાલચથી કામ લેવાય છે ને ! કાંતો મુક્કીથી મનાવાય છે અગર તો મુઠ્ઠીથી મનાવાય છે. એજ રીતે એ ધર્મથી ઉભગાવનારા, કહેવાતા આર્યો ફળમાંના ફળનેજ કોરી ખાનારા કીડા સરખા, તેવાજ પ્રકારના વૃક્ષના ઘુણ પાંદડાની જીવાત સમાન આવા પ્રકારના આ આર્યો ઉપર જોઈ ગયા તેવો પ્રયત્ન કરે છે અને તેમાં ન ફાવે એટલે બીજા પ્રકારનો અનુકુળ જેવો પ્રચાર પણ કરે છે તેવાઓ ધર્મને સારો, ઉત્તમ કહીને પછી તેમાંજ કહેવાનું બીજું કહી દે છેઃ કહે છે કે-

"ધર્મની શી વાત ! ધર્મ ઉત્તમ ! પણ ધર્મમાં દયા હોવાથી રાજ્ય ગયું ! ધર્મથી વિચાર અને વિવેક આવે છે, દયા ઉત્પન્ન થાય છે, એટલે રાજ્ય રહે નહિ" આવુ કહીને તેઓ કહેવા માગે છે કે રાજ્યના અર્થીને, રાષ્ટ્રના અર્થીને ધર્મ એ ઉપયોગી નથી

કિન્તુ વિઘાતક છે. આવાઓ ધર્મથી ઉભગાવવાના એક પછી એક ગોળા ગબડાવ્યેજ જવાના. કાળજું સાવધ નહિ રાખનારા, એ ગોળાની સાથેજ ગબડી જવાના ! એ લોકો કહે છે-ધર્મના નામે લડાઈઓ થઈ ? પણ કઈ લડાઈ ધર્મ માટે થઈ ? દક્ષિણ આફ્રિકાની ? કોરિયાની ? ૧૯૧૪ની ? કે ૧૯૩૯થી શરૂ થયેલી આ ? આમાંની કઇ લઢાઇ ધર્મની ? ધર્મ માટેની ?

પ્રશ્ન : જેરૂસેલમની લઢઈને ધર્મ માટેની લઢાઇ ગણાવાય છે ને !

જેવું કુલ તેવો ગુન્હો

વાત તો આર્ય પ્રજાને અંગે ચાલે છે અને એ લઢાઈ ને ધર્મની લઢાઈ અનાર્યોએ કરી એટલે પ્રશ્ન પ્રકારાંતરીય છે છતાં ટુંકમાં—'

જેવો ધર્મ, જેવું કુલ, જેવી જાતિ, તેવો ગુન્હો ?

તમારામાં એટલે ઉચ્ચ જ્ઞાતિમાં કારણવશાત્ કોઈને કલેશ થાય તો બહુ બહુ તો શું બોલો ? એજ કે "મોં સંભાળીને બોલ ! નહિ તો જોડો મારીશ" હદ થઈને ! તમે ઉચ્ચ છતાં કષાયવશાત્ 'જોડે' પહોંચ્યા એ ખરૂં પણ હદ આવી ગઈ ! પણ એ ચાર મીંયાભાઇ વઢે તો શું બોલે ? "છૂરીસે મારૂંગા ! તેરેકુ કચ્ચા કા કચ્ચા ખાજાઉંગા !" હિન્દુઓના મોંમાં આવા શબ્દો આવતા નથી : કેમકે લોહીમાં, ખૂનમાં, ખમીરમાં એ છેજ નહિ અને પેલા લોહીમાં એજ ભારોભાર છે ! ત્યાં દયા, મહેર રહેમ છેજ ક્યાં ? જરા તપાસો તો માલુમ પડશે કે કોર્ટમાં કોઈ એવો કેસ હશેતો ન્યાયાધીશ-જજ પણ ટીકા કરશે કે "તેં જૈન કુલમાં ઉત્પન્ન થઈ આવું કામ કર્યું ?" આવી ટીકા શાથી ? કેમકે એ કુલમાં એ સંભવે નહિઃ ઘાટી, ભીલ, કોળીના કેસોમાં તો ડગલે પગલે સંભવે માટે ત્યાં તેવી ટીકા ન હોયઃ તાત્પર્ય કે જેવો કુલાચાર ગુન્હો પણ તેવો અને તેટલી હદનો હોય છે, અનાર્ય પ્રજાના

સંસ્કારો માંસમાટીથી જ ઘડાય છે. ત્યાં મારામારી સહજ છે અને એ બીચારા તે મારામારીને પણ ધર્મ ગણાવે તોય શું ? કહેવાતા આર્યો જો દુન્યવી સિદ્ધિ માટેના યુદ્ધો ને ધર્મ માટેના યુદ્ધ ગણાવવાની ધૃષ્ટતા આચરે તો અનાર્યો માટે પ્રશ્નજ શાનો ? હવે માનો કે જેરૂસલમની લઢાઈ, તેઓના કહેવા મુજબ ધર્મની તો તે લઢાઈ વધારે લાંબી ચાલી કે ૧૯૧૪ની તથા ૧૯૩૯ની ? પ્રશ્નનો જવાબ હાલ આટલો જ પર્યાપ્ત છે.

ધર્મથી ઉભગાવનારાઓ એમ સમજાવવા–ઠસાવવા ઈચ્છે છે કે "વિચાર અને વિવેક, દયા વિગેરેથી રાજ્ય ગયું ! કેમકે એથી સાહસ થાય નહિ." હવે ઈતિહાસ તપાસો। હિંદના ઈતિહાસનું અવલોકન કરો હિંદનો કિલ્લો હાથથી ગયો કયારે ?

પૃથ્વીરાજ ચૌહાણના સમયથીજ તે બન્યું ને ! પૃથ્વીરાજ, જયચંદ વચ્ચે વૈમનસ્યનું કારણ ધર્મ હતું ? કે રાજ્યની ઇર્ષ્યા તથા સંયુક્તા ! આ યુદ્ધ કે જેથી રાજ્ય ગયું તે વિચાર–વિવેકથી કે અવિચાર–અવિવેકથી ? વિષય વાસનાના યુદ્ધના પરિણામને; યુક્તિબાજો ધર્મ પર ઠાલવે છે !

## જૈન રાજાઓનાં રાજ્ય, ધર્મપાલનથી વધ્યાં કે ઘટયાં ?

જૈન ઈતિહાસમાં બે મોટા જૈન રાજાઓ પ્રસિદ્ધ છે: સંપ્રતિ મહારાજા અને કુમારપાલ મહારાજા ! એમના સમયમાં તેમનું રાજ્ય રાજ્યાભિષેક પછી વધ્યું કે ઘટ્યું ? કહો કે વધ્યું ! સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, આંધ્ર આ તમામ સંપ્રતિ, રાજ્યાભિષેક પછી જીત્યા છે. હવે મહારાજા કુમારપાલનો ઈતિહાસ તપાસો, સિદ્ધરાજ જયસિંહ અને રા'ખેંગારનું યુદ્ધ થયું ખરૂં ! પણ તેમાં સોરઠ વશ થયેલ નથી: કુમારપાળ મહારાજાના શાસનકાલમાં સૌરાષ્ટ્ર આધીન થયું છે. ઠેઠ જલંધર સુધી સોલંકીની આણ પ્રવર્ત્તી હતી. વિચારો કે જૈન રાજાઓના રાજ વધ્યાં છે કે ઘટયાં છે ?

આ ઉત્તર પણ દુન્યવી રીતિને અંગે છે, બાકી જૈન દર્શનનું તો મંતવ્યજ અનેરૂં છે. રાજ્ય એ જુદીજ ચીજ છે. ત્યાગ, વૈરાગ્ય દયારૂપ ધર્મને, વિચાર તથા વિવેકરૂપ ધર્મને તથા રાજ્યની ઉન્નતિ અવનતિને કશો સંબંધ નથી. એ સંબંધ તો પુણ્યની પ્રબલતા તથા ખામીની સાથે છે. જે વખતે પુણ્ય જાગે, પ્રબલ થાય ત્યારે ખૂણે પડેલ વ્યક્તિ પણ છ ખંડનો માલિક ચક્રવર્તી બને છે. સુભૂમ ચક્રવર્તીનું વૃત્તાંત વિચારો! 'સુભૂમ' નામ શાથી! એ જન્મ્યો પણ પૃથ્વીના પેટાલમાં-ભોંયરામાં, ઉછર્યો પણ ભોંયરામાં છતાં પુણ્ય જાગતાં તે ષટ્ખંડાધિપતિ ચક્રવર્તી થયોને! અને પુણ્ય પરવારતાં, પુણ્યમાં ખામી આવતાં. ઈતરના ભગવાન મનાતા વાસુદેવ શ્રીકૃષ્ણજી પણ પોતાની દ્વારિકા બળતી જોઈજ રહ્યાને? પુણ્ય પ્રબલ હોય ત્યારે સામગ્રી અનુકૂલ આપોઆપ આવી મળે પુણ્ય ખૂટે ત્યારે હોય તે એની મેળે ટળે! તાત્પર્ય કે જૈન મન્તવ્યાનુસાર તો વસ્તુસ્થિતિ આ છે પણ છતાંય દુન્યવી રીતિએ પણ, જવાબ સ્પષ્ટ છે કે સંપ્રતિ સમ્રાટ્ કે મહારાજા કુમાળપાળનું રાજ્ય વધ્યું જ છે, ઘટયું નથી.

સમજી લ્યો કે, મુક્કીથી કામ ન થાય તો મુઠ્ઠીથી કરવાના ન્યાયાનુસાર, ધર્મથી ઉભગાવનારા, કહેવાતા આર્યો, ધર્મે લોહીની નદીઓ વહેવરાવી' આદિ પ્રચારમાં પાછા પડતાં, બીજી બાજુ વિસ્તારે છે કે-'ધર્મથી રાજ્ય જાય છે: કેમકે દયા, વિચાર, વિવેક હોવાથી રાજ્ય મેળવવાનું-જાળવવાનું સાહસ થતું નથી." આ વાત પણ સંગત નથી: દર્શનના મંતવ્યથી તથા ઇતિહાસથી પણ એમની તરકીબ તુટી જાય છે ખુલ્લી પડે છે. તેઓ કહે છે: જેને રાજ્ય જોઈએ, રાષ્ટ્ર જોઈએ, ધન વિગેરે જોઈએ તેને ધર્મનું શરણુ પડાવે નહિ, કેમકે ધર્મથી તો હૃદયમાં કાયરતા આવે છે." ધર્મને સારો કહ્યા છતાં ધર્મથી પેદા થતા વિચાર, વિવેકાદિને કાયરતાનું રૂપ આપનાર, આવાઓની કાતર ઓળખવા જેવી છે. એ કાતર નહિ ઓળખનારના ખીસ્સા કપાવાનાજ! આવાઓ વિચારા-

દ્ધિથી થતી ઉન્નતિને બતાવતા નથી સંપ્રતિ કુપાળપાળ વિગેરેનો ઇતિહાસ દીવા જેવો છતાં તે પ્રગતિને બતાવતા નથી પણ અવિવેકાદિથી થયેલી અવનતિને ધીમેથી ત્યાં ગોઠવે છે.

## રાજ્ય તથા ત્યાગાદિ-ધર્મને સંબંધજ નથી.

જૈન દર્શન, જૈન ધર્મ રાજ્ય વધે તેમાં ધર્મની શોભા કે રાજ્ય ઘટે તેમાં ધર્મની અશોભા માનતું નથી, કેમકે આ ધર્મનો તો ત્યાગ-વૈરાગ્ય પાયો છેઃ વીતરાગપણાને અહીં અગ્રપદ છે. અહીં તો છે તે છોડવાનું કહેવામાં આવે છેઃ આટલું છતાં જ્યારે કહેવાતા આર્યો આક્ષેપ કરે છે કે-"ધર્મથી તો રાજ્ય ઘટે." તેઓના આક્ષેપના રદીઆરૂપે આ ઉત્તર છે કે જૈન રાજાઓનાં રાજ્ય વધ્યાંજ છે.

પેલી સુગરીના માળાને તોડનાર જેવા ગૃહભંજકો અર્થાત્ એ કક્ષાના આવા બિચારાઓ ધર્મીઓને યેનકેન પ્રકારેણ ધર્મમાર્ગથી રોકવાના પ્રયત્નો કરે છે તેવાઓ ફાવતું બોલવાની કલામાં પણ પાવરધા છે હો! "ધર્મે લોહીની નદીઓ વહેવરાવી" એવું કહેનારાઓ આમાંના કોઇ પ્રસંગને, જો પોતાને ફાવતું હોય તો શૌર્યમય પણ વર્ણવે અને જો ફાવતી વાત ન હોય તો ઘાતકીપણાનો આરોપ ધર્મ પર ઢોળી દે છે.

આવાઓ અનુકૂળ કે પ્રતિકૂળ રીતિના ગમે તેવા પ્રયત્નો કર્યા કરે પણ ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે ધર્મની કાયા એવી વજ્રમય છે કે—ધર્મનું સ્વરૂપ એવું વજ્રદેહી છે કે, ધર્મને તોડવાના કેઇ ઘણના પ્રહારો આવી ગયા છે, છતાં તેનો નાશ થયો નથી., થતો નથી., થવાનો પણ નથી. તેતો અવિચળ રહ્યો છે, રહ્યોજ છે અને રહેવાનોજ. ઘણ પડવા છતાંય, જેના પર ઘણ પડે તેનો ચૂરો કેમ ન થાય? એ પ્રશ્ન સહજ થાય પણ એનો ઉત્તર સહજ છે કે તે ચીજ એવી મજબૂત છે કે જેથી તેનો ઘણથા

ચૂરો થાયજ નહિ. મેરૂપર્વતને વાયરાના, વંટોળીઆના, વાવાઝોડાના કરોડો, અબજો ધક્કા લાગે તોયે એ ડગે ખરો ? એની કાંકરીયે ખરે ખરી ? જે ચીજ લોઢાની પોલાદી હોય. વજ્રમયી હોય તે મજબૂત સ્વયં મજબૂતજ છે. ધર્મ જાતેજ મજબૂત છે માટે તે અવિચલજ હોય.

ધર્મને શાસ્ત્રમાં વાયુથી પણ ચંચળ કહે છે એ પણ સમજવા જેવું છે દુનિયામાં ચલમાં ચલ વાયુ ગણાય છે. કોઈ વસ્તુના વેગની ગતિ બતાવવા 'વાયુ વેગે' એમ કહેવામાં આવે છે. એ વાયુથી પણ મન વધારે ચંચળ છે, વાયુની ગતિ તો ફરતી ત્યાં ફરે, હિંદમાંજ ફરે, દરીયાઈ પવન ત્યાંજ ફરે, પહાડી પવન ત્યાંજ (એટલામાંજ) ફરે, પણ મનની ગતિ તો સર્વત્ર માટે તો કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ મનને કપિ કહેલ છે, પવનની ગતિની પરખ થઈ, તેનું નિયમન થયું, નોંધ થઈ, પણ તેવી નોંધ મનની થઈ ? વિચાર વાયુની નોંધ થઈ ? તેનું લીસ્ટ થયું ? વાયુને અંગે નિયમન એટલે કાયદા નોંધાયા કે અમુક સ્થળે અમુક સમયે વાયુની આવી અને આટલી ગતિ, તાત્પર્ય કે ગરમી, વાયુ, વરસાદ સંબંધી નિયમન ખરૂં; કાયદા ખરા પણ વાંદરા માટે કાયદો ખરો ? હવે તેમાં જગતના વાંદરા એટલે કે વાનર જાતિના વાંદરા પોતાના બગીચામાં કુદે; ગુજરાતનાં વાનરોનું ટોળું કાઠીયાવાડ ગયું ? પણ વિચારરૂપી વાંદરા માટે કાયદો કોષ્ટક ગણિત કાંઈ છે ? મનને વાંદરા સાથે સરખાવ્યું પણ મન વાનર, પેલા વાનરથી વળી જુદુંજ છે. વાયુથી પણ વધુ ચંચળ મન છે; ધર્મને ચંચળ કેમ કહ્યો ? તે અપેક્ષા હવે સમજાશે કેમકે ધર્મનો આધાર વિચાર પર એટલે કે મનના પરિણામ પર છે. ત્યારે પ્રશ્ન રહે છે કે તો પછી ધર્મ મજબૂત શી રીતે ?

સાધ્ય ધર્મ ચંચળ છે જ્યારે સ્વરૂપ ધર્મ લોહમય, પોલાદી, વજ્રમય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર એજ સ્વરૂપ ધર્મ એ ધર્મ વજ્રમય છે. એ ધર્મનું સ્વરૂપ કદી ખંડિત થયું

નથી, થતું નથી, થવાનું નથી આત્મસ્વરૂપ ધર્મ, સમ્યક્‌દર્શન જ્ઞાન ચારિત્રમય ધર્મ અપ્રતિહત છે. અભવ્યને પણ આત્મસ્વરૂપ ધર્મ તો રહેજ. કેવળજ્ઞાન, કેવળદર્શન તો અભવ્યને પણ ખરાં! કેમકે જીવનો સ્વભાવજ એ છે–અભવ્યને કેવળ જ્ઞાનાવરણીય, કેવળ દર્શનાવરણીય કર્મ ખરાં કે નહિ? ખરાં તો પછી કેવળજ્ઞાન, કેવળદર્શન વિના આવરે કોને?

દુનિયાના આઘાતો. વિચાર ધર્મ, વર્તન ધર્મ પરત્વે છે, પણ આત્મ-સ્વરૂપ ધર્મ તો અવિચલજ છે; અભંગજ છે. સમ્યગ્‌દર્શન જ્ઞાન ચારિત્રમય ધર્મ એજ આત્મધર્મ તે અમર છે. અચલ છે.

આ સ્વરૂપ ધર્મ સંબંધમાં. તેમજ વિચારધર્મ અને વર્તનધર્મ સંબંધમાં, શ્રીહરિભદ્રસૂરીશ્વરજી ભગવાન્ જે કહે છે તે સ્વરૂપ હવે પછી અગ્રેવર્તમાન!

# ચારિત્ર ધર્મની મહત્તા

## (૨)

[જીવનમાં અનાદિકાલીન અશુભ સંસ્કારોને સંયમના બળે કાબુમાં રાખી યથાયોગ્ય વિવેકબુદ્ધિથી રત્નત્રયીની આરાધનાના માર્ગે આગળ વધવા માટે ચારિત્ર ધર્મની ખાસ જરૂર પડે છે.

તેનું આદર્શ મૌલિક માર્મિક સ્વરૂપ પૂ. આગમોદ્ધારક આચાર્ય-દેવશ્રીએ અહીં રજુ કર્યું છે.

તત્ત્વગ્રાહી દૃષ્ટીથી વાંચવા ભલામણ છે. સં૦]

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે 'જ્ઞાનસાર પ્રકરણ' કરતા થકા કહી ગયા કેઃ-

### સાચી સ્વાધીનતાનું રહસ્ય

આ જીવ સંસારમાં અનાદિ કાળથી રખડપટ્ટી કરે છે. જીવની આ અનાદિ કાળની રખડપટ્ટી એ દરેક જીવને સ્વયંસિદ્ધ છે. એટલે એને સાબીત કરવાની જરૂર નથી, કારણ કે દરેક જીવ શરીરને અને આયુષ્યને આધીન છે, એ વાત પ્રત્યક્ષ માલુમ પડે છે. વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવા છતાં કોઈ મનુષ્ય પોતાના આત્માને પરાધીન ન માનતાં સ્વતંત્ર માને તો તે ભૂલ- ભરેલું છે.

પોતાનો આત્મા પરાધીન હોવાના કારણે એના કેટલાય ગુણો અપ્રકાશમાન હોય છે અને તેથી પોતાના આત્માની સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે એ અપ્રકાશમાન ગુણોને પ્રકાશમાં લાવવાના હોય છે. એ ગુણોને પ્રકાશમાં લાવવાને અનુકૂળ સમય પણ મળ્યો હોય છતાં એ ગુણોને પ્રકાશમાં ન લાવે અને પોતાના આત્માને સંપૂર્ણ કહે તો તે 'તમાચો મારીને મોઢું લાલ રાખવા' જેવું જ કર્યું

ગણાય. શરીર ક્ષીણ થઈ ગયું હોય, લોહી સુકાઈ ગયું હોય, મોઢું ફીક્કું પડી ગયું હોય છતાંય મોઢું લાલ દેખાડવાની ઇચ્છા થાય તો તમાચો માર્યા સિવાય બીજો શો ઉપાય? પણ એ તમાચો મારીને લાલ કરેલું મોઢું કેટલો સમય લાલ રહેવાનું? પરિણામે મોઢું પહેલાં કરતાં પણ વધારે ફીક્કું થવાનું! એજ પ્રમાણે આત્મા પરાધીન હોવા છતાં સ્વતંત્ર માની લે તો આત્માને વધારે સહન કરવું પડે છે. જે પોતે સંપૂર્ણ ન હોવા છતાં પોતાને સંપૂર્ણ માની લે તો એ કદીપણ પોતાને સંપૂર્ણ બનાવવા તરફ તો પ્રયત્ન નહી જ કરવાનો અને ઊલટું એ સંપૂર્ણતાની ખોટી માન્યતાના આધારે પોતાની પાસે જે કંઈ સારું હોય તે પણ ગુમાવી બેસવાનો.

પોતાનો આત્મા અનાદિકાળથી આ સંસારમાં રખડ્યા કરે છે એ વસ્તુ મહાભયંકર છે. આવો મહાભય નિરંતર પોતાની સામે હોવા છતાં 'મારે શું' એવો વિચાર કરીને જે મનુષ્ય બેફીકરપણે વર્તે છે એ તો ખરી રીતે એ મહાભયને, પોતાના ભવિષ્યના હિતની અપેક્ષાએ, વધુ ભયંકર બનાવે છે, અને પરિણામે સ્વાધીનતાની ખોટી ધૂનમાં પોતાના આત્માને વધુને વધુ પરાધીનતાના પાશમાં પાડે છે! **સાચી સ્વાધીનતા તો અનુચિત બેફિકરીમાં નથી, પરંતુ ઉચિત જવાબદારી સમજવામાં છે.**

**તત્ત્વદૃષ્ટિ.**

રોગી માણસ જેમ હંમેશા પોતાના ભાવિના હિતનું ભાન ભૂલીને કુપથ્યનું સેવન કરવામાં જ આનંદ માણે છે, એજ પ્રમાણે કર્મરૂપી રોગથી ઘેરાયેલો આપણો આત્મા પણ પોતાની આત્મ-મુક્તિને ભૂલી જઈ ને કુપથ્ય સેવન કરવામાં જ રત રહે છે. એ કુપથ્યો ક્યાં? આહારાદિ પાંચ એ આત્મા માટે મહાન્ કુપથ્યરૂપ છે. એ કુપથ્યનું જેટલું વધારે સેવન થાય, એટલા અંશે કર્મરૂપી રોગ વધારે બળવાન થાય છે. આપણો આત્મા અનાદિકાળથી એ

કુપથ્યનું સેવન કરી રહ્યો છે, અને તેમાં જ આનંદ માની રહ્યો છે. જ્યાં સુધી એને એ વાતનું બરાબર ભાન નહિ થાય અને એ અજ્ઞાની રહેશે ત્યાં સુધી એ સેવન કરતો જ રહેવાનો.

માણસ જ્યારે ભરનિદ્રામાં હોય ત્યારે પોતાના ઓશીકે સાપ આવીને બેઠો હોય તોપણ એ ડરતો નથી અને જાગ્યા પછી એ જીવલેણ સાપના બદલે વીંછી જોવામાં આવે તો પણ એ કંપી ઉઠે છે અને ત્યાંથી અળગો જઈ બેસે છે. જીવને જ્યાં સુધી અજ્ઞાન હતું ત્યાં લગી એ ભયંકરતાને ઓળખી શક્યો નહતો. પરંતુ હવે જ્યારે જૈનશાસનના અમૃતતુલ્ય અંજનથી એની આંખ ઉઘડી છે અને એનું અજ્ઞાન ઉડી જવાનો યોગ મળ્યો છે છતાં જો એને એ ભયંકરતાનું ભાન ન થાય તો પછી એ ક્યારે સમજવાનો? નદીએ જઈ આવવા છતાં જે તરસ્યો પાછો આવે એની તૃષા ક્યાં શાંત થવાની? દિવસના સમયે સૂર્યનો પ્રકાશ હોવા છતાં જે દેખી ન શકે એ રાતે શું દેખવાનો?

જ્યાં સુધી માણસ વિવેકદૃષ્ટિથી વિમુખ હોય છે ત્યાં સુધી એ સારાસારને ન સમજી શકે એ સ્વાભાવિક છે અને કંઈક અંશે એ ક્ષંતવ્ય પણ ગણાય, પરંતુ જે મનુષ્યને વિવેકદૃષ્ટિ મેળવવાની તમામ સામગ્રી શ્રી જૈનશાસનના સંસર્ગથી મળી હોય છતાં એ સારાસારને ન સમજે અને રાતદિવસ પોતાનું ચિત્ત, એ આહારાદિ પાંચ મહા કુપથ્યોના સેવન કરવામાં જ પરોવી રાખે તો એ કેમ ક્ષંતવ્ય ગણાય? અને આથી એને બીજો કયો વધારે સરસ યોગ મળશે કે જ્યારે એ પોતાના હિતને સમજી શકશે? પોતાના આત્માની શુદ્ધિ નિમિત્તે ધાર્મિક ક્રિયાઓ ન કરવા છતાં માણસ એ કબુલ કરવા તૈયાર નથી હોતો કે 'મારાથી ક્રિયાઓ નથી થતી.'

વળી કેટલાક આત્માઓ એવા પણ છે કે જેઓ ધાર્મિક ક્રિયાઓ કરે છે, સદાચરણના નિયમો પાળે છે; છતાંય પોતાના આત્માને અનાદિકાળથી પડેલી કુપથ્યસેવનની ટેવ

દૂર થઈ શકતી નથી. એ કુપથ્યોનો નિરંતર આદર કરવામાંથી મન હજુ દૂર થતું નથી. માણસ જ્ઞાન, ધ્યાનમાં આનંદ જરૂર માને છે, પરંતુ એ આનંદ એટલો મજબુત નથી કે કે જેથી એ કુપથ્યસેવનના આનંદ કરતાં વધી જાય. જ્યારે એ કુપથ્યસેવનની અભિરૂચિના સ્થાન પર જ્ઞાનાદિકની અભિરૂચિ જાગે ત્યારે સમજવું કે આપણે જૈનશાસનનો સાચો લાભ મેળવ્યો છે અને સાચી તત્ત્વદષ્ટિનું દર્શન કર્યું છે.

## સામાયિકનો મર્મ

શાસ્ત્રકાર મહારાજે જ્ઞાનાદિ-સામાયિક આદિ કરવાનું ફરમાવ્યું છે, તે કઈ દષ્ટિએ? એટલા જ માટે કે ધીમે ધીમે આપણા આત્માને કેળવીને આપણે એ કુપથ્યોથી અળગા થઈએ! ત્યારે આપણે અત્યારે જે પ્રવૃત્તિ કરીએ છીએ એ તો એથી જુદાજ પ્રકારની છે. પહેલાં આપણા આહારાદિક બરાબર સચવાય અને ત્યારબાદ જ્ઞાનાદિક-સામાયક આદિ કરાય! આ સ્થિતિ-સાધુ હો કે શ્રાવક હો-દરેકમાં સામાન્ય રીતે જોવામાં આવે છે. અનુકૂળ ભોજન વિગેરેની સગવડ ન મળતાં શરીરની જે સ્થિતિ થાય છે એવીજ સ્થિતિ કદીક જ્ઞાનદિકના સાધનો ન મળતા થાય છે ખરી કે? સમજો કે:-તમો મુસાફરીએ નીકળ્યા. એક જંગલમાં જઈ ચડયા ભૂલા પડયા. એકલા છો. બરાબર મધ્યાહ્નનો સમય છે. સૂર્ય-નારાયણ માથા ઉપર તપી રહ્યો છે. સવારનું કંઈપણ ખાવા મળ્યું નથી. આસપાસમાં કોઈ ગામ કે ઝૂંપડું દેખાતું નથી અને ભોજન માટે જરાપણ સંભવ દેખાતો નથી. એવી કફોડી સ્થિતિના વખતે તમારા શરીર ઉપર જે અસર થાય અને મનની ઉપર જે દુઃખની લાગણીઓ ઘેરાઇ આવે એ દુઃખને એક પલ્લામાં મૂકી અને બીજી તરફ:—સમજો કે તમે રોજ સમ્યગ્-દર્શન-જ્ઞાન-ચારિત્ર્યનું કંઈપણ કાર્ય કરવાની પ્રતિજ્ઞા લીધી છે:—करेमि भंते ! सामाइयं ના પવિત્ર શબ્દો ઉચ્ચારીને સમ્યગ્દર્શનાદિકના કારણ-સ્વરૂપ અને ફળરૂપ કાર્યો કરવાની ઇચ્છાપૂર્વકની પ્રતિજ્ઞા કરી છે. એ પ્રતિજ્ઞા

વખતે પણ તમે એવા કફોડા સંયોગોમાં આવી પડયા છો. કોઇપણ પ્રકારની તમારી પ્રતિજ્ઞાભંગથી મન ઉપર થતી લાગણીઓને બીજી તરફ મૂકો, અને પછી જવાબ આપો કે કયું પલ્લું નીચુ નમે છે કયા પલ્લામાંની દુઃખની લાગણીઓનું વજન વધી જાય છે? તમારે કબુલ કરવું પડશે કે શરીરને થયેલ અસાતાથી ઉત્પન્ન થયેલ દુઃખ પ્રતિજ્ઞા ભંગના દુઃખ કરતાં વધી જવાનું, અને જ્યાં સુધી આવી સ્થિતિ કાયમ રહે ત્યાં સુધી સમજવું કે આપણે હજુ આપણા સાચા હિતને અને ખરા વૈરીને ઓળખી શકયા નથી. **જ્યારે આપણે શરીરપોષણની ભાવના કરતાં આત્મશુદ્ધિની પ્રતિજ્ઞાની કિંમત વધારે આંકતા થઇશું ત્યારેજ આપણે સાચા જ્ઞાનાદિકના ઉપાસક ખરી સામાયિકના કરનારા બનીશું !**

## કર્તવ્ય પ્રવૃત્તિ અને ઐચ્છિક પ્રવૃત્તિ.

સમ્યગ્દર્શનાદિકનું કાર્ય કરવાની પ્રતિજ્ઞાનો અર્થ એ છે કે સમ્યગ્દર્શનાદિકના હેતુરૂપ, સ્વરૂપરૂપ અને ફળરૂપ જે જે કાર્યો હોય તે બધાને સ્વકર્તવ્યરૂપ ગણીને કરતાજ રહેવું અને એટલાજ માટે એ કાર્ય કરવામાં વિક્ષેપના કારણભૂત હોવાને કારણે નિદ્રાદિને પ્રમાદ તરીકે ગણવામાં આવેલ છે. કેમકે પ્રમાદ એ એક પ્રકારનો દોષ છેઃ

ભલા માણુસ ઉંઘતો હોય એ વખતે એવું શું કાર્ય કરે છે કે જેથી ઉંઘને દોષરૂપ માનવામાં આવે છે? ઉલટું જાગવા કરતા ઉંઘવા વખતે માણસ બીજી ક્રિયાઓમાં પ્રવૃત્ત ન હોવાના કારણે કેટલા દોષો નથી કરતો જ્યારે જાગતી વખતે તો જયણા વગર બોલવા-ચાલવા વિગેરેમાં અનેક પ્રકારના કર્મો બાંધે છે. નિદ્રા-પ્રમાદને દોષરૂપ માનવાનું એકજ કારણ છે કે મનુષ્યે જે સમ્યગ્જ્ઞાનાદિકના કાર્યો નિરંતર કરતા રહેવાની જે પ્રતિજ્ઞા લીધી છે એ પ્રતિજ્ઞાનો એટલા સમય માટે ભંગ થાય છે. નિદ્રાદિકમાં જેટલો સમય વધારે જાય એટલા અંશે એ પ્રતિજ્ઞાનો વધારે ભંગ થવાનો.

ભલા ! જો નિદ્રા દોષરૂપજ છે તો પછી ઉંઘવાની છૂટ કેમ આપી ? કેટલાક કાર્યો એવા હોય છે કે જેમાં બે પગલાં આગળ વધીને એક પાછા પડવું પડે છે. અર્થાત્ બે પગલાં આગળ વધવું હોય તો-પગલું એક પગલું પાછળ પડવાનું પણ મંજુર રાખવું પડે છે. ઠીક આજ હેતુથી નિદ્રા દોષરૂપ હોવા છતાં તેની છૂટ આપવામાં આવી છે. કોઈપણ ક્રિયા કરવામાં શરીર એ સર્વથી પ્રથમ જરૂરી વસ્તુ છે.... અને એ શરીરને સ્વસ્થ રાખવા માટે આહારાદિક જેટલીજ–કદાચ એથી પણ વધારે–નિદ્રાની આવશ્યકતા છે, એ નિદ્રા ન લેવામાં આવે તો શરીર અસ્વસ્થ થઈ જાય અને તેથી એ પ્રતિજ્ઞાનું પાલન લગભગ સર્વથા બંધ પડી જાય, એટલા માટે શરીર સ્વસ્થ રહે અને નિદ્રાનો થોડો સમય બાદ કરતાં બાકીનો બધો સમય પ્રતિજ્ઞાનું પાલન થતું રહે એટલા માટે નિદ્રાની છૂટ આપવામાં આવી છે. રાત્રિના બે પહોર જેટલી નિદ્રા લીધા બાદ માણસ દિવસના સમય દરમ્યાન અખંડ રીતે સ્વાધ્યાય કરી શકે છે.

જો આ સ્વાધ્યાયાદિક ન કરાય તો એ નિદ્રાથી એકાંત દોષનું જ પોષણ થવાનું અને એટલાજ માટે અકાળ નિદ્રા કે દિવસની નિદ્રાને દૂષણરૂપ ગણીને એનો નિષેધ કરવામાં આવ્યો છે. "करेमि भंते" ના પવિત્ર ઉચ્ચારણપૂર્વક ચારિત્રનું ગ્રહણ કરનારે આજીવન સમ્યગ્દર્શન–જ્ઞાન ચારિત્રની કારણરૂપ, સ્વરૂપરૂપ, અને ફળરૂપ જે જે પ્રવૃત્તિ હોય તે દરેક તેણે કરવીજ જોઈએ.

ભણવાના વખતે અભ્યાસ ન કરે તો દોષ. દર્શન કરવાના સમયે દર્શન ન કરે તો દોષ, સ્વાધ્યાયના સમયે સ્વાધ્યાય ન કરે તો દોષ અને ચારિત્રના અંગે વિનય, વૈયાવચ્ચ ન કરે તો પણ દોષ.

આ સ્થાને એક વસ્તુ ખાસ સમજવા જેવી એ છે કે જે જે પ્રવૃત્તિ કર્તવ્યરૂપ હોય તે પ્રવૃતિ કરવામાં ફાયદો

**રહેલો છે એમ નથી, પરન્તુ એ પ્રવૃત્તિ ન કરવામાં આવે તો દોષ જરૂર લાગે છે,** અને એટલાજ માટે ફાયદો થવાની દ્રષ્ટિએ નહિ પરંતુ દોષ ન લાગે એ વિચાર કરીને પ્રવૃત્તિ કરવાની હોય છે, અને એટલાજ માટે-એ દોષોનો પરિહાર કરવાના ઉદ્દેશથી આલોયણાનું વિધાન કરવામાં આવ્યું છે. ફાયદો ન થવાના માટે કદી પણ આલોયણા નથી હોતી. બીજી તરફ જે **પ્રવૃત્તિઓ જરૂરી કર્તવ્યરૂપ ન હોતાં ઐચ્છિક હોય છે, એમાં આના કરતાં ઉલટું છે. એટલેકે એ પ્રવૃત્તિ ન કરવામાં આવે તો અવશ્ય લાભ થાય છે.**

વીશસ્થાનકની ઓળી, વર્ધમાનપતની ઓળી, નવપદની ઓળી કે બીજી શુભ તપસ્યાઓ ન કરે તો કંઇ પ્રાયશ્ચિત નહિ, પરન્તુ જો કરે તો લાભ જરૂર થાય.

જરૂરી કર્તવ્યરૂપ પ્રવૃત્તિ અને ઐચ્છિક પ્રવૃત્તિમાં એકજ મોટો ભેદ છે કે જરૂરી **કર્તવ્યપ્રવૃત્તિ કરો તો કંઈ નહિ પણ ન કરો તો દોષ, ઐચ્છિક પ્રવૃત્તિ ન કરો તો કંઈ દોષ નહિ પણ કરો તો લાભ !**

**છાર ઉપર લીંપણ**

જીવનપર્યંત સામાયિક કરવાની, અને સાવદ્ય યોગનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લઈને સાધુપણું અંગીકાર કર્યા છતાં સ્વાધ્યાયાદિક દિનકૃત્ય ન થાય તે દિવસે અંતઃકરણમાં બળાપો થાય છે ખરો કે? એક ગામથી બીજે ગામ કહો કે છાણીથી વાસદ જવું હોય એ વખતે એ મુનિ જરૂર વિચાર કરશે કે વચમાં શ્રાવકના ઘર વગેરે છે કે નહિ? પરન્તુ એ વિચાર નહિ આવવાનો કે જ્ઞાનદિકના આરાધનના સાધનો મળશે કે નહિ. બસ અહીંજ પિંડપોષણ અને આત્મપોષણમાં ખરો ભેદ રહેલો છે.

જ્યાંસુધી આહારાદિક કુપથ્યમાંજ મન રમતું હોય ત્યાંસુધી પિંડપોષણનોજ વિચાર આવવાનો પરન્તુ જ્યારે એ કુપથ્યના સેવન

તરફ જેવું લક્ષ્ય હતું તેવુંજ લક્ષ્ય દવાના સેવનતરફ જશે ત્યારે આત્મપોષણ થવાનું, અને જ્યારે એ આત્મપોષણની ભાવના જાગ્રત થશે ત્યારેજ સામાયકઆદિની પ્રતિજ્ઞા સફળ થશે !

સામાન્ય રીતે આપણે આપણા શરીરની હંમેશાં સંભાળ રાખ્યા કરીએ છીએ, પરન્તુ જ્યારે એ શરીરને કાંટો વિગેરે વાગે છે ગુમડા વિગેરેની પીડા થઈ આવે છે ત્યારે આપણે એ શરીરને વિશેષતાપૂર્વક સંભાળીએ છીએ. પેલા એજ પ્રમાણે-એ શરીરની સંભાળની માફક-જ્યારે આપણા જ્ઞાનદિકની ખામીદ્વારા આપણા આત્મામાં ખામી આવે છે-ત્યારે આપણે આપણા આત્માની સંભાળ લઈએ છીએ કે? જો આપણને આપણા આત્માની દવાનું ભાન થયું હોત તો જરૂર આપણને આત્મામાં ખામી આવતાં ચમકારો થાત! પરન્તુ એ દવા જાણવા માટે આપણે ક્યાં દરકાર કરીએ? શરીરની દવા ગોતવા માટે આપણે ઘરેઘરે, ગામે ગામે, શહેરે શહેરે, અરે દેશે દેશે ફરવામાં પણ પાછા પડતા નથી. જેને બોલાવવા પણ ન ગમે એવા વૈદ્યોની ગુલામી ખુશામત કરતાં પણ અચકાતા નથી. ભલા આપણા આત્માની દવા મેળવવા માટે આપણે શું કર્યું? હવે જૈનશાસનની પ્રાપ્તિના કારણે એ દવા મેળવવાનો અવસર આપણને પ્રાપ્ત થયો છે. હવે પણ જો આપણે એ નહિ મેળવીએ તો હવે પછી ક્યારે મેળવવાના?

**ભલા! કદાચ આપણે જાણવાની દ્રષ્ટિએ દવાને જાણી પણ લઇએ, છતાં આત્માને કયે રસ્તે દોરવો? એનું આપણને ભાન ન થાય તો એ પણ છાર ઉપર લીંપણજ સમજવું!**

એક માણસનું શરીર રોગગ્રસ્ત થયું. લોહી સુધરતું નથી, અને ઉપરથી ભપકાદાર કપડાં પહેરી લીધાં છે. તો શું શરીરને કંઈ ફાયદો થઈ જવાનો? જરાપણ નહિ. એજ પ્રમાણે જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રવૃત્તિરૂપ કપડાં પહેરી લીધાં પણ વિષયાદિક ખસેડવા પાલવતા ન હોય તો એનું ફળ શું? માત્ર વેશ ધારણ કરવાથી

કંઈ નજ વળે! કુતરાને રાજગાદી પર બેસાડો છતાં એ ખાસડાંજ કરડવાનો! તેજ પ્રમાણે આ જીવ અનાદિ કાળથી ચઢતો ચઢતો જૈનશાસનની ગાદી ઉપર તો બેસી ગયો પરન્તુ અનાદિ કાળથી ચાલતો આવતો પોતાનો, આહારાદિક કુપથ્ય ભોગવવાનો, સ્વભાવ છોડી શકતો નથી. ખરી રીતે રાજઋદ્ધિને તત્વરૂપ લેખીને પોતાનો ચામડી કરડવાનો સ્વભાવ ત્યાગ કરવાની માફક સમ્યગ્ દર્શનાદિને તત્વરૂપ ગણીને આહારાદિકથી પોતાના મનને હઠાવતા રહેવું જોઇએ.

## શરીરનું સાફલ્ય

ભલા "शरीरमाद्यं खलु धर्मसाधनम्" એ પણ શાસ્ત્રકારનું વચન છે, તો પછી આહારાદિકનો ત્યાગ કરીને એને સુકાવવું કહ્યું તો પછી એને ધર્મસાધન કરવા માટે રક્ષવું કેવી રીતે? શાસ્ત્રકારે જે એ વાક્ય કહ્યું છે, એ બરાબર કહ્યું છે. શરીરદ્વારા આપણે આપણા આત્માનું સાધન કરી શકીએ છીએ, અને એ આત્માનું સાધન થઈ જાય ત્યાંસુધી એનું પોષણ પણ કરવું, પણ એ શરીરના પોષણમાં જ્યારે આત્માનું શોષણ થાય ત્યારે શરીરની ચિંતા છોડી દેવી જોઈએ. વેપારી માલ ખરીદે છે એ કમાણીનીજ આશાએ અનેક જાતના માલ ખરીદવામાં પોતાનું સઘળું દ્રવ્ય વ્યય કરે છે અને માલની વખારો ઉપર વખારો ભર્યે જાય છે એ બધું પણ કમાણી માટેજ. જ્યાં કમાણી થતી ન લાગે કે એ માલ લેવો બંધજ કરવા માંડે. કમાણી થતી લાગે ત્યાં સુધી તો એ જરૂર માલ ખરીદવાનો. કમાણી કે નુકશાનીનો લેશ વિચાર કર્યા વગર માત્ર ખરીદવાની ખાતરજ માલ ખરીદનાર વેપારી છેવટે દેવાળું નહિ તો બીજું શું કરશે? એજ પ્રમાણે જે શરીરથી ધર્મસાધન થતું લાગે તે શરીરને લેવું, અને જ્યારે ધર્મ થતો ન લાગે ત્યારે એ શરીરને ફેંકી દેવું.

**કમાણી કરાવે તે માલને સંઘરવો અને ધર્મ કરાવે એ શરીરને સંઘરવું.**

ઉપર કહેલ વાતનો વિચાર કરીને ઘણાય માણસો કહી દે છે કે ધર્મ ન થાય તો શરીરને વોસિરાવી દેવું. પરન્તુ આ વાક્ય સાચી દાનતથી બોલાય છે ખરૂં? શાસ્ત્રકારે તો સાફ કહ્યું કે સમ્યગ્દર્શનાદિનો લાભ થતો લાગે તો જિંદગી ટકાવો, નહિ તો એને લટકાવી દ્યો. અનશન કરીને એનો અંત લાવો, પણ આનું પાલન કયાં થાય છે.? સાધુમુનિરાજ ધર્મલાભના નામે ખોરાક લે છે, વસ્ત્રાદિ લે છે, પરન્તુ એ લઈને આત્મસાધન ભૂલીને શરીર પોષણ કરે તો કેવું કહેવાય? અન્ન-વસ્ત્રાદિ લીધાં ધર્મના નામે વાપર્યાં પીંડપોષણના કામે! નાણું લીધું કોઈ પેઢીનું અને જમા કરાવ્યું બીજી કોઈ પેઢીમાં! ધર્મલાભનું ઉચ્ચારણ કરીને રોટલો ટૂકડો પણ મેળવવો તો તે શા માટે? આ શરીર ટકી રહે એ દૃષ્ટિએ. અને એ શરીર પણ શા માટે ટકાવવું? એ શરીરનું એકે એક ક્ષણ એવી શુભ પ્રવૃત્તિમાંજ વપરાય એટલાજ માટે. જો એમ ન થાય તો ધર્મના નામે ઉઘરાણું કરીને પિંડપોષણ કરાય તો એ આત્માની શી વલે થવાની? આ સ્થિતિથી બચવા માટે પોતાનું સ્વરૂપ સમજીને **સમ્યગ્દર્શનાદિકમાં લીન થઇને એના સાધનમાં આ શરીરને સાર્થક કરવું જોઈએ.**

**શરીરનો સદુપયોગ.**

આ શરીર એ હાડકાંનો ઢગલો છે, લોહીની કોથળી છે અને વિષ્ટાનો ટોપલો છે અને શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ આત્માને એનો સંસર્ગ છે. એ સંસર્ગ મોક્ષ નહિ મળે ત્યાં સુધી અનિવાર્ય છે, અને એ સંસર્ગ ટૂટશે નહિ ત્યાં લગી મોક્ષ થવાનો નથી. એટલે આ બધું વિચારીને આપણે એવીજ પ્રવૃત્તિ કરવી જોઈએ કે જેથી એ શરીરનો ઉપયોગ આત્માના મોક્ષમાર્ગના સાધનમાંજ થાય, અને એ ઉપયોગ કરવા માટે આહારાદિકનો મોહ હંમેશાં દૂર કરતા રહેવું જોઈએ. આહારાદિકની વૃદ્ધિના જેવો આનંદ સમ્યગ્જ્ઞાનાદિકની

વૃદ્ધિમાં પણ થવો જોઈએ. શરીર માટે જેમ આડાઅવળા દોડીએ છીએ, એજ પ્રમાણે આત્મા માટે પણ આત્માના ગુણો આપનાર પાસે ગમે તેમ કરીને પહોંચી જવું જોઈએ! જેમ વેષના જેવું સુંદર શરીર હોવું જોઇએ. એ પ્રમાણે બાહ્ય પ્રવૃત્તિ જેવો આપણો આત્મા શુદ્ધ હોવો જોઈએ!

**સંયમાત્મા**

અત્યાર સુધીમાં આપણે જાણી ગયા કે સમ્યગ્દર્શનાદિકની પ્રવૃત્તિ હોવા છતાં જ્યાં સુધી આહારાદિક કુપથ્યથી દૂર થવામાં ન આવે ત્યાં લગી ખરૂં કલ્યાણ નથી થતું. એ સમ્યગ્દર્શનાદિકમાં આત્મા ખરો તલ્લીન ક્યારે થઈ શકે? એ હવે વિચારીએ!

પોતાના સ્વરૂપનો વિચાર કરતી વખતે જ્યારે આત્મા પોતાને સંયમસ્વરૂપ માને, ત્યારેજ એ ખરી રીતે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વાળો બની શકે છે. જ્યારે આત્મા પોતાને સંયમસ્વરૂપ માનશે ત્યારે એ આહારાદિકને કુપથ્યરૂપ ગણશે, અને પોતાનું સ્વરૂપ સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રમયજ છે એ સમજશે.

સમ્યગ્દર્શન એટલે શું? માત્ર શબ્દે વળગી રહેવાથી કંઇ નહિ વળે. એ શબ્દનું અંદરનું રહસ્ય સમજવું જોઈએ. જરા આગળ વધીને વિચારીએ તો શુદ્ધ દેવાદિકને માનવા એ પણ આમાં આવી જાય છે. અંદરનું રહસ્ય સમજ્યા વગર આપણે શબ્દનું સાચું મહત્વ નથી સમજી શકતા!

માનો કેઃ-એક બાળક માંદું પડયું. વૈદ્ય એને તપાસ્યું અને સંગ્રહણીનો રોગ હોવાનું કહ્યું બાળકે એ શબ્દ સાંભળી લીધો. સંગ્રહણી કેવો ભયંકર રોગ છે એનું એને ભાન નથી. એ તો માત્ર એટલુંજ સમજ્યો કે એને જે રોગ થયો છે એનું નામ સંગ્રહણી. બીજા કોઈ સગાવહાલા એને જોવા આવે ત્યારે એ બધાને એ બાળક પોતાને સંગ્રહણી હોવાનું

કહે છે, છતાં એને મનમાં એ રોગની ભયંકરતાજન્ય ગભરામણ થતી નથી. એજ પ્રમાણે આપણે કોઇ ગુરુ મુખથી સાંભળીને કહીએ છીએ કે આહારાદિ કુપથ્યરૂપ છે અને આપણા આત્માને કર્મનો રોગ વધારવામાં મદદ કરે છે. આપણો આત્મા સચ્ચિદાનંદરૂપ છે. આ રોગથી બચવા માટે આપણે ક્રિયાદિક પણ કરીએ છીએ અને એ પણ કોઈ છેતરવાના પરિણામથી નથી કરતા, છતાં જ્યાં સુધી આપણે એનું ખરૂં રહસ્ય ન સમજીએ ત્યાં સુધી આપણે એનું પુરેપુરૂં મહત્વ નહિ સમજવાના અને પુરતો લાભ નહિ ઉઠાવવાના. બાળક જો સંગ્રહણીનું સાચું સ્વરૂપ સમજ્યો હોત તો કદી વાલ ખાવાની ઈચ્છા ન કરત.

એ પ્રમાણે આપણે પણ જો આશ્રવબંધને સંસારમાં રખડાવનારરૂપ અને સંવરનિર્જરાને આત્માને છોડાવનારરૂપ જાણી લઈએ તો એવા આશ્રવમાં કદી પણ પ્રવૃત્ત ન થઈએ, અને આ પ્રમાણે અશુભ પ્રવૃત્તિથી અટકવા માટે આપણે આત્માને સંયમરૂપ માનવો જોઈએ, સંયમસ્વરૂપ માન્યા વગર જ્ઞાન-દર્શન સ્વરૂપ માનીએ તો પણ ભૂલભરેલું છે. કારણકે આશ્રવ છોડવારૂપ અને સંવર આદરવારૂપ છે અને એ પ્રમાણે એક છોડવામાં અને એક આદરવામાં સમ્યગ્દર્શનાદિકની જડ રહેલી છે. એટલે છેવટે સંયમરૂપમાં એ જડ જાય છે, એટલા માટે સંયમરૂપ આત્મા બને, ત્યારે જ્ઞાન અને દર્શનરૂપ બની શકે છે. જીવાદિ તત્વોને બોલી દેવા માત્રથી સમ્યકત્વ નથી આવી જતું પરંતુ એ નવે તત્વને તત્વરૂપે જાણે ત્યારેજ સમકિત આવે છે. અહીં પણ આશ્રવને આશ્રવરૂપે જાણીને એને ત્યાજ્ય સમજીને એનો ત્યાગ કરવાની પ્રવૃત્તિ કરવી પડે છે, અને આ પ્રમાણે ત્યાગની પ્રવૃત્તિ આત્માને સંયમરૂપે માનીએ ત્યારે બની શકે છે.

ભલા!! સમ્યકત્વ અને જ્ઞાનનું સાધ્ય શું ? શાસ્ત્રકાર મહારાજ કહે છે કે **ज्ञानस्य फलं विरतिः** એટલું એનું સાધ્ય વિરતિ છે,

જ્યાંસુધી એ વિરતિના પરિણામ ન થયા હોય ત્યાં સુધી સાચું જ્ઞાન ન કહેવાય. સમ્યક્ત્વ પામ્યા પછી બેથી નવ પલ્યોપમે દેશવિરતિ પણું=શ્રાવકપણું મળે છે. શ્રાવકપણું મળ્યા બાદ સંખ્યાતા સાગરોપમે ચારિત્ર-સર્વવિરતિ, તેથી સંખ્યાતા સાગરોપમે ઉપશમ શ્રેણિ અને તેથી સંખ્યાત સાગરોપમે ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ થાય છે. આ બધી ઉત્તરોત્તર પ્રાપ્તિનો અંતિમ હેતુ એ છે કે-છેવટે ચારિત્રમોહનીયનો ક્ષય કરવો અને પછી આત્માના સ્વસ્વરૂપને પ્રાપ્ત કરવું=એટલે કે વીતરાગપણું પ્રાપ્ત કરવું. આ વસ્તુ જ્યારે ખ્યાલમાં આવી જાય, ત્યારે માણસ આત્માને જરૂર સંયમરૂપ માનવાનો.

આત્માને ચારિત્રરૂપ માનીએ એટલે સંયમરૂપ માન્યો ગણાય એ ચારિત્રરૂપ-સંયમરૂપ આત્માની કેટલી કિંમત છે? એ જાણવા માટે આટલું જ જાણવું બસ થશે કે સમ્યગજ્ઞાન અને સમ્યગ્-દર્શન એ આત્માના બે મોટા ગુણ જરૂર છે, પરન્તુ એ બન્ને મોટા ગુણો કેવળ એકજ સમ્યગ્ચારિત્રની ઇચ્છા પછી આપોઆપ આવી જાય છે. એટલે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન એ સમ્યક્ચારિત્રની ઇચ્છારૂપ વૃક્ષના ફૂલ સમાન છે, વૃક્ષ હોય તો જ ફૂલ આવે. વૃક્ષ વગર ફૂલ કદી સાંભળ્યું છે? ત્યાં જેટલું વૃક્ષનું મહત્ત્વ એટલું જ અહીં ચારિત્રની ઇચ્છાનું મહત્વ! જ્યાંસુધી ચારિત્ર-પ્રાપ્તિની ઇચ્છારૂપ વૃક્ષ નથી ઉગતું, ત્યાં સુધી સમ્યગ્દર્શન અને જ્ઞાન પણ રોકાઈ રહે છે. એટલે એ **બન્નેનો મુખ્ય આધાર ચારિત્ર ઉપર જ છે!**

## મોહનીય કર્મ

મહાનુભાવો! શાસ્ત્રકાર મહારાજ ફરમાવે છે કે ચારિત્રમોહ-નીયના ક્ષય વગર કોઈપણ જીવ કેવળ જ્ઞાન-દર્શન મેળવી શકેજ નહિ. કેટલાક કાર્યો એવા હોય છે કે જે એક અવધારણાવાળા હોય છે. એટલેકે એક વસ્તુ હોતાં બીજી હોય જ છે, પરંતુ બીજી હોય ત્યારે

પહેલી હોયજ એવો નિયમ નથી હોતો. જેમ અગ્નિ અને ધુમાડો.

જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ જરૂર હોય પરન્તુ જ્યાં અગ્નિ હોય ત્યાં ધૂમાડો હોય એવો નિયમ નથી હોતો, પણ આ ચારિત્રની ઉપાદેયતા અને જ્ઞાન-દર્શન માટે તો ઉભય અવધારણુજ છે. જ્યાં ચારિત્રની ઈચ્છા હોય ત્યાં જ્ઞાન-દર્શન જરૂર હોય અને જ્યાં જ્ઞાન-દર્શન હોય ત્યાં ચારિત્રની ઈચ્છા પણ જરૂર હોયજ.

એટલે ઉત્પત્તિની અપેક્ષાએ આપણે વિચાર કરીશું તો આપણે કહેવું પડશે કે કેવળજ્ઞાન-દર્શનની જડ ચારિત્ર છે, અને જો પ્રતિપંથકની અપેક્ષાએ વિચારીએ તો ચારિત્રમોહનીયની હયાતીમાંજ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો બંધ થાય છે. એટલે જ્યાં સુધી મોહનીય હયાત રહેશે ત્યાં લગી મતિ-શ્રુત-અવધિ મનઃપર્યવ અને કેવળ -જ્ઞાનાવરણીય, ચક્ષુ-અચક્ષુ-અવધિ-અને કેવળ-દર્શનાવરણીય-એમ એ નવ પ્રકારના આવરણીય બંધાતા રહેવાના. ચારિત્રમોહનીય એજ-જ્ઞાન-દર્શનાવરણના સડાનું ઉત્પાદક નાશ થયું, એટલે પછી એમાં લેશમાત્ર પણ વધારો નહિ થવાનો. એટલે ટૂંકમાં કહીએ તો **મોહનીય કર્મ એ બંધનું પણ કારણ છે અને કર્મ ટકી રહેવાનું પણ એક જ કારણ છે.** એ મોહનીય કર્મનો નાશ કરવા માટે આત્માના સંયમસ્વરૂપની આરાધના કરવી પડે છે અને જ્યારે એ આરાધના સંપૂર્ણ થાય છે ત્યારે જ્ઞાનદર્શન આપોઆપ એ ઘડીમાં આવી મળે છે.

મહાનુભાવો! **મોહનીય કર્મ એટલે કર્મનો બજાર!** એ બજારમાં જાઓ તો દરેક પ્રકારના કર્મ તમને વળગી પડવાના. એને દૂર કરવાનો આ દ્વિતીય માર્ગ તે ચારિત્ર છે. એ ચારિત્રની -આત્માના સંયમ સ્વરૂપની આરાધના કરો એટલે એ કર્મોનો પુંજ તમને વળગતો અટકશે.

સંયમાત્માની વધુ પુષ્ટિ માટે આપણે જરા વધારે વિચાર કરીએ અને કાર્યકારણનો સંબંધ વિચારીને ચારિત્રનું એમાં શું

સ્થાન છે? એ જોઈએ. પહેલાં કાર્યકારણનો સંબંધ એટલે શું? એ જાણીએ તો આપણે આ વાતનો વિચાર બહુ સારી રીતે કરી શકીશું જે સંબંધમાં એકજ હોય, ત્યાં બીજું જરુરી હોયજ એનું નામ કાર્ય, અને જ્યાં એક હોય છતાં બીજાનું નિશ્ચિત અસ્તિત્વ ન હોય તે કારણ, જેમ માટી અને ઘડો. માટી એ કારણ છે અને ઘડો એ કાર્ય છે. જ્યાં ઘડો હોય ત્યાં માટી જરૂર હોયજ અને જ્યાં માટી હોય ત્યાં ત્યાં ઘડો હોયજ એવો નિયમ નથી હોતો. એજ પ્રમાણે અહીં સમ્યગ્‌જ્ઞાન-દર્શન-ચારિત્રમાં પણ ચારિત્ર એ કાર્યરુપ છે અને જ્ઞાન-દર્શન એ કારણરૂપ છે. એટલે જેણે સંયમ રૂપ આત્મા માન્યો એણે ઘડારૂપ આત્મા માન્યો. આટલાજ માટે ઉપાધ્યાયજી મહારાજે આત્માને સંયમરૂપ માનવાનું કહ્યું.

**પૂર્ણ આત્મસ્વરૂપ**

કેટલાક સિદ્ધાંતો એવા છે કે અધિકરણ સિદ્ધાંત તરીકે ગણાય છે. અધિકરણ સિદ્ધાંત એટલે કહેવામાં એક વસ્તુ આવે અને એની પાછળ પાછળ બીજી અનેક વસ્તુ આપોઆપ ચાલી આવે. સમજો કે એક માણસે પોતાના નોકરને દહીં લાવવાની આજ્ઞા કરી. એ માણસ ગયો અને હાંડો ભરીને દહીં લઈ આવ્યો અહીં આજ્ઞા માત્ર દહીંજ લાવવાની હતી. નહિ કે હાંડો લાવવાની છતાં હાંડો કેમ લાવ્યો? એજ પ્રમાણે જેણે "णमो अरिहंताणं" શબ્દ ઉચ્ચાર્યા એણે કેટલી વસ્તુ માની લીધી. સૌથી પહેલાં અરિહંત માન્યા. તેમને નમસ્કાર કરવામાં ફાયદો માન્યો. શુભનો બંધ અને અશુભની નિર્જરા કરવાનું માન્યું. કર્મતત્વ અને જીવતત્વને માન્યાં. ખરાબ કર્મોથી દુર્ગતિ અને સારા કર્મોથી સદ્‌ગતિ માની. કર્મની નિર્જરાથી મોક્ષ માન્યો, અને એ નિર્જરા કરવા માટે અરિહંત ભગવાનની ભક્તિ માની. આટલું બધું એક "णमो अरिहंताण" બોલવામાં માની લીધું. આનું નામ અધિકરણ સિદ્ધાંત, આટલી બધી વસ્તુ જે માણસ સાચી રીતે માનવા લાગે, એ કરોડો સાગરોપમનું નરકનું આયુષ્ય તોડે એમાં નવાઈ શી?

સામાયકવ્રતનું શુદ્ધ રીતે આરાધન કરીને અનંતાજીવો મોક્ષે ગયા છે. ઉપર બતાવેલ અધિકરણ સિદ્ધાંત પ્રમાણે આત્માને સંયમરૂપ માનનાર માણસ પણ અનેક વાતો આપોઆપ માની લે છે. સૌથી પ્રથમ એ સંયમની ઉત્તમતા સ્વીકારે છે. સંયમના ધારકોની ઉત્તમતા માને છે. આશ્રવની કનિષ્ઠતા માને છે. આ પ્રમાણે ઉત્તરોત્તર વસ્તુ માનીને એ પ્રમાણે આચરણ કરતાં અંતે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની સમીપમાં જઈ પહોંચે છે. **આત્માનું સંયમરૂપ એ સંપૂર્ણ આત્મરૂપ છે, જ્યારે દર્શન અને જ્ઞાનસ્વરૂપ એ અપૂર્ણ સ્વરૂપ છે.**

**ચારિત્રનાશે સર્વનાશ.**

કેટલાક કાર્યો એવા છે કે જેમાં ચારિત્રનો વધ થતાં જ્ઞાનદર્શનનો વધ થઈ જાય છે, સમજો! એક પરમ શ્રદ્ધાળુ માણસ છે. એણે દેવદ્રવ્ય ખાધું. એ ખાધા છતાં એની મૂળ શ્રદ્ધામાં હરકત નથી આવી. એ એમ પણ માનતો નથી કે દેવદ્રવ્ય ખાવામાં દોષ નથી. એ એટલું પણ જાણે છે કે દેવદ્રવ્ય ખાઈશ તો ડૂબી જઈશ આટલું બધું હોવા છતાં એણે દેવદ્રવ્ય ખાધું એટલે એનું સમકિત રહેશે કે કેમ? આનો ઉત્તર સાફ છે કે એણે પોતાના વર્તનમાં પોતાના આત્માને વશ ન રાખ્યો અને ઉલટુ આચરણ કર્યું, એટલે એના સમ્યગ્દર્શન અને જ્ઞાન બન્ને પલાયન કરી જવાના બીજું ઉદાહરણ–એક માણુસ ધાર્મિક છે. તત્વાતત્વનો જ્ઞાતા છે, એણે સાધ્વીના ચતુર્થવ્રત ભંગનું પાતક કર્યું, પાતક કરવા છતાં એટલું તો માને છે કે આ કૃત્ય ખરાબ છે. છતાં એણે આચરણમાં વિચાર ન રાખ્યો એટલે એનું સમ્યગ્દર્શન ઉડીજ જવાનું. એટલે જ્ઞાનદર્શન હોવા **છતાં ચારિત્રની ખરાબીમાં એ ખરાબ થઈ જાય છે. ચારિત્રના સુધારામાં એ બન્ને સુધરી જાય છે.** આ વસ્તુ નિશ્ચયનય અને વ્યવહારનય બન્નેને માન્ય છે એટલાજ માટે શ્રીઉપાધ્યાયજી મહારાજે

આત્માને સંયમરૂપ માનીને ચારિત્રને સંયમરૂપ કહ્યો છે. આત્માને આરાધના કરનાર મનુષ્ય કર્મરોગથી ધીમેધીમે મુક્ત થઈને અંતે પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય સ્વરૂપને પ્રાપ્ત કરીને આત્મસ્વરૂપમાં રત બને છે.

## અ...મૃ...ત...વા...ક્યો

- ભાવદયાનો ઝરો સતત જેનામાં વહેતો રહે તે સમ્યગ્દષ્ટિ.
- ઉચ્ચ કોટિનો દેવભવ પણ આત્મશક્તિના વિકાસની દૃષ્ટિએ લગભગ નકામો છે.
- નિગોદના દુઃખોનો વિચાર અંતરના રાગ-દ્વેષની તીવ્રતા ઘટાડવા ઉપયોગી છે.

પરમ પૂ. આગમોદ્ધારક શ્રી

## જીવન – જાગૃતિ

## (૩)

[પૂજ્યપાદ આગમપ્રજ્ઞ આગમસમ્રાટ બહુશ્રુત સૂરિપુરંદર ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારક આચાર્ય દેવશ્રી આનંદસાગર સૂરીશ્વર ભગવંતે વિ૦ સં૦ ૧૯૯૬માં વલભીપુર (વલા) માં તા.–૨૩–૩ ૧૯૪૦ ના રોજ જૈન શ્રીસંઘના આગ્રહથી વલભીપુર સ્ટેટના અધિપતિશ્રી દરબાર સાહેબ આદિ જાહેર જનતાને ઉદ્બોધેલ મંગળ પ્રવચન "અહર્નિશ ચિંતવન" નામથી આપેલ તે સુજ્ઞ જનતા માટે ખૂબજ ઉપયોગી ધારી અહીં પુનઃ પ્રકાશિત કરાય છે. –સં૦]

परहितचिंता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा ।
परसुखतुष्टिर्मुदिता परदोषोपेक्षणमुपेक्षा ॥१॥

શાસ્ત્રકાર ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકાર માટે, ધર્મોપદેશ દેતા થકા જણાવે છે કે ધર્મ એ જીવન–ધન–શરીર–કુટુંબાદિકના ભોગે પણ આદરણીય અને જરૂરી ચીજ છે.

### શું બીનજરૂરી ચીજ જ ધર્મ ?

શિષ્યશંકા–શ્રવણ કરનાર શિષ્ય શંકા કરે છે કે હે ભગવંત! આપ તો ધર્મને અગ્રપદ આપો છો અને ધર્મને જીવ–ધન–શરીર કુટુંબાદિકના ભોગે આદરવાનો જણાવો છો, પરંતુ તે ધર્મની જરૂરીયાત જ શી ? કેમકે તે ધર્મ વગર કંઈપણ અટકતું નથી. અનાજ વગર ભૂખે મરાય, પાણી વગર તૃષાથી તરફડાય, કપડા વગર શીતાદિ કષ્ટથી હેરાન થવાય, મકાન વગર શાંતિ અને આરામ ન અનુભવાય એટલે તે જરૂરી ગણાય, પણ ધર્મ ન હોય તો હરકત શી ? અર્થાત્ તેની જરૂરીઆત શી રીતે ગણવી ! વળી જો કે ધન એ ખાવા–પીવા અને પહેરવા–ઓઢવાના ખપમાં ન આવે, પણ

એ ધનથી દુનિયાભરની દરેક વસ્તુ ખરીદી શકાય છે. મેળવી શકાય છે, તેમજ તે દ્વારા આનંદ પ્રાપ્ત કરી શકાય છે, તે આવવાથી ફાયદો કરનાર હોવાથી પણ જરૂરી ગણાય, પરંતુ ધર્મ નહિ આવવાથી નુકશાન નથી, તેમ એ આવવાથી ફાયદો પણ દેખાતો નથી. એક મનુષ્યે ધર્મ કર્યો અને બીજાએ ધર્મ ન કર્યો, કરનારને નફો થયો અને નહિ કરનારને નુકશાન થયું એમ કાંઈ દૃષ્ટિગોચર થતું નથી. જરૂરી તેજ ગણાય "કે જેના ન આવવાથી અડચણ હોય અથવા આવવાથી ફાયદો હોય" અર્થાત્ એ ઉપરથી જગતમાં બિનજરૂરી ચીજ ધર્મ છે, એમ નક્કી, થાય છે. આવી રીતે શિષ્ય શંકા કરે છે.

## શંકા સમાધાયક દૃષ્ટાંત અને સમજણ

સમાધાન આપતાં પૂજ્ય ગુરૂવર્યશ્રી જણાવે છે કે એક મુસાફર રસ્તે જતો હતો, આંબાના ઝાડને ઉદ્દેશીને બહુ વિચાર કર્યો. વિચારનાં અંતમાં બોલ્યો કે-આ આંબાના આમ્રફલ જે કેરી તે ખાવામાં, આ આંબાની માંજરો કાનની શોભા વધારવામાં, અને આ પાંદડા મંગલકારણે તોરણમાં અને લાકડાં મકાનમાં કામ આવે છે, પણ આ આંબાના મૂલાડીયાં કે જે જમીનમાં ઘણા ઉંડા ગયેલા છે. તે તો કશા કામમાં આવતા નથી. આંબાના લાકડા તો મકાન બનાવવાનાં કામમાં છે. પણ મૂલીયાં તો તદ્દન નકામાં છે ! ! ! આવું બોલનાર મુસાફરને રસ્તે ચાલનાર બીજો સમજુ અને અનુભવી મુસાફર સમજાવે છે કે મહાનુભાવ ! આમ્રફલ-માંજર-પાંદડા-અને લાકડાં એ બધા મૂલાડીયાના ભરોસેજ છે. મૂલ કપાયા પછી આંબો પડી જાય અને કેરી, પાંદડા, મોગરો પ્હેલાંના હોય તે દેખાય, પણ ત્રણ દહાડા પછી સુકાય અને પરિણામે નામ નિશાન પણ ન રહે અને નવા તો થાયજ નહિં. એટલે દેખાવમાં મૂલાડીયાં કામ ન લાગે, પણ પરિણામે બુદ્ધિપૂર્વકની વિચારણા કરો તો બધાનો આધાર મૂલ પર છે, તેવી રીતે દેખાવમાં ધર્મ એ ખાવા-પીવા -પહેરવા, ઓઢવા-રહેવા વિગેરે વ્યાવહારિકકાર્યમાં ન આવે, પણ

તે દરેક મળે છે શાથી ? તેનું મૂળ વિચાર્યું ? ખાવા પીવા ઓઢ-વાની ચીજો દેખે અને તેનું મૂળ ન દેખે તે શા કામનું ? માટે **ધર્મ એજ જીવનની જડ છે.** જગતભરના દરેક વ્યવહારોની **ઉંડી જડ ધર્મ છે.**

## માનવજીવનમાં વિષયોની મોંઘવારી.

વિચારકોએ વિચારવું જોઈએ કે આપણને મનુષ્ય કોણે બનાવ્યાં ? આપણને મનુષ્ય અને બીજાને ઢોર કેમ બનવાનું થયું ? આનું નામ પક્ષપાત ખરો કે નહિં ? કહેવું પડશે કે પક્ષપાત નહિં, પણ નશીબદારીના અંગે આપણે મનુષ્ય થયા અને જે વિના તે ઢોર થયા. મનુષ્યની કિંમત સમજતા હો તો ધર્મની કિંમત ગણવીજ પડશે. કેટલાક ધર્મના અર્થી પણ મનુષ્ય-જીવનની કિંમત વિષય ભોગથી ગણે છે, પણ વિષયભોગના સાધનરૂપ મનુષ્ય જીવન ગણાવતા હો તો વિધાતાને શ્રાપ દેવો જોઈએ. કેમકે જે વિષયોની ઈચ્છા મનુષ્યજીવનથી કરો છો, તે વિષયોની મોંઘવારીજ આ મનુષ્ય જીવનમાં છે. અને તિર્યંચપણામાં તે વિષયોની સોંઘ વારી છે. જાનવરને કુદરતી ખોરાક જ્યારે લેવાનો છે, ત્યારે તમારે સંસ્કાર કરેલા ખોરાકે જીવન, સ્વાભાવિક ખોરાકે મનુષ્ય જીવી ન શકે, માટે વિધાતાને શ્રાપ દેવો પડે. રાજાનો મોટો બગીચો હોય ત્યાં મનુષ્યો માટેજ જઈને સુગંધ લેવાને પ્રતિબંધ, પણ ચકલાં-ભમરા-પક્ષીઓ માટે પ્રતિબંધ નહિં, રાજામહારાજાઓના મહેલમાં સારાં રૂપ કે સુંદર ગાયનોના શબ્દો સાંભળવા માટે મનુષ્યોને પ્રતિબંધ, તિર્યંચોને પ્રતિબંધ નહિં. તે તિર્યંચો રાણીઓનાં રૂપ અને શબ્દ જોઈ અને સાંભળી શકે, મનુષ્ય રાણીનું રૂપ અથવા ગીત સાંભળવા જાય તો તરત પહેરેગીર અટકાવે. આથી મનુષ્યપણામાં સ્પર્શ, રસ, ગંધ, શબ્દ રૂપ વિગેરે વિષયો મોંઘા અને તિર્યંચપણામાં સોંઘા જો વિષયોના હિસાબે મનુષ્ય જીંદગી ઉત્તમ માનતા હો તો મનુષ્યપણા કરતાં તિર્યંચપણું સારૂં ગણવું કે જ્યાં ઇંદ્રિયના વિષયો વગર મહેનતે

પ્રાપ્ત થાય છે. વળી મનુષ્યપણામાં તો માથું ફોડી શીરો ખાવાનો છે. જુઓ મનુષ્યપણામાં એક બાયડી માટે કેટલા બંધનમાં બંધાવું પડે છે? રાજાનું લેણું હોય તો અમુક મુદત નહિં, તેમાં તો જીંદગી સુધી કેદખાનું ભોગવવાનું. બાયડી ભરણ પોષણની ફરિયાદ માંડે તો પ્હેલી એક મહીનાની કેદ, ફેર બીજા મહીને ભરણ પોષણ ભરપાઈ ન કરે તો બીજા મહીને કેદ, તેમ જ્યાં સુધી ભરણ પોષણનું લેણું ન ભરે ત્યાં સુધી કેદખાનામાં રહેવું જ પડે. એટલુંજ નહિં, પરંતુ સો હજાર રૂપિયા કમાતી હોય છતાં પણ આદમીએ ભરણ પોષણ આપવું જોઇએ. ઇંદ્રિયોના વિષયો મનુષ્યપણામાં એટલાં બધા મોંઘા છે. ત્યારે તિર્યંચપણામાં બાઈડીનું બંધન નથી. કશી જવાબદારી નથી. માટે વિષયની અપેક્ષાએ મનુષ્યપણું જો ઉત્તમ માનતા હો તો વિધાતાને શ્રાપ આપજો કે ક્યાં મને મનુષ્ય બનાવ્યો? આ કરતાં તિર્યંચ કે રાજાના ઘેર કુતરો બનાવ્યો હોત તો રાણીના ખોળામાં બેસી બધા વિષયો મફત ભોગવત.

તત્ત્વજ્ઞોએ વિષયો માટે મનુષ્યજીંદગી ઉત્તમ માની નથી પરંતુ ધર્મ, અને વિવેક માટે મનુષ્યમાં જ સ્થાન છે, અને વિવેકદશા કે ધર્મને તે તિર્યંચ કે અન્યગતિમાં સ્થાન નથી. ધર્મ કરવાનું સ્થાન જો હોય તો માત્ર મનુષ્યપણામાંજ કારણ કે વિવેક અથવા ધર્મ તે મનુષ્યજીંદગીમાં જ છે.

વળી ઇંદ્રિયોના વિષયોના વિવેક જાનવરો પણ સારી રીતે કરે છે, કીડી મીઠો સ્વાદ હોય ત્યાં જાય છે, કરીયાતાના પાણી ઉપર કીડી ચડતી નથી. ગધેડું પણ પેશાબ પીતું નથી. સુંદર શબ્દ માટે હરણીયા, અને સર્પ પણ શબ્દને ઓળખે છે. અને સાંભળવામાં એવા તલ્લીન થઈ જાય છે કે પોતાના પ્રાણની પણ દરકાર કરતા નથી. ભમરો સુગંધમાં એવો આસક્ત થઈ જાય છે કે હમણાં થોડી સુગંધ લઈ ઉડી જાઉં છું એમ કરતાં સૂર્યવિકાસી કમળો સૂર્યાસ્ત સમયે બીડાઈ જાય છે ત્યારે તે અંદર રહી જાય છે અને બીજે

દિવસે સૂર્યોદય થાય અને કમળ ઉઘડે તે પહેલાં તો હાથી જ્યારે આવી કમળનું ભક્ષણ કરી જાય છે, ત્યારે સાથે ભમરો પણ અંદર મરી જાય છે. સ્પર્શનેન્દ્રિયના વિષય માટે હાથણીનું ચીત્રામણ કરીને કે દાભની બનાવીને જંગલમાં હાથીને તે બતાવે છે. એટલે તેને જોતો જોતો ખાડા તરફ ખેંચાઈ આવે છે. અંદર પડવું પડે છે ભૂખ્યા તરસ્યા કોઈ દિવસ સુધી રહેવું પડે છે અને જે સ્વતંત્રપણે અરણ્યોમાં ફરતા હતા તેઓને પણ અંકુશ તળે રહેવું પડે છે. અર્થાત્ ઈંદ્રિયોના વિષયોનો વિવેક અને ફલો તો જાનવરોને આપણા કરતાં પણ અધિક છે, તો તેવા વિષયોના વિવેકને અહિં નહિં લેવો, પરંતુ કાર્યાકાર્યનો વિવેક અને પુણ્યપાપનો જે વિવેક તે માત્ર મનુષ્યપણામાં જ છે, જાનવરો જન્મે, મોટા થાય, ચરી આવે, મજુરી કરે અને જીંદગી પૂરી થાય એટલે ચાલતા થાય. આપણે પણ જન્મ લઇએ, કુટુંબ માટે વેપારધંધો કરીએ, વિષયો ભોગવીએ અને જાનવરની માફક જીંદગી પૂરી કરી ચાલતા થઈએ, પછી આપણામાં અને જાનવરમાં ફેર શો ?

## ક્યાંથી આવ્યા ? અને ક્યાં જશો ?

આત્માએ પ્રથમ અંધત્વ ટાળવું. આંખનો સ્વભાવ છે કે આખા જગતને પોતે દેખે, માત્ર પોતાને પોતે ન દેખે. આંખમાં લગીર રજ પડી હોય તો પોતે ન દેખે પોતાની આંખમાં લાલાશ કે ફુલું પડયું હોય તો પણ પોતે ન દેખે, તેમ આ આત્મા અનાદિકાળથી પોતાના માટે. અંધ છે જગત માટે તો દેખતો છે. ધન કુટુંબકબીલો ઘર હાટ શરીર માટે વિચાર કરે. જગતની નિષ્ફળ વસ્તુની જંજાળ કરે, પણ હું કોણ ? ક્યાંથી આવ્યો ? ક્યાં જઈશ ? મ્હારૂં સ્વરૂપ કેવું ? ઈત્યાદિક વિચારણા ન કરે. આપણે ઘેર ઘોડો, ગાય, બળદ હોય તે જીંદગી એમની એમ પૂરી કરે છે. તેઓ આપણા પોતાનો વિચાર કરતા નથી, ક્યાંથી આવ્યો ? અને ક્યાં

જઇશ ? તે ન સમજીએ તો આપણે જાનવરથી લગીર પણ અકધિ નથી.

કોઈ એક બાવાજી ફરતા ફરતાં પાદશાહના મહેલમાં ઉતરી ગયા. એટલામાં રાજાનો પહેરેગીર આવ્યો અને બાવાજીને કહ્યું કે–

बाबाजी ! इधर क्युं ठेरे !

બાબાજી કહે यह सराइ है न ?

'પહેરેગીરે કહ્યું. કે यह सराइ (મુસાફરખાનું) नहीं है परंतु पादशाहका महल है.

પહેરેગીરે ઘણું કહ્યું પણ પેલા બાવાજી કહે છે કે यह सराय ही हैं.

પહેરેગીરે પાદશાહ પાસે જઇ ફરીયાદ કરી કે–એક સાંઈ મહેલમાંથી બહાર નીકળતા નથી.

પાદશાહ જાતે આવ્યા, નમસ્કાર કર્યો અને હવે આ યોગી હઠમાં પેઠા છે માટે બીજે રસ્તે કામ લઈએ એમ ધારી બાવાજીને કહે છે કે–

हमारा महान् सद्भाग्य होवे तबहो आप जैसे सज्जन-संतका समागम और दर्शन होता है !

लेकिन आपके ध्यानमें इधर शांति नहीं रहेगी, औरत लोग और नगरलोकोका जाना-आना होगा, आपकी शांतिमें भंग होगा, इससे शांतिका स्थान खोज लो.

બાવાજી इधर शांति हैं.

जंगलमे हो या झुंपडेमें हो, या महलमें हो, कीसी जगह पर हो, लेकिन अपनी आत्मामें शांति हो ता सर्वत्र शांति है.

પાદશાહ કહે–

धर्मशालामें बहोत शांति रहेगी. वहां स्वाभाविक शांति मिलेगी.

બાવાજીએ કહ્યું, भीतर नहि घुसे उसकु अशांति नहि.

છેવટે પાદશાહે કહ્યું કે फकीरकुं इस राजमहलमें ठेरना व्याजबी नहि है.

બાવાજી કહે-

यह धरमशाला ही है. इस मकानमें पांच-पचास साल पहले कौन ठहरता था. पीछे दुसरे, उसके बाद दुसरे, इस तरह नये नये ठेरते थे और पुराने पुराने चलते गये. यह भी सराय है,

આ ઉપરથી દરેકે સમજવાનું કે આપણે પણ આ જન્મરૂપી ધરમશાળામાં આવેલા છીએ. સ્થાઈપણે આપણે પણ કોઇ દિવસ રહેવાનું નથી. બીજું બધું સમજીએ તે પહેલા સમજી લેવાનું છે કે-હું કોઇપણ જગોથી અત્ર આવેલ છું. અને અહીંથી બીજે જવાનું છે, તેવા વિવેક માટે મનુષ્યજીવનજ ઉપયોગી છે. અર્થાત કાર્યાકાર્ય અને પુણ્ય-પાપના વિવેક માટે મનુષ્યપણુંજ કામનું છે.

## પદાર્થપ્રીતિની દુર્લભતા

જેમ મૂળના પ્રભાવે ઝાડમાં થડ, ડાળી, પાંદડાં, મ્હોર, ફળ વિગેરે થયેલાં છે, તેમ અહીં પણ ધર્મના પ્રભાવેજ બધું મળેલું છે. અહીં જો ધર્મની જરૂરીઆત જ ઉત્તરમાં જવાબ દેનાર છે, તો હવે ધર્મ કહેવો કોને ? ધર્મ શબ્દ જગત્માં દરેકને વહાલો છે. કેટલીક વખત કેટલાકોને શબ્દપ્રીતિ થાય છે, પણ પદાર્થપ્રીતિ થતી નથી. લાખ માણસોમાં કુસંપ વહાલો છે, એમ કોઈ નહિ કહે સંપ શબ્દ બધાંને વહાલો છે. પણ સંપનાં કારણો કયા તથા તે કારણોનો અમલ તું કેટલો કરે છે ? તે કોણ વિચારે છે ? સંપના કારણો ત્રણ છે બીજાને ગુન્હાની માફી આપ. તું બીજાના ગુનામાં ન આવ એટલે બીજાની માફી માગવાનો વખત ન લાવ, બીજાના ઉપકારનો વશાત તો પરોપકાર કરતાં ન ચુકીશ ! કારણ કે ગુન્હાની ગાંઠ વાળે, બીજાના ગુન્હામાં આવે, પરોપકાર ન કરે અર્થાત્ બીજાના

કાર્યો ન કરે, તે સંપ ન રાખી શકે. તેને સંપશબ્દ વહાલો છે, પણ સંપ પદાર્થ વહાલો નથી, માફી આપવી, નુકશાન કર્યું હોય તે જતું કરવું, ગમ ખાવી, તે કેટલી મુશ્કેલ છે! માટે સંપશબ્દની પ્રીતિ આખા જગતમાં છે, પણ સંપપદાર્થની પ્રીતિ પર જઇએ તો મુશ્કેલ છે. તેમ ધર્મશબ્દ પણ આખી દુનિયાને વહાલો છે. પોતાને કોઇ ધર્મી કહે તો રાજી થવાય છે. પોતે અધર્મી હોય છતાં કોઈ અધર્મી કહે તો તે બિલકુલ પોતાને પસંદ પડતું નથી, અર્થાત્ સહુ કોઇ પોતાને ધર્મીમાં ખપાવવાનીજ ઇચ્છા રાખે છે.

કોઇક વખત શ્રેણિકમહારાજની સભામાં અધિકારીઓની વચ્ચે વાટાઘાટમાં વાત ચાલી રહી કે-આજ કાલ અધર્મીઓ બહુ વધી ગયા છે. અભયકુમાર પણ સભામાં બેઠેલા હતા. પણ તે વિચાર કરવા લાગ્યા કે-આ પોતે પાપીઓ છતાં ધર્મીઓમાં ખપવા માંગે છે. આનો અર્થ એકજ છે કે એક બાઈએ ચાલાકીથી પોતાના ધણીને મધુર વાણીથી ગાળ દીધી હતી. તેવો છે. એક કોઈક બાઇના ધણીને ખરાબ સ્વપ્ન આવ્યું. જાગ્યો, સવારે એ સ્વપ્ન વારંવાર યાદ આવવાથી ચહેરા પર ઉદાસીનતા જણાઈ. ઘણા આગ્રહથી સ્વપ્નાની વાત સ્રીને જણાવી કે હું સ્વપ્નામાં રંડાયો. સ્રી કહે-ખમા તમને, તમો શું કરવા રંડાવ! હું ન રંડાઉં અર્થાત્ ધણીને મરવાનું જણાવ્યું. તેમ આ જગત્માં-અધર્મ તથા પાપ વધી ગયું છે એમ કહે છે. પણ પોતાના આત્મામાં પાપ. અધર્મ -બહુ વધી ગયા છે તેમ ગણવા કોઈ તૈયાર નથી. આ લોકો પોતે ધર્મીમાં ઘુસી જવા માગે છે, અને દુનિયાને પાપી ઠરાવવા માગે છે. સત્ય માટે ઉપાય યોજ્યો. અભયકુમારે નગર બહાર બે મ્હોટા મહેલ કરાવ્યા. એક ધોળો મહેલ અને બીજો કાળો મહેલ. પછી ગામમાં જાહેર કરાવ્યું કે અમુક દિવસે આખા નગરના તમામ લોકોએ નગર બહાર ઉજાણી જવું. અને ધર્મીઓએ સફેદ મહેલમાં, પાપીઓએ કાળા મહેલમાં દાખલ થવું. ત્યાં નગરનો મ્હોટો

ભાગ સફેદ મહેલમાં ઘુસી ગયો. કાળામહેલમાં માત્ર કોઈક જ ગયું. કેમકે ધર્મશબ્દ બધાને વહાલો છે પરંતુ ધર્મ પદાર્થ કોઈને વહાલો નથી. અર્થાત્ શબ્દ પ્રીતિ છે, પદાર્થ પ્રીતિ નથી.

**પદાર્થપ્રીતિના ત્રણ પાયાની જેમ ધર્મનિતિના ચાર પાયા**

**ગુન્હાની માફી આપે, ગુન્હાને રસ્તે ન ચાલે, અને પરોપકાર કરતાં ન ચૂકે.** ધર્મશબ્દના પ્રેમવાળી આખી દુનીયા છે, પણ ધર્મ પદાર્થ જેના હૃદયમાં રમી રહ્યો છે તેના અંતઃકરણમાં તો ચારવસ્તુ રમેલી હોય. એ ચાર વસ્તુ કઈ! સવારના પહોરથી રાત સુધીમાં એકજ રટવું જોઈએ કે મેં બીજાનો ફાયદો કયો કર્યો! પોતાનો ફાયદો તો જાનવર પણ કરે છે, પોતાનું કરવામાં ધર્મની છાયા નથી, શત્રુ હો કે મિત્ર હો, સ્વજન હો કે પરજન હો, એકજ ધારણા રહે કે **બીજાનું હિત કેમ થાય!** જ્યારે આવું અંતઃકરણ થાય ત્યારે સમજવું કે ધર્મનો પ્રથમ પાયો થયો. મ્હારે જીવન બીજાનું હિત કરવાદ્વારા જીવવું, બીજા દ્વારા પણ જગતના જીવોનું હિત થાઓ, તેવા એકલા શબ્દો નહિ પણ ત્રણ વાત જોડે સમજવાની છે.

मा कार्षीत् कोऽपि पापानि, मा च भूत् कोऽपि दुःखितः ।
मुच्यताम् जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ॥ १ ॥

આ **મૈત્રીભાવના** છે.

ખુન કરનાર પોતે પોતાનો ગુન્હો છેવટ સુધી કબુલતો નથી, પોતાના કરેલા દોષો મોઢેથી બોલવા તૈયાર નથી, દરેક મનુષ્ય વચનથી શાહુકાર થવા માગે છે, કોઈ પણ જીવ પાપ કે પાપકારણથી દૂર રહો. જો કે ધર્મનીતિ અને રાજનીતિ આ બેમાં ફરક છે ગુન્હા ન થવા માટે રાજનીતિ છે, તે ગુન્હા રોકવા પ્રયત્ન કરે છે અને ગુન્હા કરનારને શિક્ષા કરે છે ધર્મનીતિ મહેર નજર રાખવા કહે છે. વર્તમાન કાળના ગુન્હા રોકવા જાઓ છો પહેલા ભવના પાપવાળા રોગી અંધ દરિદ્ર હોય છે, તેવાઓ જુના પાપી છે. તેને શિક્ષા કરીએ છીએ તે વર્તમાન

ના પાપી. પેલા જુના પાપી, ધર્મ તે માટે કહે છે. કે પાપ થઈ ગયું હોય તો પણ શુભપરિણામ તપસ્યાથી તે પાપ તોડનાર તમો થાઓ, પણ દુઃખ ભોગવી તોડવાવાળા ન થાઓ, આ બીજી મૈત્રીભાવનાની શ્રેણિ. કર્યું હોય તે પાપ બીજી રીતે દૂર કરનાર થાવ દુઃખ ભોગવનાર ન થાઓ આ પછી આખું જગત પાપ મુકત થઈ ચિદાનંદસ્વરૂપી થાવ. એમ ધારવું.

**આ મૈત્રીભાવના ત્રણ પગથીયાં છે.**

**કોઈપણ પાપ ન કરો!**

**કોઈપણ દુઃખી ન થાઓ.**

**અને દરેક ચિદાનંદ સ્વરૂપવાળા થાઓ**

**આવો જે વિચાર હોય તે ધર્મના પ્રથમ પગથિયામાં** ગણાય. બીજાનું હિત કરવું તેજ પોતાનું હિત ગણાય. જે નાતમાં સમજુ શેઠીયો હોય તે સમજે કે નાતની શેઠાઈ એ મ્હારી શેઠાઈ છે. પારકી બેટી ઘેર લાવી ઘર સોંપવું છે. ઘરની બેટીને પારકે ઘેર સોંપવી છે. જો આખી નાત સારી કરી હશે તો ઘેર સારી વહુ આવવાની છે. આખી નાતને સારી કરી હશે તો પોતાની છોકરી સુખી થવાની છે. એમ અહીં આખા જગતનું હિત વિચાર્યું એટલે પોતાનું હિત તેમાં સમાયેલું જ છે.

બીજી ભાવનામાં **परदुःखविनाशिनी तथा करुणा** બીજાઓ દુઃખી ન થાવ. પણ દુઃખી થાય એનું શું! આ જગતના તમામ જીવો જન્મ-જરા-મરણ-આધિ-વ્યાધિ-અનિષ્ટસંયોગ-ઈષ્ટવિયોગ વિગેરેથી હેરાન થઇ રહેલા છે. આ જીવોના તમામ દુઃખો નાશ કેમ થાય? **બીજાના દુઃખનો નાશ કરવાનો વિચાર તે કરૂણા,** બીજાના દુઃખને નાશ કરવાની બુદ્ધિ રૂપ કરૂણા જેના હૃદયમાં વસી હોય તે ધર્મના બીજા પગથીયામાં આવ્યો ગણાય. જગત પણ શત્રુને દુઃખી દેખી કંપી જાય છે.

પરંતુ એક મોટી ચીજ હજુ ખસતી નથી. વરસાદને અંગે કહીએ છીએ કે એ કાળો ત્યારે જગત ઉજળું. અને એ ઉજળો ત્યારે જગત કાળું. સામાન્યથી દુઃખને અંગે દયાની લાગણી થાય છે પણ ઈર્ષ્યા એવી ચીજ છે કે બીજાના દુઃખે પોતે સુખી

થયો માને છે, ઇર્ષ્યામાં અવળો ફોટો આવે છે. બીજા સુખમાં ત્યારે અહીં બળતરા થાય છે. અને બીજા હેરાન થાય ત્યાં પોતાને આનંદ થાય છે. માટે ત્રીજી ભાવના જણાવે છે. ત્રીજું પગથીયું ચડો. બીજો જે કોઈ પ્રકારે સુખ પામે છે તે સુખને અંગે પોતાને સંતોષ થવો જોઈએ, દુઃખનો નાશ કરવાનું જેટલું જરૂરી તેટલું જ બીજાના સુખમાં સંતોષી થાય એ જરૂરી છે, ઇર્ષ્યાને દેશવટો દઈ દો. કથંચિત્ આ પગથીયું ચડવું સહેલું પણ છે.

ચોથું પગથીયું ચડવું તો મુશ્કેલજ છે. ચોથી વસ્તુ ઘણી મુશ્કેલ છે. જગતમાં પ્રયત્ન કરવામાં આવે પણ પ્રયત્નની પ્રતિકૂલતામાં મધ્યસ્થ રહેવું તે બહુ મુશ્કેલ છે. મહેનત કર્યા છતાં મહેનતનું ફળ ન થાય તે વખતે મગજને ઠેકાણે રાખવું મુશ્કેલ છે. કાર્યની સફલતા નિષ્ફળતામાં સમપણું દેખાય ત્યારે સમજવું કે આ પરોપકાર માટે છે. જ્યાં મહેનત કરી છતાં સફળ ન થયો ત્યારે ખેદ પામે, મહેનત કર્યાથી ફાવ્યા તો બંદા ફાવ્યા જો ન ફાવ્યા તો પેલો પથરો છે, એમ કહેવું. આટઆટલી મહેનત કરી સમજાવ્યો છતાં પથરો ન સમજ્યો. આમાં પરોપકાર ન ગણાય, હજુ કર્મરાજા માર્ગ ન દે એમ ધારણા કરે તો લાભ! આપણે પણ અનાદિથી રખડીએ જ છીએ, અગાઉ આપણે પણ તેના જેવા પત્થર જેવાજ હતાઃ આજે લગીર ડહાપણ આવી ગયું, પરોપકાર માટે પ્રયત્ન ત્યારે જ ગણાય કે જ્યારે મધ્યસ્થપણું રહે હિતબુદ્ધિ, દુઃખનાશની બુદ્ધિ, બીજાના સુખમાં સંતોષ રાખવો તે ત્રણ પગથીયાં ચડવાં સહેલાં છે. પણ હિત કરવા જતાં સફળતા ન મળે તો પણ મધ્યસ્થવૃત્તિ રાખી બીજાના દોષ સુધારવા પ્રયત્ન કર! ન સુધરે તો ચીડાઈશ નહીં ક્રોધ ન કરીશ, પરંતુ મધ્યસ્થદૃષ્ટિ રાખજે.

આ ચાર વૃત્તિવાળાનું અનુષ્ઠાન દાન, શીલ, દેવ-ગુરૂ પુજા વગેરે જે ધર્મ અનુષ્ઠાનો હોય તે ધર્મરૂપ થાય, આ ચાર ભાવના વગર કરે તો તે ધર્મમાં તેઆવી શકતો નથી.

માટે આ ચાર ભાવના ધ્યાનમાં રાખી જે જીવો ધર્મારાધન કરશે તે આ લોક પરલોકમાં સુખ પામી અનંત શાશ્વત સુખના ભોકતા બનશે.

# મગધાધિપતિ શ્રેણિક મહારાજની પ્રભુ મહાવીરસ્વામીભગવંત ઉપર અજોડ ભક્તિનું રહસ્ય

(૪)

[ પૂ. આગમદિવાકર આગમવાચનાદાતા, ધ્યાનસ્થ સ્વર્ગત, આગમોદ્ધારક, આચાર્યદેવશ્રી **આનંદસાગર સૂરીશ્વર ભગવંતે** પરમોચ્ચ કોટિની અવિરુદ્ધ શ્રુત ભક્તિથી ઘણા શાસ્ત્રીય પદાર્થોના રહસ્ય શ્રુતાનુસારિ પ્રતિભાબળે ઉકેલ્યા છે. તેવીજ એક અદ્ભુત વાત અહીં સુજ્ઞ પાઠકોના હિતાર્થે રજુ કરાય છે. ગુરુગમથી યોગ્ય રીતે સમજવા પ્રયત્ન કરવો. સં. ]

શ્રીજૈનશાસનમાં જેમ ભગવાન્ શ્રીઋષભદેવજી અને ભરત મહારાજા, ભગવાન્ અજિતનાથજી અને સગર ચક્રવર્તીનો અસીમ પૂજ્ય-પૂજક ભાવ હતો, તથા અન્ય શાસનમાં જેમ શ્રીરામચંદ્ર અને વાલ્મીકિઋષિ વગેરેનો આરાધ્ય-આરાધકભાવ સંબંધ હતો, લૌકિકમાં રામદાસજી અને શિવાજી મહારાજનો જેવો પરસ્પર સેવ્ય-સેવકભાવ સંબંધ હતો, તેવી રીતે વર્તમાન શાસનના અધિપતિ શ્રમણ ભગવાન્ મહાવીરમહારાજા તરફ મહારાજા શ્રેણિકનો અદ્વિતીય અને અસાધારણ એવો પૂજ્યભાવ, આરાધ્યભાવ અને સેવ્યભાવનો સંબંધ હતો, એ વાત શ્રીજૈનશાસ્ત્રોના જાણનારાઓ અને માનનારાઓ માને છે અને ઈતિહાસપ્રેમી લોકો પણ એ વાત સ્પષ્ટ રીતે મંજુર કરે છે. આ કારણથી એ પરસ્પરના સંબંધને વિચારતાં તેઓનો સંબંધકાલ વિચારવાની આવશ્યકતા જરૂરી છે.

શ્રમણ ભગવાન્ મહાવીર અને મહારાજા શ્રેણિકનો સંબંધ વિચારવા પહેલાં એ બન્નેનાં રાજ્યોની નિકટતા ઉપર પ્રથમ ધ્યાન રાખવાની જરૂર પડે છે. શાક્યસિંહ બૌદ્ધના નિવાસસ્થાનને વિચારીયે તો તે કપિલવસ્તુ હોવાથી મગધની રાજધાની રાજગૃહીથી ઘણું દૂર રહે, ત્યારે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાનું જન્મસ્થાન જે ક્ષત્રિયકુંડ તે રાજગૃહીથી ઘણુંજ નજીક છે, એટલુંજ નહિં પણ જેઓ લછવાડ જઈ શ્રીક્ષત્રિયકુંડની યાત્રા કરી આવ્યા હશે, તેઓને જરૂર માલૂમ હશે કે રાજગૃહી અને ક્ષત્રિયકુંડનાં રાજ્યો લગોલગજ હોય, અને તેથી શ્રમણ ભગવાન્ મહાવીરના પિતા મહારાજ સિદ્ધાર્થ અને શ્રેણિકમહારાજાના પિતા પ્રસેનજિતને પરસ્પર સાહજીક સંબંધ હોય.

વળી તે વખતે અપ્રકંપ અને ઊંચશિખરે ગણાતું વૈશાલીનું રાજકુલ હતું, એ વાત ઈતિહાસકારોથી અજાણી નથી, અને તે વૈશાલીના કુલવાળા-રાજાઓનો મહારાજા સિદ્ધાર્થ સાથે સ્વાભાવિક કૌટુંબિક સંબંધ હતો અને તેથીજ મહારાજા સિદ્ધાર્થ સાથે ચેડા મહારાજની બ્હેન ત્રિશલાનાં લગ્ન થયાં હતાં, એટલુંજ નહિં, પણ એ ઉચ્ચ સંબંધની મગધદેશમાં ઘણીજ ઉંચી છાયા પડેલી હતી. અને તેથીજ માતા ત્રિશલાને વિદેહદત્તા એવા નામથી બોલાવતી હતી.

આ ઉપર બારીકદૃષ્ટિથી ધ્યાન દેતાં સ્પષ્ટ જણાઈ આવશે કે વિદેહવાળાઓની કન્યાઓ ઘણા ઉંચા કુલની ગણાતી હતી, એટલુંજ પણ નહિં મહારાજા શ્રેણિકને માટે સુજ્યેષ્ઠા કુંવરી કે જે મહારાજા ચેટકની કુંવરી અને બીજી કુમારિકાઓથી મ્હોટી હતી એમ ધારીએ તો કદાચ સાચું પણ નિકળે કે ચેલ્લણાનું અસલ નામ ચેલ્લણા ન હોય, પણ પોતાની મ્હોટી જે સુજ્યેષ્ઠા હતી તેની સાથેજ તે ચેલ્લણા હળી-મળીને વધારે રહેલી હોય તેથી ક્ષુલ્લકપણાને લીધેજ ચેલ્લણા કહેવાઈ હોય. અને કથા ઉપરથી જોઈ પણ શકીએ છીએ કે સુજ્યેષ્ઠા

અને ચેલ્લણાને પરસ્પર ગાઢ પ્રીતિ હતી, અને તેથીજ સુજ્યેષ્ઠાએ વરવા ધારેલા ધણીને વરવા તે ચેલ્લણા પણ સાથેજ તૈયાર થઈ.

આ ઉપરથી એમ કલ્પી શકાય કે તે સુજ્યેષ્ઠાના મ્હોટાપણાને લીધેજ તે નહાની બહેનનું નામ ચેલ્લણા પ્રસિદ્ધિમાં આવ્યું હોય. પણ એ સુજ્યેષ્ઠા માટે જ્યારે મહારાજા માગણી કરી છે ત્યારે મહારાજા ચેટકે શ્રેણિકને સુજ્યેષ્ઠા આપવાની ના પાડી અને કારણમાં શ્રેણિક મહારાજાને ઉતરતા કુલના જણાવ્યા અને કન્યા ન આપી.

જો કે પછી મહારાજા શ્રેણિક પ્રપંચ કરીને ચેલ્લણાને તો રાણી બનાવી છે. પણ અહિં તો આપણે શ્રીસિદ્ધાર્થના કુલની ઉત્તમતાને અંગે વિચારવાનું થાય છે.

તેથી એમ સ્પષ્ટપણે કહેવું જોઈએ કે શ્રેણિકમહારાજાને કુલની અધમતાથી જે મહારાજાએ કન્યા નહોતી આપી, તેજ મહારાજા તરફથી શ્રીસિદ્ધાર્થ-મહારાજની સાથે ત્રિશલાનાં લગ્ન કરવામાં આવ્યાં હતાં, વળી શ્રેણિક-મહારાજા જો કે વૈશાલીરાજનાજમાઈ થયા હતા, છતાં તે દીધેલી કન્યાથી જમાઈ નહિ પણ હરણ કરેલી કન્યાથી જમાઈ થયા, ત્યારે મહારાજા સિદ્ધાર્થ તો દીધેલી કન્યા વૈશાલીરાજના જમાઈ તરીકે થયા હતા માટેજ માતા ત્રિશલાનું નામજ विदेहदिन्ना કહેવામા આવ્યું.

એટલુંજ નહિં, પણ ભગવાન મહાવીર મહારાજાને લીધે તે વિશાલી રાજકુલ અત્યન્ત રાજી રહેતું અને તેમાં વળી જ્યારે શ્રેણિક-મહારાજને ત્યાં ગયેલી ચેલ્લણાને લીધે ચેડામહારાજા અને તેના કુલને વારંવાર શોષવું પડતું અને ઉપદ્રવો થતા હતા, ત્યારે તો માતા ત્રિશલાના નન્દન ચૌદસ્વપ્નોથી જેઓએ ગર્ભમાં આવવાની સાથેજ પોતાની ઉત્તમતા સૂચવી છે તેવા ભગવાન્ મહાવીર મહારાજને લીધે તે વૈશાલીકુલ ત્રિશલમાતા તરફ અદ્વિતીય પ્રેમ ધરાવે તેમાં આશ્ચર્ય શું ? અને એજ કારણથી એવી રીતે માતા ત્રિશલાનું બીજું નામ વિદેહદત્તા થયું હતું તેવું ત્રીજું નામ **विदेहपीइकारिणी** અર્થાત્ વિદેહને પ્રીતિ કરનારી એવું થયું.

વાચકોને યાદ રહે કે ચેડા મહારાજાની વિશાલા વિદેહની રાજધાની હતી.

આટલા ઉપરથી શ્રીમદ્ ભગવાન્ મહાવીર મહારાજાના પિતા સિદ્ધાર્થમહારાજા શ્રેણિકના પિતા પ્રસેનજિત્ મહારાજાના દેશની નિકટતા અને એ આટલી નિકટતા હોવા સાથે શ્રી સિદ્ધાર્થ મહારાજાનું કૌટુંબિક ઊંચાપણું કેટલું બધું અને કેવું હતું ? સમજી લેવાથી પરસ્પર કૌટુંબિક સંબંધ પણ સમજી શકાશે. આવી તે સ્થિતિમાં જ્યારે માતા ત્રિશલાને ચૌદ સ્વપ્નાં સિંહ-ગજ-વૃષભાદિના આવ્યાં અને તે સ્વપ્નોના ફલની પૃચ્છા તથા તેનો નિર્ણય સભા સમક્ષ થયો તે સભામાં સ્વપ્નપાઠકોદ્વારા જ મહારાણી ત્રિશલાનો ભવિષ્યયુગ કથંચિત્ ચક્રવર્તી માતા તરીકે થશે એમ જાહેર થયું ત્યારે દૂર દૂર પણ પ્રસરેલી તે વાર્તા હોય અને તેથી દૂર દૂર રહેનારા ચંડપ્રદ્યોતન અને ઉદાયન વગેરે રાજા સરખા રાજકુમારો કેવલ કૌટુંબિક સંબંધથી નહિ, પણ રાજ્ય સંબંધી ભવિષ્યમાં ઉદય થાય એ ઇચ્છાએ પણ ભગવાન્ મહાવીર મહારાજાની સેવા કરવા આવે તો પછી નજીકના રહેનારા, નજીકના રાજ્યવાળા શ્રેણિક આદિ ભગવાન્ મહાવીર મહારાજાની સેવા કરવા આવે તેમાં આશ્ચર્યજ શું ?

આટલું વિવેચન કરવાની જરૂર એટલીજ છે કે મહારાજા શ્રેણિક ભગવાન્ મહાવીર મહારાજા તરફથી શાસનની સ્થાપનાને લીધેજ ભક્તિવાળા હતા એમ નહિં પણ ભગવાન્ મહાવીર મહારાજાના બાલ્યકાળથીજ તેઓ ભક્ત હતા. એમ જણાય, આવી રીતે પૂર્વ સંબંધથી વિચારતાં શાસનની સ્થાપના પછી શ્રેણિકમહારાજા ભગવાન મહાવીર મહારાજા તરફ ઘણાજ સમાગમમાં અને આવે તેના પ્રતાપે અદ્વિતીય અને અસાધારણ ધર્મભાવના ધરાવે અને શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા તરફ ભક્તિભાવ ધરાવે એમાં આશ્ચર્ય નથી

યાદ રાખવાની જરૂર છે કે શ્રેણિક મહારાજા ભગવાન્ મહાવીર મહારાજાના પરમ ભક્ત હતા અને શ્રી ભગવતીજી સૂત્રના સ્પષ્ટ ઉલ્લેખથી અનેક વખત શ્રેણિક મહારાજે શ્રમણ ભગવાન્ મહાવીર-મહારાજાના વંદન મહોત્સવો કરેલા, અને તેથી દશાશ્રુતસ્કંધઆદિના કથનથીએ પણ સહુજ સમજાય છે કે મહારાજા શ્રેણિક ઘણાજ ઠાઠમાઠથી અને અંતઃપુરની રાણીઓને સાથે લઇને શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાને જ વંદન કરવા ગયા હતા અને એ અરસામાં નવ જાતના નિયાણાનું સ્વરૂપ અને તેમાં દરેકથી થતા જાતજાતના નુકશાનો જણાવવામાં આવેલાં છે, છતાં શ્રમણભગવાન્ મહાવીરની પર્ષદાનું વર્ણન કરતાં શ્રાવક પર્ષદાનું વર્ણન શ્રીકલ્પસૂત્ર વગેરેમાં કરવામાં આવે છે તેમાં શ્રેણિકાદિ શ્રાવકોને ન ગણવતાં શંખ-પુષ્કલી-આદિ શ્રાવકોને ગણાવવામાં આવે છે. તેનું કારણ એ હોય કે—

શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાની જે શ્રમણાદિપર્ષદાનું પ્રમાણ જણાવવામાં આવે છે તે સ્વહસ્તથી દક્ષિત થએલાનું છે એવી રીતે જે શ્રાવક આદિ પર્ષદાનું પ્રમાણ છે તે પણ છે, તે પણ સ્વદેશનાથીજ મિથ્યાત્વને વમીને સમ્યક્ત્વ પામેલાનું હોય અને મહારાજ શ્રેણિકને સમ્યક્ત્વની પ્રાપ્તિ તો સંજય, અનાથી જેવા મુનિઓથી થયેલી હોય. વળી એમ પણ કહેવાય છે કે શ્રાવકોની પર્ષદામાં જેઓ સમ્યક્ત્વમૂલક દ્વાદશવ્રતોને ધારણ કરનારાઓ હોય, તેઓની ગણતરી કરવામાં આવી છે, અને તેથી ભગવાન્ ઋષભદેવજીની પર્ષદામાં પણ શ્રાવકના વર્ણનમાં ભરતમહારાજને મુખ્યસ્થાન મળ્યું નથી, અને એ અપેક્ષાએ અહિં શ્રીશ્રેણિકમહારાજને શ્રાવકપર્ષદામાં અવિરતિપણાને લીધે પણ અગ્રસ્થાન ન મળ્યું હોય તો એ પણ અસંભવિત નથી.

પણ આ વાત ચોક્કસ અને ચોકખી છે કે શ્રમણ ભગવાન્ મહાવીરમહારાજાનો વિહાર છદ્મસ્થપણામાં અને કેવલિપણામાં મગધ દેશ કે જે શ્રેણિકનીજ માલીકીનું હતું તેમાંજ વધારે થયેલો છે. આચારાંગ, આવશ્યક, શ્રીકલ્પસૂત્ર અને મહાવીર મહારાજાઓનાં

અનેક ચરિત્રોથી એ વાત નક્કી થાય છે કે શ્રમણ ભગવાન્ મહાવીરમહારાજા છદ્મસ્થપણાની અજ્ઞાતચર્યામાં પણ મગધદેશમાં નિરુપદ્રવજ રહેતા હતા, અને ઉપસર્ગ તથા ઉપદ્રવોને સહન કરવા માટે તેઓ મગધદેશથી અન્યત્ર બહારના દેશોમાં વિહાર કરતા હતા.

આ હકીકત ઉપરથી સ્પષ્ટ થાય છે કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના છદ્મસ્થકાલમાં તેઓ મગધદેશમાં ભગવાન્ પાર્શ્વ નાથજીના શાસનધોરી મહાપુરુષોના પ્રભાવે નિરુપદ્રવતા હતી ઉત્પલ અને ઇન્દ્રશર્મા આદિ શ્રી પાશ્વનાથજીના શાસનને પામેલા અને પતિત થયેલાએ અને અન્ય પણ અનેક જે ગોશાલાને મળેલા દિશાચરો તે બધાનું વિહાર ક્ષેત્ર કે પર્યટન ક્ષેત્ર મગધદેશજ હતું, અથવા શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા પૂર્વાશ્રમમાં મગધના વતની હોવાથી મગધ દેશમાં અને તેની આસપાસમાં નિરૂપદ્રવપણે વિચારી શકે એ સ્વાભાવિક હતું.

આ બધું તપાસતાં શ્રેણિક મહારાજ ને ભગવાન્ મહાવીર શાસન સ્થાપના મહારાજની કરતાં પહેલાં સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય અને તેમ કહેવાય છે, અને ક્ષાયિકભાવે સમ્યક્ત્વ ભગવાન્ મહાવીર મહારાજના પ્રતાપે થયું હોય તો તેમા કંઈ પણ આશ્ચર્ય નથી.

## ભગવાન્ શ્રીમહાવીર મહારાજાના જન્મ પહેલાં પણ મગધ દેશમાં ધર્મ

સામાન્ય રીતે જૈનશાસ્ત્રો પ્રમાણે ભગવાન્ મહાવીરમહારાજના જન્મ પહેલાં પણ શ્રીપાર્શ્વનાથજી મહારાજનું શાસન મગધઆદિ દેશોમાં પ્રવર્ત્તતું હતું. ખુદ ભગવાન્ મહાવીરમહરાજના માતાપિતા પોતેજ શ્રીપાર્શ્વનાથ ભગવાનના સંતાનીય શ્રાવક હતા, એ વાત શ્રીઆચારાંગ તથા શ્રીકલ્પસૂત્રની વૃત્તિઆદિથી સ્પષ્ટ છે.

વળી ભગવાન્ મહાવીર મહારાજા છદ્મસ્થપણામાં હતા, ત્યારે મથુરાનગરીમાં અર્હદ્દાસ અને જિનદાસી પરમશ્રાવકપણાની દશામાં હતા.

ભગવાન્ મહાવીર મહારાજને કેવલજ્ઞાન થવા પ્હેલાં ભગવાન્‌ના શ્રાવક ગણાતા આનન્દ સિવાયના બીજા આનંદ નામના શ્રાવકને અવધિજ્ઞાન થયું હતું, અને તેણે ભગવાનૂને કેવલજ્ઞાન ઉત્પન્ન થવાની આગાહી જણાવી હતી, અને ગૃહસ્થને અવધિજ્ઞાન તો ગુણપ્રતિપન્નનેજ થાય છે, એ વિગેરે હકીકતથી ભગવાન્ પ્હેલાં મગધમાં જૈનધર્મનું પ્રવર્ત્તવું ઈતિહાસસિદ્ધ હોવાથી મગધદેશમાં ધર્મ પ્રવર્ત્તતો હતો એને લીધે શ્રેણિકમહારાજના રાજકુલમાં ધર્મ હોય તો આશ્ચર્ય નથી. અને ધર્મની ભાવનાથી પણ મહારાજા શ્રેણિક શ્રમણભગવાન્ મહાવીર-મહારાજાના પરમભક્ત થયા હોય તો આશ્ચર્ય નથી.



# પરમાર્થ દૃષ્ટિએ
# આસ્તિક એટલે જૈન કોણ ???

## ( ૫ )

[ પૂ. આગમમંદિરસંસ્થાપક, શાસનસ્તમ્ભ આગમોના તલસ્પર્શી વ્યાખ્યાતા, પ્રાવચનિકશિરોમણિ, ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આચાર્ય દેવશ્રી આગમોદ્ધારકશ્રીએ ચોમાસાના અળસીયાની જેમજેમ વર્તમાનમાં ફુટી નીકળેલ નામધારી જૈન સંસ્થાઓ, મંડળો, સમિતિઓ શાસન અને સંઘના બંધારણને કેવી રીતે ધક્કો પહોંચાડનાર છે? તે વાત સમજવા આ નિબંધ લખેલ છે. ખૂબજ ગંભીરતાથી યોગ્યનિશ્રાએ વાંચી વિચારી યથાર્થ દૃષ્ટિએ રહસ્ય મેળવવા પ્રયત્ન કરવો. સં. ]

આસ્તિક તરીકે ગણાતો હિંદી આર્યવર્ગ પોતાના સાધ્ય તરીકે મોક્ષને જ માનનારો હોય છે. જો કે પરલોક વિગેરે માનવાથી વ્યવહારિક નાસ્તિકતા ટળી જઈને વ્યહવારિક આસ્તિકતા થઈ એમ સામાન્ય આસ્તિક સમાજમાં માનવામાં આવે છે, પરન્તુ લોકોત્તર-દષ્ટિએ આસ્તિકતા એકલા પરલોક વિગેરે માનવા માત્રથી ચરિતાર્થ થતી નથી. લોકોત્તર દષ્ટિએ તો નીચે જણાવવામાં આવેલ છ વાતોની અવિચલ શ્રદ્ધા જેના હૃદયમાં હોય તેનેજ આસ્તિક ગણવામાં આવે છે.

ઉપર જણાવેલી આસ્તિકતાની છ વાતો નીચે પ્રમાણે છે.

૧ જ્ઞાનાદિ ગુણોને ધારણ કરનારો લોકાન્તર એટલે ભવાંતરમાં ફરનારો જીવ છે, અર્થાત્ દશ્યમાન પૃથ્વી આદિક પાંચ ભૂતોથી જુદા સ્વરૂપવાળો એવો જીવ નામનો પદાર્થ છે.

૨ જગત્‌માં દૃશ્યમાન ઘટ-પટાદિ પદાર્થો સર્વથા નાશ પામનાર છે, પરન્તુ પૃથ્વી આદિક પાંચ ભૂતોથી વ્યતિરિક્ત સ્વભાવવાળો એવો જે જીવ તે તો અવિનાશી અને નિત્યસ્વભાવવાળો છે.

(જો કે જૈનદૃષ્ટિ પ્રમાણે કોઈપણ પદાર્થ સર્વથા નિત્ય નથી, તેમ અનિત્ય પણ નથી, પરન્તુ સર્વ પદાર્થો કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય જ છે, અને તેથી આત્મા પણ કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય છે, એમજ માનવું જોઈએ અને એનુંજ નામ લોકોત્તર દૃષ્ટિ કહેવાય. છતાં ઘટાદિક પદાર્થોમાં તેના પર્યાયનું મુખ્યપણું લઈને તેને વિનાશીપણે ગણવામાં આવે અને આત્મા એટલે જીવને અંગે તે જીવના મનુષ્યત્વાદિ પર્યાયનું મુખ્યપણું લઈને તેને વિનાશીપણે ગણવામાં આવે અને આત્મા એટલે જીવને અંગે તે જીવના મનુષ્યત્વાદિ પર્યાયોનો નાશ થાય છે, છતાં આત્મપણાનો એટલે જીવપણાનો કોઈપણ કાળે નાશ થતો નથી, એવી દ્રવ્યની મુખ્યતાવાળી માન્યતા ધરવી જોઈએ.

જો કે ઘટાદિક પદાર્થોમાં રહેલું અજીવતત્વ પણ નિત્યજ છે અને અવિનાશીજ છે. છતાં આત્મા એટલે જીવને અંગે કેટલાક મતવાળાઓ શરીરના નાશને અંગે જીવનો નાશ માનવાવાળા છે. તથા કેટલાક મોક્ષ પ્રાપ્તિની વખતે જીવનો નાશ થાય છે, એમ માનનારા છે, કેટલાકો વળી મોક્ષ પ્રાપ્તિ વખતે જીવત્વ એટલે જીવનું સ્વરૂપ જે જ્ઞાન અને સુખ છે, તેનો નાશ થાય છે, એમ માનનારા છે. તો તેવી કોઈ-પણ પ્રકારની વિપરીત શ્રદ્ધા ન હોય, પરન્તુ સર્વ કર્મનો ક્ષય કરીને જીવને મોક્ષ પામવાનો થાય છે. જેમ મોક્ષ પામતી વખતે જીવનો નાશ થતો નથી, તેમ જીવત્વનો પણ નાશ થતો નથી, એટલે મોક્ષમાં પણ જીવ અને જીવત્વ બંને અવિનાશીપણે રહેજ છે, એવી માન્યતા ધારણ કરવાને અંગે જીવના નિત્યપણાની વાત જણાવવામાં આવી છે.)

૩ જીવની અસ્તિતા અને તેની નિત્યતા માનવાવાળા હોવા છતાં કેટલાક સાંખ્ય જેવા મતવાળાઓ જીવને અદૃષ્ટ એટલે

કર્મનો કર્તા છે. એ તરીકે માનતા નથી. અર્થાત્ 'અકર્તા અને નિર્ગુણ એવો આત્મા છે' એવું માને છે, તેથી તેવી વિપરીત શ્રદ્ધાના પ્રતિષેધને માટે લોકોત્તર દૃષ્ટિએ ત્રીજી વાત આસ્તિકતાને માટે એ જણાવી કે જ્યાં સુધી સમગ્ર કર્મનો ક્ષય કરીને જીવ મોક્ષને પ્રાપ્ત કરી શકયો નથી, ત્યાં સુધી તે દરેક ક્ષણે અને દરેક સમયે કર્મને કરનારોજ છે.

અર્થાત્ લોકોત્તર દૃષ્ટિએ સંસારમાં ભ્રમણ કરનારો કોઈપણ જીવ કોઈપણ ક્ષણે કોઈપણ પળે કે કોઈપણ સમયે કર્મોને બાંધવા સિવાયનો હોતો નથી. અર્થાત્ ૧ જ્ઞાનને રોકનાર ૨ દર્શનને રોકનાર ૩ સુખદુઃખને આપનાર ૪ વિચાર અને વર્તનમાં વિપર્યાસ કરનાર ૫ જીંદગીનાકારણભૂત ૬ શરીરના કારણભૂત ૭ ઉચ્ચનીચ સ્થિતિના કારણભૂત અને ૮ દાનાદિક શક્તિઓને રોકનારૂં એવા આઠ અગર ભવિષ્યની જીંદગીના આયુષ્યની સ્થિતિ એકજ વખત આખા જન્મમાં બંધાતી હોવાથી આયુ સિવાય સાત કર્મોને બાંધવાવાળો જ હોય છે.

એવી અવિચળ માન્યતા થાય તેની લોકોત્તર દૃષ્ટિથી આસ્તિકતાની ત્રીજી માન્યતા ગણાય.

૪ લોકોત્તર દૃષ્ટિએ આસ્તિકતાની ચોથી માન્યતામાં આ વાતની અવિચળ શ્રદ્ધા જોઈએ કે જે જે કર્મોને જે જે જીવો બાંધે તે તે કર્મોને તે તે જીવોએ ભોગવવાં જ પડે છે આ માન્યતાને અંગે નીચેની હકીકત ધ્યાનમાં લેવા જેવી છે.

(अ) કેટલાક મતવાળા એમ માને છે કે પરમેશ્વર કર્મને કરનારો હોતો નથી, પરન્તુ જગત્‌ના જીવોએ બાંધેલ કર્મોના ફલ તરીકે મળેલા શરીરને તે પરમેશ્વર ધારણ કરનારો હોય છે. અર્થાત્ જગતના જીવો કર્મ કરે, પરંતુ તેનું ફળ તો પરમેશ્વર ભોગવે.

(आ) વળી કેટલાક મતવાળાઓની એવી માન્યતા હોય છે કે મરણ પામીને પરભવમાં ગએલા પિતરોને અંગે તેના પુત્ર કે પૌત્રાદિ

જે જે અહીં શ્રાદ્ધક્રિયાદ્વારા કે અન્ય પરોપકારદ્વારા તે પિતરોને ઉદ્દેશીને પુણ્ય કરે તે તે પિતરોને મળે છે અર્થાત્ પુત્રપૌત્રાદિની ક્રિયાથી થએલા કર્મોનું ફળ પિતા અને પિતામહ આદિને મળે છે.

(ह) જગત્‌ની ઉત્પતિ અને પ્રલયમાં માન્યતા ધરાવનારાઓને વળી એમ માનવું પડે કે "જગતની આદિમાં વગર કરેલાં કર્મો ભોગવવા પડે છે અને જગતના પ્રલયની વખતે તો કરેલા છતાં પણ કર્મો ભોગવવા પડતાં નથી."

ધ્યાનમાં રાખવા જેવું છેકે જગત્‌ની આદિમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, પશુ અને મનુષ્યાદિપણે જગતની વિચિત્રતા તો તેઓને પણ માનવીજ પડે છે, તેમજ પ્રલયના કાળસુધી જગત્‌માં વિપરિવર્ત્તમાનપણાને પામતા જીવો હરેક ક્ષણે આચાર-વિચાર અને ઉચ્ચારની વિવિધતા અને વિક્રિયતાને લીધે કર્મોનો બંધ કરે છે, છતાં પ્રલયની પછી તેને તે ભોગવવાનો વખત હોતો જ નથી, અર્થાત્ કર્મોનું સતત કરવાપણું છતાં તેનું સતત ફલ નહિં માનનારાઓજ જગત્‌નો ઉત્પાત અને પ્રલય માની શકે.

(ई) જગતમાં જેમ જીવો શરીરની અને ધાતુની વિક્રિયતાને લીધે વિવિધ પ્રકારના શારીક વિકારો પામે છે, તેમ કોઈને કર્મના ફલના કર્તા તરીકે નહિ માનતાં જીવો અનેક પ્રકારના પાપો કરે કે પુણ્યો કરે તો તેના ફલો આપવાની તાકાત સ્વતંત્ર તે તે કર્મમાં છે, એવું નહિ માનતાં કેટલાકો જગતને સુખ અને દુઃખ દેનાર તરીકે પરમેશ્વરને માની કર્મના ફળ તરીકે બાલમરણોનું ઘોર એવું કૃત્ય કરનાર પણ પરમેશ્વર છે, ગર્ભમાં રહેલા જીવોનું મોત કરવારૂપ ઘોર કૃત્ય કરનાર પણ પરમેશ્વર છે, બાલવૈધવ્યના કારણભૂત પણ બાલના મોતને નિપજાવનાર પણ પરમેશ્વર છે, રોગ, ઉપદ્રવ, વ્યાધિ અને દુઃખ વિગેરેને આપનાર પણ પરમેશ્વર

જ છે, એમ માનવા સાથે ગર્ભના ભયંકર દુઃખો અને જન્મની અકથનીય વેદનાઓ તથા મરણની અનિષ્ટતમ પીડાઓ પણ ભગવાનજ કરે છે, તેમજ જગતના ઘણા મ્હોટા ભાગને જે પ્રત્યક્ષ દુઃખ ભોગવવાનું થાય છે. તે પણ પરમેશ્વરજ કરે છે, આવી માન્યતાને વળગી રહી ને કેટલાક પરમેશ્વરને દુઃખ દેનાર તરીકે કલંકિત કરે છે.

ઉપર જણાવેલા કર્મોના ફળોને જીવોને ભોગવવા પડે છે, એ વાતને માનનારો લોકોત્તર દૃષ્ટિનો આસ્તિક વર્ગ છે અને તે એટલું તો જરૂર માને કે જેથી પરિણામ દ્વારા આત્મામાં કર્મનું બંધન છે, તેથી શુભ અને શુદ્ધ પરિણામ દ્વારા તે કર્મોનો ક્ષય પણ થઈ શકે છે અને તેનેજ લીધે દાન, શીલ, તપ અને ભાવ જેવા પ્રવૃત્તિમય ધર્મો અને સમ્યગ્દર્શનાદિ જેવા આવિર્ભૂત સ્વભાવરૂપ ધર્મોના પ્રભાવથી કરેલા કર્મોનો ક્ષય થઈ શકે છે. પરન્તુ એ સમજવા જેવું છે કે માત્ર આત્મામાં વિકૃતદશા લાવવાની તે કર્મોની સ્થિતિ હતી તે જે સ્થિતિનોજ નાશ ઉપર જણાવેલા ધર્મથી થાય છે, પરન્તુ તે કર્મોના મૂલ પદાર્થનો નાશ તો ભોગવટા સિવાય થતો નથી. આ અપેક્ષાએ સુજ્ઞ મનુષ્યો કર્મના વેદનને અંગે એવંભૂતવેદન અને અને વંભૂતવેદન તેમજ તથા વેદન અને અન્યથાવેદન વિગેરે ભેદો માનવા સાથે કર્મનો ક્ષય થાય છે, એમ પણ માને છે અને તે માનવા સાથે કર્મના ફલને જરૂર ભોગવવાનું થાય છે, એમ પણ જરૂર માની શકે.

૫ પૂર્વ જણાવ્યા પ્રમાણે જીવની અસ્તિતા, તેની નિત્યતા, કર્મને અંગે તેનું કર્તૃત્વ, તથા કર્મને અંગે તેનું ભોકતૃત્વ માન્ય છતાં પણ જો આગળ કહેવામાં આવશે તે બે વસ્તુઓ માનવામાં ન આવે તો અજાણી આવેલી પીડા વેદવી કે જાણીતી આવેલી પીડા વેદવી એમાં જેમ તાત્પર્ય દ્વારા ફરક નથી, તેવી રીતે લોકોત્તર દૃષ્ટિએ આસ્તિક થયા હોય કે ન થયા હોય તેમાં કોઈ

પણ જાતનો ફરક રહેતો નથી, કેમકે જીવને ન માને તેથી કાંઈ જીવનો અભાવ થઈ જતો નથી. વળી તેને નિત્ય ન માને, તેથી તે કંઇ અનિત્ય પણ થઈ જતો નથી. તે જીવને કર્મ બંધાય છે છતાં તે કર્મનો બંધ થાય છે, એમ ન માને, તેથી કાંઈ કર્મનો બંધ ઉડી જતો નથી. તેમજ ભોગવવા પડતા કર્મોના ફળો તે કોઈ ન પણ માને તો તેથી કોઈ પણ જીવને કર્મના ફળોને ભોગવ્યા સિવાય છુટકો નથી.

એટલે ઉપર જણાવેલી પરમાર્થ-દૃષ્ટિની ચાર આસ્તિકતાઓને માન્ય કરવાથી અગર અમાન્ય કરવાથી પ્રવૃત્તિના રૂપમાં તેવો ફરક પડી શકતો નથી, પરન્તુ એ ઉપર જણાવેલી ચાર માન્યતા દૃઢ થઈ હોય તો જ ઋદ્ધિ-સમૃદ્ધિ આદિને અંતઃકરણથી વળગે નહિ તો તે ઋદ્ધિ-સમૃદ્ધિ આદિને નિત્ય પણ ગણે નહિ તેમજ અશુભ કર્મો બાંધવાથી પ્રતિક્ષણે સાવચેતી રાખે અને પૂર્વ બાંધેલાં કર્મોનાં ફલ તરીકે સુખ-દુઃખ પ્રાપ્ત થાય તેને ભોગવતી વખત આર્ત્ત અને રૌદ્ર જેવા અશુભધ્યાનોમાં પ્રવૃતિ કરે નહિ.

આ સામાન્ય ફલ છતાં તેના વિશેષ ફલ તરીકે ચારે ગતિના દુઃખો તથા કૃતાન્તની કરવાલની કારમી દશાને ધ્યાનમાં રાખી જગતના કોઈપણ સુખ કે દુઃખના પ્રસંગોને આધીન નહિ થતાં, આત્માની સર્વથા નિર્ભય અને આબાદીવાળી દશા જેમાં હંમેશ માટે થઈ શકે છે, અને રહી શકે છે, તેવા મોક્ષની હયાતિ અને ઉત્પત્તિની શકયતા માનનારો જીવ લોકોત્તરદૃષ્ટિએ આસ્તિકતાને પામી આસ્તિક થયેલો ગણી શકાય છે, મોક્ષ માટે નીચેની હકીકત વાચકવર્ગે, ધ્યાનમાં લેવાની છે.

(અ) જે જીવોમાં ગોટલાની રહેલી કેરીની લાયકાતની જેમ મોક્ષ પામવાની લાયકાત છે, તેવા જીવો સૂક્ષ્મ એકેન્દ્રિયાદિપણામાંથી બહાર પણ નિકળે ત્યારે સમજવું કે તે કોઈપણ કાળે મોક્ષ પામવાને લાયકજ છે.

(જે ભવ્ય જીવ ભવ્યપણું હોય છતાં મોક્ષ ન પામવાનો હોય અર્થાત્ જાતિભવ્યત્વના સ્વભાવવાળો હોય તો તે ત્રસ આદિપણાને પામેજ નહિ; અર્થાત્ ત્રસાદિપણાને પામવાવાળો ભવ્ય જીવ જરુર મોક્ષને પામનારો જ હોય છે એટલે મોક્ષની ઇચ્છાવાળા જીવોને ત્રસઆદિપણું મળ્યું એટલે મોક્ષ પામવાનો નિશ્ચય થયો એમ સમજવું

(આ) આહાર-શરીર. ઇંદ્રિય વિષય અને તેનાં સાધનો તથા કુટુંબ વિગેરેની રમણુતા કરનારો જીવ ભવોભવ ભટકે છે અને અનાદિથી રખડે છે પરન્તુ જે જીવને મોક્ષ મેળવવાની ઇચ્છા થાય તે જીવ એક પુદ્ગલપરાવર્ત્ત જેટલા કાળમાં તો જરૂર મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

(જન્મ-જરા-મરણાદિકના વિકારે કરીને રહિત એવા મોક્ષને મેળવવાની ઇચ્છા કરનારો જીવ પોતાની અજ્ઞાનદશાને લીધે મોક્ષના સાધન તરીકે ચ્હાય તો કુદેવ, કુગુરૂ કે કુધર્મની સેવા કરે, તોપણ તે "એકપુદ્ગલ પરાવર્ત્તની અંદર" મોક્ષ મેળવવાની થયેલી ઇચ્છાના પ્રતાપે જરૂર મોક્ષ મેળવી શકે છે.

આજ કારણથી મહાપુરૂષો અભવ્ય જીવોને મોક્ષની ઇચ્છા કોઈપણ દિવસ થાય નહિ તેમ હોવાથી મોક્ષને મેળવવની ઇચ્છાથી સેવાતા કુદેવો કુગુરૂ કે કુધર્મરૂપી અતત્ત્વોની માન્યતારૂપ મિથ્યાત્વ હોવાની પણ તે અભવ્ય માટે ના પાડે છે, અર્થાત્ આથી કુદેવ વિગેરેને સેવવારૂપી મિથ્યાત્વનો અસંભવ અભવ્યમાં છે, એમ કોઈથી પણ કહી શકાય તેમ નથી, પરંતુ જેમ દેવપણાની કે પૂજા- સત્કાર આદિની ઇચ્છાએ સુદેવ સુગુરૂ અને સુધર્મને માનવાવાળો અભવ્ય જીવ હોય અને તેવા વખતે તે અભવ્ય કુદેવ કુગુરૂ અને કુધર્મ ને ન પણ માનતો હોય અને તેથી વ્યવહારની દષ્ટિએ સમ્યકત્વના આચારવાળો તે અભવ્ય જીવ દેખાતો હોય છે, તે છતાં તેને તત્ત્વ દષ્ટિએ સુદેવાદિની માન્યતા ન હોવાથી સમ્યગ્દષ્ટિપણાવાળો કહી શકાય નહિ, તેવી જ રીતે મોક્ષના સાધન તરીકે કુદેવાદિની પણ માન્યતા ન હોવા સાથે અન્ય કારણથી તે કુદેવાદિની માન્યતા હોવાથી તેને તેવો મિથ્યાદષ્ટિ પણ કહી શકાય નહિ, એમ જણાવે છે તો તે કોઈ પણ પ્રકારે શાસ્ત્રીય દષ્ટિએ વિરોધી કહી શકાય નહિ.)

૬ ઉપર જણાવેલી પાંચમી વાત પ્રમાણે મોક્ષની માન્યતા થયેલી છતાં જો તેના સાચા ઉપાયોની માન્યતા થાય નહિ તો પાણી વલોવતાં તો કથચિત્ પરંપરાએ માખણનું પરિણામ લાવી શકાય, પરંતુ મોક્ષના સાચા સાધનોનો અમલ થયા સિવાય મોક્ષની પ્રાપ્તિ તો કોઈ પણ પ્રકારે થઈ શકે જ નહિ, જો મોક્ષનાં જે સાધનો આશ્રવનિરોધ સર્વથા સંવર અને સર્વથા નિર્જરારૂપી છે તે મળી શકતા ન હોય તો કોઇપણ પ્રકારે મોક્ષ થઇ શકશે નહિ.

કેમકે મધ્યસ્થ મનુષ્યોથી એ વાત તો અજાણી નથી કે સર્વથા કર્મનો ક્ષય થયા શિવાય આત્માના શુદ્ધ સ્વરૂપને અનુભવવારૂપી જે મોક્ષ તે પ્રાપ્ત થઈ શકતો નથી. અને તેથી કર્મબંધનના સાધનો દૂર કરવા દ્વારા મોક્ષના અભિલાષીઓએ આશ્રવનો નિરોધ કરવોજ જોઈએ. હિંસાદિક આશ્રવોનો વિરોધ કર્યા છતાં પણ આશ્રવના મુખ્ય કારણભૂત જે મન, વચન અને કાયાના યોગ છે, તેને રોકીએ ને જે અયોગીપણું મેળવાય છે, તે પણ મોક્ષની અભિલાષી જીવોએ મેળવવું જ જોઈએ !

આવી રીતે કર્મ અને કર્મના સાધનોને રોકયા પછી આવેલા કર્મોમાંથી જે કોઇ અવશેષ ભાગ રહેલો હોય, તેનો સર્વથા નાશ કરવા સાથે આત્મામાં તેવી જાતની તાકાત ઉત્પન્ન કરવી જોઇએ કે જેથી કોઈ પણ કાળે અને કોઈપણ પ્રકારે બીજી વખત જીવને કર્મના અણુઓનો સંબંધ સરખો પણ થાય નહિ. અને તેવી સ્થિતિ પણ થાય નહિ, તેવી શુદ્ધ સ્થિતિ થાય તેનું નામજ મોક્ષ છે ! તેવી મોક્ષની સ્થિતિ થતાં આત્મા સર્વદા સર્વથા જન્મમરણાદિના ભયથી રહિત થઈને સર્વથા નિર્ભય થાય છે અને તેમ થવા સાથે અનતંજ્ઞાન- દર્શન- વીર્ય અને સુખની સમૃદ્ધિથી આબાદીવાળો બને છે !

આ વસ્તુ વિચારતાં દરેક સુજ્ઞને માનવું પડશે કે મોક્ષ એ વસ્તુ ઉપાયથી સાધ્ય છે. અને એવી જે મોક્ષના ઉપાયોની અસ્તિતાની માન્યતા તેનુંજ નામ લોકોત્તર દષ્ટિએ છઠ્ઠી આસ્તિકતા છે.

ઉપર જણાવેલી ૧ જીવની અસ્તિતા. ૨ જીવની નિત્યતા. ૩ જીવનું કર્મને અંગે કર્તૃત્વ. ૪ જીવનું કરેલા કર્મને અંગે ભોક્તૃત્વ. ૫ સમસ્ત કર્મના ક્ષયરૂપ મોક્ષ અને તે દ્વારા સર્વથા અને સર્વદા આત્માને નિર્ભય અને સંપૂર્ણ આબાદીની પ્રાપ્તિરૂપ મોક્ષની હયાતી તેમજ ૬ સમ્યગ્દર્શનાદિરૂપી ક્રમે પ્રાપ્ત થવારૂપ મોક્ષમાર્ગ અને આશ્રવનિરોધ સંપૂર્ણ સંવર, સંપૂર્ણ નિર્જરારૂપ મોક્ષના ઉપાયોનું અસ્તિત્વ અને શકયતાની માન્યતા.

આ છ વસ્તુઓને માનનારો વર્ગ લોકોત્તર દૃષ્ટિએ એટલે પરમાર્થ દૃષ્ટિએ આસ્તિક છે, એમ ગણી શકાય!

ઉપર જણાવેલ છ વાતોમાંથી એક પણ વાતની અગર તેમના કોઈપણ અંશની અશ્રદ્ધાને ધરાવનારો વર્ગ પરમાર્થ કે લોકોત્તર દૃષ્ટિએ આસ્તિક છે એમ કહી શકાય જ નહિ. માટે મોક્ષના અભિલાષી સર્વજીવોને ઉપર જણાવેલી પરમાર્થ દૃષ્ટિની અર્થાત્ લોકોત્તર રીતિની છ આસ્તિકતા ધરાવવા માટે તથા તેને પોષવા માટે તેમજ તેની પરાકાષ્ઠા પ્રાપ્ત કરવા માટે પ્રતિક્ષણ ઉદ્યમવાળા થવું જ જોઈએ.

આ લેખ અને તેનો ભાવાર્થ વિચારીને જૈન ઉપનામ ધારીના પ્રખ્યાત થતી સંસ્થાઓ–સમિતિઓ સંઘો–મંડળો વિગેરે સાચી આસ્તિકતાને ધારણ કરવા કટિબદ્ધ થશે તો જરૂર અવિચ્છિન્ન અને ત્રિકાલાબાધિત શ્રી. જૈનશાસનને અનુસરનારા વર્ગમાં યોગ્યસ્થાનને પામશે.

એ સિવાય મોહમયીના મોભામાં કે નિંગાળાની ગાડીમાં કે ભાવનગરની ખાડીમાં કે કોઈપણ જગે મુસાફરી કરવામાં આવે તો પણ લોકોત્તર માર્ગને માન્ય તરીકે જાહેર કર્યા સિવાય લોકોત્તર માર્ગને અનુસરનારાઓમાં તો સ્થાન પામી શકાય નહિં.

દેવદ્રવ્ય ખાવા અને ઉડાવવાની ધગશવાળા, પુનર્લગ્નની લગનીમાં લીન થયેલા અને દીક્ષા જેવા ભાગવત માર્ગના વિરોધિઓને તો લોકોત્તર માર્ગને અનુસરનારો વર્ગ ઝેરી નાગથી કોઈપણ પ્રકારે ઓછા રૂપમાં દેખશે નહિ. માટે

આ નિબંધ વાંચી વિચારી હિતબુદ્ધિ ધારીને દરેક જૈનોએ પ્રવર્ત્તવાની જરુર છે.

# આગમજ્યોત

વીર નિ. સં. ૨૪૯૮
વિ. સં. ૨૦૨૮
કાર્તિક

શાસન સેવા
સર્વોપરિ છે.

આગમો સં. ૨૨
વર્ષ-૭
પુસ્તક-૪

જૈનજનતામાં એક વાત તો અત્યંત પ્રસિદ્ધ જ છે કે-

દરેક જીવ પોતાને અંગે શરીર, આહાર, ઈંદ્રિયો, તેના વિષયો અને તેને અનુકૂલ સાધનો મેળવવા માટે જે જે પ્રયત્ન કરે છે, તે સર્વ સ્વ-સેવાને નામે એટલે સ્વાર્થવૃત્તિ તરીકે ઓળખાય છે,

પરંતુ આ ગણાતી સ્વ-સેવા માત્ર લૌકિક-માર્ગમાં પણ પાશવીય-વૃત્તિની મુખ્યતાવાળાને હોય છે, પરંતુ જેઓ શારીરિક જીવન રૂપી પાશવીય-વૃત્તિ કરતાં આગલ વધીને અહં-પુરૂષિકા-વૃત્તિને ધારણ કરનારા હોય છે, તે જીવોનું નિર્વિવેકી જીવન છતાં તે આહાર કે શરીરાદિ તરફ ઢળેલું હોતું નથી,

પરંતુ તેઓનું જીવન કેવળ યશ-કીર્તિ ખાટવા તરફ જ હોય છે, અને તે યશ-કીર્તિને માટે કુટુમ્બ અને ધનનો ભોગ આપવા સાથે યાવત્ આત્માનો પણ ભોગ આપે છે,

જો કે તે લૌકિક-દૃષ્ટિની અપેક્ષાએ થયેલી યશઃ-કીર્ત્તિ વિશ્વમાં વ્યાપેલી અને દિગન્ત સુધી પ્રસરેલી હોય છે અને તે યશઃ-કીર્ત્તિના

ગાયનો તે કાલના ભાટ ચારણ અને કવિઓ તથા કાલાંતરે થવાવાળા ભાટ-ચારણ અને કવિઓ ગાય છે, ગવડાવે છે અને તે કીર્ત્તિ-ગાન દ્વારા પોતાને કૃતાર્થ મનાવવા સાથે ઈષ્ટ-પુરૂષાર્થની સિદ્ધિ થઈ ગણે છે.

તેવી યશ-કીર્ત્તિને અંગે જ દુનિયામાં કહેવત પ્રચલિત થઈ કે '**કાં તો નામ ભીંતડે કાં તો નામ ગીતડે.**'

**પરંતુ આ રીતની જીવન નિર્વાહને અંગે થયેલી સાધ્ય સિદ્ધિ કે યશઃ-કીર્ત્તિ અને તેના કિલ્લાઓ કે કૌમુદી હોય છે, તેની કિંમત આત્માના સ્વરૂપથી વંચિત થયેલા પુરૂષોના હૃદયમાં જ છે.**

પરંતુ આત્માના સ્વરૂપ તરફ કે તેના ભવિષ્યના ઉદય તરફ જેની નજર એક અંશે પણ હોય તેવો મહાપુરૂષ કે જેને યથાસ્થિત રીતિએ મહાત્મા કહી શકાય. તેને એની મુદ્દલ અસર જ હોતી નથી.

યાદ રાખવું કે જગતમાં મહાત્મા નામ ધારવાવાળા પણ ઘણા નિકળે છે અને નિકળશે, પરંતુ **જેની દૃષ્ટિ-**

એક અંશે પણ આત્માના સ્વરૂપ તરફ વળેલી ન હોય.

જેની દૃષ્ટિ-

યથાસ્થિત ધર્મને ઓળખવા માટે એક ક્ષણ પણ તયાર થતી ન હોય,

જેની દૃષ્ટિ-

હિન્દુપણાની સંસ્કૃતિને હચમચાવવા માટે જ તૈયાર થયેલી હોય.

જેવી રીતે સાચા અને બનાવટી મોતીને એકઠાં કરવામાં આવે અગર સાચા હીરા કે ઈમિટેશનને ભેળ કરવામાં આવે, પાણી અને પેશાબને મિશ્ર કરવામાં આવે, ખોરાક અને વિષ્ઠાને ભેળસેળ કરવામાં આવે.

એવી રીતે-

જેની દૃષ્ટિ હિન્દુધર્મ અને હિન્દુત્વનો નાશ કરવાની ભેળસેળ યોજનામાં જ રાતદિવસ મચી રહે.

જેની દૃષ્ટિ-

ગોજાતિને ઝેર દેવામાં પણ દયાના નામને ધારણ કરવા માગે,

જેની દૃષ્ટિ-

અનાજના નુકશાનને નામે વાંદરાઓને ગોળીથી ઠાર કરવા માગે.

જેની દૃષ્ટિ-

શીલના અલંકારને સળગાવી દેવા સ્ત્રીપુરૂષોને રાત્રિએ નિષ્કંટક એકઠી સફર કરાવવા દોરાય.

જેની દૃષ્ટિ-

ડગલે-પગલે નિષ્ફળ અને નુકસાનકારક હિલચાલો ઉભી કરી દુનિયાને પાયમાલીને રસ્તે દોરાવવા સાથે હિન્દુત્વનું હાડ હચમચાવી નાખે.

જેની દૃષ્ટિ-

આત્મધર્મ-રાજધર્મ-વર્ણધર્મ-અને કુલધર્મના સર્વથા નાશને માટે જ તૈયાર રહે છે.

તેને

કોઇ હિન્દુ તો મહાત્મા ન જ માને.

પરંતુ વાસ્તવિક મહાત્મા પદને ધારણ કરનારા તેઓ જ હોય કે-

જેઓ-

નથી તો શરીરાદિ જડજીવનના નિર્વાહના સાધનોમાં સતત સંડોવાયેલા.

કે–

નથી તો કીર્તિના કોટડે દટાવવા માગતા.

નથી તો આત્માને અધોગતિએ લઈ જનાર કોઈપણ જાતના કર્મ–કર્દમમાં કચડાતા. ! !

**ખરેખર મહાત્માઓ તો તેઓ હોય છે કે–**

જેઓ ભૂત અને ભવિષ્યના જીવનની મુખ્ય દરકાર રાખીને આ ભવના જીવનમાં તેવી સ્થિતિએ વર્ત્તે કે જેથી પોતાનું ભવિષ્યનું જીવન ઉત્સવરૂપ હોય એટલું જ નહિ,

પરંતુ જગતના જીવોને પણ જન્મ–જરા–મરણ–રોગ–શોક–આધિ–વ્યાધિ અને ઉપાધિના વિષમ મોજાઓમાં મગ્ન થયેલા જોઈને તેઓનો ઉદ્ધાર કરવા માટે આત્માના પરમ–ઉદયને કરનાર એવા જીવાદિ સત્ય તત્ત્વોને અને દેવાદિ સુંદર રત્નત્રયીને ઓળખાવવા સાથે જડ અને ચેતનનું ભાન કરાવી ભવ અને મોક્ષના સાધનોને શુદ્ધ રીતિએ ઓળખાવી નિર્મમત્વભાવ પૂર્વકના આત્માનો ઉદય કરે તેવા માર્ગમાં પ્રયાણ કરી–કરાવી રહ્યા હોય.

**તેઓ જ યથાર્થ સ્થિતિએ મહાત્માપદને લાયક ગણાય.**

એ સિવાય કોઈ તેના માટે **મહાતમ** પદ કહે તો તે ખોટું ગણાય નહિ !

કેમ કે આત્માને કર્મબંધનના કારણો જેવું એકકે તમ એટલે અંધકારનુ સ્થાન નથી.

જેઓ અત્યંત અજ્ઞાન અંધકારમાં ગોતા ખાઈ રહેલા હોય તેવાઓ **મહાતમ** કહેવાય અને તેઓની દૃષ્ટિ પણ **મહાતમ**વાળી ગણાય તેમાં આશ્ચર્ય નથી.

**પરંતુ મહત્ એટલે પ્રશસ્ય અત્યંત ઉંચો એવો આત્મા જેનો થયેલો હોય તેજ ખરેખર મહાત્મા કહેવાય.**

જેનો આત્મા ખરેખર ઉચ્ચ દશામાં આવેલો હોય તે કોઈ દિવસ પણ મિથ્યાત્વ અજ્ઞાન કે અવિરતિ તરફ તો ધસેલો હોય જ નહિં,

તો પછી આત્મધર્મ, વર્ણધર્મ, કુલધર્મ અને રાજધર્મને લોપનારો તો હોયજ કયાંથી ?

પરંતુ વાચકવૃંદે યાદ રાખવું કે-

વાસ્તવિકરીતિએ તે મળેલું મહાત્માપણું જે આત્માની ઉત્તમતાને આભારી હોવા સાથે સાચી માન્યતા, સાચું જ્ઞાન અને શુદ્ધ-વર્ત્તનની સીડીએ ચઢવાવાળું અને ઉત્તરોત્તર વધવાની ઉમેદવારીવાળું હોય છે,

છતાં જગત્માં ફક્ત સદાનંદમય એવું જે મોક્ષપદ અને તેમાં રહેવાવાળા જીવો સિવાય જગત્ના સર્વ પદો સર્વજીવોને માટે કાળની કરવાલ કરોડો ફટકાઓ મારે છે, અને તે કાળની કરવાલના ફટકામાંથી કોઈપણ ઉગરવા પામતો નથી.

તેવી રીતે આ મહાત્માનું પદ પણ કાળની કરવાલના ફટકામાંથી ઉગરી ગયેલું હોવું સંભવિત નથી.

યાદ રાખવું કે જીવને પ્હેલવહેલું મળેલું મહાત્માપણું જે સદાશિવ એવું મોક્ષપદ તે પામવા સુધી અખંડ રહે એ પણ સંભવિત નથી.

આગમ-વચનોને વિચારનારા વિચક્ષણ-વિદ્વાનોના વિચારની બહાર એ વાત છે, નહિં કે-

મહાત્માપણું અનંતી વખત દ્રવ્ય થકી આવ્યા સિવાય ભાવ થકી મહાત્માપણું આવતું નથી.

તેમાં પણ ભાવ થકી આવેલું મહાત્માપણું કાળ-કરવાલના ફટકામાં ન ફસાયું હોય તેવું બનતું નથી.

તેથી કોઈ પણ જૈનશાસ્ત્રકાર અનાદિ મિથ્યાદષ્ટિને પહેલું-વહેલું ક્ષાયિકસમ્યક્ત્વ હોય, એમ માનવાની સાફ ના પાડે છે અને **ક્ષાયોપશમિક ભાવ પ્રાપ્ત થયા સિવાય ક્ષાયિકચારિત્ર કે સમ્યક્ત્વનો ભાવ આવી જાય,** એમ પણ માનવાની ના પાડે છે.

ઉપર જણાવેલી બધી હકીકત વિચારતાં માલમ પડશે કે—

**શાસન-સેવાની ધગશ અગર મહાત્માપણું** કદાચ મળી પણ જાય તો પણ કાલ-કરવાલના ફટકામાંથી સર્વથા તેનો બચાવ થવો તે મુશ્કેલ છે.

પરંતુ કરવાલ અને મહાત્માપણાના યુદ્ધના વિચારોમાં ગયેલો મનુષ્ય એટલું તો સ્પષ્ટ સમજી શકે તેમ છે કે તે મહાત્માપણાને કાળ-કરવાળના ચ્હાય જેટલા ફટકા પડે તો પણ તે મહાત્માપણું એટલું બધું જબરજસ્ત સામર્થ્ય ધરાવે છે કે—

સદાશિવ એટલે મોક્ષપદ રૂપી ફળને મેળવ્યા સિવાય તે રહેતું નથી.

તે વાસ્તવિક મહાત્માપણાને ધરાવનાર જીવ સંખ્યાતી વખત ફટકાઓ ખાય, અનંતી વખત ડુબકીઓ ખાય, છતાં પણ તે વાસ્તવિક મહાત્મા અને તેનું મહાત્માપણું નિષ્કંટક અને પરમ મહોદયવાળું પોતાનું સ્વરૂપરૂપી પદ મેળવવા ભાગ્યશાળી થાય છે.

આવી રીતનું મહાત્માપણું તેનું જ નામ શાસનસેવા અને એવી શાસનસેવાને ઇચ્છવાવાળો ભીંતડે કે ગીતડે જવા માગેજ નહિં,

પરંતુ તેવી સેવા ઇચ્છનારો તો સ્વ અને પરની કલ્યાણકોટિની કામનાને કાળજામાં કોતરી રાખે!!!

જગતમાં જેમ સાચી વસ્તુનો સંગ્રહ કરનાર મનુષ્ય નકલી વસ્તુના સંગ્રહથી હંમેશાં સાવચેત રહે, તેવી રીતે શાસનસેવાના મહાત્માપણાની મઝાને લેવાવાળા મનુષ્યે સ્વસેવાના નામે જગતમાં

પ્રસરેલો વિશ્વનો મેલો ન વળગી પડે, તે બાબત પૂરેપૂરી સાવચેતી રાખવાની જરૂર છે.

કેમકે—

હું એટલે શાસન,

મારૂં ભક્ત મંડળ એટલે શાસન

મારી અને મારા ભક્તોની સેવા એટલે શાસન-સેવા—

મ્હારૂં અને મ્હારા ભક્તોનું બહુમાન એ શાસનની ઉન્નતિ.

હું અને મ્હારો પરિવાર એજ શાસનનાં અંગો, આવી આવી સર્વથા બીભત્સ અને ગલીચ ભાવનાઓ શાસન સેવાના નામે સડી ગયેલા મગજવાળાઓ ધારણ કરી બેસે.

પરંતુ શાસનની સાચી શિક્ષા અને શ્રદ્ધાને પામેલા સત્પુરૂષો તેવા સડેલા સંસ્કારો ક્ષણભર પણ પોતાના હૃદયમાં ધારે નહિં, વચનથી ઉચ્ચારે પણ નહિં, અને તેવા કથન કરનારાઓની છાયાએ પણ છવાય નહિં.

વાચકે ધ્યાન રાખવું કે—

જગતના જુલ્મી જહાદોના શત્રુઓના ઘાથી બચવું જેટલું કઠણ છે. તેના કરતાં અસંખ્યગુણું તો શું!, પરંતુ અનંતગુણું કઠિણ કર્મકટકની કરવાલના ફટકામાંથી બચવું મુશ્કેલ છે.

મહાનુભાવો! ભગવાન્ જિનેશ્વર-મહારાજના વચનોને વિચારો!

તેના તત્ત્વને હૃદયગત કરો!

તમારા મન-વચન-કાયાના યોગોને તેને આધીન બનાવો.!

ગણાતા મહાત્માઓની ગંદકીમા ગોટાળામાં ગુંચવાઓ નહિં!

આત્માની અવ્યાબાધ-સ્થિતિને લક્ષ્યમાં રાખી તેના પરમ-ઉદયના વખત સુધી તેજ માર્ગે કટિબદ્ધ થઈ આગળ વધવાનો ઉદ્યમ કરો! કે જેથી તમારી શાસનસેવા અને મહાત્માપણું અનુમોદવા લાયક થાય. !!!




[ આગમપારદૃશ્વા, આગમ–વાચનાદાતા, આગમોના તલસ્પર્શી પ્રૌઢવ્યાખ્યાતા, શ્રીદેવસૂર–તપગચ્છ–સામાચારી–સંરક્ષક, ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આનંદસાગર સૂરીશ્વર ભગવંતે અખંડ શ્રુતજ્ઞાન–સાથે ભક્તિ, શાસન–રક્ષા અને વિવિધ શાસન–પ્રભાવનાના કાર્યોમાં પરાયણ છતાં વચ્ચે વચ્ચે મળી આવતા સમયનો સદુપયોગ કરવા રૂપે વિવિધ પ્રકારની સંસ્કૃત–પ્રાકૃત–હિંદી ગુજરાતી પદ્ય–કૃતિઓ, વૈરાગ્ય આદિની ઢગલાબંધ બનાવી છે

વિવેકી વાચકને પૂ. આગમોદ્ધારકશ્રીની બહુમુખી પ્રતિભાની ઝાંખી થાય, માટે આ વિભાગમાં રાખેલા મુજબ તેવી કૃતિઓ રજુ કરાય છે.

તે પ્રમાણે અહિં થોડી વાનગી પીરસી છે. પુણ્યાત્માઓ આનો રસાસ્વાદ લઈ પૂ. આગમોદ્ધારકશ્રીની કર્મઠતા, અપ્રમત્તતાના અને અગાધ જ્ઞાન સાથે પ્રભુ–ભક્તિની અપૂર્વ તન્મયતાના દર્શન કરી જીવન ધન્ય બનાવશે. સં. ]

પૂજ્ય આગમોદ્ધારકાચાર્યશ્રીએ રચેલ
પુનિતનામધેય શ્રીયુત પૂ. આ.
શ્રી સિદ્ધસેન-દિવાકર વિરચિત
શ્રીન્યાયાવતાર ગ્રન્થઉપર
પ્રૌઢ સંસ્કૃત ભાષાની ટીકાના
અન્ત્યભાગે રજૂ કરેલી—

## મંગળ ભાવના

देहोऽध्यक्षं तवाऽस्वेद आप्तेश ?
दृष्टश्चित्ते जिनाधीश भावं तं ।
कुर्यात् स्पष्टं कृतान्तो न यं कर्तुम्,
भूयाच्छक्तः समस्तार्थविद्योती ॥ १ ॥

दवे देहे न धर्मार्त्तिराप्येत,
नैव स्वेदः किमौदारमंगं तत् ।
औदारं ते तनु प्रेक्ष्य निःस्वेदं;
कस्कः कुर्यात् तवार्हन्त्यारेकाम् ॥ २ ॥

न्यायावतारविवृतिं विधत्तो,
सिद्धः शुभो य इह पुण्यचयस्ततो मे ।
नित्यः परार्थकरणोद्यतमाभवान्तात्;
भूयाज्जिनेन्द्रमतलम्पटमेव चेतः ॥ ३ ॥

## શ્રી સિદ્ધચક્રયંત્ર સ્તુતિ

### [ સવયા એકત્રીશા ]

જીવન શુદ્ધિ અર્થે ભજીએ શ્રીનવપદ શ્રીકાર,
વિજયવંત ને જયવંતા એ સિદ્ધચક્રનો જય જયકાર
સુખ સંપદ ઉત્તમ પદ પામ્યા યંત્ર થકી મયણા શ્રીપાલ,
તિમ ભવિજન એ યંત્ર સેવનથી વરશે સિદ્ધિ-વધૂ વરમાળ ॥

## શ્રી સિદ્ધચક્ર મહિમા

### [ વસંતતિલકા ]

આ સ્વર્ણનો સુદિન આજ ઉગ્યો સવારે
ને કલ્પવેલ ફળી આંગણે આજ મહારે।
એ કામકુંભ મળીઓ મુજ ગેહ મ્હાલે,
શ્રી સિદ્ધચક્ર સ્મરતાં ભવ-તાપ ટાલે ॥

## દિવ્ય જૈનત્વ

૧

જગતમાં ધર્મની જ્યોતિ, કહો કોણે જગાવી છે?
જૈનત્વની સરસ વ્યાખ્યા, કહો કોણે બતાવી છે?

૨

સકલ સંસારના પાપો, શરીર પીડતા ત્રિવિધ તાપો!
હૃદયના શુન્ય સંતાપો, કહો કોણે નિવાર્યા છે?

૩

દુઃખીને શાંતતા આપી, હૃદયમાં પ્રેમને સ્થાપી.
જીવન ઉલ્લાસથી વ્યાપી, જીવન કોણે સુધાર્યા છે?

૪

અચળ ભક્તિ શ્રીજિનવરની, મૃદુતા દિવ્ય અંતરની
ભૂલાવી અસ્મિતા સ્મરની, કહો કોણે ઉગાર્યા છે ?

૫

ગ્રહણ મહાપાપનું કરતા, અમાર્ગે નિત્ય સંચરતા,
અધમ પથથી નહિ ડરતા, હૃદય કોણે ઉજાળ્યા છે,

૬

અહિંસા સત્ય સંયમને, બતાવી તે જગત ભરને,
જીવનના રિપુવૃંદને, કહો કોણે જ વાર્યા છે ?

૭

કુટિલતા દેહની દાખી, અમરપદ મોક્ષને ભાખી,
મીઠી તેની સુધા ચાખી, જીવન કોણે ઉજાળ્યા છે ?

૮

જગતને દિવ્ય જૈનત્વે, અજબ આનંદ આપ્યો છે,
પ્રભુ મહાવીરના વચને, સકલ ભવ બંધ કાપ્યો છે ?

## 卐 જય ! શત્રુંજય ! ! 卐

જે ગિરિવરના પૂન્ય ગુંજનો કર્ણપટે અથડાયા છે !
પુનિત ભૂમિએ સિદ્ધગિરિની પુણ્ય તણી જ્યાં છાયા છે.
પતિત-જીવન પણ જે ભૂમિ પળમાં સદાકાળ પલટાવે છે,
અમર શાંતિને સદા હૃદયમાં પુણ્યક્ષેત્ર જે લાવે છે ॥૧॥

જ્યાં કઈ ભવ્ય જીવો આ જગતના પરમ મોક્ષ પદ પામી ગયા,
સિદ્ધ બનીને અસંખ્ય આત્મા અમોઘ સુખના ભાગી થયા,
જે ભૂમિથી સુખ શાંતિ પ્રેમની નિર્મળ સરિતા રેલે છે,
દેહ અને દિલ એ બંનેમાં મોક્ષ ભાવ જ્યાં ખેલે છે. ॥૨॥

દૂર થકી દેખાતા આત્મા શાંતિ કરી સુખ જે આપે
કુટિલ બંધનો આ કાયાના પલક એકમાં જે આપે
સોરઠ કેરી ધર્મભૂમને જે ગિરિવર શણગારે છે.
અસંખ્ય આ અવનિતલ કેરા જીવન પલકમાં તારે છે. ॥૩॥

વિજય વરંતો એ શત્રુંજય મમ ઉપરનો ભય હરનારો
અજબ શાંતિની ધારા હૈયે રેડંતા લાગે પ્યારો
જેના તેજ અમોઘ સદા મમ પ્રાણુ ઉજાળી સુખ આપે.
કોટી કોટી મુજ વંદન તેને અમરપદે નિત્યે સ્થાપે. ॥૪॥

## શ્રી આદિશ્વર ભગવાન્ સ્તવન

(રાગ – અબ તો પાર ભયે હમ સાધો.)

ભવજલધિ પર લહ્યો મેં,
આદીશ્વર જિન ચરણુ ગ્રહ્યો રે । (એ આંકણી)

યુગલાધર્મ નિવારક સ્વામી, જ્ઞાનત્રયી ધારણુ જલધામી ।
રાજ્યપદે થાયે સુરરામી; યુગલિક સર્વ મહોદય કામી,
॥ ભવ૦ ૧ ॥

લોક સંરક્ષણુ હેતુ બતાવી, જગતિ કલા વિવિધાનન્દ ચાવી ।
નારી ગુણુ ચઉસઠ ઠસાવી, લોક ઉભય કર દીયા સુખ ભાવી,
॥ ભવ૦ ૨ ॥

પુરુષના સાધન લેખાદિક સહુ, શકુન રૂત પર્યંત ગુણુ બહુ ।
નહિ તુમ વિણુ તે પાવે કબહું, જિનવર ઉપકાર વલી કહું,
ભવ૦ ૩ ॥

સબ સુતને નૃપતિ પદ દીનો, નમિ વિનમિ વિદ્યાધર કીનો ।
સંવચ્છર વસુ દીયે નગીનો, અતુલ અમર વરાગે ભીનો,

॥ ભવ૦ ૪ ॥

ચાર સહુસશું 'સંજમ' સાધ્યો, મનઃપર્યવ તબ રંગે વાધ્યો ।
સંવચ્છર અનશન કરી લાધ્યો, શ્રી શ્રેયાંસે કરમનૃપ બાંધ્યો,

॥ ભવ૦ ૫ ॥

સહુસ વરસ ભમી 'કેવલ' કાન્તા, માયને અર્પણ કરતા શાતા ।
સંઘ ચતુર્વિધ થાયે દાન્તા, નમતા ભવિ ભવભય સવિ ઘાતા,

॥ ભવ૦ ૬ ॥

પુંડરીક ગણિવરને આદેશ દીધો, પુંડરીકાચલ પાલન કીધો ।
તીર્થ અચલપદ સાધી સીધો, દૂર અભવ્યને નજરે ન કીધો,

॥ ભવ૦ ૭ ॥

નિજ 'નિર્વાણ' અષ્ટાપદ નગમાં, કરી શતમખ શ્રેણિ સબ લગમા ।
વધ્યો હર્ષ સુર-અસુર ભુજગમાં, અબ મોહે કીજે નિજ વરીશ મા,

॥ ભવ૦ ૮ ॥

તુજ સરખો નહીં દેવ જગતમાં, શસ્ત્રાયુધ વનિતા વિન રતમાં ।
સતત સહોદય સબ ભવિ ઘટમાં, ભવોભવ હોજો મહાનંદ શતમાં

॥ ભવ૦ ૯ ॥

## તારંગા શ્રી અજિતનાથ સ્તવન...

### (રાગ-સિદ્ધાચલ ગિરિ ભેટ્યા રે)

તારંગે જઈ ભેટીએ રે, અજિત જિનેશ્વર રાય;
ભવ ભય ભંજન સાહિબો રે, આપે અવિચલ ઠામ;
ભવિકજન સેવિયે સુખદાય ॥ ૧ ॥

જિનપદ પંકજ રસ લહી રે, તુટયો મન મધુકાર ।
મુજ મન પંકજ આકરે રે, જિનપદ છે દિનકર સાર ॥ ૨ ॥

જિનવર ગુણ ગણ ગંગમાં રે, મુઝ મન હંસ સમાન ।
અહનિશ ઝીલે પ્રેમશું રે, રહેતો હરખમાં અસમાન ॥ ભવિ. ૩ ॥

જિનવદને રસ શાંતિનો રે, દેખી અનુપમ રંગ ।
ચાહું નિશ દિન ચાકરી રે, નહિ ધરશું કોઈ વિભંગ ॥ ભવિ. ૪ ॥

ભલિ અષ્ટમી શશી શોભતો રે, નયના શાંત રસાલ ।
કરયુગ શસ્ત્ર રહિત પ્રભુ રે, નિજ અંક ન કામિની આલ ॥ ભવિ. ॥

અજિત ! જીત્યા તે આંતરો રે, શત્રુનિકાય અપાર ।
મુઝ પાસે જો જીતવે રે, અમૃત આનંદ અપાર ॥ ભવિ. ૬ ॥

## શ્રી અભિનંદન જિન સ્તવન

### (રાગ-કેસરિયા થાંશું)

જિન અભિનંદનજી, કાજ સુધારો પ્રભુ માહરો જિન૦
ધર્મ ભેદ પ્રભુ તુમ ચઉ દાખો, નિત્ય ઉદારપણે ધર રાખો,
ભાખો શિવપદ કાજ રે ॥ જિન૦ ૧ ॥

જન્મ કરમ કરતો યહ જીવો, કાલ અનાદિ દુઃખ રસ કીવો,
દીવો વસન સમાન રે ॥ જિન૦ ૨ ॥

નિજ વેદન ભવચક્રે ભમતો, સમય સમય બહુધા પરિણમતો,
ખમતો દુઃખ અકાજ રે ॥ જિન૦ ૩ ॥

કૃત કર્માદિ જો અનુભવતા, શિવપથ લહી નિવૃત્તિ પદ ધરતા
વહતા જ્ઞાન અસાજ રે ॥ જિન૦ ૪ ॥

ચેતન રહિત અજીવ જણાયો, આશ્રવબાર કરમ ઉડાયો,
પાયો સંવર વાજ રે ॥ જિન૦ ૫ ॥

કર્મ વિયોગે નિર્જર તત્ત્વો, આતમ કર્મબંધ ગણુ સત્વો,
તત્વં પદ શિવ સાજ રે ॥ જિન૦ ૬ ॥

ધર્મે નવપદ નવહિ વિધાનો, સમભાવે એ સુરપતિ રાણો,
જાણો આનન્દ રાજ રે ॥ જિન૦ ૭ ॥

## સુમતિનાથ જિનસ્તવન...

(રાગ- દીઠો હો પ્રભુ)

સુણતાં હો પ્રભુ, સુણતાં સુમતિ ગુણવૃંદ,
રાચ્યો હો પ્રભુ! રાચ્યો મન એકતાનથીજી ।
લેશે હો પ્રભુ, લેશે કવિ તુજ સેવ,
હેવે હો પ્રભુ ! હેવે ફલ અનુમાનથીજી ॥ ૧ ॥
સુષમા હો પ્રભુ! સુષમા તુજ ઉપકાર,
શોભે હો પ્રભુ! શોભે દુષમા સમો નહિજી ।
મેરુ હો પ્રભુ! મેરુ સુરતરુ વૃંદ,
પામે હો પ્રભુ પામે શોભા મરુસમીજી ॥ ૨ ॥
કલિયુગે હો પ્રભુ! કલિયુગે સૂધો ઉપદેશ,
શ્રોતા હો પ્રભુ! શ્રોતા જો યુગ સમ મિલેજી ।
રાજે હો પ્રભુ! રાજે શાસન તુજ,
કલિમાં હો પ્રભુ, કલિમાં પણ એક છત્ર શોભેજી ॥ ૩ ॥
કાલી હો પ્રભુ, કાલી કસોટી સુવર્ણ,
પરખે હો પ્રભુ! પરખે કવિ તુજ ગુણનેજી ।
અમિયા હો પ્રભુ! અમિયા સતયુગમાંહી,
પામ્યો હો પ્રભુ! પામ્યો, ન ગુણ ભાગનેજી ॥ ૪ ॥

દોષે હો પ્રભુ! દોષે ભર્યો આ કાલ,
સેવા હો પ્રભુ! સેવા લહી મણિ સમ ફણીજી ।
તુજ ગુણ હો પ્રભુ! તુજ ગુણ અહનિશચિત્ત,
ધરતાં હો પ્રભુ! ધરતાં આનન્દરસ ઘણીજી ॥ ૫ ॥

## શ્રી સિધ્ધાચલ સ્તવન...

(રા--ગિરિવર દર્શન વિરલા પાવે)

એ ગિરિ દર્શન ભવિ મન ભાવે, કર્મ કઠિન ક્ષય કરી શિવ પાવે ।
એ તીરથ સમ આવે ન દાવે, જગમાં જોઈ લ્યો શુભ ભાવે ।
પાપી અભવ્ય ન નજરે લાવે, બહુ પુણ્યવંતા દર્શન પાવે.
॥ એ ગિરિ૦ ૧ ॥

જગ ઉદ્ધારણ બિરુદ ધરાવે, યાચના હત ઉદ્ધારના દાવે ।
શુષ્ક નદી જલ આપે ખનતાં, દાન દીયે ગુણગણ–મણિ ધરતા
॥ એ ગિરિ૦ ૨ ॥

ઉદ્ધરિયા મહિમ અનંતા, તો મુજને કિમ નહિ વરસંતા ।
મોક્ષ તણી છે મુજ મન ઈહા, તેથી છું હું ભવિ ગુણગણગેહિ ।
॥ એ ગિરિ૦ ૩ ॥

મોડું વહેલું પણ દેવું શિવપદ, તો કિમ ઢીલ કરો ગુણ સંપદ ।
ગુણ ગણ લહી શીવપદ વરસું, તો તમને શા માટે ધરશું
॥ એ ગિરિ૦ ૪ ॥

જો તુમ ધ્યાને લહીએ ગુણગણ, તો ઉપકાર તમારો એ શુભગુણ ।
ગુણગણ અર્પી આપો નિજપદ, તો થાયે આનન્દ અમન્દ
॥ એ ગિરિ૦ ૫ ॥

પ્રૌઢપ્રતિભાસંપન્ન પ્રવરપ્રાવચનિક, આગમમંદિર-સંસ્થાપક, આગમોના અખંડ અભ્યાસી, આગમ-તલસ્પર્શી, વ્યાખ્યાનસુદક્ષ, આગમોદ્ધારક, ધ્યાનસ્થ સ્વર્ગત આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરશ્રીએ ૭૫ વર્ષની પુખ્ત ઉંમરે રોગશય્યામાં પણ શ્રુત-ચિંતન-સ્વાધ્યાય પરાયણના બળે સર્જેલ સુંદરતમ

卐 ...મ ન ની ય...સુ ભા ષિ તો... 卐

भूयांसस्ते गिरा मुक्ताः कर्मपञ्जरतो जनाः ।
किं ते लग्नो ममोद्धारे, भारो हि भाग्यहानितः ॥ ४३८ ॥

હે પ્રભુ ! આપની વાણીથી ઘણા પુણ્યશાળીઓ કર્મના પાંજરાથી મુક્ત થયા છે ! તો શું ખરેખર મારા ભાગ્યની ખામીથી આપને મને ઉદ્ધરતાં ભાર લાગવા માંડયો કે ? ? ? ૪૩૮

पाहि मां भगवन्! अस्माद् भवतो रक्षसोऽधमात् ।
त्वद्वैरेणेव मामेष, पीडयित्वा प्रमोदते ॥ ४३९ ॥

હે ભગવાન્! અધમ આ ભવરૂપ રાક્ષસથી મને બચાવ ! ! ! ખરેખર ! આપે તેને હાંકી કાઢયાના વૈરથી જ જાણે આપના સેવક તરીકે મને ખૂબ કનડગત કરીને ખરેખર રાજી થાય છે. ! ! ! ૪૩૯

पराजयं परो नीत-स्तदा भवति वस्तुतः ।
पीडयेत् स्वश्रितं चेन्न, जितो मोहः कथं त्वया ? ॥ ४४० ॥

હે નાથ ! હકીકતમાં આપે મોહને જીત્યો છે એ વાત ખરી ! પણ ખરેખર જીત્યો તો કહેવાય કે જો પોતાના આશ્રિતને હેરાન ન કરે ! પણ મને તો આ મોહ ખૂબ હેરાન કરે છે. ! તો આપે તે મોહને હરાવ્યો શી રીતે કહેવાય ! ૪૪૦

अहं ममेति मंत्रेण, जगदान्ध्यं करोत्ययम् ।
जगत्प्रद्योतने किं त्वय्यर्हतोशे सति प्रभौ ? ॥ ४४१ ॥

હે નાથ! આ મોહ આખા જગતને अहं-मम એ મંત્રથી આંધળું બનાવે છે, પણ આપના જેવા આખા જગતને પ્રકાશ આપનારા અરિહંત પરમાત્મા છતાં આવું કેમ બને છે. ??? ૪૪૧

द्योतमाने जगत्यस्मिन् शासने जगत्पते ? ।
मोहान्धतमसा किं मे, सदाऽऽत्मा परिभूयते ? ॥ ४४२ ॥

હે જગત્પતિ! સંસારમાં આપનું શાસન વિજયવંત પ્રકાશિત છતાં મોહના ગાઢ અંધકારથી મારો આત્મા વિવશ કેમ થઈ રહ્યો છે? ૪૪૨

चिक्षेपिथ वरत्रां त्वं, मामुद्धर्तुं भवावटात् ।
हा मुष्ठिं देव! बद्धुं न, शक्तो निर्भाग्यता मम ॥ ४४३ ॥

હે દેવ! સંસારના ઊંડા કૂવામાંથી મને ઉદ્ધરવા માટે આપે આજ્ઞા રૂપ દોરડું નાંખ્યું છે, પણ ન જાણે કેમ તેને પકડવા મારી મુઠ્ઠી વળતી નથી? ખરેખર મારી કેવી ભાગ્યહીન દશા છે!!! ૪૪૩

कल्पद्रुमातिगां प्रौढिमाप्तोऽसि जगति प्रभो ।
ददासि किं न मार्गं मेऽभीष्टं संसारपारकृत् ॥ ४४४ ॥

હે પ્રભો! જગતમાં આપની ખ્યાતિ છે કે કલ્પવૃક્ષ કરતાં પણ આપ અધિક છો! તો પછી સંસારથી પાર પમાડનાર મારા ખપનો માત્ર રસ્તો હું માગું છું, તે કેમ આપતા નથી.! ૪૪૪

दातुरेवात्र गीयन्ते, यशोवादा जगत्यपि ।
तन्मह्यं स्वगुणांशे किमक्षयं न प्रयच्छसि ? ॥ ४४५ ॥

હે સ્વામિન્! દુનિયામાં આપે તેના જ ગીત ગવાય છે! તો મને આપના અખૂટ ખજાનામાંથી એક અંશ પણ ગુણ મને કેમ આપતા નથી!!! ૪૪૫

तथाऽतीता न दातारो गीयन्ते गुणकामुकैः ।
यथाऽधुनेति मह्यं त्वं, वितराऽऽत्मीयशासनम् ॥ ४४६ ॥

હે પ્રભુ! ભૂતકાળના મોટા દાનેશ્વરીઓની પણ કીર્તિ ગાવાથી શો ફાયદો! અત્યારે હાલ મૌજુદ હોય તે જ ખપના! તેથી આપ મને હાલમાં મલ્યા છો! તો આપનું શાસન આપો.!!! ૪૪૬

महादुःखि-समुद्धाराद्, विश्रुता भुवि कीर्तिदा ।
विश्वोपकारिता चेन्मां, तादृशं किमु नेक्षसे ! ॥ ४४७ ॥

હે જગદાધાર! મોટા દુઃખી જીવોના ઉદ્ધાર કરવાથી જગતમાં કીર્તિ ફેલાઈને વિશ્વોપકારીપણું આપનું પ્રસિદ્ધ થયું છે. તો સદા દુઃખી એવા મારા પર માત્ર નજર પણ કેમ કરતા નથી!!! ૪૪૭

अन्यैर्विश्वविधातृत्व-प्रमुखैः कारणैर्भुवि ।
ऐश्वर्यं स्वयमाम्नातं त्वयोद्धाराद् भवाम्बुधेः ॥ ४४८ ॥

હે પરમેશ્વર! બીજા હરિહરાદિક દેવોએ તો જગતની રચના કરવા આદિ પ્રપંચ દ્વારા પોતાના ઐશ્વર્ય કે સત્તાધારીપણાની છાપ ઉભી કરી છે, પણ આપે તો સંસારના અગાધ દરિયામાંથી પ્રાણી-માત્રના ઉદ્ધાર કરવાની નિષ્કારણ પ્રવૃત્તિથી જ સાચા અર્થમાં મહાન્ કે પરમાત્મા થયા છો! તો મારો ઉદ્ધાર તે નિષ્કારણ-કરૂણાના ભાવથી કાં ન કરો.!!! ૪૪૮

सदेवपर्षदि देव !, जीवजातसमुद्धृतिः ।
स्व-कर्तव्यं समादिष्टं ममोद्धारेऽलसोऽसि किम् ? ॥४४९॥

હે દેવ! દેવ-મનુષ્યની મોટી સભા વચ્ચે આપે જગતના પ્રાણી-માત્રના ઉદ્ધારને કર્તવ્ય તરીકેની જાહેરાત આપે કરી છે! તો હવે મારા ઉદ્ધારમાં આપ ઉપેક્ષા કેમ કરો છો??? ૪૪૯

महाव्याधिभृतो ग्लानान्, पटूकृत्य भिषग्वराः ।
प्रतिष्ठां यान्ति भगवंस्तच्चिकित्सस्व मां विभो ! ॥४५०॥

હે પરમાત્મન્! કુશળ વૈદ્યો મોટા કે જૂના રોગથી પીડાતાઓને યથાર્થ સારવાર દ્વારા નિરોગી બનાવી પ્રખ્યાતિ મેળવે છે! તો હે વિભો! મારી પણ આત્રી સફળ ચિકિત્સા કરોને??? ૪૫૦

विज्ञो निर्यामको योऽब्धौ, यानमुत्पातविद्यतम् ।
पारं नयति किं त्वं मां, पारं नयसि नो भवात्? ॥४५१॥

હે સ્વામિન્! દરીયામાં તોફાને ચઢેલા વહાણને કુશળતાપૂર્વક ઠેકાણે લઈ જાય તે શ્રેષ્ઠ ખલાસી કહેવાય! તેમ આપ પણ મહા-નિર્યામક છો, તો મારી જીવનનૈયાને ભવસમુદ્રથી પાર કેમ લઈ જતા નથી??? ૪૫૧

सिद्ध्यर्थिनामियं नीतिर्यावत्सिद्धि यदुद्यमः ।
यावत्नैव विमुच्येऽहं भवात् तावत् तवाश्रयः ॥ ४५२ ॥

હે પરમાત્મન્! મોક્ષાર્થી જીવોની એ નીતિ હોય છે કે જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી ઉદ્યમ ચાલુ રાખે! તો જ્યાં સુધી હું આ સંસારથી છુટું નહીં ત્યાં સુધી મારે તારો જ આધાર છે!!! ૪૫૨

नाम्ना न क्वाप्यस्ति पदार्थ-सिद्धि-र्वाक्यं न वाच्यार्थ-युतं नियोगात् ।
अर्हत्पदं देव ! तथापि विश्वे विश्वाङ्गिनः पाति तदेव चित्रम् ! ॥४५३॥

હે દેવ! માત્ર નામથી કયાંય પદાર્થની સિદ્ધિ નથી! અને વાક્યનો સંબંધ વાચ્યાર્થ સાથે હોય જ એવો નિયમ પણ નથી! આમ છતાં સમસ્ત જગતમાં બધા પ્રાણીઓની અરિહંત નામ રક્ષા કરે છે, એ ખરેખર આશ્ચર્ય છે??? ૪૫૩

निर्जीवाऽऽकृतिरिष्यते मतिमता काचित् क्रिया तत्र नो,
नैव ज्ञानगुणादिसंचयवती योगत्रयेणोज्झिता ।
चित्रं देव ! तथापि ते प्रतिकृतिर्लोकत्रयं त्रायते
रागाद्युज्झितशान्तरूपधरणाद् द्रष्टुर्विकारोज्झनात् ।४५४॥

હે પરમાત્મન્! બુદ્ધિમાન્ પુરુષો સ્થાપનાને જડ માને છે, તેમાં કંઈ ક્રિયા નથી હોતી, જ્ઞાનાદિ ગુણો પણ નથી હોતા, તથા મન-વચન-કાયાની પ્રવૃત્તિ પણ નથી હોતી, છતાં હે દેવ! તમારી પ્રતિમા જાણે લોકને પાપાદિથી બચાવે છે, અને નિર્વિકારી શાંત-પણાના કારણે દર્શન કરનારાના વિકારો શમાવે છે, એ પણ આશ્ચર્યની વાત છે!!! ૪૫૪




[ પરમ-શાસનપ્રભાવક પૂ. ધ્યાનસ્થ-સ્વર્ગત આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ શ્રુતજ્ઞાનની વિશિષ્ટ-આરાધનાના બળે આગમોના ગૂઢ-રહસ્યોને ઉકેલી સરળ-શૈલીમાં તાત્વિક-રીતે મુમુક્ષુ-જીવો સમક્ષ રજુ કરવાના અનેક પ્રયાસો કર્યા છે.

તે રીતે तात्त्विक प्रश्नोत्तराणि નામે ૭૧૧૦ પ્રશ્નોના ખુલાસા રૂપ પ્રૌઢ સંસ્કૃત ભાષામાં લખાયેલ ગ્રંથ પણ આગમિક તલસ્પર્શિ અધ્યયન માટે ખૂબજ જરૂરી ધારીને આગમોદ્ધારકશ્રીએ વિવિધ શાસનના મહત્વના કાર્યોમાંથી પણ ફાજલ પડતા સમયે બનાવેલ છે.

૧ થી ૭૭ પ્રશ્નોની વાચના પૂ. આગમો૦શ્રીએ સુરતમાં વિ. સ. ૨૦૦૪-૫માં આપેલ, તે ઉપરથી યોગ્ય રીતે સંપાદન કરી પૂ૦ ગચ્છાધિપતિશ્રીએ પૂ. આગમો૦શ્રી ના વિવેચન સાથે ગુજરાતીમાં પ્રથમ ભાગમાં પ્રકાશિત કરાવેલ.

આજસુધી તે વિવેચનના આધારે પ્રશ્નોત્તરો ભાવાર્થ સાથે આપેલ, હવે મૂળ સંસ્કૃત ઉપરથી પૂ. આગમોદ્ધારકશ્રીની કૃપાબળે તથા દેવ-ગુરુપસાયે યથામતિ સમજીને ટુંક ભાવાર્થ સાથે તે પ્રશ્નોત્તરો રજુ કરાય છે. સં.

## ત...ત્વ...ક્યા...રે...સ...મ...જા...ય...???

मुग्धो लोको वस्तुरूपं न वेत्ति,
जन्मान्तं सोऽसत्यमार्गं प्रयाति ।
यावद् यस्माल्लोकहेर्यानुयाता,
तत्त्वेक्षी नो भाग्ययोगं विना ना ॥

મુગ્ધ લોકો આખી જીંદગી સુધી વસ્તુ-સ્વરૂપ ન ઓળખી શકે તો અસત્ય માર્ગ છોડી શકતા નથી! કારણ કે તેઓ લોકહેરીમાં પડેલા હોય છે, ખરેખર! ભાગ્ય વિના માણસ તત્ત્વને જોઈ શકતો નથી.!!!

આરાધના માર્ગ શ્લો. ૪૫૫

તત્ત્વરૂચિ જીવો માટે પરમાન્નનો થાળ

**આગમાવતાર આગમસમ્રાટ્**

*આગમવાચનાદાતા*

**પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રી**

**વિરચિત**

**तात्त्विक प्रश्नोत्तराणि**

**ગ્રંથ ગુજરાતી અનુવાદ**

**(વર્ષ ૬ પુ. ૪ પૃ. ૩૨ પછી ચાલુ)**

**પ્ર. ૭૮** ननु परमाणूनामन्यैर्लिप्तानां 'बन्धे समाधिकौ पारिणामिका-वि'तिवचनाद् वर्णादिपरावृत्तिर्भवति, परमेकाकिनां स्यात् सा न वेति?

**ઉ.** उत्तराध्ययनसंयोगपदनिर्युक्ति-पुद्गल-षट्त्रिंशिकादिवचनान्नैषामेषाऽसम्भविनीति।

**પ્ર. ૭૮** શ્રી તત્ત્વાર્થસૂત્રના 'बन्धे समाधिकौ पारिणामिकौ' (અધ્યાય ૫. સૂ૦ ૩૬) પ્રમાણે સ્કંધ સાથે મળેલા પરમાણુઓના વર્ણાદિ ચતુષ્ટયનો પલટો થાય એ વાત સમજાય છે. પણ સ્કંધમાં નહી જોડાયેલા છુટા પરમાણુઓમાં વર્ણાદિ–ચતુષ્કનો ફેરફાર થાય કે નહિ?

**ઉત્તર** શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (અધ્ય. ૧. ગા. ૧) ની સંયોગ (**संजोगा विप्पमुक्कस्स** ગાથાના **संजोगा** પદની) નિર્યુક્તિ તથા શ્રી ભગવતી સૂત્રગત પુદ્ગલષટ્ત્રિંશિકા આદિ પ્રાચીનતમ ગાથાઓના આધારે છુટા પરમાણુઓમાં પણ વર્ણાદિ ચારનો ફેરફાર અસંભવિત નથી લાગતો.

**પ્ર. ૭૯** ननु'नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणा'दिति न्यायमुद्रायां सत्यां सादिर्विस्रसाप्रयोगः सम्भवेत् कथम्? कथं च परिणामस्याऽनादित्वमपीति!

ઉ. विस्रसाशब्दो यथा स्वभाववाचकस्तथैव जीवयत्नाऽजन्यत्व वाचकः, अनादिके तस्मिन्नाद्योऽर्थः, इतरस्मिंस्त्वितर इति सादिर्विस्रसाबन्धः, अनादिता-परिणामस्य सजातीयानादिकालीनपरावृत्तिपरम्परया, न तु व्यक्त्येति।

પ્રશ્ન ૭૯ પુદ્ગલના પરિણમનના અધિકારમાં વિસ્રસાભાવે જે પરિણમન જણાવ્યું છે, તેમાં સાદિભેદ શી રીતે ઘટે ? કેમકે ન્યાયશાસ્ત્રના આધારે દાર્શનિકોની એવી માન્યતા છે કે- 'नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणात्' એટલે કે જેમાં કોઈ હેતુ ન હોય અગર જેને બીજા કશાની અપેક્ષા ન હોય તે ચીજ કાં તો હંમેશાં હોય જ, અગર હંમેશાં ન જ હોય. એટલે કે નિત્ય-સત્ અથવા નિત્ય-અસત્ હોય.

તો વિસ્રસા પરિણામ અહેતુક અને અન્યાનપેક્ષિત છે, તો તેમાં સાદિપણું કેમ ઘટે ?

વળી વિસ્રસા પરિણમનમાં પરિણમવાની ક્રિયા રહેલી છે. તો પછી અનાદિપણું કેમ ઘટે !

ઉત્તર વિસ્રસા શબ્દના અર્થની ગેરસમજથી આ શંકા થવી સહજ છે

ખરી રીતે વિસ્રસા શબ્દના બે અર્થ છે (૧) સ્વભાવ (૨) જીવના પ્રયત્નથી ન થયેલ.

પ્રથમ અર્થની વિવક્ષાએ પરિણમન ક્રિયા હોવા છતાં વિસ્રસા પરિણમનમાં અનાદિપણું ઘટાવવું.

બીજા અર્થની વિક્ષાએ સાદિપણું ઘટાવવું.

કોઇપણ હેતુની કે બીજાની અપેક્ષા નથી એમ નહિ, પણ જીવના પ્રયત્નની અપેક્ષા નથી, એ અર્થ ઘટાવી સાદિપણું સંગત કરવું.

વળી પરિણમન ક્રિયા હોવા છતાં જે અનાદિપણું જણાવ્યું છે તે વ્યક્તિની અપેક્ષાએ નહિ, પણ જાતિની અપેક્ષાએ જણાવેલ છે.

સમયે સમયે ભિન્ન પરિણમનો હોવા છતાં સજાતીય એક સરખા પરિણમનની ધારાપ્રવાહિતતાની અપેક્ષાએ અનાદિપણું સંગત કરવું.

પ્ર. ૮૦ નન્વનાદિકસ્યાપિ કર્મસંયોગસ્યોપાયેન નાશસાધને અનાદિઃ કનકોપલસંયોગઃ સોપાયં વિનશ્યન્નુદાહ્રિયતે, તત્રાનાદિતોભયત્રાપિ ન વિદ્યતે, કર્મસ્થિતેઃ સપ્તતિકોટિકોટિસાગરોપમેભ્યોઽધિકાયા અભાવાત્, કનકોપલત્વપરિણામયોરપ્યનાદિત્વાભાવાદિતિ ? ।

ઉ. સત્યં! જૈમિનીયા હિ તત્ર વાદિનઃ, તે ચાનીશ્વરા અપરિણામવાદાશ્ચેતિ તન્મતેઽનાદિરેવ કનકોપલસંયોગઃ તતશ્ચ તત્પ્રમાણનિરાસમાત્રફલમેતદેવમુદાહરણમ્ ।
વસ્તુતસ્તુ પરપ્રયોગનિરપેક્ષાર્થોઽનાદિશબ્દઃ યથા ચાનારબ્ધઃ ઇત્યર્થઃ, દ્વાવપ્યમૂ પરંભૂતાવિતિ (ન) સંશયાવકાશ ઇતિ ।

પ્ર૦ ૮૦.-કર્મગ્રંથાદિમાં એમ કહેવાયું છે કે અનાદિકાલીન-કર્મના સંયોગને ઉપાયથી કનકોપલન્યાયથી દૂર કરી શકાય છે. આમાં માટીમાં મળેલ સોનું અનાદિનું છતાં પ્રયત્નથી જેમ જુદું પાડી શકાય છે, તેમ અનાદિકાલીન કર્મના સયોગને પણ પ્રયત્નથી દૂર કરી શકાય છે. આમ દૃષ્ટાન્તની ઘટના થાય છે.

પણ હકીકતમાં-કર્મસંયોગ કે માટીમાં મળેલ સોનામાં અનાદિપણું છે જ નહિ? કર્મની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમથી વધુ ન હોઈ કર્મસંયોગ તેથી વધુ ટકે નહિ? અને માટીમાં સોનું ભળ્યું છે, તે કંઈ અનાદિ પારિણામિક ભાવે નથી.

તો કનકોપલદૃષ્ટાન્તે અનાદિ-કર્મસંયોગને પ્રયત્નથી દૂર કરી શકવાની વાતનું રહસ્ય શું?

ઉત્તરઃ-વાત સાચી છે. કનકોપલ દૃષ્ટાન્ત સાર્વત્રિક નથી, એ દૃષ્ટાન્ત જે પ્રકરણમાં મુકાયું છે, તે પ્રકરણ જોવાથી સમજાશે-કે- જીવ અને કર્મના સંયોગની વાતમાં જૈમિનિદર્શન (સાંખ્યદર્શન)

વાળાને વાંધો હતો, તેઓને સમજાવવા તેમના જ મતે કનકોપલ-સંયોગનું દૃષ્ટાન્ત રજુ કર્યું છે.

કેમકે તેઓ અનીશ્વરવાદી અને અપરિણામવાદી છે. તેથી તેઓના મતે માટીમાં સોનું અનાદિકાળથી છે જ, તેથી સાંખ્ય-મતવાળાને જવાબ આપવા માટે રજુ કરાયેલ કનકોપલનું ઉદાહરણ સાર્વત્રિક ન જાણવું.

ખરી રીતે અનાદિ શબ્દનો અર્થ 'કોઈના વિશિષ્ટ પ્રયત્ન વિના મળેલ,' એવો અહીં વિવક્ષેલ છે. આ અપેક્ષાએ કર્મસંયોગ, કનકોપલસંયોગ બંને અનાદિ છે, તેથી કોઈ સંશયને સ્થાન નથી.

प्र. ८१ ननु रागस्य भेदास्त्रयो दृष्टि-काम-स्नेहाह्वा आख्यायन्ते, तत्र जैनानामपि जैने दर्शनेऽस्थिमिंजा चेद् रागो यः, स किं न दृष्टिरागतया गण्यते ?
द्वितीये रमणीरमणस्य ग्रहणे शब्दादिगतस्य तस्य का कथेति ? विषयसिद्धिमूलत्वाच्च स्नेहस्य तृतीयस्तु भेद एव (न) घटते इति।

उ. ८१ सत्यम् ! सर्वज्ञमार्गाप्रतिपत्तिहेतुकत्वादाद्यत्वे दृष्टिरागता, द्वितीये च कामशब्देन मदनेच्छा-कामग्रहान्न दोषः, तृतीये च दृष्टिविषयनैरपेक्ष्येण व्यक्तिगतः स्नेहो ग्राह्यः, त्रिषष्ट्यधिकशतत्रयं पाखण्डिनां सपरिग्रहा वासुदेवा बलदेवाश्च क्रमेणोदाहार्याः॥

પ્ર૦ ૮૧ રાગના દૃષ્ટિરાગ, કામરાગ અને સ્નેહરાગ એ ત્રણ ભેદ કહ્યા છે, પણ દૃષ્ટિરાગની વ્યાખ્યા જૈનો પણ વીતરાગ પ્રભુ પર અસ્થિમજ્જાગત દૃઢરાગ કરે તો ત્યાં કેમ લાગુ ન થાય ?

કામરાગમાં સ્ત્રી સંબંધી રાગને જ મુખ્યતા કેમ ? શબ્દાદિમાંય વિષયોનો રાગ તેમાં છે જ તો સ્નેહરાગ જ ગણાય ?

તથા સ્નેહરાગમાં પાંચ ઇન્દ્રિયોના વિષયોને મેળવીને ભોગવવાની જ વાત મુખ્ય હોઈ તેને કામરાગમાં ભેળવી કેમ ન લીધો ? જુદો કેમ બતાવ્યો ?

ઉત્તરઃ-વાત સાચી છે !

દૃષ્ટિરાગમાં અવિવેક-અજ્ઞાનની પ્રધાનતા છે, તેથી દૃષ્ટિરાગ સર્વજ્ઞ પ્રભુના માર્ગની પ્રાપ્તિમાં પ્રતિબંધક છે.

માટે ક્ષાયિકભાવે પરમાત્માના શાસનપરનો અવિહડ રાગ સમજણ-વિવેકપૂર્વક આત્માના નિસ્તારની જાગૃતિ સાથેનો હોઈ દૃષ્ટિરાગ ન કહેવાય.

કામરાગની વ્યાખ્યા વિષયોના રાગની તીવ્ર અવસ્થારૂપ-વિકારી-વાસના રૂપ કામની મુખ્યતા વિવક્ષીને કરી છે. તેથી સ્નેહરાગ અને કામરાગ વચ્ચે અપેક્ષાકૃત અન્તર છે.

તથા સ્નેહરાગમાં તો આંધળી દૃષ્ટિ કે કામવાસનાની વિવક્ષા ન કરીને માત્ર વ્યક્તિગત પ્રેમના સંબંધની મુખ્યતા ગણી છે. તેથી સ્નેહરાગને સ્વતન્ત્ર જણાવ્યો છે.

આ ત્રણ રાગોનાં ઉદાહરણો નીચે મુજબના છે.

દૃષ્ટિરાગ-૩૬૩ પાખંડીઓ

કામરાગ-સંસારી વિષયાસક્ત જીવો

સ્નેહરાગ-બળદેવ-વાસુદેવ.

આ ઉદાહરણો ઉપરથી ત્રણે રાગની ઉપર જણાવેલ વ્યાખ્યા સ્પષ્ટ થઈ જશે.

જિનશાસન આરાધનાના
પાયા સમા
સમ્યગ્દર્શનની શુદ્ધિને
લગતા જરૂરી
## પ્ર...શ્નો...ત્ત...રો

[ પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ ઘણા વિષયો ઉપર આગમિક-સૂક્ષ્મ-પ્રજ્ઞાબળે સચોટ ખુલાસા કર્યા છે, સમ્યક્ત્વને લગતા કેટલાક જરૂરી મહત્ત્વના પ્રશ્નોત્તરો 'શ્રી સિદ્ધચક્ર' ના (તા. ૧૯-૨-૩૯) અંકમાંથી તારવીને સુજ્ઞ તત્ત્વરૂચિ જીવોના હિતાર્થે અહિં આપ્યા છે.

જ્ઞાની ગુરુના ચરણોમાં બેસી આના રહસ્યને સમજવા પ્રયત્ન કરવો.. સં૦ ]

પ્રશ્ન ૧ દ્રવ્યસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વ કોને કહેવું ?

સમાધાન-ભગવાન્ જિનેશ્વર મહારાજે નિરૂપણ કરેલ જીવાદિતત્ત્વો અને સમ્યગ્દર્શનાદિરૂપ રત્નત્રયી, તેના ગુણો ન જાણે અને માત્ર ઓઘેજ ભગવાન્ જિનેશ્વર મહારાજે નિરૂપણ કરેલને તત્ત્વ તરીકે માને તે દ્રવ્ય સમ્યકત્વ કહેવાય.

તે જીવાદિતત્ત્વો તથા સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ તથા તેના ગુણોને જાણીને ભગવાન્ જિનેશ્વરમહારાજાના કહેલા તત્ત્વોની જે પ્રતીતિ થાય તે ભાવસમ્યક્ત્વ કહેવાય.

**जिणवयणमेव तत्तं**

**एत्थ रूई होइ दव्वसम्मत्तं**

ભગવાન્ હરિભદ્રસૂરિજી શ્રીપંચવસ્તુસૂત્રમાં જણાવે છે કે-

"શ્રી જિનેશ્વર ભગવાનનું વચન એજ તત્ત્વ છે, એવી જે આ શાસનમાં રૂચિ થાય તે દ્રવ્યસમ્યકત્વ કહેવાય."

ટીકામાં પણ સ્પષ્ટપણે કહે છે કે **जिनवचनमेव तत्त्वं नान्यदित्येषा रुचिर्भवति द्रव्यसम्यक्त्वम्** અર્થાત્ શ્રીજિનેશ્વર ભગવાનનું વચન તત્ત્વ છે, બીજું તત્ત્વ નથી, એવી જે રૂચિ થાય તે દ્રવ્યસમ્યકત્વ છે. અને તે **अनाभोगवद्रूचिमात्रम्** એટલે તત્ત્વ અને દેવાદિનું અજ્ઞાનપણું છતાં માત્ર શ્રી જિનવચનની રૂચિરૂપ હોય છે.

વ્યંગ્યપણે જણાવે છે કે જેમ ભાગ્યશાલી હોય તોજ સુંદર રત્નોના સ્વરૂપ અને ગુણોથી અજાણ એવા મનુષ્યને રત્નને લેવાનું થાય છે. એમ દ્રવ્યસમ્યક્ત્વ જણાવી ભાવસમ્યક્ત્વને જણાવતાં કહે છે કે

**जहभावा णाणसद्धा परिसुद्धं तस्स सम्मत्तं**

એટલે યથાવસ્થિતપણે જીવાદિતત્વ અને રત્નત્રયીનું જ્ઞાન થવાથી જે શ્રદ્ધા થાય તે શુદ્ધ એટલે ભાવસમ્યક્ત્વ જાણવું.

પ્રશ્ન ૨ દ્રવ્યસમ્યકત્વ ઉત્પત્ન થવામાં અપૂર્વકરણની જરૂર ખરી કે નહિં ?

સમાધાન–પૂ. આ મહારાજ શ્રીહરિભદ્રસૂરિજી–

**जस्स समुदायाओ चिय भवो ण उ तहा विचित्तरूवाओ।**
**इय सो सियवापणं तहाविहं विरियं लहइ ॥६१॥**
**तओ अ दव्वसम्मं० ॥**

એમ જણાવી સ્પષ્ટ કરે છે કે પરમાર્થથી વિચિત્ર એવા એ સ્વભાવ આદિ સમુદાયથી પરસ્પર સાપેક્ષપણે તે ભવ્યજીવ એવું વીર્ય પામે છે અને તેથી દ્રવ્યસમ્યક્ત્વન થાય છે.

એટલે દ્રવ્યસમ્યક્ત્વના કારણ તરીકે પણ અપૂર્વવીર્યનો ઉલ્લાસ અને તથાભવ્યત્વાદિને જણાવે છે.

ટીકાકાર તો વળી સ્પષ્ટશબ્દમાં લખે છે કે તે જીવ તેવું વીર્ય પામે છે કે જે વીર્યથી અપૂર્વકરણપણે ઉલ્લાસ પામે. કહે છે કે **तथाविधं वीर्यं लभते यत उल्लसत्यपूर्वकरणेनेति**

આ બધું સમજવાથી સ્પષ્ટપણે સમજાશે કે દ્રવ્યસમ્યક્ત્વને પામવામાં પણ અપૂર્વકરણની જરૂર છે.

પ્રશ્ન ૩ ભગવાન્ હરિભદ્રસૂરિજી શ્રીપંચવસ્તુમાં ધર્માસ્તિકાય વગેરેને આજ્ઞાગ્રાહ્ય પદાર્થ તરીકે લખે છે, અને શ્રીઉત્તરાધ્યયનની શ્રી શાન્તિસૂરિજીવાળી ટીકા તથા શ્રીતત્ત્વાર્થનીવૃત્તિમાં ધર્માસ્તિકાયઆદિને હેતુ-યુક્તિથી સિદ્ધ કરવામાં આવ્યા છે તો ધર્માસ્તિકાયાદિકને આજ્ઞાગ્રાહ્ય માનવા કે દાર્ષ્ટાંતિક માનવા ?

સમાધાન-આજ્ઞાગ્રાહ્ય પદાર્થો દૃષ્ટાન્તગ્રાહ્ય ન હોય એમ સમજવાનું નથી. પરન્તુ જે પદાર્થની સિદ્ધિમાં હેતુ, યુક્તિ કે દૃષ્ટાન્તનો પ્રયોગ કરતાં શ્રોતાઓની મતિ મુંઝાય તેવું હોય તેવા પદાર્થોને હેતુ યુક્તિથી સિદ્ધ ન કરતાં આજ્ઞાથી સિદ્ધ કરવા.

એટલે સામાન્ય શ્રોતાઓની અપેક્ષાએ ધર્માસ્તિકાયઆદિની સિદ્ધિ આજ્ઞાગ્રાહ્ય હોય અને તર્કનિપુણ શ્રોતાઓ માટે ધર્માસ્તિકાયાદિ આજ્ઞાગ્રાહ્ય હોવા સાથે દૃષ્ટાન્તગ્રાહ્ય હોય તો તે યોગ્યજ છે.

પ્રશ્ન ૪ શમઆદિ પાંચ લક્ષણો દ્રવ્યસમ્યકત્વમાં હોય કે ભાવસમ્યક્ત્વમાં હોય ?

સમાધાન-દ્રવ્યસમ્યક્ત્વ તો જીવાદિ અને રત્નત્રયીના અજ્ઞાનવાળું હોવાથી તેમાં પ્રશમાદિ લક્ષણોનો નિયમ નહિં, પરન્તુ જીવાદિતત્વો અને રત્નત્રયીના યથાર્થપણે જ્ઞાનવાળું ભાવસમ્યક્ત્વ હોવાથી તેમાં પ્રશમાદિ લક્ષણો નિયનિત હોય શ્રી હરિભદ્રસૂરિજી ફરમાવે છે કે भावसम्मं एवंविहमेव होइ णायव्वं पसमाइ-लिंगजणयं એટલે ભાવસમ્યક્ત્વ પ્રશમાદિરૂપ પોતાના કાર્યને કરનાર છે.

વળી नान्यत् એમ કહીને દ્રવ્યસમ્યક્ત્વથી પ્રશમાદિ ઉત્પત્તિનો નિયમ નથી એમ પણ જણાવે છે.

પ્રશ્ન ૫ દ્રવ્યસમ્યકત્વ અને વ્યવહારસમ્યકત્વમાં ફરક શો ?

સમાધાન-અજ્ઞાનની મુખ્યતા હોય અને જિનવચનની સત્યતાની રૂચિમાત્ર હોય તે **દ્રવ્યસમ્યકત્વ** કહેવાય. અને પ્રશમાદિ લક્ષણોમાંથી આસ્તિકયાદિ કોઇક લક્ષણ યુક્ત જે સમ્યકત્વ હોય તે **વ્યાવહારિકસમ્યકત્વ** કહેવાય.

એટલા માટે **શ્રીહરિભદ્રસૂરિજી તત્ત્વાર્થવૃત્તિમાં आस्तिक्याद्यन्यतरभावयुक्तं तु व्यावहारिकम्**

અર્થાત્ આસ્તિકય વગેરે પાંચ લક્ષણોમાંથી કોઇક લક્ષણથી યુક્ત એવું વ્યાવહારિક સમ્યકત્વ છે.

અહીં જે આસ્તિકય આદિમાં લીધું છે, તે એમ સ્પષ્ટ જણાવે છે કે **વ્યવહારસમ્યકત્વમાં** પણ આસ્તિકય તો જરૂર જોઈએજ !

વળી **શ્રી હરિભદ્રસૂરિજી** પ્રશમાદિ પાંચ લક્ષણોની ઉત્પત્તિ પશ્ચાનુપૂર્વીથી લે છે, માટે પણ પહેલા આસ્તિકય થાય તો પછી અનુકંપાદિ બને, એ નક્કી થાય છે.

એટલે વ્યાવહારિકસમ્યકત્વમાં ઓછામાં ઓછું આસ્તિકય **એટલે જીવ છે, નિત્ય છે, કર્મ કરે છે, કર્મ ભોગવે છે, મોક્ષ છે. અને મોક્ષના ઉપાયો છે. એ છ વિચારો સમજણવાળો જીવ હોય તો વ્યાવહારિક સમ્યત્વમાં પણ હોવા જ જોઈએ.**

પ્રશ્ન-૬ ભાવસમ્યકૂત્વ અને નિશ્ચયસમ્યકૂત્વમાં ફરક શો ?

સમાધાન-ભગવાન્ જિનેશ્વર મહારાજે નિરૂપણ કરેલ જીવાદિ તત્ત્વો અને રત્નત્રયીનો યથાવદ્બોધ થવાથી શ્રીજિન વચનની પ્રતીતિ થાય તે **ભાવસમ્યકૂત્વ** કહેવાય.

તે ભાવસમ્યકૂત્વ થયા પછી તે ભાવસમ્યકૂત્વનો સ્વભાવ પ્રશમાદિને જરૂર ઉત્પન્ન કરવાનો છે, તેથી તે પ્રશમાદિ પાંચે લક્ષણોએ સહિત તત્ત્વ અને રત્નત્રયીની પ્રતીતિ સાથે

શ્રીજિનવચનની પ્રતીતિ જે થાય, તે નિશ્ચયસમ્યક્ત્વ કહેવાય. અર્થાત્ શ્રીજિનવચનની પ્રતીતિ એજ સર્વત્ર સમ્યક્ત્વ છે.

પ્રશ્ન-૭ નિશ્ચયસમ્યક્ત્વ અને કારકસમ્યક્ત્વમાં શો ફરક ?

સમાધાન-

एतच्च किल समस्त-प्रशमादिलिङ्गयुक्तं नैश्चयिकं 'जं मोणंति पासह' इत्यादिवचनविषयम् ।

એટલે સમસ્ત પ્રશમાદિ લિંગોએ સહિત જે સમ્યક્ત્વ તે **નિશ્ચય સમ્યક્ત્વ છે.**

શ્રીઆચારાંગના **जं मोणं** એ વગેરે સૂત્રથી કહેલ **કારકસમ્યક્ત્વ** પણ આજ છે. એવા શ્રી તત્ત્વાર્થવૃત્તિના વચનથી **નિશ્ચયસમ્યક્ત્વ તે જ કારકસમ્યકત્વ છે.**

ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી भावसम्यक्त्वं नैश्चयिकमित्यर्थः એમ જણાવી જો કે પંચ વસ્તુમાં **ભાવસમ્યકત્વને નૈશ્ચયિકસમ્યક્ત્વ** કહે છે, પણ તેમાં **स्वकार्यकारितया** અને **स्वकार्यकृदित्यर्थः** એ વગેરે કહીને **ભાવસમ્યક્ત્વ** અને **નૈશ્ચયિકસમ્યક્ત્વનો** કારણ-કાર્યભાવ માન્યા છતાં કારણ-કાર્યની અભેદ વિવક્ષા રાખેલી છે, એમ સમજવું.

પ્રશ્ન ૮ જ્ઞાનાવરણ અને દર્શનમોહનીય કર્મ જુદા હોવાથી દર્શનમોહનીયનો ઉપશમાદિ થાય અને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમાદિ ન હોય તો માષતુષઆદિ જેવાને જિનવચનની પ્રતીતિ તત્ત્વાર્થશ્રદ્ધા કેમ થાય !

સમાધાન-માષતુષાદિને જ્ઞાનાવરણીયના ઉદયથી અજ્ઞાન હોય, પરંતુ જીવાદિ તત્ત્વો અને રત્નત્રયીની રૂચિને રોકનાર મિથ્યાત્વ-મોહનીયના ક્ષયોપશમઆદિથી તે મોહનીયનો અભાવ થઈ જાય છે, અને તેથી જેટલું જાણે છે, તેમાં તો સાચી

માન્યતા હોય, તેમાં પણ શ્રદ્ધાની શક્તિ તો અસ્ખલિત છે જ, કેમકે નહીં જાણેલ એવા સંવરાદિ છતાં પણ ગુપ્તિ-સમિતિ આદિમાં નિરાબાધ પ્રવૃત્તિ તેઓની હોય છે.

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે-સંવરાદિનું વિશેષ જ્ઞાન ધારણ કરનારા નહીં છતાં પણ સમિતિ-ગુપ્તિ આદિની પ્રવૃત્તિવાળા જીવો સમ્યકત્વવાળા જ છે, જો તેઓ જાણેલા પદાર્થોની બરોબર શ્રદ્ધાવાળા હોય.

પ્રશ્ન ૯ સામાન્યરીતે સમ્યગ્દર્શનવાળાએ કેવા બનવું જોઇએ ?

સમાધાન-શ્રીજિનેશ્વર ભગવાનના માર્ગની દેશના જે સાંભળવામાં આવે, તેની યથાવત્ શ્રદ્ધા કરે અને જે વસ્તુ ન જણાય કે ન સમજાય, તેમાં કદાગ્રહ કરે નહીં, તેવા સમ્યગ્દષ્ટિઓ હોય, એમ સમજવું.

પ્રશ્ન ૧૦ શ્રીઆવશ્યકનિર્યુક્તિકાર अणुकंपऽकामणिज्जर એમ કહીને અનુકંપાને સમ્યકત્વનું કારણ કહે છે, અને તત્ત્વાર્થકાર વગેરે તે અનુકંપાને લક્ષણ અને કાર્ય તરીકે બતાવે છે, તો તે બે અનુકંપામાં શો ફરક છે ?

સમાધાન-શ્રીજિનવચનની પ્રતીતિ જેને ન થઈ હોય તેને પારમાર્થિક એટલે આસ્તિકયના કાર્યરૂપ એવી તાત્ત્વિક અનુકંપા ન હોય, એમ परमार्थतो प्रतिपन्नजिनवचनानां ઇત્યાદિ વચનથી શ્રીહરિભદ્રસૂરિજી તત્ત્વાર્થવૃત્તિમાં ફરમાવે છે.

તેથી સ્પષ્ટ થાય છે કે સમ્યક્ત્વના કારણ તરીકે કહેલ અનુકંપા અપારમાર્થિકી અનુકંપા છે, અને સમ્યક્ત્વ થયા પછીથી અનુકંપા એ પારમાર્થિકી અનુકંપા છે.

આ કારણથી અભવ્ય કે મિથ્યાદષ્ટિની અનુકંપા કે દયા અપારમાર્થિકી છે, અને તેથી તેવી દયાવાળાને ચારિત્રવાળા માનવાનું કાર્ય શાસનને અનુસરનારાઓનું ગણાય નહીં.

આગમિક જ્ઞાનની પાર્શ્વભૂમિકા માટે
ઉપયોગી
તત્ત્વજ્ઞાનની સુંદર સામગ્રીરૂપ
જિ....જ્ઞા....સુ....જ....નો....ને
હિ....ત...ક....ર....

## પ્રશ્નોત્તરો

વર્ષ–૬ પુ. ૪ પૃ. ૫૧ થી ચાલુ

[પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ પ્રૌઢપ્રતિભાબળે અને શાસનાનુસારી વિશિષ્ટ ક્ષયોપશમથી અનેક તાત્ત્વિક બાબતોનો યોગ્ય ઉકેલ જિજ્ઞાસુઓના હિતાર્થે સમયે, કર્યો છે. જેમાંના કેટલાકની નોંધ તે તે પુણ્યાત્માઓએ કરેલી, તેવી નોંધો ઉપરથી શાસન સુધાકર (વર્ષ. ૮ અંક ૧૯) માં કેટલાક પ્રશ્નોત્તરો પ્રગટ થયેલા છે. તેમાંથી સાભાર ઉદ્ધૃત કરીને ગયા વર્ષના પુસ્તકમાં ૧ થી ૧૯ પ્રકટ થયેલા, બાકીના અહિં રજુ કર્યા છે. સં૦]

પ્રશ્ન ૨૦–શ્રી મહાવીર સ્વામી ભગવાનનો અભિગ્રહ છમાસીનો આયંબિલ દ્વારા પૂરો થાય છે. તે સિવાય ત્રેવીશ તીર્થંકરોએ ઉપવાસના પારણે એક વખત આહાર લીધો છે. પણ આયંબિલ કર્યાનો ઉલ્લેખ છે ખરો ?

ઉત્તર – એકલા મહાવીર પ્રભુજી નહિં, પણ કોઈ પણ તીર્થંકરો, ભદ્ર–મહાભદ્ર આદિ પડિમાનું વહન કરે છે, ત્યારે તે પડિમાને અંતે પારણામાં એક વખત તદ્દન અંતપ્રાન્ત–નીરસ આરસ આહાર લે છે आवश्यक चूर्णि (उपोद्घात-निर्युक्ति पृ ३००) ના પડિમા વહનના અધિકારમાં જણાવેલું કે,

**बहुलथाए दासीए महाणसिणीए भायणाणि खणीकरंतीए दोसीणं छड्डेउकामाए सामी पविट्ठो, सामिणा पाणी पसारिओ,**

અર્થ—આનંદ ગાથાપતિના ઘરે રસોડાવાળી બહુલા નામની દાસી, રાંધેલા ભોજનમાં છેવટે તળીએ બાઝેલા ખરેંટા ઉખડીયા ઉખેડીને ગૃહસ્થને કામના નહિ તેવા તે દોષીણુ નિરસ ખરેટાં ફેંકી દેવા તયાર થઈ છે, ત્યાં પ્રભુ પહોંચ્યા. દાસીએ પ્રભુને કહ્યું ભગવાન આ ખરેંટાનો તમારે ખપ છે? ભગવાને હાથ પસાર્યો'

આ આહાર આયંબિલની જેમ વિગઈ વિનાનો અને તદ્દન નિરસ છે. અને તેવો આહાર પણ દરેક તીર્થંકરો પડિમાવહન વખતે એક જ વખત લેતા હોવાથી (ચંદનબાળાને અઠ્ઠમનું પચ્ચક્ખાણુ નથી, પણ જેમ ચંદનબાળાનો અઠ્ઠમ કહેવાય છે તેમ) ભગવાનને આયંબિલનું પચ્ચખાણુ નથી, પણ આયંબિલ કહેવાય.

અહિં-કહેવું નહિ કે આ વસ્તુ તો મહાવીર પ્રભુને આશ્રીને છે. કારણ કે દ્વાદશાંગા શાશ્વતા હોઈને સર્વ પ્રભુના આચાર માટે દ્વાદશાંગીનીં સમાન વક્તવ્યતા હોય છે.

श्री आचारांग सूत्र (પા. ૩૧૨)માં પડિમા વહન કરતા તીર્થંકરો પારણે એક વખત કેવો આહાર લે છે? તે વિષે મૂલમાં 'लूहेणं ओयण-मंथु-कुम्मासेणं' એવો સ્પષ્ટ પાઠ છે, તે પાઠની ટીકામાં જણાવેલ છે કે रूक्षेण-स्नेहरहितेन, केन ? ओदन-मन्थु-कुल्माषेण' ओदनं च कोद्रवौदनादि, मन्थु च बदरचूर्णादिकं, कुल्माषाश्च माषविशेषा पर्युषितमाषा वा सिद्धमाषाः तेन आत्मानं यापयति'

પડિમાનું વહન કરતા તીર્થંકરો છઠ્ઠ, અઠ્ઠમ, દુવાલસ આદિ તપને પારણે કોદ્રવા અથવા ઓદન અથવા બોર આદિનું ચૂર્ણ અથવા શેકેલા કે રાંધેલા અડદ અથવા તે બધો જ લુખો-તેલ કે ઘી વિનાનો આહાર એક જ વખત લે છે.

એટલે નક્કી છે કે દરેક તીર્થંકરો તેવા અને બીજા પણ આઠમાસી-છમાસી- ચઉમાસી-દ્વિમાસી-માસખમણુ કે પાસખમણુ આદિ મોટા ચૌવિહાર તપને પારણે આયંબિલ કરે છે

મહાવીર પ્રભુએ પણ એ રીતે એક વખતના આહાર માટે લુખા બાકળા જ વહોર્યા છે, તેને પ્રશ્નમાં આયંબિલ માન્યું પણ છે.

પ્રશ્ન ૨૧ (૧) ચૈત્ર અને આસોની ઓળીઓ શાશ્વતી છે, તો ચૈત્ર અને આસો માસને પણ શાશ્વત ગણવા કે કેમ? (૨) ચૈત્ર અને આસો માસ શાશ્વત ગણવા તેવો કાલદ્રવ્યનો નિયમ નથી. (૩) છતાં કાલદ્રવ્યનો તેવો નિયમ કહો તો ભગવાને દર્શાવેલી ત્રિપદી કેવી રીતે ઘટાડવી? (૪) વર્ષના બાર માસ કાર્તિક–માગશર–પોષ વિગેરે શાશ્વતા ગણવા હોય તો તે અંગે પાઠો મળશે ખરા?

ઉત્તર (૧) જો કે શાસ્ત્રમાં ચૈત્ર અને આસો આદિ માસના નામોના સ્થાને બીજા નામો બોલાતા હોય અને તેથી તે તે સ્થળે મહિનામાં નામાંતર આવે, તો પણ અડચણ તો નથી જ, છતાં ઉત્તરાધ્યયન સૂત્રમાં શાશ્વતી ઓળીને માટે '**चित्तमासंमि अस्सिणे मासे**' શબ્દો લીધેલા જ છે, તેથી ચૈત્ર અને આસો માસના નામોને પણ ઓળીની માફક શાશ્વતા ગણવામાં અડચણ નથી.

ચૈત્ર અને આસો આદિ માસની પુનમે આવતાં ચિત્રા અને અશ્વિની એવા શાશ્વત નક્ષત્રો ઉપરથી પડેલા હોવાથી પણ ચૈત્ર અને આસો નામ શાશ્વત કહેવામાં અડચણ નથી.

આદીશ્વર પ્રભુ આદિ તીર્થંકરોના કલ્યાણક દિવસો પણ કાર્તિક માસ આદિ નામે જ ગણાય છે.

(૨) શાશ્વત તરીકે ગણાતા કાલ દ્રવ્યમાં 'વર્ષ, માસ, દિવસ આદિનો કાલ વ્યવહાર તો સૂર્ય–ચંદ્રના ચારને આશ્રીને થતો હોવાથી' ચૈત્ર આસો વિગેરે માસ કાળ, ઉપચરિત તરીકે શાશ્વત ગણાય છે. સદ્દ્રવ્યમાં પરદ્રવ્યનો ઉપચાર કરવાથી કાળદ્રવ્ય રૂપ સદ્દ્રવ્યના નિયમને લેશ પણ બાધ નથી.

વર્ષ–માસ–દિવસ આદિ કાળ વ્યવહારના અભાવ સ્વરૂપ દેવલોકમાં અહિંનો આપણો તે વર્ષ–માસ આદિ કાળવ્યવહારનો

ઉપચાર ત્યાંના કાળદ્રવ્યને લેશ પણ બાધક નથી, એ પ્રત્યક્ષ પણ છે. કાળદ્રવ્ય તો ચૌદરાજમાં એક જ છે, તેતો પ્રસિદ્ધ જ છે.

(૩) કાળદ્રવ્યનો તો શાશ્વત તરીકે નિયમ છે જ અને તેમાં ભગવાને દર્શાવેલ ઉત્પત્તિ સ્થિતિ અને સંહૃતિરૂપ ત્રિપદીમાંની' સ્થિતિ સિવાયની વ્યાખ્યા, ધર્માસ્તિકાય આદિ શાશ્વત દ્રવ્યોને આશ્રીને નહીં, પરંતુ તેના પર્યાયોને આશ્રીને દર્શાવી છે. તેથી કાળદ્રવ્યની શાશ્વતતાને તે લેશ પણ બાધક નથી.

આ રીતે ચૈત્ર અને આસો માસની શાશ્વતતા સંબંધમાં પણ સમજવાનું કે એક ચૈત્ર ગયા પછી બીજે વર્ષે બીજો ચૈત્ર આવે તે પ્રથમના ચૈત્ર તરીકે શાશ્વત ગણાતો નથી. પરંતુ શાશ્વત પર્વતો, શાશ્વતી પ્રતિમાઓ વિગેરેની જેમ પર્યાયથી શાશ્વત ગણાય છે. 'પ્રથમના ચૈત્ર જેવો જ આ ચૈત્ર છે.' એ તરીકે શાશ્વત ગણાય છે.

લોકમાં પણ આજે જે વસ્તુ લાવ્યા, તેવી જ વસ્તુ બીજે માસે કે વર્ષે લાવે, તો તે વસ્તુને પ્રથમના જેવી જ કહેવાય છે. અને તેમાં કશો ફરક હોતો પણ નથી.

(૪) વર્ષના કાર્તિક, માગસર આદિ માસનાં નામો પણ કૃત્તિકા મૃગશીર્ષ આદિ શાશ્વત નક્ષત્રો ઉપરથી જ પડેલા હોઈને શાશ્વત છે. આ વાત સૂર્યપ્રજ્ઞપ્તિ-જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ આદિ આગમશાસ્ત્રોનો અભ્યાસ કરવાથી સમજાશે.

બારે માસોના તે તે નામોને તે તે આખા શાસ્ત્રો જ શાશ્વત તરીકે સમજાવે છે, ત્યાં પાઠો કેટલાક અપાય ?

જૈન જ્યોતિષ પ્રમાણે યુગમાં વૃદ્ધિ તરીકે આવતા માસોના નામો પણ અષાઢ અને પોષ તરીકે જ સૂચવાયાં છે. કલ્પસૂત્રમાં આવતા માસનામો તો ત્યાં પણ નથી જ સૂચવાતા, તે તો શાસ્ત્રજ્ઞોના ખ્યાલમાં જ હોય !

આ ગ મ જ્યો ત ના
સ્થાયી કોષની યોજનામાં
લાભ લેનાર મહાનુભાવોની
વિ. સં. ૨૦૨૮ના વર્ષમાં
ના... મા... વ... લી...

૧૦૦૧) શ્રી પ્રહલાદ પ્લોટ જૈનસંઘ જ્ઞાનખાતાથી મુનિશ્રી અશોકસાગરજી મ. ના ઉપદેશથી

૧૦૦૧) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સમી.
પૂ૦ ગણિવર્ય શ્રી અભયસાગરજી મહારાજના ઉપદેશથી

૪૨૬) જામનગરવાળા પૂ૦ સાધ્વી શ્રી કનકપ્રભાશ્રીજી ના શિષ્યરત્ના પૂ૦ સાધ્વી શ્રી સુતારાશ્રીજી ના ઉપદેશથી તથા સાધ્વીશ્રી તત્ત્વરેખાશ્રીજીની પ્રેરણાથી.
ભાવનગર દાદાસાહેબ ઉપાશ્રયના સંઘની બેનો તરફથી ભાવનગર

૧૦૧) જયંતિલાલ દેવચંદ ચોટિલા. જામનગરવાળા પૂ. સા. શ્રી સુતારાશ્રીના શિષ્યા પૂ. સા. શ્રી તત્ત્વરેખાશ્રીજીના ઉપદેશથી

૧૦૧) મણિલાલ કે. શેઠ. હ. નર્મદાબેન રાજકોટ, પૂ. સા. શ્રી સુતારાશ્રીજી જામનગરવાલાના ઉપદેશથી

પૂ. ગણીશ્રી અભયસાગરજી મહારાજ સાહેબના શિષ્ય પૂ. મુનિ અશોકસાગરજી મહારાજના ઉપદેશથી.

૫૦૧) શેઠ મણિલાલ પાંચાભાઈ નૈરોબી (આફ્રિકા)

૧૦૧) આફ્રિકાના એક સદ્‌ગૃહસ્થ તરફથી.

૧૦૧) શાહ ખેમશી દેવશીભાઇ મુંબઈ.

૧૦૧) શા. લીલાધર મેઘજીભાઈ હરીયા રાવળસર.

૧૦૧) શા. ખેમશીભાઈ ખીમજી "

૧૦૧) શા. સુરચંદ દેવશીભાઈ "

પૂ. સાધ્વીશ્રી રત્નત્રયાશ્રીજી મ.ની પ્રેરણાથી—

૧૦૧) ડૉ. મણીલાલ લલ્લુભાઈ રાજકોટ

પૂ. ગણિવર્યશ્રી લબ્ધિસાગરજી મહારાજ સાહેબ સંવત ૨૦૨૮ના અષાડ સુદ ૭ના રોજ રાતના ૧-૩૫ મિનિટે કાલ કર્યો તેની સ્મૃતિમાં.

૧૦૧) એક સદ્ગૃહસ્થ મહુવા તરફથી પૂ. રાજરત્નસાગરજી મ૦ના ઉપદેશથી.

૧૦૧) સ્વ. કાન્તિલાલ લલ્લુભાઈ પટણીના સ્મરણાર્થે તેમના સુપત્ની શ્રીમતી તારાબેન મહુવાવાળા તરફથી.

૧૦૧) શ્રી શાન્તિનાથ જૈન પેઢી, મુંડારા (રાજ.)
પૂ. ઉપા. શ્રી દર્શનસાગરજી મ૦ના શિષ્ય મુનિ મહાયશ-સાગરજીના ઉપદેશથી.

૧૦૧) એક વ્યક્તિ મહુવાવાલાએ આત્મશ્રેયાર્થે.

૧૦૧) જમાલપુર જૈન સંઘ, અમદાવાદ
પૂ. સ્વ. સાધ્વીશ્રી સૂર્યકાન્તાશ્રીજીના વિનયી શિષ્યા પૂ. સા. શ્રી યશોધરાશ્રીના ઉપદેશ તથા વસંતપ્રભાશ્રીજીની પ્રેરણાથી.

૧૦૧) શ્રી આગમોદ્ધારક જ્ઞાનમંદિર સાબરમતી
પૂ૦ મુનિરાજ શ્રી જિનેન્દ્ર સાગરજી મ. ના ઉપદેશથી

૧૦૧) ધનજી નાનજી ટ્રસ્ટનો ઉપાશ્રય સુરત
પૂ૦ સાધ્વી શ્રી વિચક્ષણાશ્રીજી મહારાજના ઉપદેશથી

૧૦૧) નેમુભાઈ મેલાપચંદ ટ્રસ્ટ ગોપીપુરા સુરત

૨૦૧) શ્રી શાંતિનાથજી જૈન દહેરાસર પેઢી. બીલીમોરા
પૂ૦ ગણિવર્ય શ્રી ચિદાનંદ સાગરજી મ. સા. ના ઉપદેશથી
૧૦૦) ૨૦૨૮ના પોષમાસના,
૧૦૧) ૨૦૨૮ ના ભાદરવા માસના

૧૦૧) શ્રી ચંદ્રપ્રભુ જૈન શ્વેતાંબર સંઘ–આલોટ હ. અનંતરાયભાઈ તરફથી.

પૂ૦ સા. શ્રી મનહર શ્રીજી મહારાજના શિષ્યા સા. શ્રીઋજુતા શ્રીજી તથા મહેન્દ્ર શ્રીજી ના ઉપદેશથી
પૂ૦ ગણિવર્ય શ્રી સૂર્યોદય સાગરજી મહારાજની પ્રેરણાથી

૧૦૧) દોશી સુંદરજી ડાહ્યાભાઈ, મોરબી તરફથી

૧૦૧) ડાહ્યાભાઈ દેવચંદ નવસારી
પૂ૦ સા. શ્રી મનકશ્રીજીના ઉપદેથી

૧૦૧) શ્રી જૈન સંઘ જ્ઞાનખાતા ઉદયપુર (રાજ)
પૂ૦ મુનિરાજ શ્રી મહાયશ સાગરજી મહારાજના ઉપદેશથી
હ૦ શાહ બાબુલાલ શનાલાલ ઉંઝા



## આગમજ્યોતના પ્રકાશનમાં ભેટ રૂપે દાન આપનારા મહાનુભાવોની
## ના...મા...વ...લી...

૫૧) શા. અમૃતલાલ ધરમશી રાવળસર

૧૧૨૭) પૂ૦ ગણિવર્ય શ્રી લબ્ધિસાગરજી મહારાજ આદિ ઠાણા ૮ ની નિશ્રામાં શાહ રમણિકલાલ સાકરચંદ શિહોરવાળા (હાલ–મોડાસા) એ મોડાસાથી ટિંટોઈના 'છ' રી પાળતા સંઘમાં ટિંટોઈ માલારોપણ પ્રસંગે ઉપસ્થિત સદ્‌ગૃહસ્થો તરફથી

૧૮૬) પૂ૦ સ્વ૦ ગણિવર્ય શ્રી લબ્ધિસાગરજી મહારાજ સાહેબના સ્વર્ગારોહણ નિમિત્તે પૂ૦ સાધુ સાધ્વીઓને 'આગમજ્યોત' ભેટ આપવા માટે પૂ૦ સાધ્વી શ્રી. ફલ્ગુશ્રીજી ના ઉપદેશથી મહિદપુર. (મ. પ્ર.) હ૦ કનૈયાલાલજી રૂણવાલ

૧૩૮) વ્યાખ્યાનકાર પૂ૦ મુનિપ્રવર શ્રી રામચંદ્રવિજયજી મ. સા. ના ઉપદેશથી. વિંછીયા જૈન સંઘના સદ્‌ગૃહસ્થો તરફથી.

૧૨૦) પૂ૦ મુનિરત્ન શ્રી મનોજ્ઞસાગરજી મ. સા. ના ઉપદેશથી હ૦ ઝવેરી શ્રી શાંતિચન્દ્ર છગનલાલ સુરત પૂ૦ સાધુસાધ્વીઓને પુસ્તક ભેટ આપવા.

૧૦૦) પૂ૦ ગણિવર્ય શ્રી કંચન સાગરજી મહારાજ સા. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ હરિપુરા તરફથી, સુરત

૯૧) શ્રી સિદ્ધાચલ તથા સેરીસા સંઘના જ્ઞાનપૂજનના હ૦ રમણલાલ જેચંદભાઈ શાહ

૫૧) શાહ અમૃતલાલ ધરમશીભાઈ રાવલસર

૫૧) ટી૦ સી૦ બ્રધર્સવાળા ચંદનબ્હેન, ભાવનગર
પૂ૦ સાધ્વી કનકપ્રભાશ્રીજી જામનગરવાળાના શિષ્યા સાધ્વી શ્રી. સુતારાશ્રીજીના ઉપદેશથી.

૫૧) શાહ ચંદુભાઈ દીપચંદ, સુરત તરફથી.

૫૧) શ્રી જૈન જ્ઞાન મંદિર, ડભોઈ તરફથી.

૫૧) પૂ. સાધ્વી શ્રી. તિલકશ્રીજી મહારાજ (પંજાબી)ના પાલીતાણા મુકામે સમાધિ પૂર્વક થયેલ કાળધર્મ પ્રસંગે તેમનાં શિષ્યા પૂ. સાધ્વીશ્રી પ્રવીણા શ્રીજી મહારાજના ઉપદેશથી વલ્લભ વિહાર પાલીતાણાથી.

## ચિત્તની ચંચળતા રોકવા પ્રભુને પ્રાર્થના

अनाद्यभ्यासयोगेन विषयाशुचिकर्दमे ।
गर्त्ते सूकरसंकाशं याति मे चटुलं मनः ॥१॥
न चाहं नाथ शक्नोमि तन्निवारयितुं चलम् ।
अतः प्रसीद तद्देव! देव? वारय वारय ॥२॥

અનાદિ વાસનાના યોગથી અશુચિમય વિષયો રૂપી કાદવવાળા ખાડામાં ભૂંડ સમાન મારું ચંચળ મન ભટકી રહ્યું છે. ॥૧॥

પણ હે નાથ? તે ચંચળ મનને અટકાવવા હું સમર્થ નથી માટે મહેરબાની કરો અને તે મનને દેવાધિદેવ આપ રોકોજ રોકો! ॥૨॥

## સંપાદક તરફથી

## હા.....ર્દિ.....ક....ક્ષ.....મા.....પ.....ના

આગમ પ્રભાવક, આગમૈદંપર્યજ્ઞાતા, સૂક્ષ્મતત્ત્વપર્યાલોચક વાદી-વિજેતા ધ્યાનસ્થ સ્વર્ગત પૂ૦ આગમોદ્ધારક બહુશ્રુત **આચાર્ય શ્રી આનન્દસાગર સૂરીશ્વરજી** મ૦ ના મહત્ત્વપૂર્ણ અપ્રકાશિત વ્યાખ્યાનોના વ્યવસ્થિત સંગ્રહ સ્વરૂપે પૂ૦ ગચ્છાધિપતિશ્રીની આજ્ઞાથી વિ૦ સં૦ ૨૦૨૨થી "**આગમજ્યોત**" નું પ્રકાશન યથા-મતિ શકય સાવધાની રાખી પૂ૦ આગમોદ્ધારકશ્રીના આશયથી વિપરીત ન જવાય તેનું પુરું લક્ષ્ય રાખીને આ સંપાદન કાર્ય કરવાનો યથાશકય પ્રયત્ન કરાય છે અને કર્યો છે. છતાં ક્ષયોપશમની મંદતા કે જ્ઞાનાવરણ વિશેષથી પૂ૦ આગમોદ્ધારકશ્રીની હાર્દિક શ્રુતજ્ઞાન પ્રતિ વફાદારી તથા આપણી ચાલુ પરંપરા કે પંચાંગી આદિની મર્યાદા વિરુદ્ધ કંઈપણ આ સંપાદનમાં થયું હોય તો તે બદલ શ્રી સંઘ સમક્ષ હાર્દિક ત્રિકરણ યોગ શુદ્ધિપૂર્વક-

## મિ.....ચ્છા.....મિ.....દુ.....ક્કઁ.....ડં

○ જેના હૈયામાં ભવનો ભય જાગે તેને શ્રી અરિહંત પર-માત્મા પ્રતિ અહોભાવ જાગ્યા વિના રહે જ નહિં

—સંપાદક

## પૂજ્યપાદશ્રી આગમોદ્ધારકાચાર્ય વિરચિત
## શ્રી પાર્શ્વનાથ પ્રભુ સ્તોત્ર

॥ १ ॥

नमः श्री पार्श्वनाथाय, नाथायाद्‌भुतसंपदा ।
प्रदाय संपदां साधु-साधवे वेधसां भुवे ॥

॥ २ ॥

भुवनाङ्गिजनाधार ! धारकानन्तसच्चिदः ।
सदस्यजनस्तुत्याय, ध्येयरूपाय ते नमः ॥

॥ ३ ॥

नमस्कृतनराधीश ? धीशमान्याय सन्मुने ? ।
मुनेरधीश ! शस्याय स्ताच्छुभा मे नतिः सदा ॥

॥ ४ ॥

मनश्चलत्कपिर्नेतः ? नेतः पदमपि व्रजेत् ।
व्रजे हि त्वद्गुणानां हि, लीनं चाञ्चल्यत्यागकृत् ॥

॥ ५ ॥

करणिगुणसंतान-ताना तानवकारणम्
रणातीत ? तवालाने लानं कवीन्द्रियोत्करम् ॥

પ. પૂ. આગમોદ્ધારકાચાર્ય રચિત સ્તવનાદિ સંગ્રહમાંથી

# 卐 નમ્ર વિજ્ઞપ્તિ 卐

આ પ્રકાશન ચતુર્વિધ શ્રીસંઘના હિતાર્થે તાત્ત્વિક દૃષ્ટિના લક્ષ્યથી કરવામાં આવ્યું છે, જે પુણ્યાત્માને સંજોગવશ આની ઉપયોગિતા ન જણાય તો આગમિક વસ્તુથી ભરપૂર આ પ્રકાશનની આશાતનાથી બચવા માટે યોગ્ય અધિકારી સાધુ-સાધ્વી કે વિવેકી ગૃહસ્થને અથવા યોગ્ય જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનમંદિર કે પુસ્તકાલયને આ પ્રકાશન ભેટ આપી સુરક્ષિતપણે જળવાઈ રહે તેવો પ્રબંધ કરવો.

છેવટે કાર્યાલયને પરત મોકલવામાં આવે તો પોસ્ટ ખર્ચ અને ઇનામ આપવામાં આવશે.

કોઇ સંજોગોમાં આ પુસ્તક કચરાપટ્ટી કે રદ્દી તરીકે પડી રહી અવહેલના ન પામે તેનું પુરતું ધ્યાન રાખવા નમ્ર વિજ્ઞપ્તિ છે.

આનું પ્રકાશન દર વર્ષની આસો સુદ પૂર્ણિમાએ થાય છે, ચતુર્વિધ સંઘના હિતાર્થે આનું પ્રકાશન પૂ. સાધુ સાધ્વીજી, જ્ઞાનભંડારો તથા તત્ત્વરૂચિ ગૃહસ્થ આદિને વિના મૂલ્યે મોકલાય છે.

* * *

ધર્મપ્રેમીઓને સ્થાયી કોશમાં રૂ. ૧૦૧ લખાવી સ્થાયી ગ્રાહક થવા ભલામણ છે.

આર્થિક લાભ લેવાનું સરનામું
શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા
રમણલાલ જેચંદભાઇ શાહ
કાપડ બજાર
પોસ્ટ કપડવંજ (જિ. ખેડા)

પ્રાપ્તિસ્થાન :
'આગમજ્યોત' કાર્યાલય
કીર્તિકુમાર એફ. પટવા
દિલીપ નોવેલ્ટી સ્ટોર
પોસ્ટ મહેસાણા [ઉ. ગુ.]

# સાગરનાં મોતી



- સંસારનો રાગ જેટલો ઘટે તેટલી ધર્મની પરિણતિ જાણવી.

- ભાવશુદ્ધિ માટે ક્રિયાઓનું વિધિપૂર્વક ગુરુનિશ્રાએ સતત આસેવન જરૂરી છે.

- રાગદ્વેષના મલિન સંસ્કારો પ્રતિક્ષણ વિચારો-પરિણામો અધ્યવસાયોની મલિનતા વધારી રહ્યા છે, એ વાત સમજાઈ જાય તો વીતરાગના શાસનની અહોભાવભરી આરાધના શરૂ થાય.

- મરણનો ભય ગમે તેવી વાસનાના જોરને પડકારી શકે છે, તેથી અનંત જન્મ-મરણનો ભય વિષયની વાસનાના પોષણના ફળ રૂપે હૈયામાં ઠસાવવાની જરૂર છે.

- વીતરાગની આજ્ઞા મુજબ જીવનનું ઘડતર કરવાની વાત આરાધકભાવની નિશાની છે.

આવરણ દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૧